# INTRODUCTION.

The origin of this Essay is traceable to the encouragement given by His Highness Maha Raja Maha-Rao Shri Khengarji, Savai Bahadur, Rao of Cutch, to the promotion of Gujarati Litrature. His Highness' Government notified in 1878 two annual prizes for original Essays in Gujarati or translations or adaptations from English or Sanscrit. In due course, Essays on the following subjects were invited:—

Good Company.
Passions of the Heart.
Hope and Disappointment.
Patriotism.
Heroism.
Fortitude.
Truth.
Frugality and Liberality.
Early marriage.

The Essay on Good Company written by Mr. Manishanker Parbhuram Pandit has already been published, and those on "Passions of the Heart" and "Hope and Disappointment" by the pen of Mr. Ganptaram Rajaram Bhat, the author of "Pratáp Nátak," are hereby offered to the Public. It is proposed ultimately to publish in one Volume Essays on the Various Subjects above prescribed, under the title of "Cutch Nibandh Sangrah."

*Cutch Dewan's office, Bhuj, 29th November* 1885.

MANIBHAI JASBHA
Dewan of Cutch.

# પ્રસ્તાવના.

—*—

નામદાર કચ્છ દેશાધિપતિ મહારાજા મહારાઓ શ્રી ખેંગારજી સવાઈ બહાદુર એમણે ગૂજરાતી ભાષાની વૃદ્ધિ અર્થે આપેલું ઉત્તેજન તેજ આ નિબંધની ઉત્પત્તિનું મૂળ છે. નામદાર શ્રી કચ્છ દરબારે ગૂજરાતીમાં મૂળ નવિન ગ્રંથો રચાવવા માટે અથવા ઇંગ્રેજી કિંવા સંસ્કૃતમાંથી ભાષાંતર કે તે ભાષાના ગ્રંથોના નમુના ઉપર નવિન ગ્રંથો રચાવવા માટે સને ૧૮૭૮ ની સાલમાં એ વાર્ષિક ઇનામ આપવાની જાહેરખબર કહાડી હતી. અને તેને અનુસરીને નીચે લખેલા વિષયો ઉપર નિબંધોની માગણી થઈ હતી.:—

સત્સંગ.
મનોવિકાર.
આશા તથા નિરાશા.
દેશાભિમાન.
શૌર્ય.
ધૈર્ય.
સત્ય.
કરકસર અને ઉદારતા.
બાળલગ્ન.

સત્સંગ વિષેનો નિબંધ રા. મણિશંકરે પ્રભુરામ પંડિતે લખેલો પ્રસિદ્ધ થઈ ચૂકેલો છે, અને " મનોવિકાર " તથા " આશાનિરાશા " વિષેના નિબંધો " પ્રતાપનાટક " ના કર્ત્તા રા. ગણપતરામ રાજારામ ભટ્ટની કલમથી લખાએલા હાલ પ્રસિદ્ધિમાં મૂકવામાં આવેછે. એમ વિચાર છે કે છેવટ ઉપર લખેલા વિવિધ વિષયો ઉપરના નિબંધો

એક પુસ્તકમાં પ્રગટ કરી તે પુસ્તકને "કચ્છ નિબંધ સંગ્રહ" એવું નામ આપવું.

કચ્છ દિવાનની ઓફીસ, ભુજ—તા૦ ૨૯ મી નવેંબર સન ૧૮૮૫.

મણિભાઈ જશભાઈ,
દિવાન, કચ્છ.

## મનોવિકારની અનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ લું. | વ્યાખ્યા અને વિવેચન... ... ... ... | ૧ |
| ૨ જું. | મનોવિકાર ઉપજવાનાં કારણ... ... ... | ૬ |
| ૩ જું. | મનોવિકારનાં લક્ષણ ... ... .... | ...૧૦ |
| ૪ થું. | મનોવિકારની પ્રવૃત્તિ અને તેના પરિણામ | ...૧૫ |
| ૫ મું. | ક્રોધ પ્રવૃત્તિ વિષે... ... ... ... | ...૨૨ |
| ૬ ઠું. | લોભ પ્રવૃત્તિ વિષે... ... ... ... | ...૨૯ |
| ૭ મું. | મોહ પ્રવૃત્તિ વિષે... ... ... ... | ...૩૫ |
| ૮ મું. | મદ પ્રવૃત્તિ વિષે ... ... ... ... | ...૩૭ |
| ૯ મું. | માત્સર્ય પ્રવૃત્તિ વિષે. ... ... ... | ...૪૫ |
| ૧૦ મું. | મનોવિકારની આવશ્યકતા અને તેનો સદુપયોગ. | ૪૮ |
| ૧૧ મું. | વિકારોની આવશ્યકતા અને તેનો સદુપયોગ.... | ૫૮ |
| ૧૨ મું. | મનોવિકારનો અવરોધ અને પ્રતિકાર... | ...૬૪ |
| ૧૩ મું. | ઉપસંહાર ... ... ... ... .... | ...૭૦ |


## આશા નિરાશાની અનુક્રમણિકા.


| પ્રકરણ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ લું. | આશા નિરાશાનું નિરૂપણ... ... ... | ...૮૧ |
| ૨ જું. | આશા નિરાશાની ઉત્પત્તિનાં કારણ ... | ...૯૧ |
| ૩ જું. | આશાનું વિવિધરૂપે અવલોકન ... ... | ...૯૯ |
| ૪ થું. | નિરાશાનું વિવિધરૂપે અવલોકન ... .... | ...૧૧૧ |
| ૫ મું. | માનુષી સૃષ્ટિમાં આશાનો વિસ્તરેલો વ્યાપાર.... | ૧૧૮ |
| ૬ ઠું. | આશા ચઢાવેછે ને નિરાશા પાડેછે ... | ...૧૩૦ |
| ૭ મું. | આશા જીવતાંને મારે છે, ને મરતાંને ઉગારેછે. | ૧૩૮ |
| ૮ મું. | નૈરાશ્ય-નિરાળી નિરાશા વિષે ... ... | ...૧૪૬ |
| ૯ મું. | ઉપસંહાર અને તત્વબોધ ... ... ... | ...૧૫૪ |

# मनोविकार विषे.

## प्रकरण १ लुं.

### व्याख्या अने विवेचन.

મનોવિકાર એ શબ્દનો અર્થ શો છે તે આપણે પ્રથમ જાણવું જોઇએ. કોઈપણ શબ્દનો અર્થ જાણ્યા વિના તેની ઓળખાણ આપણને પડતી નથી; અને જો ઓળખાણ પડતી નથી, તો આપણે તેનાં રૂપ ગુણ જાણી શકતા નથી. ત્યારે જેનું રૂપ ગુણ જાણ્યા વિના તે વિષે કહેવું કે સાંભળવું એ કુશકા ખાંડ્યા જેવું અને પાણી વલોવ્યા જેવું નિરર્થક છે; જેથી કશો લાભ થતો નથી. માંટે આ "મનોવિકાર" ના નિબંધમાં એ શબ્દનો ખુલ્લો અર્થ સમજાવી તેનું સ્વરૂપ વાંચનારના ધ્યાનમાં ઉતારવા યત્ન કરૂં છું. "મનોવિકાર" એ સંયુક્ત શબ્દ છે. તે બે શબ્દના મળવાથી એક આખો શબ્દ થયેલો છે; ને તે સંસ્કૃત ભાષાનો શબ્દ છે. જે આપણી ગૂજરાતી ભાષામાં પણ અસલ પ્રમાણેજ બોલાય છે અને ઓળખાય છે. 'મનસ્'+'વિકાર' મળીને "મનોરવિકાર" શબ્દ થયો છે. 'મનસ્' નો અર્થ મન થાય છે, અને 'વિકાર' નો અર્થ વિકૃતિ અથવા બિગાડ થાય છે. સંસ્કૃત વ્યાકરણની સંધિના નિયમે કરીને 'મનસ્' શબ્દમાં 'વિકાર' શબ્દ મળતાં સ્નો વિસર્ગ થાય છે, ને પછી વિસર્ગનો ઓ થઈ જાય છે; અને તેથી 'મનસ્' અને 'વિકાર' એ બે મળીને "મનોવિકાર" શબ્દ થાય છે. જેનો સામટો અર્થ મનનો બિગાડ અથવા વિકૃતિ થાય છે.

વિકાર વગરનું શરીર રાખવાને આપણે આરોગ્યતાના નિયમો પ્રમાણે ચાલવું જોઇએ; રોગોત્પત્તિના અવરોધના માર્ગ જાણવા જોઇએ; તેજ પ્રમાણે વિકારરહિત–નિરોગી મન રાખવાને માટે પણ આપણે યત્ન કરવો જોઇએ. શરીર આરોગ્યતાના નિયમો આપણને વૈદ્યો સમજાવે છે, અને આપણે તેમનાં પુસ્તકોથી જાણીએ છીએ; જે પ્રમાણે વર્તવું બહુ કઠિન નથી. પણ વિકાર રહિત મન રાખવાની ક્રિયા જેવલ્લા મહાજ્ઞાની જણાવે છે, તેમજ તેમનાં રચેલાં સચ્છાસ્ત્રોમાંથી આપણે વાંચીએ કે સાંભળિયે છીએ. જે પ્રમાણે આપણાથી વરતી શકાતું નથી; અને તે પ્રમાણે વરતી શકાતું નથી, એજ મનોવિકારનું મોટું કારણ છે. શરીરઆરોગ્યતાના નિયમ પાળવા સહેલા છે, પણ મનની આરોગ્યતાના નિયમ પાળવા એ અતિ કઠિન કામ છે. કહ્યું છે કે,—

દુહો.

"લિખના, પઢના, ચાતુરી, તીન્હોં બાતાં સહેલ;
કામદહન, મન બસકરન, ગગન ચઢન મુસ્કેલ." ૧

સુધરેલી સરકાર માણસની શરીર આરોગ્યતાના મોટા નિયમ બાંધી શકે છે, ને તે નિયમો આશે કે ત્રાશે પળાવે છે; પણ માણસનાં મન આરોગ્ય રાખવાને તેના હાથમાં કશો કાબૂ નથી. કેળવણીની વૃદ્ધિ કરી જન મંડળમાં જ્ઞાનની વૃદ્ધિ કરે છે, જેથી પ્રજા વર્ગમાં મનને માતબર કરવાની ક્રિયા દાખલ થાય છે, પણ તેથી મન નિર્વિકારી થાય એમ બનતું નથી; અને જ્યાં સુધી એમ કરી શકાતું નથી ત્યાં સૂધી એ મનની કેળવણી અપૂર્ણજ સમજવી. દેહને પૌષ્ટિક ખોરાક આપી બળવાન કરવો, તેમ તેને તાવ તરિયો કે બીજા રોગોનો ભોગ થતો અટકાવવો—

તેની પાસે રોગ રાઈ આવી શકેજ નહિ એવું જ્યાં સૂધી ન થાય ત્યાં સૂધી પૌષ્ટિક ખોરાક ખાધો એ ન ખાધા સમાન છે; તોપણ અત્રે એટલો ખુલાસો મારે અવશ્ય કરવો જોઇએજ, કે ગમે તેવા આરોગ્યતાના નિયમે ચાલતાં છતાં કોઈ વખત રોગનો હુમલો આપણા ઉપર થઈ આવે છે, તેમ નિર્વિકારી મન રાખવાની ગમે તેવી રીતિ પાળતે છતે પણ મનોવિકારનો હુમલો થઈ આવે છે. પણ તેમાં ફેર માત્ર એટલોજ કે આરોગ્યતાના નિયમે ચાલનારને રોગ એકદમ લતાડી નાંખતો નથી તેમ મનોનિગ્રહ કરનારની સુદ્ધ બુધ મનોવિકાર છેક હરી લેતો નથી; તેમજ તે ઉપર અયોગ્ય હુમલો ઘણું કરીને કરતો નથી. આ પ્રમાણે છે તથાપિ એટલું કહ્યા વિના ચાલતું નથી, કે—" મનોવિકાર " એ પ્રાણી માત્રનો અજીત શત્રુ છે; ને તેનાં ઉત્પત્તિસ્થાન શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ છે. જો તે હદમાં રહ્યો તો મિત્ર અને હદ છોડી બહાર ગયો તો શત્રુ છે; જો તે નીતિને યોગ્ય રસ્તે દોરાયો તો વાહ વાહ કરાવે છે, ને અનીતિને અયોગ્ય માર્ગે ઉતર્યો તો ધિક્કાર અપાવે છે.

ઉપર વિકારનો અર્થ 'વિકૃતિ' કર્યો છે—'વિકૃતિ' એમાં 'વિ' વિશેષપણું બતાવનાર ઉપસર્ગ છે, અને 'કૃતિ' એનો અર્થ ક્રિયાનું થવું એવો થાય છે: એટલે વિકૃતિનો અર્થ વિશેષપણે ક્રિયા થવી અથવા વિશેષ ક્રિયા; અને "મનોવિકાર" એનો અર્થ આ ઉપરથી મનમાં કોઈ પણ પ્રકારની ક્રિયાનું વિશેષપણું અથવા પ્રબળ થવું એવો થાયછે.

પ્રોફેસર થોમસ રીડે મનુષ્યની મનશક્તિના ગ્રંથમાં મનોવિકારની વ્યાખ્યામાં લખ્યું છે કે—" માણસના મનની ગોઠવણને ચલાયમાન કરે છે—તેને હલાવી નાંખે છે એનું નામ મનોવિકાર આપી શકાય છે." જે વડે મનની

સમાધાનીનો ભંગ થાય તે " મનોવિકાર " જાણવો. મનમાં ઉત્પાત થવો એ મનોવિકારનું આગમન જાણવું. સ્વચ્છ દિવસ ઉગ્યો હોય, આકાશ રૂપેરી રંગમાં શોભી રહ્યું હોય, અને તેમાં રૂપાના તાટમાં રત્નની પેઠે સૂર્ય પ્રકાશી રહ્યો હોય, એવામાં અકસ્માત્ ઉત્તર અને પૂર્વનો ધૂળ ઉડાડતો તોફાની પવન દોડી આવે, આકાશમાં ધૂમાડાના ગોટા જેવાં વાદળ પથરાઈ જાય, અને ગાજવીજ થઈ રહે, એથી જેવું દિવસનું ડોળ બગડી જાય છે, તેજ પ્રમાણે મનોવિકાર પણ માણસના મનના પ્રદેશમાં ઉપજ્યા ઉત્પાત પેઠે દોડી આવી તેની નિર્મળતાનો અને પ્રકાશનો નાશ કરે છે. ઉપર મનનો બિગાડ જે વિકારના અર્થમાં બતાવ્યો છે તે આ'વે ઉદ્દેશે સમજી લેવો.

હ્યૂમ નામનો ગ્રીક તત્વવેત્તા લખી ગયો છે કે,—"હદની બહારની આકાંક્ષા જે વિવેક-બુદ્ધિને ત્યજી દેછે તેને મનોવિકાર કહેવો." મજબુત લાલચને વશ થવું એ પણ મનોવિકાર કહેવાય છે. મનોવિકાર માત્ર નઠારી બાબત ઉપર દોરી જાય છે એમ નથી, પણ તે સારી બાબત ઉપર પણ દોરે છે; ને જો તે સારી બાબત ઉપર દોરે છે, તો તે સ્તુત્ય કહેવાય છે. મનોરાજ્યને દાબી નાંખે તે મનોવિકાર માઠો સમજવો, અને મનોરાજ્યને જે બાધ્ય કરી શકતો નથી તે મનોવિકાર સારો જાણવો એમ વિદ્વાનોનું કહેવું છે. મનોવિકારને માટે વિદ્વાનોના ભિન્ન ભિન્ન મત ચાલતા આવેલા છે; જેમાં કેટલાકે તેને વખાણ્યો છે, અને કેટલાકે તેને વખોડયો છે. કેટલાકે જગત્માં તેની જરૂર છે એમ જણાવ્યું છે, ને કેટલાકે તે દુનિયામાંથી નાશ પામવો જોઈએ એમ જાહેર કર્યું છે. જો આ પ્રમાણે છે તો આપણે તેમાંથી શો સાર લેવો તે જણાવવાનો યત્ન હું આ

નિબંધમાં કરીશ તો તે વાંચનારને ઉપયોગી થઈ પડશે. મનોવિકારને જો ન્યાયના ઘરમાં દાખલ કરીશું તો તે ખરેખરો ફાયદેમંદ નીવડશે, અને જો તેને આડે માર્ગે દોરીશું તો તે નુકસાન કર્ત્તા થઈ પડશે; તોપણ સાધારણ રીતે દુનિયામાં તપાસી જોતાં મનોવિકાર અનર્થનો ઉડતો અગ્નિ છે, અને આ વિશ્વમાં સ્રષ્ટાએ મનુષ્ય પ્રાણીમાં મૂકેલી મનની સમાધાની–શાન્તિ રૂપી આરોગ્યતાને હાનિ પહોંચાડનારો તે એક ઉડતા ચેપી રોગ જેવો છે. તે માણસના મનપ્રદેશમાં સ્વલ્પ સમય ટકનારો છે, પણ તેની સ્વલ્પ સમયની હાંજરી વખતે આખો જન્મારો યાદ કરાવ્યા કરે એવી છે. વિનાશકારી મહામારીનો રોળ ઝટ આવી ચટ ચાલ્યો જાય છે, પણ તેટલામાં તે કેટલી હાનિ કરી નાંખે છે તે સૌકોઈ જાણે છે; તેમ મનોવિકાર પણ તેવોજ છે. તે પોતાની અલ્પ હાંજરીમાં રોળ વર્ત્તાવી નાંખે છે, ને ન કરવાનાં કૃત્ય કરાવી આખો ભવ પસ્તાવાનું કરી દેછે. આ સંસારસાગરમાં ચાલતાં ઘરસૂત્રનાં નાવ તે એક તોફાની પવનની પેરે આવી ઊંધાં વાળી ચાલ્યો જાય છે એવો તે બળવાન જગત્ શત્રુ છે. એમ કહીએ તો તે જરા પણ ખોટું નથી. ઝેરમાં પ્રાણીનો જીવ લેવાનો ગુણ છે, તોપણ તે ઔષધના ઉપયોગમાં આવે અને તેથી અમૂક રોગ મટે છે, તેમ મનોવિકારને માટે પણ છે; એટલે તે જગત્માં જરૂરનો પણ છે એમ નિશ્ચય જાણવું. પણ તેમાં એટલું જરૂર યાદ રાખવું કે, ક્યાં તેની કેટલી જરૂર છે એ પણ જાણી લેવું; નહિતો સાજો માણસ રેચ લેતાં માંદો પડે એવાળી વાત થશે. આને માટે આંગળ કહેવામાં આવશે તે ઉપર જરૂર ધ્યાન આપવું. એથી મનોવિકારનો વિષય બરોબર સમજાશે, ને એ સંબંધે આપણે કેમ વર્ત્તવું તેની પાકી સમજણ પડશે.

ઉપર લખવામાં આવ્યું છે કે, મનોવિકાર—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ પાંચ વિષયથી ઉત્પન્ન થાય છે, તેમ એ ઉત્પત્તિ સ્થાન પરત્વે મનોવિકારના ગુણ પણ જૂદા જૂદા છે, ને તેથી તેના નામ પણ ભિન્ન ભિન્ન પાડેલાં છે. ક્રોધ, લોભ, મોહ, મદ, અને માત્સર્ય આદિ મનોવિકારનાં જૂદે જૂદે ગુણે નામો પાડવામાં આવેલાં છે. જેમાં ક્રોધ અને લોભ તો ખરા અગ્રણી છે; એનાથી ઉપજેલાં માઠાં પરિણામનો આગળ આપણે ઇસારો કરીશું.

---

## प्रकरण २ जुं.

### मनोविकार उपजवानां कारण.

મનોવિકાર ઉપજવાનાં આ જગત્‌માં અનેક કારણો છે, જેઓનો વિસ્તાર કરવા બેશીએ તો એક મોટો ગ્રંથ ભરાય. જેમ આ જગત્‌માં રોગોત્પત્તિનાં અનેક કારણો હોય છે, જે સઘળાનો વિસ્તાર ન કરતાં ડાહ્યા દાક્તરો અને વૈદ્યો મુખ્ય જે વધારે હાનિ કર્તા રોગો હોય છે તેનાં કારણ મુખ્યત્વે પ્રકટ કરે છે, તેમ આ પ્રકરણમાં મનોવિકારનાં મુખ્ય કારણો દર્શાવવાં એજ મને ગુણકારી માર્ગ જણાય છે. મોટાંથી છોટાંનો ખ્યાલ આવી જશે; કારણ કે બીજાં ન્હાનાં તેના પેટામાં સમાએલાં હોય છે.

નબળા શરીર ઉપર રોગનો હલ્લો ઉતાવળો થાય છે, ને તેથી તે લેવાઇ પણ જલદી જાય છે; તેમ નબળાં મનમાં મનોવિકાર ઉતાવળો પ્રવેશ કરે છે, ને તે નિર્બળ મન વાળાની સુધ બુધ હરી લે છે. રોગના વ્હેમી માણસને રોગ ઉતાવળો ચોટી પડે છે, તેમ વિકારી મન વાળાં એટલે કોઇ પણ વિષયની વાસના રાખ્યા કરનારાં માનવીને તેની વાંછનાનો મનોવિકાર ઝટ ઝડપી લેછે. પિત્તપ્રકૃતિવાળાને

શરદઋતુ આવેતાં તાવ આવવાનો જેટલો સંભવ છે તેટલો બીજાંને નથી, તોપણ ઘણાં ખરાંને ઋતુનું ફળ મળે છે; તેમ તમોગુણીને પોતાની ઇચ્છા વિરૂદ્ધ થતાં ક્રોધ વ્યાપવાનો જેટલો સંભવ છે, તેટલો બીજાને વિષે નથી. ઉષ્ણકાળમાં વાતી લૂમાં ઉઘાડે પગે ને ખુલ્લે માથે ફરતાં લૂ લાગે છે, તેમજ વર્ષાકાળમાં વર્ષાદની ઝડીમાં ઉઘાડા ફર્યે શરદી થાય છે, એ લૂ અને શરદી વ્યાપવાનાં કારણ છે; તેમ આપણા મનને કોઈ પણ રસનો સ્વાદ લેવા ખુલ્લું મૂકેથી તે રસના ગુણ પ્રમાણેનો વિકાર ઉપજે છે.

૧. મનોવૃત્તિને આડે આવનારી કોઈ પણ જાતની ક્રિયા થવાના કારણથી ક્રોધ ઉત્પન્ન થાય છે. જેમકે—એક દયાળુ પુરુષ આગળ કોઈ ઘાતકી કામ કરે તો તેને ક્રોધ વ્યાપેછે. તેમજ સતી આગળ કોઈ કુલટા વ્યાભિચારની વાત કરેતો તેને રીશ ચઢ્યા વિના રહેતી નથી. તપસીના તપનો ભંગ કરનાર ઉપર તે કોપેછે, તેમજ સત્યવાદી આગળ જૂઠું બોલવાથી તેને ક્રોધ ચઢેછે. ધારયું કાર્ય ન થવાથી, કોઈએ પોતાને અને પોતાનાં વહાલાંને દુઃખ દીધું હોય તેથી વૈર લેવાનો આવેશ આવેછે તેને ક્રોધ જાણવો. ક્રોધવિકાર પ્રબળ થવાનાં અનેક કારણો છે, જેમાંનાં થોડાં અત્રે લખી જણાવું છું:—

કાણાને કાણો કહેથી, ઇચ્છાથી અવળું કરેથી, કટૂવચન કહેવાથી, દુશ્મની દાખવવાથી, બેઇમાની કરવાથી, કામમાં કસૂર કરવાથી, ઇષ્ટ વસ્તુ હરી લેવાથી અને વિનાશ કરવાથી, ગુન્હો કરવાથી, માનભંગ કરવાથી, વિના કારણ વગોવવાથી, અને એવાં એવાં બીજાં અનેક કારણથી ક્રોધ ઉપજેછે; જેમાં સ્ત્રીના વ્યભિચારપણાથી, પ્રિય વસ્તુનો નાશ કરવાથી અને ધર્મનું ઉત્થાપન કરવાથી

પ્રગટતો કોપ જ્વાળામુખી જેવો ભયંકર અને હાનિ કર્ત્તા છે.

૨ કોઈ વસ્તુની અતિ ઇચ્છાના કારણથી લોભ પ્રગટેછે. લોભ ઉપજવાનાં મુખ્ય કારણ જર, જમીન, અને જુવતી છે; જેના પેટામાં બીજાં અનેક આવી જાય છે, માટે તેનો વિસ્તાર કરવાની અગત્ય નથી. તોપણ અત્રે એટલું જરૂર જણાવવું જોઇએ કે, ઉપરના લોભ કરતાં બીજા કીર્તિ, મુક્તિ, ભક્તિ આદિના પણ લોભ માણસમાં પ્રગટે છે, જેનું કારણ ઉપરની વ્યાખ્યામાં આવી ગયું છે, એટલે તેનો વિસ્તાર અત્રે કરતો નથી.

૩ મોહપણ મનોવિકારનું એક અંગ છે; જે કોઈ પણ વિષય અથવા વસ્તુમાં અતિ પ્રીતિ થવાથી ઉત્પન્ન થાય છે. રૂપ, ગુણ અને કર્મમાં રહેલી જે શક્તિથી મન. તટસ્થ અથવા પરવશ થઈ રહે તે મોહ કહેવાય છે.

૪ કોઈ પણ વસ્તુની છત પોતાને આવી મળ્યાના કારણથી મદ ઉત્પન્ન થાયછે. મદ એટલે જુસ્સો. અથવા ખુમારી. માદક (કેફી) પદાર્થ ખાવાથી કે પીવાથી જેમ ખુમારી ચઢેછે તેમ શરીરસંપત્તિ, ધનસપત્તિ અને વિદ્યાંસંપત્તિનો યોગ થયે આ વિકાર થઈ આવે છે. જેને માટે આધુનિક ગૂર્જરકવીશ્વર દલપતરામ લખેછે કે,—

( ઇંદ્રવિજય છંદ. )

"જોબનનો મદ ને ધનનો મદ, તેમ ત્રિજો અધિકાર તણો છે;
વિદ્વત્તા મદ તેથિ વિશેષ, હમેશ ઘટે નહિ એમ ઘણો છે;
અંધ થવાય અકેક મદે મદ, બે મળતાં બદલો બમણો છે;
દેખિ શકે દલપત્ત કહે કયમ, ચાર મળ્યે મદ ચાર ગણો છે."

રૂપ, ગુણ, ધન, જોબન, કુલિનપણું, વિદ્વત્તા, માન, અધિકાર, પુત્ર, પરિવાર આદિની પ્રાપ્તિ એ મદ ઉપજવાનાં કારણો છે. અહિં એટલું યાદ રાખવું કે, જે જેને

# मनोविकार
तथा
# आशा निराशा विषे
निबंध.

પાત્ર નથી તેને તે પ્રાપ્ત થવાથી તેમાં એ વિકાર જલદીથી પેદા થાય છે. જેમ એક બાળક કેફ જીરવવાને પાત્ર નથી તેને, એક ઘેલા મનુષ્યને ગાંજો કે બીજી કેફ પાઇએ તો તે જલદી ગાંડો બનેછે, તેમજ મદને માટે પણ છે. એ વિષે અખો કહેછે કે,—

"ઓછું પાત્રને અદકું ભણ્યો, વઢકણિ વહુએ દિકરો જણ્યો;
મારકણો સાંઢ ચોમાસું મહાલ્યો,કરડકણો કુતરો હડકવા હાલ્યો;
મર્કટ ને વળિ મદિરા પિયે, અખ્ખા એથી સૌકો બિયે."

આપણામાં કહેવત છે કે—"મૂળ મિયાં ગાંડા ને તેમાં ભાંગ પીધી" ને "ઘેલીને ભૂત વળગ્યાં". આ ઉપરથી સમજવાનું એટલું કે કોઈ પણ રોગ નબળી પ્રકૃતિના મનુષ્યને ઉતાવળો લાગુ પડેછે, તેમ આ વિકાર કુપાત્રમાં ઉતાવળો ઉત્પન્ન થાયછે. અતિ ગર્વ, અભિમાન, ઉન્મત્તતા એ મદના પર્યાય છે.

૫ માત્સર્ય અથવા મત્સરનો અર્થ અદેખાઈ થાયછે. જે કોઇનું સારૂં જોવાથી કે સાંભળવાથી ઉત્પન્ન થાય છે. ઝામરના રોગીને સૂર્યોદય થતાં ઝામરની પીડા થવા માંડેછે, તેમ માત્સર્ય પ્રકૃતિ વાળાને પારકો ઉદય થતો જોતાં એ વિકાર પ્રબળ થઈ ચેન પડવા દેતો નથી. અદેખાઇનો કીડો પારકી કીર્ત્તિ સાંભળતાં માત્સર્ય પ્રકૃતિના મનુષ્યનું કાળજું ફોલી ખાયછે. અદેખાઈનો સામાન્ય ગુણ બાળકથી વૃદ્ધ સુદ્ધાંમાં સામાન્ય પણે રહેલો છે; જેનાં કારણો પણ સામાન્યજ છે. ન્યૂનાધિકપણું, વહાલું અળખામણું એ ઇર્ષાનાં સામાન્ય કારણ છે.

ઉપર જે મુખ્ય મુખ્ય વિકારોની ઉત્પત્તિનાં કારણ દર્શાવ્યાં એના અવાંતરમાં બીજા આવી જાયછે, અને કદી નહિ આવી જતા હોય તો તેની જરૂરનથી. કારણ કે

બીજા જે રહેછે તે એમના જેટલા હાનિ કર્ત્તા નથી; અને તેમની ઉત્પત્તિ ઋતુને યોગે ઉપજતાં શળેખમ, ઉધરસ આદિ શરીરસંપત્તિમાં ઉપજતા વિકારો જેવીછે. પણ કોગળિયું, શીળી, 'ટાઈફ્ ટાઇડ ફિવર,' વિષમજ્વર, ક્ષય આદિ સંહારચક્ર ફેરવનારા. હાનિ કર્ત્તા રોગોનાં કારણ જાણવાની જરૂર છે, કેમકે તેમના પ્રતીકારમાં ઘણાં માણસોનું ખરૂં ક્ષેમ રહેલું છે. તેમજ આ ઉપર જણાવેલા વિકારો વિશ્વમાં અનેક ઉત્પાત અને ખરાબીઓના કર્ત્તાછે, જેનાથી ઉપજતી હાનિ ઉપરના રોગોને મુકાબલે મૂકવા યોગ્ય છે, માટે તેમની ઉત્પત્તિનાં કારણ જાણવામાં આવ્યાં, અને તે સામે ઉપાય લેવામાં આવ્યા, તો તે પૂર્ણ ગણાશે.

ઉપર જણાવેલા વિકારોને વિદ્વાન પુરૂષોએ મનુષ્યના રિપુઓ ગણેલા છે. એને મહાન રોગ કહીએ તોપણ ચાલશે. રોગ એ પણ શત્રુજ છે. મનોવિકારનાં મહાન અંશો દર્શાવી તેની ઉત્પત્તિનાં સંક્ષિપ્ત કારણો કહ્યાં તે ધ્યાનમાં રાખી આપણે તે ઉપર શી રીતે દાબ રાખવો અથવા તેને ઉપજવાને કારણ ન આપવું તે ઉપર પુખ્ત વિચાર કરવો એ આપણું કામ છે; જે વિષે આગળ લખવામાં આવશે. પણ તે પહેલાં આપણે, મનોવિકારથી મનુષ્ય પ્રાણી કેવી સ્થિતિમાં આવેછે તે તપાસવા મનોવિકારનાં લક્ષણ જાણવાં જોઇએ; જે જણાવવા યત્ન કરીશતો તે નકામું નહિ ગણાય.

## પ્રકરણ ૨ જું.

### મનોવિકારનાં લક્ષણ.

મનોવિકાર જેમ ભિન્ન ભિન્ન પ્રકારના છે, તેમ તેમનાં ચિન્હ પણ વિવિધ પ્રકારનાં છે. તેનું પ્રથગ્વર્ણન કરતા

પહેલાં સામાન્ય રીતે મનોવિકારનાં લક્ષણ સંક્ષેપે વર્ણવું છું; જે વાંચવાથી મનોવિકાર વાળાં માણસ વર્તાવાં મુશ્કેલ નહિ પડે, તેમજ પોતાનો વિકાર પણ પોતાને સમજાશે.

મનનું અસ્વસ્થપણું એ મનોવિકારનું મુખ્ય ચિન્હ છે. શરીરને અને મનને નિકટનો સંબંધ છે તેથી મનોવિકારનાં લક્ષણ શરીરની ભીતર અને બાહેર નીચે પ્રમાણે જોવામાં આવે છેઃ—

ઇંદ્રિયોનું વિકલપણું, પરિસ્વેદ, રોમાંચ, ખાનપાનનો અભાવ, કાળજાનું કચવાવું, દાહ, અલ્પનિદ્રા, નેત્રનું આરક્ત અને સ્થિરપણું, મસ્તકમાં ધુંધવાટ અને સુનકાર, મૂર્છા, શિથિલપણું અને તીવ્રપણું, લોહીનું ઉતાવળું વહેવું અને સ્થિર થવું, પ્રલાપ અને મૌન, ગતિ અને સ્તંભન ઇત્યાદિ મનોવિકારનાં લક્ષણો છે.

આંખ આગળ સર્પ ધસ્યો આવે પણ જેને ખસવાની ખબર ન પડે, અથવા તો દોરડી દેખી દશ હાથ ઉછળી આઘો પડે; વાદિત્રના નાદ અને તોપના ધમકારાથી સાજી શ્રવણેન્દ્રી છતે બધિર દેખાય, અથવા તો છાપરે કાંકરો પડતાં પર્વત પડ્યો સાંભળે; રોગ વગર આંખમાંથી આંસુ ટપકે, તેમ હૈયું ધબકે; ટાઢ કે શરદીનો લેશ જણાતો ન હોય તેવામાં શિયાળાની સખ્ત ઠંડીનો સપાટો લાગ્યો હોય તેમ રોમ ઊભાં થાય, તેમજ પરિશ્રમ વિના પરિસ્વેદ ફૂટે; ન કરવાનું કરવા પ્રવૃત્ત થવું અને ન બોલવાનું બોલવું; હાથ પગ ઠોકવા અને દાંત હોઠ પીસવા; સૂવું બેસવું અને સૂવું; પકવાનોનો થાળ મુખ આગળ લાવતાં તે સામી મીટ ન માંડવી અને સુખ શય્યામાં સુતે આખી રાત આલસ વીલસમાં જાય; સહેજ છેડતાંમાં અતિ તપી જાય અને વાત કરતાં વઢી પડે; શીખામણ દેનારને

શત્રુ જેવો દેખે અને વૈરીની વાત સાંભળે, આ સર્વ ચિન્હ મનોવિકારનાં છે.

હડકાયા કૂતરાનાં, સન્નિપાતનાં અને મનોવિકારનાં ચિન્હ બહુધા મળતાં આવે છે, મ્હોનો ચહેરો બદલાય તે સાથે મનોવૃત્તિ પણ બદલાઈ જાય છે, અને તેથી જાણે માણસ હતું તેજ નહોય એવું જણાય છે.

રોગના લક્ષણ જાણવાથી રોગી અને નિરોગી વર્તાય છે; અને તેથી વૈદકના જાણનારા વૈદ્યો રોગ વર્ત્તવા અર્થે રોગનાં લક્ષણની વ્યાખ્યાઓ ઘણું કરીને મ્હોઢે રાખે છે. જે સંસ્કૃત શ્લોકબદ્ધ કે પ્રાકૃતદોહા આદિ. છંદમાં હોય છે.—એ ક્રમને આધારે મનોવિકારો વર્ત્તવા અર્થે મ્હોઢે રહેવા હું તેનાં લક્ષણ થોડાંક કવિતામાં લખીશ તો તે ઉપયોગી થઈ પડશે એમ ધારૂં છું. એકત્ર મનોવિકારનાં લક્ષણો નીચે પ્રમાણે છે.

### દોહરા.

શરીર બુદ્ધિ ઈંદ્રિયો, સ્થિર ન રહે, બદલાય;
લક્ષણ મનોવિકારનાં, એ સઘળાં કહેવાય. ૧
વિકળપણું આવી વસે, સ્થિર નવ ચિત દેખાય;
લક્ષણ મનોરવિકારનાં, એ સઘળાં કહેવાય. ૨
ફાટી આંખે થઇ ફરે, લોચન વરસે લા'ય;
લક્ષણ મનોરવિકારનું, એ જનમાં કહેવાય. ૩
નીચાં નેણ નિહાળિયે, સજળ રહેલ સદાય;
લક્ષણ મનોરવિકારનું, એ જનમાં કહેવાય. ૪
[1] કોડાં સમ દૃષ્ટિ રહિત, જનનાં નેત્ર જણાય;
લક્ષણ મનોવિકારનું, એને પણ કહેવાય. ૫
વદન વાઘ જેવું દીસે, અથવા ગરીબ ગાય;

---

૧ કોડીઓ જેવાં. જેમાં કીકીનું ઠેકાણું નહિ એવાં, જડ.

લક્ષણ મનોવિકારનાં, એ જનમાં કહેવાય. ૬
ફફડે મુખ બબડે કંઇક, વા નવ કાંઇ વદાય;
લક્ષણ મનોવિકારનાં, એ જનમાં કહેવાય. ૭
પરિસ્વેદ છૂટે અતિ, ને રોમાંચ જણાય;
લક્ષણ મનોવિકારનાં, એ જનમાં કહેવાય. ૮
હોઠ દંત પીસે અતિ, ઠોકે પગ ને હાથ;
લક્ષણ મનોવિકારનાં, લડે સુજનની સાથ. ૯
શોકે મુખ મ્લાની દિસે, હર્ષે અતિ પ્રફુલ્લ;
લક્ષણ મનોવિકારનાં, કરે ‡સહજમાં ભૂલ. ૧૦
ભોજન વિધવિધ ભાવતાં ઊપર નહિ જરિ ભાવ;
લક્ષણ મનોવિકારનાં, વિચારમાં ગરકાવ. ૧૧
કચવાયે બહુ કાળજું, રહે મગજમાં ધૂન;
લક્ષણ મનોવિકારનાં, સૃષ્ટિ દિસે સૌ શૂન્ય. ૧૨
તીવ્રપણું તનમાં અતિ, અથવા ઠંડું ગાર;
લક્ષણ મનોવિકારનાં, આવે ઉર ઉદ્‌ગાર. ૧૩
હસે રડે નવ રહે ઘડે, લડે સહજમાં આપ;
લક્ષણ મનોવિકારનાં, ન ગણે પુણ્ય કે પાપ. ૧૪
સ્થિતિ બદલાયે *અસલની, પલટે સ્થાયી ભાવ;
સાર સમજવો એટલો, દેખીને દેખાવ. ૧૫

ઉપરની કવિતામાં મનોવિકારનાં લક્ષણોનું એકત્ર વર્ણન કરવામાં આવ્યું, જેમાંનાં ઘણાંખરાં વિકારી મનવાળાં મનુષ્યમાં જોવામાં આવે છે. વર્ણવેલાં લક્ષણમાંનાં એક કે તેથી અધિક કોઈ પણ ચિન્હ મનુષ્યમાં જોવામાં આવે તો તે માણસ મનોવિકારવાળું છે એમ જરૂર જાણવું. આપણામાં

‡ સહજ સહજમાં ભૂલ કરે છે, જેનું કારણ સહસા કામ કરવું તે છે. * મૂળ વૃત્તિ બદલાઈ જાય એ મનોવિકારનું લક્ષણ છે.

પણ એમાંની કોઈ ચેષ્ટા જણાયતો ખચીત યાદ રાખવું કે, આપણામાં વિકાર પેઠો છે. વખતે આપણાથી આપણો દોષ ન દેખાય તો કોઈ સારૂં મનુષ્ય આપણી વિકારી વૃત્તિ જોઈ દોષ દેખાડે તો સાવધ થઈ પાણી પહેલી પાળ બાંધવી. ઉપર જે મનોવિકારનાં લક્ષણ જણાવ્યાં છે તે પ્રકરણ બીજામાં જણાવેલા મુખ્ય વિકારોનાં એકત્રચિન્હો છે. એમાંનાં કેટલાંક ક્રોધને, કેટલાંક લોભને એ પ્રમાણે મુખ્ય વિકારોને લાગુ પડતાં છે. જેમાં ફલાણું ચિન્હ ફલાણા વિકારમાં હોય અને બીજામાં ન હોય એમ ન જાણવું. કેટલાંક લક્ષણ પરસ્પરમાં એક સરખાં પણ જોવામાં આવે છે. લોભમાં ક્રોધનાં લક્ષણ જોવામાં આવે છે. મોહમાં લોભનાં, અને લોભમાં મોહનાં એ પ્રમાણે પરસ્પરનાં એક સરખાં લક્ષણો છે; માટે પ્રથક્ પ્રથક્ વિકારો વર્ત્તવા સારૂ અતિસંક્ષેપે પ્રત્યેક વિકારનાં નિરાળાં લક્ષણ-વ્યાખ્યાની રીતે નીચે પ્રમાણે જણાવું છું:—

### દોહરા.

પૃથ્વી પગ ઠોકે અને બબડે શુણે ન બોધ;
નેત્ર રકત રોમાંચથી કળાય જનમાં ક્રોધ. ૧
જંપે નહિ દિન જામની, મન નહિ જેને થોભ;
કાયા કષ્ટિત આદિથી, લેખો જનનો લોભ. ૨
સ્તંભિત મૂર્છિત માનવી, પ્રતિમા સમ પેખાય;
મુખ ચખ ફાટયાં રેહ તે, મોહ જરુર લેખાય. ૩
મૂકે પગ ધબધબ અને, રહે અક્કડ અતિ આપ;
ફરે ફાટિ આંખે સદા, ઇત્યાદિ મદ માપ. ૪
ચિતમાં ચટપટિ હોયને અંતરમાં અકળાય;
નેત્ર ઝિણે ઝાંખ્યા કરે, જન માત્સર્ય કળાય. ૫

ઉપર જે મનોવિકારનાં લક્ષણો સારમાં સમજાવવાનો

યત્ન કર્યો છે તેથી વિકારી મનની પરીક્ષા થઈ શકશે. માટે હવે એ વિષયમાં વિશેષ લખવાની જરૂર છે.

---

## प्रकरण ४ थुं.

### मनोविकारनी प्रवृत्ति अने तेना परिणाम.

કોઈપણ સૃષ્ટ પદાર્થની પ્રક્રિયા શરીરની પંચેન્દ્રી સાથે લાગુ પડતાં મનોવિકારની પ્રવૃત્તિ થાય છે; જેનો પરિણામ દેહને હાનિ કર્ત્તા છે. આપણા આર્યજ્ઞાની પુરુષોએ તત્વજ્ઞાન સંપાદન કરી જે જ્ઞાન પ્રગટ કરેલું છે તેમાં મનોવિકારનાં ઉત્પત્તિસ્થાન અને તે આપણી કયી કયી ઈંદ્રિયોને લાગુ પડી હાનિ કેવી રીતે ઉપજાવે છે તે અતિ સૂક્ષ્મ રીતે દર્શાવેલુંછે. વૈદ્યોએ જેમ શારીરરોગપ્રવૃત્તિનાં કારણ વૈદ્યકનાં પુસ્તકમાં જણાવેલાં છે, તેમ તત્વજ્ઞાનીઓએ મનના રોગ અથવા મનોવિકારની પ્રવૃત્તિ વિષે પણ અતિ સૂક્ષ્મ રીતે સમજાવેલું છે, ને તે ઉપર દૃષ્ટાંત સિદ્ધાંત આપવાને પુષ્કળ યત્ન કીધો છે. તેઓએ મનોવિકાર ઉપજવાના કારણમાં મુખ્ય પાંચ વાંનાં સાધન અથવા કારણ રૂપ કલ્પેલાં છે. જે પંચેન્દ્રીને અનુક્રમે લાગુ પડે છે, એ વિષે રૂપકાલંકાર આપી લખ્યું છે કે,—

कुरंग मातंग पतंग भृंग, मीना हता पंचभिरेव पंच॥
एकःप्रमादीसकथंनहन्यते,?यःसेवतेपंचभिरेवपंच.॥१॥

ઉપલ્યા શ્લોકમાં એમ કહ્યું છે કે—હરિણ, હાથી, પતંગિયું, ભમરો અને માછલું એ પાંચ, પાંચ વાનાંથી નાશ પામે છે,—તો જે એ પાંચ વાનાં પોતે સેવે છે-એટલે જેનામાં એ પાંચ વાનાં છે તે પ્રમાદી (ગાફેલ) થાય તો કેમ ન હણાય?

ઉપલ્યાં પાંચ પ્રાણી, પંચ વિષય—શબ્દ, સ્પર્શ, રૂપ, રસ અને ગંધ એમાં લુબ્ધ થતાં, તેનાથી સાવધ ન રહેતાં અનુક્રમે નાશ પામે છે. એટલે—

હરિણ શબ્દના મોહથી પોતાનો પ્રાણ ખુએ છે. હરિણનો શિકારી હરિણને મારવા વીણા કે વાંસળી વગાડે છે; તેના નાદે મોહપામી હરિણ તે સાંભળવા આવે છે, અને પછી શબ્દમોહે ફસી સાવચેતી રાખતું નથી; એવે શિકારી બાણ મારી તેનો જીવ લે છે.

હાથીના શિકારી હાથીને મારવા માટે એવી યુક્તિ રચે છે કે, તેઓ ખાડા ખોદી તે ઉપર વાંસનાં ખપાટિયાં મૂકી તૃણ, ધૂળ આદિ તે ઉપર નાંખી સરખી જમીન કરી લે છે; ને જે તરફથી હાથી આવતા હોય તેની સામી બાજુએ કાગળની કે કાષ્ટની કૃત્રિમ હાથણી બનાવી ઊભી રાખે છે. હાથી હાથણીને જોતાં સ્પર્શ કરવા ધસે છે, ને ખાડા ઉપર રહી ગતિ કરતાં તેમાં પડે છે, એટલે હાથીના શિકારી ભાલા બરછી આદિ શસ્ત્ર મારી તેનો અંત આણે છે. એ રીતે સ્પર્શ વિષયને મોહે, મોટા માતંગ પોતાનો પ્રાણ ખુએ છે.

પતંગિયું દીવાને રૂપે દિવાનું બની બળી મરે છે, જે સૌ કોઈ જુએ છે. એ રીતે રૂપને મોહે પતંગનો નાશ થાય છે.

રસને લોભે માછલું પોતાના પ્રાણનો અંત આણે છે. માછલાં પકડનારા, લોઢાના આંકડાને કણકની ગોળી વળગાડી પાણીમાં નાંખે છે, તે ખાવા મચ્છ આવે છે. જેવું માછલું આંકડે વળગ્યું કે માછી આંકડો આચકો મારી ખેંચે છે એથી તેનું તાળવું વીંધાઇ જાય છે, ને મરણ પામે છે.

ભમરો ગંધનો ભોગ થઈ પડે છે. વાસનાનો ભોગી ભમરો વાસનાને લોભે કમળમાં જઈ ભરાય છે, ને તેમાં એટલો લેહલીન રહે છે કે રાત્રિ પડતાં કમળમાં બીડાઈ જાય

છે તોપણ નીકળવાનું ભાન રાખતો નથી એથી તે કમળમાં સપડાઈ રહે છે. પ્રભાતમાં કમળનો ચારો ચરનારા હાથી આવે છે, તે કમળનો ચારો કરતાં ભમરો હાથીનો ભક્ષ થઈ જાય છે. કમળ મળતો ભમરો હાથીનાં મુખમાં જઈ નાશ પામેછે.

આ ઉપરનાં દૃષ્ટાંતોથી જોશોતો માલૂમ પડશે કે એકેકો પ્રાણી એકેકા વિષયમાં પ્રવૃત્ત થતાં નાશ પામે છે; જેનું કારણ તેમની એકેકી ઇંદ્રીનું અવશપણું છે. આ પ્રમાણે છે, તો જેનામાં એ પાંચે ઇંદ્રિયો છે તે મનુષ્ય, પ્રમાદી રાખે એટલે પોતાને વિષે રહેલી પંચેંદ્રિયોને બહેકવા દે, તો તેથી શું અનિષ્ટ નહિ નીપજે? રે, માત્ર મનુષ્યની ખરાબી કરવાને, તેનો અંત આણવાને એક ઇંદ્રીનો બહેકાટ પૂર્ણ છે, તો પાંચની વાત શી કહેવી?

મનોવિકારની પ્રવૃત્તિ અને તેના પરિણામનું તમામ રહસ્ય માત્ર ઉપલ્યા શ્લોકમાં આવી જાય છે, તો પણ વધારે સમજ પડવા અને જાણવા અર્થે કંઇક આ બાબતનું વિશેષ નિરૂપણ કરૂં છું.

રોગની પ્રવૃત્તિ શરીરના બેહાલ કરે છે અને દેહનો અંત આણે છે. રોગીને ભોગ ભાવતા નથી અને આખું જગત્ રોગી ભાસે છે. રોગીનું મન માંદું અને અશક્ત થઈ જાય છે. રોગની પીડા તેને ચેન પડવા દેતી નથી. અજંપો, આલસવિલસ અને અકળામણ તેને થઈ આવે છે. જે રીતે શારીરરોગથી મન બેહાલ થાય છે તેમ મનને રોગે શરીર પણ બેહાલ બને છે, જે વિષે આપણે મનોવિકારનાં લક્ષણમાં જોઈ ગયા છીએ. શરીર અને મનનો નિકટ સંબંધ એ ઉભયમાં સુખ દુઃખનાં એક સરખાં ચિન્હથી જાણવામાં આવે છે. પણ અહિંજરા વિશેષ જણા-

વવાની જરૂર છે; તે એકે, શરીરનો વિકાર અથવા બિગાડ દેહનો અંત આણે છે, પણ મનનો વિકાર તો એ કરતાં પણ વિશેષ હાનિ કર્ત્તા છે. મનોવિકાર જો માઠે રસે ઉભરાયો-પ્રવૃત્ત થયો તો તે દેહનો અંત આણે છે એટલુંજ નહિ, પણ તે સાથે પૈસો, કીર્તિ, પ્રિયજન, પ્રીતિ આદિ સર્વ સુખદાયક વસ્તુનો અંત આણે છે, વા તેથી તજાવે છે. જીવતો રહે છે તો પણ મરણ કરતાં માઠે હાલે દિવસ કાઢે છે. મુવે અધોગતિ પામે છે એમ શાસ્ત્રો કહે છે, અને જીવતાં મુવાસમાન છે એમ કવિયો કહેતા આવેલા છે. કેટલાક રોગ આવી ગયા પછી તેની નિશાની જેમ શરીર ઉપર રહે છે, તેમ માઠા મનોવિકાર આવી ગયા પછીની એધાણીઓ પણ તે મનુષ્યની રહે છે. શરીરના રોગની એધાણીઓ દેહ પડ્યા પછી દેહ સાથેજ દહન થઈ જાય છે અથવા નિરસ્ત થઈ જાય છે, પણ મનોવિકારની માઠી અસરની પડેલી નિશાનિયો દેહ પંચત્વ પામ્યા પછી પણ જગત્માંથી જતી નથી. શીળી, શરીરે નીકળતી અશરફીના ફોલ્લાનાં ચાઠાં, તે રોગ મટયા પછી શરીરે રહી જાય છે, તેમ મનોવિકારવાળાં માનવીને માટે અપયશ, ગાળ, લોક નિંદા આદિ દુષ્ચિન્હ તે વિકાર વિરમી ગયે પણ રહે છે; જે, તે જગત્માંથી નાશ પામતે પણ નાશ પામતાં નથી. આમાં એટલું જરા વધારે જણાવવું જોઇએ કે, જેમના મનોવિકાર સારા રૂપમાં બહાર પડયા છે તેમની શુભ નામના જીવતે અને મુએ આ જગત્માં સુચિન્હ રૂપે રહી છે, રહે છે, અને રહેશે.

રોગાદિને માટે એવું કહે છે કે—એક રોગમાં કુપથ્ય થવે બીજો, અને બીજામાંથી ત્રીજો, એ ત્રણ રોગ માણસના શરીરમાં થઈ આવે છે, ને તેથી દેહનો અંત આવે છે; તેમ મનોવિકારમાં પણ એવુંજ છે: તાવમાંથી મૂ-

ઝારો, ત્રિદોષ આદિ વ્યાધિ થાય છે, તેમ કામથી મોહ, માત્સર્ય, ક્રોધ, આદિ થઈ આવે છે. જેના પરિણામ મહા દુઃખદાયી-ચિત, બુદ્ધિ, ધન, બળ અને આયુષ્યની હાનિ કરનારા છે. મનોવિકારો ચિંતાને પ્રબળ કરે છે, ને તે ચિંતા દેહનો અંત આણે છે. કહ્યું છે કે,—

**चिंतयाजायतेक्लेश, क्लेशाद्रोगोऽभिजायते।**
**रोगाद्भवतिमरणंच, तस्माच्चिंतांपरित्यजेत् ॥१॥**

**અર્થઃ**—ચિંતાથી કલેશ ઉપજે છે, ને કલેશથી રોગ થઈ આવે છે, અને રોગથી મરણ થાય છે, માટે ચિતાનો પરિત્યાગ કરવો. આ પ્રમાણે કહ્યું છે, પણ એક માણસના શરીરમાં રક્તપિત્તનો રોગ થયો છે, અને રોમ રોમ કીડા કરડે છે, એવે આપણે તેને કહીએ કે—ભાઈ, બૂમો ન પાડ, અને આંખમાં આંસુ ન લાવ; તો તે આપણો બોધ શી રીતે માની શકશે? તેનાથી રોગની વેદનાએ બૂમો સ્વભાવિક પડાશેજ, અને આંખમાં આંસુ આવશેજ. તેમ જેનું મનવિકારી થયું છે, મનોવિકારનો કીડો જેનું કાળજું કોતરે છે, તેને ચિંતા તજવા કહીએ તો તે શી રીતે તજી શકશે?

મનોવિકાર માણસની મૂળ પ્રકૃતિ ફેરવી નાંખે છે. જેમ રોગ મનુષ્યની મૂળ આકૃતિ ફેરવી નાંખે છે તેમ. ઈશ્વર મનુષ્ય પ્રાણીને જે નિર્દોષ સ્થિતિમાં જન્મ આપે છે, તે અવિકારી રીતે ઉછરે તો મનુષ્ય, અહા! જોવા જેવું રૂપનું ધામ અને ગુણનું ગ્રામ નીવડે. પણ રે, તેમ થતું નથી! શરીરના વિકારો શરીરની નિર્દોષતાને-રૂપને ખામી લગાડે છે, તેમ મનવિકારો મનની નિર્દોષતાને-ગુણને ખામી લગાડે છે. નિરોગી શરીર તે ઈશ્વરની કારીગરીની અ-

મૂલ્ય પ્રતિમા છે; અને નિરોગી-વિકારરહિત મન તે પ્રભુની ચતુરાઈની પરિસીમા છે.

મનોવિકાર એ સંસારમાં સંહારચક્ર ફેરવનાર મોટો વ્યાધિ છે. મનની શક્તિ કેટલી છે તે સૌ કોઈ જાણે છે. આ દુનિયામાં સઘળી વસ્તુઓના વેગ કરતાં મનનો વેગ અતિ મોટો છે. મનનો અશ્વ કબજામાં ન રહ્યો તો તે ફાવે એવું તોફાન કરે છે. મનોવિકારો તેને બહેકાવે છે, ને તે બહેકયો તો ઠામ આવી શકતો નથી. એને માટે કવીશ્વર દલપતરામે કહ્યું છે કે,—

( મનહર છંદ. )

"મન રૂપી ઘોડો જેનો વેગ નથી થોડો જેનો,
જડે નહિ જોડો એવો દોડયો જાય દૂર તે;
ગણે નહિ પુણ્ય પાપ, ગણે નહિ ટાઢ તાપ,
ગણે ન અમાપ પ્રૌઢ પાંણી તણું પૂર તે;
ઉડીને આકાશ જાય, કૂદીને કૈલાસ જાય,
પાતાળની પાસ જાય, જલદી જરૂર તે;
કહે દલપતરામ, શી રીતે લવાય ઠામ,
જો કદાપિ કરે આમ, ફાવતું ફિતુર તે." ૧

ઘોડો કબજામાં ન રહેતો સવારને ઉંડી ખાહીમાં ઝીકી દે છે, તેમ મનરૂપી અશ્વ કબજે ન રહ્યો તો ખરાબીની ખાહીમાં ફેંકી દે છે. કુપથ્ય કરનારને રોગ થવાનો સંભવ વધારે છે, તેમ નીતિને માર્ગે ચાલવીમાં ચૂક કરનાર—મન વશ નહિ રાખનાર પ્રમાદીને મનોવિકાર થવાનો સંભવ વિશેષે છે.

મનોવિકાર તનમનની સ્થિતિ ફેરવી નાંખે છે. સ્વભાવનું રૂપાંતર કરે છે. દૂધમાં છાશ કે બીજી કાંઈ ખટાશ પડવાથી જેવું દૂધનું રૂપ બદલાઈ દહીં થઈ જાય છે—એટલે

મિષ્ટતાને બદલે ખટાશ પેદા થાય છે, તેમ મનોવિકારની પ્રવૃત્તિથી મનનું રૂપ પણ તેવીજ રીતે પલટાઈ જાય છે. ઘીમાં સંધેસરાની શળી ફેરવતે તેની શીરે બદલાઈ દુઃસ્વાદ થઈ જાય છે તેવી સ્થિતિ મનોવિકારને યોગે મનની થાય છે. અહિં છાશ અને સંધેસરાની શળી, તે કોઈ પણ પંચ વિષયની ક્રિયા, અને દૂધ તથા ઘી તે મન સમજવું.

મનોવિકારની પ્રવૃત્તિ, તેનાં પ્રત્યેક કાર્યમાં નામોશી ભરેલી નીવડે છે, અને તેનો પરિણામ દીર્ઘ પશ્ચાતાપ છે. માબાપની સેવા, સ્ત્રી પુત્રાદિકનું પાલન અને આપ્ત મિત્રનો પ્રેમ એ સૌ મનોવિકારી ભૂલી જાય છે. માબાપની સેવા માટે ખાસડું હાથમાં ઝાલે છે, આપ્ત મિત્રાદિકનો પ્રેમ તે કાચા તંતુની પેઠે તોડી નાંખે છે. કૂતરૂં જેમ હાડકું ચાવી પોતાના મોં કે દાંતમાંથી નીકળતું લોહી ચાટી ખુશી થાય છે તેમ અવશેંદ્રી મનોવિકારી પોતાની ખરાબીનું ફળ ભોગંવતે પણ મગ્ન રહેછે, જેની તેને ખબર પડતી નથી.

મનોવિકાર ડાહ્યાને દિવાનો, ચતુરને ચાડીઓ, વિદ્વાનને વૈકલ, ધનીને ધૂળ ફાકતો, યતિને ભોગી, સાધુને શોફી, શૂરાને કાયર, કાયરને શૂરો, લક્ષણવંતને લંપટ, દાનીને માની, કૃપાળુને કપટી, ને કળાવંતને કોબાડ કરી નાંખે છે.

મનોવિકારની પ્રવૃત્તિના પ્રસારે આ વિશ્વને વિકળ કરી નાંખ્યું છે. કંઇક સાધુને હાથે કુમળાં બાળકના જીવ લેવરાવ્યા છે, શરમાળે શરમ નેવે મૂકી છે, વિરાગી પૂરા રાગી થઈ ગયા છે, ગંભીર પુરૂષોની ગંભીરતા વહેતે પૂરે વહી ગઈ છે, અને આબરૂદારની આબરૂના કાંકરા થયા છે. આ ઉત્પાતનું મોટું કારણ મનોવિકારની પ્રવૃત્તિ છે; જેનો પરિણામ અધોગતિ, અપયશ, મહાન્ પશ્ચાતાપ અને વગર મોતે મરવું એછે.

જેમણે મનોવિકારને વશ રાખવાનું પથ્ય પાળ્યું છે તેમને ફાયદો થયોછે. જેનો પરિણામ સારો આવ્યો છે, ને આવે છે. આ વિષે આગળ વિકારનાં દૃષ્ટાંતની હકીકતમાં લખવામાં આવશે.

કોગળિયું, સન્નિપાત અને હડકવા જેમ માણસની આકૃતિ વિરૂપ કરી નાંખે છે તેમ મનોવિકાર પણ કરી નાંખે છે. ઉપલ્યા રોગો સ્વલ્પ સમયના મહેમાન છે પણ પ્રાણઘાતક છે, તેમ પ્રબળ મનોવિકારની પ્રવૃત્તિ પણ તેવીજ છે. એ પ્રવૃત્તિ આંખો ઊંડી, હોઠ ફીકા, નખ ધોળા, શરીરમાં તાણ ને મૂર્છા આદિ પેદા કરેછે. સન્નિપાતવાળા પાસે ઓળખીતો આવે તો છતી આંખે, સાજી કીકીએ તેને ઓળખતો નથી. બાપ, મા, ભાઈ, બેન, સ્ત્રી, પુત્રાદિકથી પણ અજાણ્યો હોય એમ દેખાય છે; તેમ મનોવિકારી પણ પોતાનાં સગાં વહાલાં, ને આપ્ત વર્ગને ઓળખતો નથી. જો ઓળખતો હોય તો ઉપર જણાવી ગયા પ્રમાણે તેની ઉલટી વર્ત્તણુંક જોવામાં આવે નહિ. હડકાયો કૂતરો વેળ આવતાં ધણીને કરડવા ધસે છે તેમ મનોવિકારી પણ પોતાના ધણીનું માથું કાપવા ઊભો થાયછે. જેનાથી રોટલા પામતો હોય તેની સાથેજ નિમકહરામી કરે છે, ઇત્યાદિ. આ પ્રબળ મનોવિકારનું જાણવું.

---

## પ્રકરણ ૯ મું.

### ક્રોધપ્રવૃત્તિ વિષે.

ક્રોધ. એ પ્રાણી માત્રના મનની શાંતિનો ભંગ કરનાર એક ભયંકર શત્રુ છે. તે ડાહ્યાને દિવાના જેવા બનાવી દે છે. અંગ્રેજીમાં એને માટે કહેવત છે કે,–Anger is a

short madness. "ક્રોધ થોડા વખતનું ગાંડપણ છે." આ કહેવત ખોટી નથી. તે ખરેખરી અનુભવસિદ્ધ છે. ક્રોધ કાળજામાં આગ ઊઠાડે છે, આંખોમાંથી અગ્નિ વરસાવે છે, ને મગજમાં ધુંવો પેદા કરે છે. ક્રોધ મનુષ્ય પાસે કંઈ કંઈ ઘાતકી કૃત્ય કરાવે છે. તે દયાને દૂર ખશેડે છે અને ક્રૂરતાને આલિંગે છે. તે વૈરનો વહાલો સેનાપતિ છે અને વંહાલનો કટ્ટો વૈરી છે. તે મિત્રતાનાં મૂળ ઊખેડે છે, અને શત્રુતાનાં બીજ વાવે છે. તેની પ્રવૃત્તિએ કંઇકને પાયંમાલ કીધાં છે, અને ઘણુાંનાં ઘર ઘાલ્યાં છે. તેણે નિર્દોષ બાળક અને અબળાના જીવ લીધા છે, અને તેણે સાધુ પુરૂષના જીવ સંતાપ્યા છે. તેણે લોહીની નદીઓ વહેવડાવી છે, અને તેણે મોટાં રાજ્યની જડ કઢાવી છે. ક્રોધની પ્રવૃત્તિયે મહાપુરુષોને દુર્મતિ આપી ન કરવાનાં કૃત્ય કરાવી પશ્ચાતાપના ફળ ન વળે એવા કારાગૃહમાં પૂર્યા છે. ક્રોધના આવેશે કંઇકે પોતાનાં ઘર પોતાને હાથે બાળ્યાં છે, વહાલી સ્ત્રીને સંહારી છે અને પશુ જેવાં અજ્ઞાન બાળકને બળતી ચેહમાં જીવતાં બાળી દીધાં છે! કંઇકે એના આવેશે કૂવા પૂર્યા છે અને પોતાને હાથે ગળા ફાંસો ખાધો છે. કંઇક ઘરબાર છોડી વનમાં જઈ વસ્યા છે અને કંઇક ડાગલીથી ખસ્યા છે. અબળા જાતિએ એવાં ક્રૂર કામ ક્રોધની વેળ આવતે કીધાં છે કે નબળા પોચાનાં તે સાંભળતાં અને જોતાં કાળજાં હબકી જાય.

ક્રોધ કાળી રાત્રે કૂટાવે છે, ક્રોધ હાથે આવરદા ખૂટાવે છે, અને ક્રોધ ચીપિયે ચામ ચૂંટાવે છે. ક્રોધાધિન મનુષ્ય તાલાવેલી લાગી હોય એવું નજરે આવે છે, જાણે ભૂત ભરાયું હોય નહિ શું! ક્રોધે કાયા કંપે છે. રોમ ઊભાં થાય છે અને ભવાં ચઢેલાં રહે છે. કાયામાં કંપવા પ્રગટયો

હોય તેમ તે શરીર ધ્રુજાવે છે, પરસેવો આણે છે, અને ખાનપાનનો સ્વાદ તજાવે છે. ક્રોધીથી વહાલું કે વેરી ઓળખાતું નથી. ક્રોધ બુદ્ધિનો ભ્રંશ કરે છે, અને વિવેક તથા મર્યાદા છોડાવે છે. ક્રોધનું કારણ મળતાં માણસના મનની સ્થિરતા કાબૂમાં રહેતી નથી, ક્રોધ કારણ મળતાં મનોરાજ્યનો મહારાજા થઈ બેસે છે; જે તખ્તનશીન થતાં વિવેક, શીલતા, અને ડહાપણ દૂર નાશી જાય છે, અને સ્થાયી ભાવ પલટાઈ જઈ નિર્મળ જળમાં રાખ પડી હોય તેવો મલિન થઈ જાય છે.

ક્રોધવિકાર, બબડાટ ફફડાટ અને સહેજસાજ હાનિને રૂપે બહાર નીકળી ગયો તો શૂળીનું વિઘ્ન કાંટે સરે છે, પણ તે હૈયામાંજ રમી રહ્યો તો વિશેષ વિકાર કરે છે. જેમ પેટનો વિકાર ઉલટી આદિ થઈને નીકળી ગયો તો શરીર રોગમુક્ત થાય છે, ને ચેન પડે છે; પણ તે પેટમાં રહ્યો તો વધારે બિગાડ પેદા કરે છે, તેમ ક્રોધને માટે પણ જાણી લેવું. અંતરમાં રહેલો ક્રોધ, જેને કીનો કહે છે તે ધુંધવાતા જવાળામુખી પહાડ જેવો છે, જેનું નિદાન ભયંકર હાનિ છે. કીનો મનુષ્યનું કાળજું કરડી ખાય છે, આંતરડાં શેકી નાંખે છે અને મગજને મહાવ્યથા ઉપજાવે છે. કીનાથી થતી હાનિ ફાટતા જવાળામુખી પર્વતમાંથી નીકળતા લાવા જેવી છે. જે દોષી અને નિર્દોષી સર્વને દુ:ખદાયક છે. એક માણસ કોઈ ઉપર ક્રોધે ભરાઈ મનમાં કીનો રાખી લાગ સાધી ક્રોધને ઉપજાવનારા મનુષ્યના ઘરમાં ગોટા મૂકે છે, એથી તેના દુશ્મનનું ઘર બળે છે એટલુંજ નહિ, પણ તે સાથે બીજા બાપડા જે તેના ક્રોધનું કારણ ન હોય તેમનાં ઘર પણ બળીને ખાખ થઈ જાય છે. એક પ્રધાન પોતાનું રાજા ઉપરનું વેર વાળવા અર્થે કીનો રાખી બીજા બલાઢ્ય રાજાને લાવે છે, એથી તેના વૈરી

રાજાનું રાજ્ય જાયછે એટલુંજ નહિ, પણ તેથી આખા દેશમાં પાયમાલીનો અગ્નિ પ્રજળી ઉઠે છે. લાખો કુટુંબનું ઘરસૂત્ર ભાગી પડે છે, ને દેશમાં રડારોળ અને કાળોકેર વર્ત્તાઈ રહે છે. બાળક માબાપ વિનાનાં, માબાપ પુત્રવિનાનાં, અને સ્ત્રિયો ધણી વિનાની થઈ પડે છે. ધનમાલ ધૂળધાણી થઈ જાય છે અને દેશમાં સઘળે શોક વર્ત્તાઈ રહે છે. એકના ક્રોધાનળે આખો દેશ સળગી ઊઠે છે—આ'વો જે ક્રોધ તે અતિ નિંદ્ય અને ધિક્કારવા યોગ્ય છે. મહા પાપનું મૂળ તે આ પ્રકારના ક્રોધનેજ જાણવો. આ'વો ક્રોધી માણસ એક જણને વિષ દેવા માટે આખી નાતની રસોઈમાં ઝેર ભેળે છે, જેનું પરિણામ તેને પોતાને કોઈપણ રીતે સુખકર્ત્તા આવતું નથી. તેને અંતે પસ્તાવો થાયછે, લાખોની બદદવા તેને બાળીને ભસ્મ કરેછે અને તેને ફાંસ કાઢતાં સાલ પેસે છે. આ'વો ક્રોધી ઉંદરની પીડા ટાળવા અર્થે કાળો નાગ ઘરમાં ઘાલે છે. એથી તે નાગ અંતે તેનેજ ડસે છે.

દેશપતિનો કોપ આખા દેશને દુઃખ કર્ત્તા છે, અને ઘરધણીનો કોપ આખા ઘરને સંતાપે છે. જે સત્તાધીશ રાજાનો કોપ લાખો મનુષ્યને ગળે તલવાર ફેરવે છે, તે રાજા નથી પણ કાળનું ઉગ્ર સ્વરૂપ છે. તેને જોઈને પ્રજા પોતાનો પાળક સમજતી નથી પણ તેને પોતાનો કાળ લેખે છે. ઝાંઝી ઘરધણીને ઘરનાં માણસ કાળા સર્પ જેવો ગણે છે, ને તેનાથી તેઓ ઝાઝું પાનું પાડતાં નથી. ક્રોધી બાપને છોકરૂં સાપ જેવો કે ઘોઘારાણા જેવો જાણે છે, ને તેનાથી દૂરનું દૂર રહે છે. આ ઉપરથી એમ ન સમજવું કે ક્રોધીનો જીવ જોખમની બહાર છે; તેનો જીવ નવાણું ટકાના જોખમમાં છે. ક્રોધી જાણતો હશે કે મારા ક્રોધે સર્વ કોઈ ફાટી મરે છે, મને કોઈથી કાંઈ થવાનું નથી, પણ તેમાં

તેની ભૂલ છે. અતિ ક્રોધી અને ક્ષણુ ક્ષણુનો ક્રોધી જે નેમ રાખે છે તેમાં તે ભૂલ ખાય છે. તેની નેમ પાર પડતી નથી પણુ તેમાંથી તેને પોતાનેજ હાનિ થાય છે, ને તેનો જીવ જાય છે. ક્રોધીનું કમોત અકસ્માત્ થાય છે. ક્રોધી રાજાની ભયભીત રહેનારી પ્રજા પોતાના ઉપરના હમેશાંના ભયે [1]ભીરુ મટી હિંમતવાન થાય છે, અને એકો કરી પોતાના રાજાનો અંત આણે છે. તેમજ ઘરધણીના પણુ તેવાજ હાલ થાય છે; તેની પ્રકૃતિથી વાકેફ થઈ કોઈ તેને બદતું નથી. તેનો બબડાટ ફફડાટ તેને પોતાનેજ પીડે છે.

ક્ષણુ ક્ષણુનો ઉપજતો ક્રોધ ઘડી ઘડીમાં વીયુ આવ્યા જેવો તેના કર્ત્તાનેજ નુકસાન કર્ત્તા છે. તેની અસર બીજાં ઉપર થોડીજ થાય છે. ઘડી ઘડીમાં રીશે ભરાતા શેઠનું આંગણું તેના ચાકર તજી જાય છે, ને ઘરનાં માણસમાં તેનો ભાર ભાગી જાય છે માટે એવા મંનોવિકારના પરિણામ તેને પોતાનેજ નુકશાન કર્ત્તા છે.

ક્રોધના ઉગ્ર સ્વરૂપનો ચિતાર તાદૃશ્ય જોવો હોય તો "કરણુ ઘેલા"ના ગ્રંથમાંથી માધવે કેશવ મુઆની અને ગુણુ સુંદરી સતી થવાની વાત સિદ્ધપુરના રૂદ્રમાળામાં સાંભળી તે વાંચી જુઓ, ને તેમાંથી માધવના મનોવિકાર તપાશી જુઓ. વૈરદેવે તેને કેવો વંટોળ ચઢાવ્યો છે, ને પછી કીનો હૃદયમાં રાખતાં તે તરતવેળા કેવો સ્વસ્થ થઈ નિદ્રિત થયો છે તે તપાસી જુઓ. રે આ વખતે માધવે પોતાનો ઉભરો કોઈપણુ ક્રિયાથી કાઢી નાંખ્યો હોત તો ગૂજરાતને ક્ષત્રી રાજાઓનું નિર્મૂળ થતે જે રંડાપો આવ્યો તે ન આવત. અલાઉદ્દીનખુનીની કાળરૂપ છાયા ફરતે ગૂજરાતમાં જે કાળો

---

૧ બીકણુ.

કેર વર્ત્તાયો તે વર્ત્તાત નહિ, પણ એ સઘળું થવાનું કારણ માધવના હૃદયમાં લાવા રૂપ જે કીનો સમાયો તેજ હતું. રે ! એ કીનો નીકળી ગયા પછી, તેનો અમલ થઈ ગયા પછી માધવેજ હાથ ઘસ્યા છે. આ વિષે હવે વિશેષ દ- ષ્ટાંતો આપવાની જરૂર નથી.

અલાઉદ્દીન ખિલજીને ખુનીની છાપ શાથી મળી? તેના ક્રોધી મનોવિકાર સ્વાધીન રાખી નહિ શકવાના કારણથીજ. અલાઉદ્દીનને પોતાની પિત્ત (ક્રોધી) પ્રકૃતિને લીધે કશો ફાયદો થયો નથી. તેનો પ્રથમ રોંપ બેઠો ખરો, પણ પછી ક્રોધી પ્રકૃતિ કાયમ રહેવાથી તેનો ભાર ભાગ્યો હતો. તેના માંડ- લિક મરણિયા થઈ તેની સામે થયા હતા અને આખા રા- જ્યમાં પાછળથી અવ્યવસ્થા થઈ ગઈ હતી. તેનો સાચો મિત્ર કોઈપણ રહ્યો નહોતો, ને વહાલાં તેજ તેનાં વૈરી થયાં હતાં, તેથી તે પોતાના ગુલામ-પણ વજીરને હાથે વગર મોતે મુઓ ને તેની પક્ષ કોઈએ કીધી નહિ.

મહમદ તઘલખ પણ અલાદ્દીનની ચાળ દાબે એવો ક્રોધી, ને મનોવિકારને કેવળ આધીન જણાયો હતો; એથી તે વિદ્વાન છતે પોતાની બુદ્ધિનો કશો સદુપયોગ કરી ન શ- ક્યો, તેનાથી રાજ્ય રૂડી રીતે ચાલ્યું નહિ; જેમ જેમ તે ત્રાસ વર્ત્તાવવા લાગ્યો તેમ તેમ તેના રાજ્યમાં બળવાનું જોર વધી પડયું; તેથી એનો ભાર પડયો નહિ, પણ માઝા તૂટી ગઈ અને રખડપટ્ટીની સ્થિતિમાં અંતરિયાલ મરણ પામ્યો.

ક્રોધનાં વિનાશકારી કાર્યોનાં જેટલાં દૃષ્ટાંત આપીએ તેટલાં ઓછાં છે, તેની પ્રવૃત્તિનાં માઠાં પરિણામનો જેમ જેમ વિસ્તાર કરવા જઈએ તેમ તેમ વધારો થઈ માત્ર ગ્રંથનુ બાહુલ્ય વધે એમ જાણી આ વિષય આટલેથી પ- તાવી દઉં છું; જેમાંથી સાર માત્ર નીચે પ્રમાણેનો જાણી લેવો.

## દોહરા.

કૃશાનું[1] જેવો ક્રોધ છે, દહે દહાવે એહ;
શાંતિજળ સૂકાવતો, તપ્ત થયેથી તેહ. ૧
શત્રૂતાની સર્વ દિશ, ઊઠાડે અતિ આગ;
બીજ મૈત્રિનાં બાળતો, દિલમાં પાડે દાગ. ૨
વૈર તણો છે ચાર[2] તે, ન ગણે તડકો ટાઢ;
વિચરે ઘન વનને વિષે, ઉલ્લંઘે અતિ પહાડ. ૩
વ્યાઘ રૂપ વિકરાળ તે. કર્મ કરાવે ક્રૂર;
ભાગે ઘરજન ગરિબનાં, ભમે એથિ નર ભૂર. ૪
ભૂત ભરાતે ક્રોધનું, ભાસે જન ભૂપાળ;
કૃતાંત જેવો કારમો, જાણે જનનો કાળ. ૫
ક્રોધ રહે જન કાળ જે, વૈર વાળવા માટ;
કીનો એ કહેવાય છે, જે વાળે બહુ દાટ. ૬
ક્રોધ કાયા કંપતી, મતિનો થાયે ભ્રંશ;
સનેપાત ચાળાસમી, હોય હડકવાઅંશ. ૭
ક્રોધે ક્રોડ ધુના થતા, ક્રોધે બહુ નુકસાન;
ક્રોધે કેર વળે ઘણો, ક્રોધ ભૂલે ભાન. ૮
ક્રોધ બોધ નવ સાંભળે, ક્રોધ શોધન કરેજ;
ક્રોધ કુજશ ઉપજાવિને, મૃત્યૂ મૂખ ધરેજ. ૯
માધવ ક્રોધે મસ ધર્યો, રાખી કીનો ક્રૂર;
એથિ અનર્થ થયો ઘણો, પસ્તાયો તે પૂર. ૧૦
કંઇ ઋષિ દેવે ક્રોધથી, દીધા કંઇને શાપ;
પસ્તાયા પાછળ થકી, ધરિ મનમાં સંતાપ. ૧૧
કંઇક ક્રોધ ધરી કરી, હત્યા વગર વિચાર;
પસ્તઇ અનુગ્રહ કારણે, કીધા દ્વવ સંચાર. ૧૨

---

૧ અગ્નિ. ૨ બાતમીદાર.

૨૭૧૩

# Maha Raja Maha Rao Shri Khengarji Prize Essay.

*CUTCH NIBANDH SANGRAH*

OR

COLLECTION OF ESSAYS IN GUJARATI.

PART II.

## PASSIONS OF THE HEART and HOPE AND DISAPPOINTMENT

*By*

GANPATRAM RAJARAM BHAT
Author of "Pratáp Nátak."

Published by the author with the permission of the Cutch Darbar.

AHMEDABAD
Printed at the "ARYODAYA" Press.



—o—

*A. D.* 1886.—Samvat 1942.

*Price* 8 *Annas.*

આ રીતે ક્રોધે જગત્ કીધું દુખમાં ચૂર્ણ;
સંક્ષેપે જાણો જનો, નવ કથિ શકું હું પૂર્ણ. ૧૩

## પ્રકરણ ૬ ઠું.

### લોભપ્રવૃત્તિ વિષે.

લોભ આશાની નદીમાં નાંખી દે છે જેમાં માણસ ઘસડાયો ચાલ્યો જાય છે. જે આશાની નદી કેવી છે તેનું વર્ણન પ્રખ્યાત ભર્તૃહરિયે કર્યું છે કે :—

**आशानामनदीमनोरथजला, तृष्णातरंगाकुला।**
**रागग्राहवृतीवितर्कविहगा, धैर्यद्रुमंध्वंसिनी॥**
**मोहावर्त्तसुदुस्तरातिगहना, प्रोतुंगचिंतातटी।**
**तस्यापारगताविशुद्धमनसानंदंतियोगीश्वराः॥१॥**

ભાવાર્થ:—આશા નામની નદી મનોરથ રૂપી જળે ભરેલી છે, જેમાં તૃષ્ણારૂપી મોજાં ઉછળે છે, ને તેમાં રાગ (પ્રીતિ) રૂપી મગરો વસે છે, તથા તેના ઉપર તર્કવિતર્ક રૂપી પક્ષિયો ભમે છે. તે (નદી) ધીરજરૂપી વૃક્ષનો ધ્વંસ (નાશ) કરનારી છે; તેમાં મોહનાં વમળ ફરે છે તેથી તે તરવી મુશ્કિલ છે; તેના ચિંતારૂપી કરાડા અતિ ઊંચા છે. એ નદીને નિર્મળ (નિર્વિકારી) મનવડે યોગીઓ પાર કરી જઈને આનંદ પામે છે.

ઉપલ્યા શ્લોકથી સમજવાનું માત્ર એટલુંજ છે કે જેમનું મનોરાજ્ય વિકારોથી જીતાયું નથી, જે મજબૂત લાલચોથી વશ થતા નથી, તે આશાની નદીમાં ઘસડાઈ જતા નથી.

લોભની પ્રવૃત્તિ માણસને ભટકાવ્યામાં બાકી રાખતી

નથી; તે શરીરને અતિ શ્રમિત કરે છે, મનને અહર્નિશ આતાળ પાતાળ ભમાવે છે ને અનેક વિકારો ઉપજાવી તન મનને જરાપણ ચેન પડવા દેતી નથી. લોભને વિષે સર્વ પ્રકારના દોષ રહેલા છે; તે ન કરવાનું કરાવે છે, તે માન મરજાદા મૂકાવે છે, ને તે ચતુરને ચૂકાવે છે. લોભથી ક્રોધ, મોહ, માત્સર્ય આદિ વિકારો ઉપજે છે. લોભ એ આશા ને તૃષ્ણારૂપી સ્ત્રિયોને વરેલો છે, માટે લોભ જેવો આ સૃષ્ટિમાં વિનાશકારી વિકાર બીજો એકે નથી. લોભ ભૂખ, તૃષા, ટાઢ, તડકો કશું જોવા દેતો નથી. તે સર્પના દરમાં હાથ ઘલાવે છે, તે અઘત જળમાં ઉતારે છે, મે તે મેરુશિખર ઉપર ચઢાવે છે. તે દોષને દેખવા દેતો નથી, તે પુણ્ય પાપની પરીક્ષા પડવા દેતો નથી, ને તે વિવેકબુદ્ધિને પૂછવા દેતો નથી. લોભથી જે જે સદ્ગુણ હોય છે તે તે દુર્ગુણ થઈ પડે છે. તે ચતુરાઈ ચૂલે પાડે છે ને બુદ્ધિને બગાડે છે. તે વિચક્ષણતામાં વાટ ઉઠાડે છે ને ડહાપણનો દાટ વાળે છે. અતિ લોભ હાનિ ઉપજાવે છે અને પશ્ચાત્તાપના પિંજરમાં આત્માને અકળાવે છે. લોભની પ્રવૃત્તિ અને તેના પરિણામ વિષે શામળ કવિયે પોતાના કાવ્યમાં જે વ્યાખ્યાન આપ્યાં છે તે ખરેખરાં વાંચવાને સાંભળવા યોગ્ય છે. જેમાંનું દોહન હું નીચે પ્રમાણે અત્રે આપું છું:-

છપ્પા.

"લોભ ઘટાડે લાજ, કાજ બગડે જો જાગે;
વળી ઘટે વહેવાર, ભાર શોભા પણ ભાગે;
લોભે લક્ષણ જાય, થાય અન્યાય અધર્મ;
લોભે સૌ સંતાપ, છાપ ચોટે કુળ કર્મે;
સનમાન માન મોટમ મટે, શુદ્ધ કૂળમાં શૂળ છે;
શામળ કહે શાણા સમજો, લોભ પાપનું મૂળ છે. ૧

જાય લોભથી જીવ, દેવ પણ લોભે રૂઠે;
ભવન કરી દે ભસ્મ, લોભનો અગ્નિ ઊઠે;
હોય લોભથી હાણ, જાણપણું લોભે જાય;
લોભે હિંમત હીન, દીનપણું લોભે થાય;
લોભે લક્ષણ લાખો ઘટે, લોભે સંકટ શૂળ છે;
કવિ શામળ ભટ સાચું ભણે, લોભ પાપનું મૂળ છે. ૨
લોભ તજાવે લાજ, લોભ સત્યજ છંડાવે;
લોભ ભગાવે ભાર, લોભ દહાડી દંડાવે;
લોભ કરાવે પાપ, શાપ લોભે લે માથે;
લોભે બગડે બહૂ, શુદ્ધનારી કો સાથે;
તે લોભ નીચમાં નીચ છે, લોભે બુદ્ધિ ઘટે ઘણી;
કવિ શામળ ભટ સાચું કહે, લોભ નરક કેરો ધણી. ૩
લોભ કરાવે કષ્ટ, લોભ મરજાદ મટાડે;
લોભ કપાવે શીશ, લોભ ગુણ જ્ઞાન ઘટાડે;
લોભે જાય તણાઇ, લોભ સુખ સર્વ શમાવે;
ઉત્તમ અધિપતિ આપ, નીચને શીશ નમાવે;
દુખ દાવાનળતો લોભ છે, કરે ગુણીને ગરકમાં;
કવિ શામળ ભટ સાચું કહે, લોભી પડશે નરકમાં. ૪
અરથી[1] નગણે પાપ, અરથિ જગને નવ જૂએ;
અરથી ન માને શાપ, પાણિ પરિયાનું ખૂએ.
અરથી કૂડાં કામ કરે બહેકે નવ બીહે;
અરથી બોળે નામ, લાખ લાંછન શિર લીયે;
અરથી તો જિવ આપે ખુએ, અરથી અવગુણ નવ ગણે;
અરથી આંખે દેખે નહીં, શામળભટ સાચું ભણે. ૫
ગળે અઢારે અંગ, ગળે નાસા ને નેણાં;
પળે મુંડ ને તુંડ, વદાયે વિપરીત વેણાં;

---

૧ લોભી.

અસ્થિ, રુધિર ને માંસ, સુકાય ચલાય ન ચરણે;
ધાતુ સર્વનો ધ્વંસ, કશું સંભળાય ન કરણે;
ઇંદ્રિયો બધી એ અડવડે, આહાર નિદ્રાપણ ઘટે;
શામળ કહે તૃષ્ણા[૧] શત ગુણી, મનણું વધે નહીં મટે.”૬

આ પ્રમાણે શરીરમાંનું સર્વસ્વ કાળચક્રને ઘસારે ક્ષીણ થાય છે, પણ માણસનો લોભ વધે છે પણ ઘટતો નથી. એને માટે ભર્તૃહરિયે કહ્યું છે કે,—

**भोगानभुक्तावयमेवभुक्ता,**
**स्तपोनतप्तावयमेवतप्ताः ॥**
**कालोनयातोवयमेवयाता,**
**स्तृष्णानजीर्णावयमेवजीर्णाः ॥ १ ॥**

ભાવાર્થઃ—અમે ભોગ નથી ભોગવ્યા પણ અમેજ ભોગ થઈ પડયા, અમે તપ નથી તાપ્યાં પણ અમે પોતેજ તપ્યા છીએ, કાળ નથી જતો પણ અમે પોતેજ જઈએ છીએ, તેમજ તૃષ્ણા જીર્ણ નથી થઇ પણ અમેજ જીર્ણ થયા છીએ.

૨, તૃષ્ણા એટલે લોભ મનુષ્યને કેવી રીતે ભટકાવે છે ને શું ફળ આપે છે એ વિષે ભર્તૃહરિનો આ નીચે શ્લોક વાંચો એટલે તેની પ્રવૃત્તિ અને તેનું પરિણામ પક્કી રીતે ધ્યાનમાં આવશે.

**उत्खातंनिधिशंकयाक्षितितलंध्मातांगिरेर्धातवो ।**
**निस्तिर्णःसरितांपतिर्नृपतयोयत्नेनसंतोषिताः ॥**
**मंत्राराधनतत्परेणमनसानीताःश्मशानेनिशाः ।**
**प्राप्तःकाणवराटकोपिनमयातृष्णेधुनामुंचमाम्॥ १॥**

---

૧ લોભ. (લોભકે તૃષ્ણાએ એક રૂપ છે.)

ભાવાર્થઃ—ધનને લોભે પૃથ્વીનું તળ ખોદ્યું, પર્વતની ધાતુઓ ગાળી, દરિયાની સફરો કરી, અનેક યત્નો કરી રાજાઓને પ્રસન્ન કર્યા, શ્મશાનમાં દૃઢ મન રાખી મંત્ર અને આરાધનમાં રાત્રિયો ગાળી, તોપણ કાણી કોડી કોઈથી મને ન મળી માટે હે તૃષ્ણા! હવે મને છોડ

લોભ ચેપી રોગ જેવો છે. તેનો ચેપ લાગ્યો કે તેની વૃદ્ધિ થાય છે. તેનું જેમ જેમ ઔષધ કરીએ તેમ તેમ તે ઘટતો નથી, પણ વધે છે. તે એક ન પૂરાય એવો ઊંડો ખાડો છે. જેમાં સુવર્ણનો મેરુ ખોદીને પૂરીએ તોપણ તે ઊણોને ઊણો રહે છે. તે અગ્નિ જેવો જેમ આહૂતી મળે તેમ વધે એવો છે. તેનું પરિણામ અંતે હાનિ છે. આપણામાં કહેવત છે કે,—"લોભને થોભ નહિ" તે ખરી છે. પાંચ મળે તો પચીશનો લોભ થાય છે, ને પચીશ મળતાં પચાશ મળવાનું મન દોડાવે છે; પચાશથી સો અને સોથી હજાર એ પ્રમાણે લાખો અને કરોડો મળતે પણ લોભ ઘટતો નથી. જેમ જેમ દ્રવ્ય મળે છે તેમ તેમ તે વધે છે. જેમ અગ્નિને આહૂતિ મળતે તે વધે છે તેમ જેનું પરિણામ અંતે ધનને સાટે ધૂળ મળે છે. અતિ લોભી અંતે હાથ ઘસે છે; વણ ખૂટે હાથે ફાંસો ખાય કે કૂવામાં પડીને મરે છે.

શેરસટ્ટાના સમયમાં આ દેશના શ્રીમંતોને અપૂર્વ લક્ષ્મી મળી હતી. ગરીબ ગંજાવર થઈ ગયા હતા, ને શ્રીમંતો સુલતાન જેવાં રિદ્ધિસિદ્ધિએ માતબર થયા હતા; પણ તેમના નસીબનું નાવ લોભનું લંગર હામ ન રાખવાથી ઉંધું વળી ગયું. જેમાં ગરીબને તવંગર એક સરખા દરિદ્રતાના દુઃખના મહાસાગરમાં બૂડયા. લાખની લાલચે રાખ રળ્યા, ને કરોડ મેળવવાની ઉમેદમાં બરડાની કરોડ નીકળી!

લોભી રાજાઓએ લોભ ને થોભ નહિ રાખવાથી મે-

બનેલાં રાજ્ય ગુમાવ્યાં છે. લોભની પ્રવૃત્તિવાળા લક્ષાધિપતિયોએ દેવાળાં ફૂંક્યાં છે; અને લોભને તાપે શાંતિનાં નીર સૂક્યાં છે. મતલબ લોભ હાનિ ઉપજાવે છે, ને મનની શાંતિનો ભંગ કરે છે.

"યોગવાસિષ્ટ"નો કર્તા તૃષ્ણાને ગારુડીની ઉપમા આપે છે ને એને માટે જે લખે છે તેનું રહસ્ય એ છે કે,—"ચેતન રૂપી આકાશમાં તૃષ્ણારૂપી રાત્રિ પડે છે ત્યારે તેમાં કામ, ક્રોધ, લોભ, મોહ આદિ ઘુવડ સંચાર કરે છે. જ્ઞાન રૂપી સૂર્યનો ઉદય થતે એ રાત્રિ મટે છે, ને ત્યારેજ મોહાદિક ઉલૂક નાશી જાય છે. સંતોષરૂપી રસને તૃષ્ણારૂપી ઉષ્ણુતા સૂકવી નાંખે છે.

ચિત્તરૂપી પર્વત છે તેમાંથી તૃષ્ણારૂપી નદીનો પ્રવાહ વહે છે; તે, નાના પ્રકારના સંકલ્પ વિકલ્પરૂપી તરંગને પ્રસારે છે. મેઘને દેખીને મોર જેમ પ્રસંન્ન થાય છે, તેમ ભોગરૂપી મેઘને દેખીને તૃષ્ણારૂપી મોર મોદ (આનંદ)પામે છે. (જે મોદમાં સંતોષ હોતો નથી) માટે તૃષ્ણા એ દુઃખનું મૂળ છે. જો હું કોઇપણ સંતોષાદિ ગુણનો આશ્રય કરૂં છું તો તૃષ્ણા તેનો નાશ કરી નાંખે છે; જેમ સુંદર સારંગીને ઉંદર તોડી નાંખે છે તેમ.

વર્ષાકાળમાં નદી વધે છે પછી ઘટી જાય છે, તેમ જ્યારે ભોગરૂપી જળ વર્ષે છે ત્યારે તૃષ્ણારૂપી (લોભની) નદી ફેલાય છે. પણ જ્યારે ભોગરૂપી જળ ઘટી જાય છે ત્યારે તે નદી સૂકાઈને છિન્ન થઈ જાય છે;" ઇત્યાદિ.

લોભની પ્રવૃત્તિ અને તેના પરિણામ વિષે ઉપર જે લખવામાં આવ્યું છે એથી વિશેષ આ સ્થળે લખવાની અગત્ય નથી, માટે થોડામાં ઘણું સમજી લેવું.

---

## પ્રકરણ ૭ મું.

### मोहप्रवृत्ति विषे.

મોહ એ મનુષ્ય પ્રાણીની શુદ્ધિબુદ્ધિ હરનાર વાયુ જેવો મનોવિકાર છે. એથી મનુષ્ય દુર્ગમ માર્ગે દોરાય છે, છતી આંખે ઉંડા કૂવામાં પડે છે, વાડમાં પગ ધરે છે અને વગર મોતે મરે છે. મોહ ચૈતન્યશક્તિ હરી લે છે, વિવેકની વિસ્મૃતિ કરાવે છે અને માણસને શબાકાર જેવું શૂન્ય કરી દે છે. મોહ હાથ, પગ, આંખ, કાન, મુખ આદિ અવયવોનો વ્યાપાર બંધ પાડે છે, ને માત્ર ઇચ્છિત વસ્તુ ઉપરજ એકાગ્રતા કરાવે છે. એથી મનુષ્ય પોતાની સાવધાની ભૂલે છે ને દુઃખમાં ડૂલે છે. મોહ મૃગજળ જેવો, મોહ પ્રજ્વલિત દીપક જેવો જીવની હાનિ કર્ત્તા વિષય છે. મૃગજળને પાણી માની તરશાં હરિણ તે પીવા દોડે છે, જેથી તેમને ઇચ્છિત જળ મળતું નથી, પણ તાપે ધીકતા રણમાં રઝળી તરશે પ્રાણ છોડે છે; તેમજ દીપકને દુર્લભ પદાર્થ માની પતગિયું તે પામવા તેમાં ઝંપલાવે છે ને પોતાનો પ્રાણ ખુએ છે. આ પ્રમાણે મનુષ્યના મોહ વિષે પણ જાણી લેવું. મિથ્યા મોહને વશ થતાં માણસ પોતાનું સર્વસ્વ હારે છે. મોહ ચતુરને ચૂકાવે છે અને મરણના મુખમાં પગ મૂકાવે છે. રોગી, વાયુ આવતાં પાણીમાં, અગ્નિમાં કે કોતરમાં ગમે તેવી જગોમાં ગબડી પડે છે, તેમ મોહિત મનુષ્ય પણ ગમે તેવી પ્રાણઘાતક જગોમાં એકાએક પડે છે. મોહ પ્રાણને પરવશ પાડે છે, જીવનું જોખમ કરે છે ને ધનને ધૂળ મેળવે છે. મોહના પાશમાં મોટા પ્રવીણ ફસ્યા છે. મોહે દેવ દાનવ અને માનવ સર્વેની શુદ્ધિ હરી છે ને તેણે જગતમાં મોટી જીત કરી છે.

મોહ એ જલદમદિરા જેવો ચેતનને હરી લેનાર વિકાર છે. મોહ એ ન નીકળાય એવો ઉંડો કૂપ છે, અને મોહ એ અચેત કરી નાંખનાર ઝેરી બાણ છે.

જેને જે વસ્તુનો મોહ લાગ્યો તેમાં તે ડૂબ્યા છે. મોહે મોટા પુરુષોને દૂષિત કીધા છે મોહે ખટશાસ્ત્રવેત્તાને ભ્રષ્ટ પાડયા છે; મોહે પંડિતને પરાજય કીધો છે અને જબરાને ઝાડયા છે. મોહે રાજાને રંક, અમીરને ફકીર અને ફકીરને ફિકર વાળા કીધા છે. મોહે કંઈક માર્યા ગયા છે અને જીવતા મુવા જેવા નજરે પાડયા છે. મોહ જો આડે રસ્તે ઉતર્યો તો ખાડે પાડે છે, ને પાંશરે રસ્તે પડયો તો તારે છે, પણ તેની અતિશય પ્રવૃત્તિ તો અંતે પરિતાપનીજ ઉપજાવનારી છે.

મોહને વશ થતાં કંઇક માનનીનાં માન ભંગ થયાં છે, શુદ્ધકુળમાં કલંક આવ્યાં છે. મોહની ઉંલથપાથલનું વર્ણન જો યથાસ્થિત કરવા બેસીએ તો પાર આવે એવું નહિ, તેને વિષે સર્વ વિકારો સમાએલા છે; માટે આં જે કાંઈ સૂક્ષ્મ નિરૂપણ કર્યું છે તેથી ઘણું જાણી લેવું.

મોહ વિકારની પ્રવૃત્તિનું દોહન નીચે પ્રમાણે યાદ રહેવા કવિતામાં દર્શાવું છું.

**ઉપજાતિ વૃત્ત.**

છે મોહ વે'જો અતિરોગ વે'તો,
પડે કદી કો તવ જાય વે'તો;
છે વાયુના રોગ સમાન મોહ,
નાંખે અકસ્માત અગાધ વોહ. ૧
છે મોહ મીઠી મહિમાં મદીરા,
વિપાક[1] તેના વિપરીત ધીરા!

---

[1] પરિણામ.

કે, મોહ ચૈતન્ય હરી લિયેછે,
વાક્ ચક્ષુને શૂન્ય કરી દિયેછે. ૨
છે મોહ ફાંસો ઝખમારવાનો,
છે મોહ ઓળો ન ઉગારવાનો;
છે મોહ પાણી સમ ઝાંઝવાંનું,
નિશા તિમિરાળિ સમાનમાનું ૩
ભાસે ન મોહે પરિણામ જેછે,
મોહીતને અંધ વિમુખ કે'છે;
પતંગિયું દીપકમાં પડે છે,
મોહે જનો તેમ જઇ ખડેછે. ૪
કૈં મોહ આસક્તિથિ આશધારી,
પડ્યા જઈ કાળ મુખેજ હારી;
મોહે અપાવ્યા અતિશાપ ઊંડા,
મોહે ભણાવ્યા અતિ ભવ્યભૂંડા. ૫
ઉત્પાત મોહે અતિશે કર્યો છે,
સંસાર આ મોહ તણો ભર્યો છે;
એતી ચલાયે તવ થાય સારૂં,
રાજાત્મજે જે મુખથી ઉચાર્યું. ૬

---

## प्रकरण ८ मुं.

### मदप्रवृत्ति विषे.

અહંકાર, ગર્વ, ઉન્મત્તપણું આદિ મદના પર્યાય છે. મદની પ્રવૃત્તિ મનુષ્યની વિવેક બુદ્ધિને આચ્છાદિત કરી દે છે. તે વિનયનો વિનાશ કરે છે, તે નમ્રતાને નિર્મૂળ કરે છે અને તે દયાને દૂર કરે છે. મદ મનુષ્યને ખરાબીની ખાંઢીમાં પડવા ઉત્કઠ કરે છે; મદોત્કટ માનવી જે દુઃખની ખો-

માં ગબડી પડવાનું હોય છે તેને છતી આંખે દેખી શકતું નથી. ખરૂં જોતાં મદે પૂર્ણ મનુષ્ય મદાંધ કહેવાય છે. તે કાંટાની વાડમાં પગ મૂકયા જેવાં સાહસ કરે છે, તે મણિધરના રાફ્ડમાં હાથ ઘાલે છે અને તે સૂતા સિંહને જગાડે છે. મદ ગરીબનાં ગળાં રહેંસાવે છે, મદ સાધુને સંતાપાવે છે, અને મદ સમર્થને કોપાવાવે છે. એક મદોન્મત્ત આખલો કે પાડો ઉકરડે માથાં મારે છે જેમાં તેનો તે અંતે હારે છે, થાકે છે, પણ તેની ખબર તેને પડતી નથી; તેમ મદોત્કટ મનુષ્ય પોતાની શક્તિ સમજ્યા વિના સમર્થ સાથે આથડે છે, જેમાં તેનો પોતાનોજ હાર ઉતરે છે, તોપણ તે પોતાનો મિથ્યા મમત્વ મૂકતું નથી. કહ્યું છે કે,—

ઉપજાતિવૃત્ત.

" ખત્તા મળે તોપણ ખેલખેલે,
મિથ્યાભિમાની મમતા ન મેલે;
કાઢે કશા ઉત્તર કેરી કૂંચી,
પડયા મિયાં તોપણ ટાંગ ઊંચી." ૧ ક. દ. ડા.

ખત્તા મળતે પણ અભિમાન માણસને સાવચેત થવા દેતું નથી, જેથી અંતે તેનો નાશ થાય છે. એક મદ્યપી પુરુષ કેફની ધૂનમાં જગત્ શૂન્ય અને નિઃસત્વ દેખે છે ને ગમે તેવાં તોફાન કરી અનેક સંકટ પોતાને માથે વહોરી લે છે. આયુષ્ય બળ અને અલખતની હાનિ થતી તેની નજરે દેખાતી નથી, તેમ મદાંધ માનવી પણ મદની કેફમાં-ગર્વની ઘેલછામાં કશું દેખી શકતું નથી.

અહંકાર, ન્યાય અન્યાય જોવા દેતો નથી, તે ઉપકાર અનુપકાર સમજવા દેતો નથી, ને તે વિવેકાવિવેક પ્રીછવા દેતો નથી. માત્ર તે ધૂનમાં ઈશ્વર કોપે એવાં કૃત્ય કરાવે છે. મહાન પુરુષો કહેતા આવેલા છે કે—અહંકાર ઈ-

શ્વરને અળખામણો છે. તે તેના કોપનું કારણ છે. હરિમદનો હરનાર છે. તુલસીદાસ કવિયે કહ્યું છે કે,—

"દયા ધરમકો મૂલ હૈ, પાપ મૂલ અભિમાન;
તુલસી દયા ન છાંડિયે, જબલગ ઘટમેં પ્રાન." ૧

આ પ્રમાણે મદ એ નરકનું દ્વાર છે. માણસને માથે અનેક સંકટો ગાજી રહેલાં છે, તથાપિ મદ તેને સાંભળવા કે જોવા દેતો નથી. જે તેના મદનાં સહાયી છે તેજ કેવાં નિર્મૂલ્ય છે તેને વિવેક બુદ્ધિથી તપાશી જોતો નથી. એ વિષે કહ્યું છે કેઃ—

**छायेवलक्ष्मीश्चपलाप्रतीता ।**
**तारूण्यमंबूर्मिवदध्रुवंच ॥**
**स्वप्नोपमंस्त्रीसुखमायुरल्पं ।**
**तथापिजंतोरभिमानएषः ॥ १ ॥**

**ભાવાર્થઃ**—લક્ષ્મી છાયા જેવી ચપળ છે, જુવાની જળમોજા જેવી અનિશ્ચિત છે, સ્ત્રી આદિક સુખ સ્વપ્ન સમાન છે, આયુષ્ય અલ્પ છે, તથાપિ પ્રાણીઓનો અભિમાન—અહંભાવ એનો એ છે. 'યોગવાસિષ્ઠ' માં રામને સાચું જ્ઞાન થતાં અહંકાર વિષે તેમણે જે અભાવ બતાવ્યો છે તેનો સાર કંઇક આ સ્થળે જણાવી અહંકારની પ્રવૃત્તિ અને તેના પરિણામનું સ્વરૂપ ચિત્ર અત્રે આપું છું:—

" રામ કહે છે કે, હે મુનીશ્વર ! આ જે અહંકારનો ઉદય થયો છે તે અજ્ઞાનથી થયો છે. જે મહાદુષ્ટ છે, અને એજ પરમ શત્રુ છે. એણે મારા ઉપર બોજો મૂક્યો છે, જે ભાર મિથ્યા છે. જે કાંઈ દુઃખો છે તેની ખાણ અહંકાર છે. જ્યાં સુધી અહંકાર છે ત્યાં સુધી પીડાની ઉત્પત્તિનો અભાવ કદાપિ થતો નથી.

હે મુનીશ્વર ! જે કંઈ મેં અહંકારથી ભોજન કર્યું, અને પુણ્ય કર્યું છે, તથા લીધું દીધું છે, અથવા કંઈ પણ કર્યું છે તે સર્વ વ્યર્થ છે. એથી પરમાર્થની સિદ્ધિ કંઈ પણ નથી. જેમ રાખમાં આહૂતિ આપી વ્યર્થ થઈ જાય છે તેમ હું એને જાણુંછું (મતલબ અહંકારથી કરેલું સુકૃત્ય ફલિભૂત થતું નથી.) જેટલાં દુઃખ છે તેનું બીજ અહંકાર છે. એનો નાશ થાય તોજ કલ્યાણ થાય. માટે અહંકાર નિવૃત્ત થાય એવો ઉપાય મને બતાવો.

શાંતિરૂપી જે ચંદ્રમા છે તેનું ગ્રહણ કરનાર રાહુરૂપ અહંકાર છે. જ્યારે રાહુ ચંદ્રનું ગ્રહણ કરે છે ત્યારે તેની શીતલતા અને પ્રકાશ ઢંકાઈ જાય છે, તેમ અહંકાર ઊપજે છે ત્યારે સમતા ઢંકાઈ જાય છે. જ્યારે અહંકારરૂપી મેઘ ગર્જીને વર્ષે છે ત્યારે તૃષ્ણારૂપી કંટકરૂપ મંજરી વધી જાય છે તે કદાપિ ઘટતી નથી. જ્યારે અહંકાર નાશ થાય ત્યારેજ તૃષ્ણા પણ નાશ પામે. જેમ જ્યાંસૂધી વરસાદ હોય ત્યાં લગી વીજળી પણ છે, જ્યારે વિવેકનો પવન ચાલે ત્યારે અહંકારરૂપી મેઘ વિખરાઈ જઈને તૃષ્ણારૂપી વીજળી નાશ પામે છે. જો અહંકારનો નાશ થાય તો દુઃખનો પણ નાશ થઈ જાય.

જેમ કમળનો નાશ બરફ કરે છે તેવી રીતે અહંકાર જ્ઞાનનો નાશ કરે છે. જેવી રીતે પારધી જાળથી પક્ષીને બંધ કરી દેછે તેથી પક્ષી મહા દીન થઈ જાય છે તેમ અહંકારરૂપી પારધીએ તૃષ્ણાની જાળ પાથરીને જીવને બંધનમાં નાંખ્યો છે તેથી તે મહા દીન થઈ ગયો છે.

જેમ વિંધ્યાચળ પર્વતના આશ્રય વડે ઊન્મત્ત હસ્તી પડ્યા પડ્યા ગર્જના કર્યા કરે છે તેમ અહંકારરૂપી વિંધ્યાચળ પર્વત છે તેના આશ્રયે કરીને મનરૂપી ઉન્મત્ત માતંગ નાના પ્રકારના સંકલ્પ વિકલ્પરૂપી શબ્દ કરે છે, માટે

એવો ઉપાય બતાવો કે, જેથી અહંકાર નાશ પામે," ઇત્યાદિ.

વાયુના કે સન્નિપાતના રોગીને કંઈક ભાન આવતાં તે પોતાના ઉપર રોગે ગુજારેલા ઊત્પાતનો વિચાર જો વિચક્ષણ હોય તો કરી શકે છે, ને વૈદ્યને વિનવે છે કે, મારો આ રોગ મહા માઠો છે માટે એમાંથી આપ મને મુક્ત કરો. આ પ્રમાણે રામે અહંકારરૂપી વિકારની વેદના વિચારી તેમાંથી મુક્ત થવાનો માર્ગ શોધવા વિશ્વામિત્ર જેવા જ્ઞાનીને આરાધ્યા હતા. રોગના વીતેલા દુઃખની ખબર ઘણું કરી સર્વ કોઈને પડે છે, પણ અહંકાર જેવા વિવેક બુદ્ધિને હરી લેનારા રોગની પીડા તો રામચંદ્રજી જેવા કોઈકજ સંસ્કારી મહાત્માને જણાય છે, ને તેવાજ મહાત્મા પાણી પહેલી પાળ બાંધવાનો યત્ન કરે છે; બાકી આ સૃષ્ટિનાં મનુષ્યો આંખ આગળ થતી હાનિ દેખે છે તથાપિ વિષાદ કર્યા વિના રહેતાં નથી. એ વિષે ભર્તૃહરિયે કહ્યું છે કે,—

> व्याघ्रीवतिष्ठतिजरापरितर्जयंती ।
> रोगाश्चशत्रवइवप्रहरंतिदेहम् ॥
> आयुःपरिस्त्रवतिभिन्नघटादिवांभो
> लोकस्तथाप्यहितमाचरतीतिचत्रम् ॥ १ ॥

ભાવાર્થઃ—વાઘેણની પેઠે વૃદ્ધા અવસ્થા આવતી કે ઊભી રહે છે ને દુઃખ દે છે, રોગ શત્રુઓની પેઠે દેહને ઘાયલ કરે છે, આયુષ્ય તરડાયેલા ઘડામાંથી પાણીની પેઠે ઝમી જાય છે, આ પ્રમાણે છે તથાપિ લોકો અહિત કર્યા જાય છે એ મોટું આશ્ચર્ય છે.

અહંકાર એ મનુષ્યનું અહિત કરનારો ખરો શત્રુ છે, તેને જે પોતાના હૃદયમાં જગા આપે છે એના જેવો આત્મઘાતી બીજો એકે ન સમજવો.

સુખમાં સળો પાડનાર, અમૃતનું વિષ કરનાર મદ છે. જલદ વસ્તુ જલદી બગડી જાય છે, તેમ અહંકારે કે મદે જેમાં પ્રવેશ કર્યો તેની ખરાબી જલદી થવાની. મદ જલદ દારૂ જેવો હાનિ કર્ત્તા છે. મદ અનેક અળવીતરાં કરાવે છે. મહા ગુનાહનું મધ્યસ્થળ મદ છે. મદ નિઃશંકપણું અને પ્રમાદ પેદા કરે છે; જેથી ક્રોધ, લોભ, મોહાદિ વિકારોનું પરિબળ વધે છે. મદ જગત્ શૂન્ય દર્શાવે છે. ઈશ્વરનો મહિમા અને મહાન પુરુષોની મર્યાદા તે દેખવા દેતો નથી. તે ગરીબની લાજ લેવરાવે છે અને ગંજાવર સામે ગર્જના કરાવે છે. દૃષ્ટિવિકારવાળો સત્ય પદાર્થને અસત્ય રૂપમાં દેખે છે તેમ મદે ચળકતી આંખવાળો મનુષ્ય પણ ખોટા દેખાવ જુએ છે અને તે ઉપર મગરૂર રહે છે. તે ખાબોચિયાને મહાસાગર અને મહાસાગરને ખાબોચિયું, અળશિયાને અજગર સર્પ અને કાળીનાગને અળશિયું, કૂતરાને સિંહને સિંહને કૂતરૂં, તેમજ વળીને મોભ ને મોભને વળી દેખે છે. જેથી તે પોતાનાં કર્ત્તવ્યમાં અવશ્ય ભૂલ કરે છે, જે ભૂલ તેની હાનિ કરાવનારીજ હોય છે. તે પોતાને વિષે વિશેષપણું અને અન્યને વિષે ન્યૂનતા દેખે છે. પોતે ખાબોચિયા રૂપ હોય તથાપિ પોતાને સાગર માને છે, અને અન્ય મહાસાગર હોય તો તેને ખાબોચિયા જેવો દેખે છે. આ પ્રમાણેનો ઉપરનાં દૃષ્ટાંતોનો ક્રમ સમજી લેવો.

મદ એ ક્રોધનો માનીતો મિત્ર અને જુગલિઓ[1] ભ્રાત છે. તે દયાનો દુશ્મન ને નીતિનો સામાવાળિયો છે. ક્રૂરતા અને નિર્દયતા તેની પરણેલી પ્રમદાઓ છે. જેને જોગે તે આ જગત્માં અનેક ઉત્પાત કરાવે છે. મદ વનો કરનાર સાથે વૈર કરાવે છે; મદ પારકી પીડા પેખવા દેતો નથી; મદ

---

૧ સાથે અવતરેલો અથવા જીંડવાનો ભાઈ.

જીવિકાવૃક્ષની જડ કઢાવે છે; મદ ઈશઅર્ચન ઉપર અભાવ ઉત્પન્ન કરે છે; મદ વિવેકનો માર્ગ ભૂલાવે છે; મદ શઠપણું લુચ્ચાઈ, દોંગાઈ અને નિમકહરામીના નિંદ્ય ગુણોની ઉત્પત્તિ કરે છે. મદ મારે છે અને મરાવે છે, મદ લોહીનાં પૂર વરસાવે છે, મદ લાખો નિસાસા લેવરાવે છે ને મદ હજારો શાપ અપાવે છે. જે હાનિ મદથી આ મહીતલમાં નીપની છે તે અવર્ણનીય છે. મદે ધનાઢ્યને ધૂળ ચુંથતા, રાજાઓને રાનમાં રખડતા અને રૈયતને અતિરંક કીધીછે. મદનો સ્વાદ ચાખી કોઈ આખી અર્ણી રહ્યો નથી અને રહેવાનો પણ નથી. એ કુદરતી ચાલતી ઘટમાળ ઉપરથી સ્પષ્ટ દીસી આવે છે.

મદ એ તોફાની ચઢેલા કાળા વાદળ જેવો છે, જે લોહીના વર્ષાદ વરસાવે છે. મદ એ ધૂળકટ ઉડાડતા વાવીંઓટા જેવો છે, જે અનેક સુખનાં નાવ ઊંધાં વાળે છે. મદ પ્રાણ આખરના સન્નિપાત જેવો છે, જે તેના વિકારીનો વિનાશ થોડા વખતમાં કરે છે. મદ એ સંહારચક્રનો ફરતો આંટો છે, જે તેના ઘસરકા નીચે આવનાર તેના વિકારીનો વિનાશ કરે છે.

મદે રાવણ રોળાયો, મદે કંસનો શિરચ્છેદ કરાવ્યો, મદે જરાસંધને ચીરાવ્યો, મદે બળિરાયને પાતાળે ચંપાવ્યો, મદે યાદવોનો સંહાર વાળ્યો, મદે વલ્લભિપુર ઉજ્જડ કર્યું, મદે નંદકુળનો નાશ કર્યો, મદે પાવાના પતાઈનું મૂળ કાઢ્યું, મદે વાળીને માર્યો, મદે દૂર્યોધન સંહાર્યો, મદે રાજાને રાજ્ય ભ્રષ્ટ, યોગીને યોગ ભ્રષ્ટ અને પંડિતને ખષ્ટ કીધા છે, જેનાં અનેક દૃષ્ટાંતો આપતાં ઘણું લંબાણ થઈ જાય માટે વિશેષ લખતો નથી.

આપણો આર્યાવર્ત્ત એક સમયે સૃષ્ટિમાં સર્વ દેશોથી અતિ ઉન્નત પદને પામ્યો હતો તે હાલની અધમ સ્થિ-

તિમાં આવવાનું કારણુ તેમાં અંતે આવી વસેલો મદજ માની લેવો. ફ્રાન્સની લાજ મદેજ લૂટાવી એમ જરૂર જાણી લેવું. રોમ અને ગ્રીસનાં રાજ્ય મદને ભારેજ લય પામ્યાં. ઉત્કર્ષતામાં મદ તેના લય અર્થે જન્મે છે, જે મનુષ્યને ગાફ્લ રાખે છે. કલેશ અને કુસંપ વધારેછે જેનું ફળ અંતે વિનાશ અને ખેદ છે. ઘરના ધણીથી તે ચક્રવર્તી સૂધી ને આ વાત લાગુ પડતી છે; સ્ત્રી અને પુરુષ સર્વેને આ બાબત બંધ બેસતી છે; માટે તે ઉપર પુખ્ત વિચાર કરી ગર્વ ઘેલાં ન થવાના જ્ઞાનનો કવાથ પીવાની સર્વે કોઈને જરૂર છે, કારણ કે ગર્વ એ અજ્ઞાનના અંધારામાંજ પ્રવેશ કરે છે. તે નિશાચર જેવો શુદ્ધિ બુદ્ધિ, વિવેક, શીળતા આદિ મન સંપત્તિને હરીલેનારો લૂટારો છે. માટે તેથી સાવધ રહેવું. આ વિષે હવે વિશેષ લખવાની જરૂર હું નથી જોતો સારમાં પુનરાવર્ત્તન નીચે પ્રમાણે કરૂંછું:—

### દોહરા.

મદ છે મઘ જલદ સમો, પૂર્ણ કેફનું પાત્ર;
ઘન ગર્જિત આષાઢની અમાસની અધ રાત્ર. ૧
વિનય, વિવેક, સુનમ્રતા, જેમાં ન પડે દૃષ્ટ;
દયા, દીનતા, દક્ષતા, કળાય નહિ જનકષ્ટ. ૨
ઝબકે તૃષ્ણા વીજળી, ગર્જે ક્રોધ અપાર;
મદના વાદળને વિષે, જાણો જન નિરધાર. ૩
મદથી [૧]મહીશ [૨]મહીષશો, ભાસે અતિ ભયકાર;
મદથી [૩]મહિમાં [૪]મહિ વહે, શોણિતની નિરધાર. ૪

---

૧ રાજા. ૨ પાડો—( મદે વ્યાપ્ત રાજા ઓથરાયલા પાડા જેવો બિહામણો લાગે છે. ) ૩ પૃથ્વીમાં. ૪ મહી નદી. (મદથી લોહીની નદી વહે એ અર્થ.)

મદ છે મસ્ત [1]જિમુત સમો, અસ્ત તણો કરનાર;
મદનો હસ્ત ધરી ન કો, સુખી થયો સંસાર. ૫
કંટક વાડે પગ ધરે, ધરે અહીદર હાથ;
મદને મળવું એહવું, ભરવી આભે બાથ. ૬
શૂન્ય જગત દેખે સદા, નિજ આંખે નિઃસત્વ;
મદભર પૂરણ માનવી, દેખે નિજમાં તત્વ. ૭
રાવણ રણ રોળ્યો જુઓ, કાર્તવીર્ય પણ તેમ;
કૌરવકૂળ નિકંદિયું, યાદવકુળ પણ એમ. ૮
વલ્લભિપુર ઉજ્જડ થયું, થઈ દ્વારિકા લોપ;
એ સૌ મદ પર ઈશનો, જાણો કારી કોપ. ૯
ગર્વ નિશાચર જાણિને, રહો સચેત સુજાણ;
ચૈતન્ય લક્ષણ ચેતવું, અચેત મોટી હાણ. ૧૦

## प्रकरण ९ मुं.

### मात्सर्यप्रवृत्ति विषे.

મત્સર, ઇર્ષા, અદેખાઈ એ માત્સર્યના પર્યાય છે. માત્સર્યવિકાર અતિ માઠો છે. જેનો પરિણામ સારો નથી. તે શરીરને કૃષાયમાન રાખે છે, આંખોનું તેજ ઓછું કરે છે, ને બુદ્ધિનો નાશ કરે છે. શરીરમાં દાહ, આંખોમાં અગ્નિ ને ચિત્તમાં ચટપટી ઇર્ષાને વિકારે ઉપજે છે. અદેખું માણસ બળેલ કહેવાય છે ને દેખાય છે પણ તેવુંજ. અદેખી સ્ત્રી ડાકિણી જેવી દીસે છે ને અદેખો પુરુષ પ્રેત જેવો ભાસે છે. ઇર્ષા કોઇપણ રીતે મનુષ્યનું હિત કરતી નથી ને અન્યનું હીણું કરાવવા ઊદ્યુક્ત કરે છે અને પોતાનું રૂડું કરવાનો સીધો માર્ગ સૂઝવા દેતી નથી. શરીરમાં તે ચેટક જેવી છે. તેને ક્ષય રોગની ઉપમા આપિયે તો આપી શ-

[1] મલ્લનું નામ; ભીમ સાથે લડયો હતો તે મલ્લ.

કાય; કારણ કે તે શરીરનો ક્ષય કરે છે. વર્ષાદ આવતે અ-
ઢાર ભાર વનસ્પતિ નવ પલ્લવ થાય છે, પણ જવાસા એ
ટાણે બળી જાય છે, તેવી રીતિ માત્સર્ય વિકારવાળા મા-
નવની છે. જવાસા સારા ઝાડમાં કે છોડમાં ગણાતા નથી,
તેમ અદેખું માણસ સારા માણસમાં ગણાતું નથી. અદે-
ખાઈ અથવા ઇર્ષા એ દ્વેષની સગી બેન છે. ઇર્ષાના વિકા-
રે આ જગત્ જેટલું પીડા પામે છે, તેથી જે અપરાધ
અને અનિષ્ઠ નીપજે છે તે અવર્ણનીય છે. માત્સર્ય મહારોગ
વર્તાવનારો વ્યાધિ છે. તેણે જે અનર્થ આ પૃથ્વીની પીઠ
ઉપર ઉપજાવ્યા છે ને ઉપજાવે છે તે અતિ ત્રાસજનક
છે. ઇર્ષાના રોગીએ "મરતા મોઢે શ્રીમાળી માર્યો" જેવી
કહેવતો ચાલતી કીધી છે. અદેખાએ પોતાની એક આંખ
ખોઈને પાડોશીની બે ખોવરાવી છે. અદેખાએ પાડોશીના
ઘરમાં પૂળો મૂકતાં પોતાનું ઘર સ્વાહા કરી દીધું છે. ઇર્ષા
વિવેકાવિવેક, નીતિઅનિતી, દેખવા દેતી નથી. તે નિ-
ર્દયતા અને નગુણાપણાના વ્યાધિ વધારે છે. અદેખાં મા-
ણસને એકે રીતે સુખ ને સંતોષ મળી શકતાં નથી. તે પો-
તાનાથી શ્રેષ્ઠને જોઈને બળે છે; એવી રીતે કે,—અરે!
આને આ'વું ને મારે એવું નહિ? સમાનને જોઈને પણ
તેની આંખમાં વીર આવે છે, કે શું એ મારા જેવો છે?
રે, તે વધી જશે, ને હું પાછળ પડીશ! પોતાનાથી ઊતર-
તાને જોઈને પણ તેને સંતોષ થતો નથી પણ ચટપટી થા-
ય છે કે,—રે, રખે એ મારા જેવો થાય! આ'વી અવસ્થા
માત્સર્યવિકારવાળા માનવીની છે. મત્સરવિકારે ઘણા મા-
ણસનાં ઘર ઘાલ્યાં છે. નિર્દોષ બાળકના ભોગ તેણે લીધા
છે, પાપરહિત પુરુષ અને સ્રિયો તેના કારી જખમે ઝ-
બેહ થઈ ગયાં છે. કુટુંબકલહ અને રાજ્યદ્રોહ મત્સરે ક-

રીને ઉપજ્યા છે, ને તેમાં એકને પાપે આખું નાવ ડૂબ્યા જેવાં નુકસાન થયાં છે. ભરતખંડની વિભૂતિ માત્સર્યે કરીનેજ વિદેશે ગઈ. આર્યાવર્ત્તનો મહિમા ઇર્ષાના છાંટા ઉડવેજ ઓછો થઈ ગયો. ઇર્ષા કુસંપ ઉપજાવે છે, અને કલહ વધારે છે; ને કુસંપ અને કલહ એવા અજીત યોદ્ધા છે કે, તે ગમે તેવી ઉત્કૃષ્ટતાના અટૂટ કિલ્લાને તોડી પાડે છે.

માત્સર્ય એ સંપમાં સળો ઉત્પન્ન કરનાર ઝેરી પવન રૂપ છે. તે મેલેરિયા જેવો દેશમાં દુઃખ ઉત્પન્ન કરનાર ગલીચ હૃદયનો વાયુ છે. આર્યાવર્તના આર્ય ભૂપતિયો અન્યો અન્યની અદેખાઈને રોગે હણાયા. કૌરવ પાંડવના કુળમાં સળો ઇર્ષાએજ ઉપજાવ્યો. દિલ્હીનો પરાક્રમી પૃથુરાજ અન્યોન્ય—રે, પરસ્પરની ઈર્ષાને પાપે પરાજય પામ્યો. જે જે ઉત્પાત અને હાનિ ક્રોધ અને મદમાં વર્ણવી છે તેનું મૂળ મત્સરમાં પણ ઉંડું ઊતરેલું છેજ, માટે એનો વિસ્તાર કરવાની આ સ્થળે જરૂર નથી. ખોટા વિકારનાં દુઃખદાયી પરિણામ એક બીજાને અનુસરતાં છે, ને તેમની પ્રવૃત્તિ પૃથ્વીમાં પાપનો વધારો કરાવનારી અને પ્રાણી માત્રને ભવાટવીમાં કૂટાવનારી છે એટલુંજ માત્ર લક્ષમાં ઉતરશે તો બસ છે.

કુટુંબની ઇર્ષા કુટુંબનો ક્ષય કરાવે છે, ને રાજ્યની ઇર્ષા રાજ્યને રાખ કરી દેછે. પાડોશી ઉપરની અદેખાઈ આપણા પોતાના પગ ઊપર કોહાડો મરાવ્યા જેવું જોખમ કરાવે છે, અને પાસેના રાજ્ય ઊપરની અદેખાઈ આપણા પોતાના રાજ્યમાં યુદ્ધનો અગ્નિ સળગાવે છે. વ્યાપાર રોજગારમાંની અદેખાઈ ધંધાને ધૂળ કરે છે. માત્સર્યવિકાર કોઈપણ રીતે મનનું સમાધાન કરાવનારો કે સુખ ઉપજાવનારો નથી. તે પૂર્ણ દોષનું પાત્ર છે.

### દોહરા.

મરચાં આંખ ભર્યા સમી, છે ઇર્ષા દુખદેણ;
કંટક સરખી સાલતી, કાયામાં દિન રેણ. ૧
કોરે અહર્નિશ કાળજું, ઇર્ષા કીડો એમ;
ઘણુ કોરે જ્યમ કાઠને, પડે પિછાન ન તેમ. ૨
અહાર નિદ્રાનો સદા, ઇર્ષા કરે અભાવ;
મુખથી મીઠું વદાય ના, અન્ય અનિષ્ઠ ઉઠાવ. ૩
રાજી દિલ નવ રહે જરા, અંતરમાં અતિ રોષ—
રાખે ઇર્ષા અતિ ઘણો, તજાવિને પરિતોષ. ૪
મત્સર શર ત્રણુ પાંખિયો, ઝેર ભર્યો ભરપૂર;
ખટકે ખળજન કાળજે, અકળાવે અતિ ઉર. ૫
ઇર્ષા ચટપટિ કો રિતે, મટે નહીં લવલેશ;
તનમાં તાપ નિપાવીને, કરાવતી ઉર ક્લેશ; ૬
શ્રેષ્ઠ તણું સેહેવાય ના, સમાનનું મન સાલ;
ઊતરતું તરતું થશે, એ ચટપટિની ચાલ. ૭
પુષ્કર નળનું શ્રેષ્ઠ પદ પેખી ધરિ પરિતાપ;
અંધ થયો ઇર્ષા બળે, ઉપજાવ્યો ઊત્પાત. ૮
ઊતરતું પદ યદપિ પણ, ધરિ પાંડવપર દ્વેષ;
દુર્યોધન ઇર્ષા બળે, કુળમાં ઘાલ્યો ક્લેશ. ૯
ઘોરી સાથ પૃથુ લડયો, જયચંદર એ વાર—
ધા'ર ન કરિ [1]જામાત્રની, એ ઇર્ષા ઉદ્‌ગાર. ૧૦
બળ તૂટયાં બળવાનનાં, રાંડયો દેશ તમામ;
મત્સરથી આ મહિ તળે, કહે સત ગણપતરામ. ૧૧

---

૧ જમાઈ,—પૃથુરાજ જયચંદ્રનો જમાઈ હતો, તો-પણ તે સમાન છે એમ ગણીને અદેખાઈથી જયચંદ્રે તેને મદદ કરી નહિ. જો સહાય આપી હોત તો સમાન બળ મળતાં શાહબુદ્દીન સાથે લડતાં તે માર્યો જાત નહિ.

कच्छना महाराजा महाराओ श्री
खेंगारजी सवाई बहादुर एमणे
इनाम आपी रचावेलो निबंध.

કચ્છ નિબંધ સંગ્રહ.

ભાગ ૨.

# मनोविकार

तथा

# आशा निराशा विषे.

રચનાર

ગણપતરામ રાજારામ ભટ્ટ
"પ્રતાપનાટક"ના કર્તા.

શ્રી કચ્છ દરબારની સંમતિથી
નિબંધકારે છપાવી પ્રસિદ્ધ કર્યો.

अमदावाद
આર્યોદય પ્રેસમાં છાપ્યો.



જેઠ, સંવત્ ૧૯૪૨.—જૂન, સન ૧૮૮૬.
કીંમત ૮ આના.

પ્રથગ્ મનોવિકારો ઘણા છે, જે સર્વેનો સમાસ ઉપર જણાવેલામાં થઈ જાય છે માટે એ વિષે હવે વધારે જણાવવાની જરૂર નથી.

## प्रकरण १० मुं.

### मनोविकारनो आवश्यकता अने तेनो सदुपयोग.

સૂક્ષ્મબુદ્ધિથી વિચાર કરવાથી આપણે જેને નિરૂપયોગી, જરૂર વગરનું અને નુકસાન કર્ત્તા લેખીએ છીએ, કહીએ છીએ અને કલ્પિએ છીએ તે પણ સકારણ ઉપયોગી, જરૂરનું અને ગુણકારી જણાશે. એ વિષે નાસ્તિક આસ્તિકના સંવાદમાંના દોહરાના ઉત્તરાર્ધનું એક વાક્ય કવિ દલપતરામનું કહેલું અત્રે ટાંકી તે ઉપર થોડી ટીકા કરીશું; તે એકે,—

"જે જે સરજ્યું જગદિશે, વિધવિધ કરી વિવેક."

ઈશ્વરે જે કંઈ સરજ્યું છે તે વિચાર અને વિવેક પૂર્વક બનાવ્યું છે, ને તેનો કંઈપણ ઉપયોગ છેજ એમ આપણે વિવેક બુદ્ધિથી ઊંડા ઉતરી વિચારી જોઈશું તો જણાયા વિના નહિ રહે. જેને આપણે માણસ જાતને દુઃખ દેનારા પદાર્થ કે પ્રાણી દેખીએ છીએ તેનો કંઈપણ હેતુ છેજ. આપણે તેનો હેતુ નહિ સમજવાથી કર્ત્તાને દોષ દઈએ છીએ તેમાં આપણું અજ્ઞાન છે. જો હેતુ ખોળી કાઢી તેના વાપરનો રસ્તો જાણીએ તો તેનો ફાયદો જણાશે, નહિતો તે જણાવાનો નથી. દરેક વસ્તુને વાપરવાની એ રીતિ છે, અને તેની અમુક હદ છે. જો આમાં ચૂક કીધી તો ફાયદેમંદ હશે તોપણ નુકસાનકર્ત્તા થઈ પડશે, તો જેનો ફાયદો ઓછો અને નુકસાન વધારે છે, તે કેટલી નુકસાન કર્ત્તા નીવડશે તેનો વિચાર માત્ર કરી જોવો. જે વસ્તુ તેના

સારા વાપરમાં જેટલી ગુણકારી હોય છે તેના પ્રમાણમાં અ-લકે તેથી પણ જાદે અવગુણકારી થઈ પડે છે. એ વિષે ભર્તૃહરિયે કહ્યું છે કે,—

> ज्ञानंसतांमानमदादिनाशनं, ।
> केषांचिदेतन्मदमानकारणं; ॥
> स्थानंविविक्तंयमिनांविमुक्तये, ।
> कामातुराणांमति कामकारणं ॥ १ ॥

ભાવાર્થઃ—જ્ઞાને કરીને સારા માણસોના માન (અભિમાન)નો અને મદનો નાશ થાય છે. ને કેટલાકને તે (જ્ઞાન) માનમદનું કારણ થઈ પડે છે, એટલે જ્ઞાનથી માનમદ ઉપજે છે, એકાંત વાસ, ઇંદ્રિયરોધન કરનાર નિયમે વર્ત્તનારનો વિકાર શાંત પાડે છે, પણ તેજ એકાંત સ્થળ અજિંદ્રિયજીત પુરુષોના મનને વિકાર યુક્ત કરનારૂં છે.

આ ઉપરથી સાર લેવાનો એટલોજ છે કે ઔષધ ખાધું અને પરેહજી પાળી નહિ તો તે ઔષધ વિષનો ગુણ આપે છે.

વિદ્યાએ મનુષ્યનું ભૂષણ છે પણ તે ક્યારે કે તેને વાપરવાની સારી રીત જાણીએ તોજ, નહિતો તે દૂષણ અપાવે છે. મહમદ તઘલખ વિદ્વાન હતો ને સૂક્ષ્મ વાતો સમજવાની તેનામાં શક્તિ હતી પરંતુ વિદ્યા શામાટે ભણવી ને ભણ્યાનું સાર્થક શું કરવું તેની તેને ગમ નહોતી તો તેને હાથે જનહિતનાં કામ ન થતાં કેવળ અહિતનાં કૃત્ય થયાં. તે રાજારૂપે વિદ્યા ભણી દેવ જેવો જણાવાને બદલે દૈત્યરૂપે જણાયો આનું કારણ વિદ્યાનો સદુપયોગ ન કરતાં દુરૂપયોગ કીધો તે છે.

યુવાવસ્થા પ્રાણી માત્રમાં ઈશ્વરે કંઈપણ વિશેષ કરવાને પ્રગટેલી છે. જે જીવ માત્રના તનમનનું જોર વધારે

છે ને તેથી તેઓ પોતાના જીવતરમાં એ અરસામાં કોઈ પણ રીતનું મહત્કાર્ય કરે છે. મનુષ્ય જુવાનીને જોગે પોતાનો મહિમા વધારે છે, પોતાની પ્રભુતા પ્રસારે છે. વિદ્યા ધન અને કીર્તિનો ખજાનો તર કરે છે; આ સર્વ જુવાનીના જોરમાં કરી શકે છે, તે સાથે તે જોરનો સદુપયોગ ન થયો તો તેથી ઉલટી ક્રિયા કરે છે, જેનાં ફળપણ તેવાંજ પામે છે. એ વિષે શામળદાસ કવિયે કહ્યું છે કે,—

છપ્પા.

"× × × × × × ×

કંઇ જોબન જશવંત, ભાગ્યશાળી થઇ ભમિયા;
કંઇ જોબન જરકાજ, જૂઠ કરતાં નવ જોયું;
કંઇ જોબન જશ લીધ, ધર્મ કરિ પાપજ ધોયું;
કંઇ જોબનમાં જીતી ગયા, હરામિ હોડે હારિયા;
કંઇ જોબનમાં જિવતા રહ્યા, કંઇ માયાએ મારિયા. ૧
કંઇ જોબનને જોર, જગતમાં બનિયા જોગી;
અડસઠ તીરથ અટન, ભાવ ભરપૂરે ભોગી;
કંઇ જોબનને જોર, પ્રસિદ્ધી પામ્યા પ્રાણી;
કંઇ જોબનને જોર, ભણ્યા વિદ્યા રસવાણી;
જે સત્ય અસત્ય ભલું ભુંડું, જોબનમાં સ્થિર થાયછે;
શામળ કહે જોબન જોરમાં, વેગે જન વહિ જાય છે." ૨

ઉપલ્યા છપ્પાઓની મતલબ તપાસી જોશો ને તે ઉપર વિચાર કરશો તો યુવાવસ્થા. જે કે ઈશ્વરની ઉમદી બક્ષીસ છે તેનો લાભ માણસો કેવી કેવી રીતે લેછે તે સમજાશે. ડાહ્યા માણસો જુવાનીને "દિવાની" કહે છે એ કેટલું ખરૂં છે તેની ખબર પડશે. રે! જુવાની દિવાની નથી, પણ તેના અયોગ્ય વાપરને લીધે તે નિંદાઈ છે; તેજ પ્રમાણે મનોવિકારોને માટે પણ જાણી લેવું.

ઉપર જે કંઈ ટીકા કરવામાં આવી છે તેનું ધોરણ આપણે મનોવિકારની બાબત ઉપર લાગુ પાડવાનું છે, ને તેથી મનોવિકારની આવશ્યકતા ઉપર ઉતરવાનું છે. જે સમજવાને પૂર્ણ લક્ષ આપવાની જરૂર છે. પાછલાં પ્રકરણમાં આપણે મનોવિકારની પુષ્કળ નિંદા કીધી છે, તેનો ઉત્પાત આંખો ફાડીને જોયો છે, અને તેના અવગુણ કાનમાં ન સમાઈ શકે એટલા સાંભળ્યા છે; તો હવે આપણે તેના ઉપયોગીપણાનો પણ બારીક રીતે તપાસ કરવો જોઈએ, અને તેના ગુણ કાન ખુલ્લા કરી સાંભળવા જોઇએ, કે તેથી તેની આવશ્યકતાનો વિચાર આપણી છાતીમાં આવે; જેથી ઈશ્વરે મનોવિકાર શા હેતુથી ઉપજાવ્યો છે તે આપણને સંપૂર્ણ રીતે સમજાશે. અહિં વિકારનો અર્થ બિગાડ નહિ, પણ વિશેષ કરવું, એ અર્થ લેવાથી આવશ્યકતાનો વિષય સમજાશે.

પરમેશ્વરે અંતઃકરણના પ્રદેશમાં મનરૂપી મહારાજા ઉત્પન્ન કીધો છે; જે પોતીકું રાજ્ય ત્રણ તંત્રીઓને યોગે ચલાવ્યો જાય છે. પ્રજા, પ્રધાન અને સેનાપતિની ત્રિપુટીથી જેમ કોઈ રાજાનું રાજ્ય ચાલતું હોય—તેમને યોગે રાજા રાજ્ય ચલાવતો હોય તેવી રીતે મનરૂપી મહારાજા મનોવિકાર, સ્વભાવ, અને વિચાર આ ત્રણની સહાયતાથી પોતાનું રાજ્ય ચલાવે છે. આ સ્થળે આપણે મનોવિકારની આવશ્યકતા સમજાવવાની છે માટે બીજા બેની વાતનો વિસ્તાર કરવો પડ્યો મૂકીશું.

આપણામાં કહેવત છે કે—"રાજા વડે પ્રજા અને પ્રજા વડે રાજા" રૈયત એ રાજાના હાથ પગ છે; પ્રજાવિના રાજા રાજ્યકોના ઉપર ચલાવે? આ સર્વ વાત મનોવિકાર અને મન એ બેને બંધ બેસતી છે. અંતઃકરણને વિષે ઊઠતી ઉર્મિને યોગે મનથી કંઈપણ કાર્ય થઈ શકે છે. અને એ

જે ઉર્મિ ઊઠે છે તે મનોવિકાર છે. ઉર્મિ મનની સ્વાધિનતામાં રહે ને તેમાં વિવેકબુદ્ધિરૂપી પ્રધાનની મસલત લે તેથી જે કાર્ય થાય તે બેશક ઘણું સારૂંજ નીવડે. પણ જો તે મનના કબજામાં રહે નહિ ને વિવેકબુદ્ધિરૂપી પ્રધાનનું કહ્યું ન ગણકારે ને મસ્ત થઈ પુડે તોજ વિપરીત પરિણામ નીપજે છે; જેથી શુભ હેતુ પાર પડતો નથી. મનોરાજ્ય એ પ્રજાસત્તાક રાજ્ય જેવું છે, જેમાં પ્રજા રાજાને આધીન રહે ને તેના રૂડા હેતુને ધ્યાનમાં લઈ વર્તે તો તેથી સારો પરિણામ નીપજે, નહિતો મનોરાજ્યનો ભંગ થાય છે. પ્રજાએ પોતાનો પ્રજાધર્મ જાણવો જોઇએ, તેમ વિકારોએ પોતાનો ધર્મ ધ્યાનમાં રાખવો જોઇએ.

પ્રેમ, શૌર્ય, દયા, ઉપકાર, પરોપકારાદિ સદ્ગુણો અંતઃકરણની ઉર્મિ–મનોવિકારોથીજ ઉત્પન્ન થાય છે; જે મનુષ્યનું ભૂષણ ગણાય છે; જે મનને સતેજ કરનાર, તેનો મહિમા વધારનાર ગણાય છે. ઉર્મિથી જે કાર્ય થાય છે તે સ્વભાવ અને વિચારથી પાર પડી શકતું નથી. એથી ઉર્મિ એટલે મનોવિકારની કાર્યસિદ્ધિ ઉતાવળી છે એમ પણ સમજાશે. ઉતાવળમાં ભૂલ થાય એ સ્વાભાવિક છે, પણ તેથી ઉતાવળની જરૂર નથી એમ કહેવાશે નહિ. ઉતાવળજ કામનો અંત લાવે છે, પરિણામ પ્રત્યક્ષ દર્શાવે છે અને ફળ જલદી ચખાડે છે. ટ્રેનમાં બેસી અમદાવાદથી મુંબઇ જવું જેટલું જોખમ ભરેલું છે, તેટલુંજ લાભદાયક પણ છે, તો તેથી અગ્નિરથ કશા કામનો નથી એમ કેમ કહેવાશે? આ પ્રમાણે મનોરથનાં ચક્ર મનોવિકારો વિષે પણ જાણી લેવાનું છે. જો એ ચક્રો મનના કબજામાં રહ્યાં તો મનોરથ સિદ્ધ થાય છે, પણ જો તે કાબૂમાં ન રહ્યાં તો તેનો ભંગ થાય છે, ને રથનું ચલાવનાર મન નિરૂપાય થઈ જાય છે. વિકાર એ મનોરથની વ-

રાળ છે. તે જો હદમાં રહી, ને જોઈતી રખાઈ, તો મનોરથ ધારેલી જગોએ પાંકે વખતે પહોચાડે છે, નહિતો તે રસ્તામાંજ રખડતા કરી દે છે કે નાશ કરી નાંખે છે. આ ઉપરથી વરાળ નિરૂપયોગી આવશ્યકતા વગરની છે એમ કેમ કહેવાશે? ઉર્મિં વિચારને દૃઢ કરે છે, સ્વભાવને ઉત્તેજન આપે છે અને મનને ઉદ્યુક્ત કરે છે. એથી કરીને મન પોતાનું કર્ત્તવ્ય ઘણી સારી રીતે કરી શકે છે.

કોઈ પણ માણસ કોઈ પણ લાલચમાં પડ્યો નથી, અથવા તેના સદ્ગુણની કસોટી થઈ નથી ત્યાં સૂધી આપણે તેને વિષે કંઈ પણ નક્કી વિચાર બાંધી શકતા નથી. અને જ્યાં સૂધી તેની કસોટી થઈ નથી ત્યાં સૂધી એ પ્રમાણે તેનું નસીબ છે એમ પણ કહેવાય નહિ. કોઈ પણ વસ્તુ મેળવવાનું તેનામાં સામર્થ્ય નથી એમ ગણી તે ઉદ્યોગ કરે નહિ અને બેસી રહે, તો તે તેની કસોટી ગણાતી નથી; પણ યત્ન કરતે જે હાર કે જીત થાય તેજ તેનું નસીબ ગણવું. ઊર્મિં અથવા વિકાર એ માણસની કસોટી છે. એ વગરનું એકલું મન કશું કરી શકતું નથી. તે મનુષ્યને નસીબની વાતથી બે નસીબ રાખે છે; કેવળ વિકાર રહિત મન પ્રજા વગરના રાજા જેવું તદાકાર અને શૂન્ય જણાય છે, ને તેનાથી એકનું બે થઈ શકતું નથી. આથી વિકાર વિનાનું મનુષ્ય એક પ્રતિમા રૂપ જણાય છે. તે હાલે છે ચાલે છે ને બોલે છે, તોપણ તે એક કળની પૂતળી રૂપ કલ્પાય છે. જે મહા જ્ઞાને કરીને વિકાર રહિત થયા છે એટલે જેમણે મોક્ષના હેતુથીજ વિકારોનો પરિત્યાગ કીધો છે, તે મુક્ત પુરુષ મનાય છે. તે માનવ દેહે માનવ નથી. દેહમાં આત્મા છતે વિદેહી જેવા તેમને શાસ્ત્રકારોએ કહ્યા છે. તેઓ આ સૃષ્ટિના લોક વ્યવહારના સંબંધમાં કંઈજ

પણ વિશેષ કરી શકતા નથી; માટે તેવા મનુષ્યની વાત બાજુ ઉપર મૂકી આપણે લોક વ્યવહારની વાત ઉપર નજર કરવી જોઇએ. કારણ કે ઉપર કહ્યા એવા જીવન્મુક્ત ક્વચિત્ કોઈકજ લાખમાં એકાદ પણ ભાગ્યે હોય છે. પણ અહિં સહેજ ટીકા કરવાની જરૂર જણાય છે, તે એ કે,—જેમણે વિકારોને શત્રુ ગણી પોતાના અંતઃકરણમાંથી હાંકી કાઢ્યા, અને તેથી તેમણે વિષને અમૃત, શત્રુ ને મિત્ર સર્વેને એક હારમાં ગણી પોતાની વર્ત્તણુક તે પ્રમાણેની ચલાવીને મનનો સ્થાયીભાવ બદલી નાંખ્યો, તો આવી વૃત્તિ થવાના કારણ રૂપ કોઈ પણ વિકાર હશે કે નહિ, એ પ્રશ્ન હું વિદ્વાનોના ઉત્તરને માટે મૂકું છું. મારા તરફનો તો એટલોજ ઉત્તર છે કે—એને વિતરાગનો વિકાર ગણવો, ને તેનો હેતુ મોક્ષેચ્છા માનવી.

ઉપર જે કંઈ લખવામાં આવ્યું તેથી એટલું તો અવસ્ય સમજાશેજ કે મનોવિકાર એ કાંઈ પણ કરવાનો સાધન ભૂત વિષય છે. જેમ તેથી પાપ થાય છે તેમ તેથી પુણ્ય પણ થાય છે, જેમ તેથી અન્યાય થાય છે તેમ તેથી ન્યાય પણ નીપજે છે, જેમ તેથી શત્રુતા થાય છે તેમ તેથી મૈત્રી પણ થાય છે, જેમ તે નરકે નાંખે છે તેમ તે સ્વર્ગનો દરવાજો પણ ઉઘાડી આપે છે, જેમ તે અપયશ આપે છે તેમ તે યશ પણ આપે છે, અને જેમ તે ઈશ્વરના હેતુ અવળા કરી નાંખે છે તેમ તેના શુભ સંકેત પાર પણ પાડે છે. તે મનને જેવી રીતે મહા વ્યથા ઉપજાવે છે, તેમ તેને મોજ પણ આપે છે; માત્ર તેના વાપરનો માર્ગ અને તેને નિયમે રાખવાપણું જાણવાં જોઈએ.

મનુષ્ય એક બીજાને સહાય આપે છે, અન્યોન્યના સુખની વૃદ્ધિ કરે છે અને તેથી જનમંડળમાં જે સુખ આ

પણ જોઇએ છીએ તે પરસ્પરના મનોવિકારની શુભ પ્રસાદિ છે. સ્ત્રીનો પુરુષ ઉપર અને પુરુષનો સ્ત્રી ઉપર જે પ્રેમ તે અન્યોઅન્યના અંતઃકરણની શુભ ઉર્મિ છે. માબાપનું બાળક ઉપર અને બાળકનું માબાપ ઉપર જે વહાલ તે પણ અંતરની ઉર્મિ ગણાય છે. તુચ્છ વાતનો તિરસ્કાર અને અનીતિ ઉપરનો કંટાળો અથવા ક્રોધ એ પણ મનોવિકાર છે. સારૂં કરવાની અપેક્ષા અને ઉદ્યુક્તપણું એ પણ મનમાં થતી વિશેષ ક્રિયા અથવા મનોવિકાર છે. ગુણે રાચવું અને પોતાનાં અંગીભૂત અને એમને વિષેનો ટેક અને મમતા એ પણ મનની લાગણી અથવા મનોવિકાર છે. નિર્દયતા અને અહંકાર સામે દ્વેષની આંખે જોવું એ પણ મનમાં ઉપજતી વરાળ-મનોવિકારનીજ આતસ છે. આ જે વિકારો જણાવ્યા તેની ઘણી જરૂર છે, ને તેના પરિણામ જો તે હદમાં રાખી જાણ્યા તો ફળદ્રુપ છે. એમાં મનને તેને સ્થાને રાજ્ય કરવા દઈ વિવેકબુદ્ધિને પૂછી કામ લેવામાં આવે તો તેથી બેશક ઘણો ફાયદો થાય. વિવેકને સંકેતે પાર પડેલા કામથી મનને મોટો આનંદ અને પરમ સંતોષ થાય છે.

જે વિકારોનો દુરૂપયોગે કરીને આપણે અનાદર કર્યો છે તેજ સદુપયોગે કરીને કેવા પ્રશંસનીય અને અવસ્યના છે તે ઉપરના પેરેગ્રાફમાં સંકેતે સંક્ષેપમાં જણાવ્યું છે તેથી જણાઈ જશે, તોપણ પ્રથક્ પ્રથક્‌ની આવિશ્યકતા ને ઉપયોગ વિષે સ્પષ્ટીકરણ થવા એક જૂદું પ્રકરણ પાડી જણાવવા ધારૂં છું તોપણ તે પહેલાં આ પ્રકરણનું રહસ્ય નીચે પ્રમાણે કવિતામાં દર્શાવી પછી તે ઉદ્યોગ કરીશ.

દોહરા.

જગતતંત્ર જગદીશ્વરે, રચ્યોછ આ સવિવેક;

ખોટા જન ખામી ભર્યા, દેખે નિજ અવિવેક. ૧
પયથી જળ જૂદું કરી, કરે હંસ પયમાન;
રાજ હંસ શુભ રીતથી, ત્યમ ગુણ શુભ ગુણવાન. ૨
પોષક વનસ્પતિ માત્રની, છે પૃથ્વી શુભ પેર;
કો તરુથિ અમૃત ઝરે, કોથિ હળાહળ ઝેર. ૩
લીંબોળી ને રાયણું, દીસે સમાન દૃષ્ટ;
કડવા મીઠા સ્વાદનો, દિસે તફાવત સ્પષ્ટ. ૪
એક પૃથ્વિના પેટનો, રસ ચૂશી રસ ભિન્ન–
થયાં છ તરુઓ જૂજવાં, એહ વિચારો મંન. ૫
આ વિવેક ઉરને વિષે, ધારી આપો ધ્યાન;
મનોવિકાર વિષે જનો, વિચારવા કંઇ જ્ઞાન. ૬
વિકારુ વસ્તૂ ઈશ્વરે, સરજી છે સવિવેક;
ખામી ખોળ્યા સારખી, કીધી બહુએ છેક. ૭
માટે મોટા જન મળી, નિંદ્યો મનોવિકાર;
ભક્તજનોમાં ભાવથી, ન પડયો એનો ભાર. ૮
ખામી એની જન વિષે, ખોળી આપણ ખૂબ;
ધિક્કાર્યો શત્રૂ ગણી, ધારીને પગ [1]ધૂબ. ૯
પણ તે વિચાર પાલટી, ગણિ ઈશ્વર સંકેત;
ખોળો ગુણ ખેપે કરી, આણી તે પર હેત. ૧૦
એથી ગુણ એના રુડા, વિલોકશો શુભ પેર;
જયમ કો રોગ તણું રૂડું, ઔષધ હોયે ઝેર; ૧૧
મન રૂપી રાજા તણું, લશ્કર મનોવિકાર.
મહત્કાર્ય કરવા સૃજ્યું, વિવેકી વિશ્વાધાર. ૧૨
રાજાની [2]રૂકિત વિષે, વર્ત્તે તો લે લા'ણ;
નહિ તો સેના સર્વથા, ઉપજાવે અતિ હાણ. ૧૩

---

૧ પગ ઠોકીને. ( પગ ઠોકીને આપણે તેને પાછલાં પ્રકરણમાં ધિક્કાર્યો છે. ) ૨ મરજી.

પ્રેમ, દયા, ઉપકારના, જે છે મનોવિકાર;
જે જન કેરા સર્વથા. ગણાય છે શણગાર. ૧૪

અહિં એટલું જરૂર યાદ રાખવું કે,—પ્રેમ, દયા, ઉપકાર આદિ સારા મનોવિકારો હદમાંજ સુખ આપે છે ને શોભે છે. ઝાઝી પ્રીતિ શત્રુતા કરાવે છે. કહેવત છે કે-"ઝાઝી પ્રીત તૂટે." અતિ દયા આપણનેજ હરકત કરે છે. કહેવત છે કે—"દયા ડાકણને ખાય." અઘટિત ઉપકાર પણ હાનિ ઉપજાવે છે. કહેવત છે કે—"ગુણના ભાઈ દોષ," ઇત્યાદિ. આ વિષે વધારે વિવેચનની અગત્ય નથી.

## प्रकरण ११ मुं.

### विकारोनी आवश्यकता अने तेनो सदुपयोग.

૧ ક્રોધ.—ક્રોધવિકાર પણ જરૂરનો છે. કોઈપણ ખોટું કામ કે અનીતિ ક્રોધ કર્યા વિના અટકતી નથી. મનમાં દુર્વાસના ઉપજે તો તે ઉપર ક્રોધ કર્યા વિના તેનો પરિત્યાગ થતો નથી. કેટલાક દુર્ગુણોને ક્રોધ ડારે છે. ક્રોધ બાળકને બગડવા દેતો નથી; તે તેને નિયમે રાખે છે. ક્રોધ ગુન્હા અટકાવે છે. ચોરી કરનાર કે કોઈ પણ પ્રકારના ગુન્હા કરનારને રાજાના કોપની ધાસ્તી રહે છે. ચાકર શેઠને કોપ ન ચઢે માટે પોતાનું કામ ચૂકવગરનું કરવા ખંત રાખે છે. આ પ્રમાણે સાધારણ રીતે જોતાં ક્રોધ જરૂરનો છે. આફ્લાતુનની કહેવત છે કે-"ગુસ્સો ખાણામાં નીમક માફક રાખવો, કાંજે નીમક અંદાજે હોય તો ખાણાને સમારે છે નહિતો તે બિગાડે છે."

શત્રુ સામે ક્રોધ કર્યા વિના તે પાછો હઠતો નથી. પાપ કરવાને ઉદ્યુક્ત થયેલું મનુષ્ય તેના ઉપર ક્રોધ કર્યા વિના ન-

રમ પડતું નથી. ગામ, ગરાસ અને દેશમાં પગ ઘાલી મેદાન કરવા આવનારા લૂટારા સામે ક્રોધ કરી સામા ગયા વિના તે આવતા અટકતા નથી. આપણામાં કહેવત છે કે– "કરડવું નહિ પણ ફુંફાડો રાખવો" એ કહેવત સકારણ છે. દયાને લીધે ઉપજતો ક્રોધ થતી હત્યા અટકાવે છે. પ્રેમને લીધે ઉપજતો ક્રોધ ખરી ફરજ બજાવે છે. અનીતિ ઉપર ઉપજતો ક્રોધ નીતિનો માર્ગ કરાવી આપે છે.

એક નિર્દોષી બાળકનો કે નિર્બળ પાપરહિત પ્રાણીનો વિના કારણ વધ થતાં જેને ક્રોધ ન વ્યાપે તે જડભરત અથવા તો નિર્દય મનુષ્ય સમજવો. આંખ આગળ થતી અનીતિ જોઈ જેની આંખમાં વીર આવી ફફડી ન ઊઠે તે બળદ જેવો જાણવો.

ક્રોધની આવશ્યકતા વિષે સારમાં માત્ર આટલુંજ જણાવવું બસ છે—સારમાં વિસ્તાર જાણી લેવો.

૨ લોભ.—લોભ પણ નિયમમાં અને અમુક હદમાં રાખવો. લોભ રાખ્યા વિના કોઈ પણ ઈચ્છિત વસ્તુ મેળવવાને યત્ન કરી શકવાના નહિ. લોભ રાખ્યા વિના લક્ષ્મી અને કીર્તિ સંપાદન થતી નથી. પણ એટલું ખૂબ યાદ રાખવું કે, ઝાઝે લોભે હાણ થાય છે, ને ગાંઠનું પણ ગુમાવી બેસીએ છીએ. લોભને નીતિને રસ્તે દોરતાં તેનો પરિણામ સારો નીપજે છે. લોભ માણસની મનોવૃત્તિને ઉદ્યુક્ત કરે છે. આળસ અને પ્રમાદના નિંદ્ય ગુણો તજાવે છે. તે ચપળતા અને જાગૃતિ આણે છે. લોભ દારિદ્રને ઘરમાંથી હાંકી કાઢે છે. લોભ ઉદ્યોગનો મિત્ર છે. લોભ વિદ્યાકળાનો વધારો કરે છે. લોભ દેશનો ઉત્કર્ષ કરે છે. લોભ ગરીબને તવંગર અથવા તો મુફલેસને માતબ્બર કરે છે. આ પ્રમાણે જો લોભના ગુણોનું કથન કરવા માંડીએ તો ઘણું લંબાણ થઈ જાય.

તેના જેવા દોષ દેખાડ્યા છે તેવા તેના ફાયદા પણ ઘણાછે. પણ લોભની બાબતમાં નીતિકારનો નીચેનો શ્લોક ખૂબ યાદ રાખવો.

**अधमाधनमिच्छंति, धनमानोहिमध्यमा ।**
**उत्तमामानमिच्छंति, मानोहिमहतांधनं ॥ १ ॥**

**અર્થ.**—અધમ પુરુષો કેવળ ધનને ઇચ્છે છે, ધન અને માન એ મધ્યમ પુરુષો ઈચ્છે છે, ને ઉત્તમ જન માનનેજ ઇચ્છે છે, માટે માન એ મોટા પુરુષોનું ધન છે.

ઉપલ્યા શ્લોકમાંથી સાર માત્ર એટલો લેવો કે કેવળ ધનનો લોભ કીર્તિ આપતો નથી. ધનને લોભે માણસો કંઈ કંઈ કાવત્રાં ને પાપ કરે છે; માટે નીતિને રસ્તે પૈસો મળે એવી ઇચ્છા રાખવી. લક્ષ્મી કીર્તિનું કમાડ ઠેલતી જઈ પહોંચે છે માટે કીર્તિ મેળવવાનો લોભ રાખવો. એ કીર્તિ સદ્વિદ્યા સંપાદન કરી તેનો યથેચ્છ ઉપયોગ કરતાં આવી મળે છે. માટે પુરુષે પુરુષત્વ મેળવવાનો લોભ રાખવો.

સ્ત્રી જાતિયે પતિ અને પોતાના પરિવારમાં સુખની વૃદ્ધિ થાય એવા સદ્ગુણ મેળવવાનો લોભ રાખવો. સંતતિ સુધરે, સ્વામિનું સુખ વધે ઇત્યાદિ વાતનો લોભ રાખવો.

ઉપલ્યા સ્વલ્પ કથનથી લોભની આવશ્યકતાનો સારો વિચાર મનમાં આવશે અને તેના શુભ વાપરનો સીધો માગ સૂઝ પડશે.

૩ **મોહ.**—મોહનો અર્થ જોવા જઈએતો પ્રીતિ છે. મોહ એ પ્રેમનિશો છે. એ પણ હદમાં હોવો જોઈએ. રૂપના મોહ કરતાં ગુણનો મોહ ઘણો વખણાય છે. ને ખરૂં જોતાં કાર્ય સિદ્ધિ અને કીર્તિનો વધારનારો પણ તેજ છે. જેથી સુખ મળે, યશ મળે એવી વસ્તુનો મોહ ઘણો જરૂરનો છે.

આપણે મોહને શબ્બાકારનું સ્વરૂપ કલ્પ્યો છે, જેનું સ્વરૂપ મૃતવત્ કલ્પેલું છે, પણ જો તે ગુણને માટે અને રૂડા હેતુ અર્થે હોય તો મોહ એ ઇષ્ટ વસ્તુની પ્રાપ્તિઅર્થે—પ્રભુના દર્શનઅર્થે લીધેલી સમાધિ જેવો કાર્યસિદ્ધિ કરનારો છે. મોહ જેમ જીવ જાય એવાં સાહસ કાર્ય કરાવે છે તેમ મોહ શુભ હેતુઅર્થે મુક્તિમાર્ગ મળે, યરા વિરતરે એવાં કાર્ય પણ કરાવે છે. મોહ ખરી મમતા છે. જે ઈશ્વરી પ્રસાદિ ગુણ છે; તે સાધન રહિત કુમળા જીવનું યત્ન કરાવે છે. મા બાળકને પોતાની કોમળ છાતીનું દૂધ પાય છે, તેના સુખ માટે કડવાં ઔષધ પીએ છે, ખરૂં જોતાં તેમને સુખ મળવા, તે નિર્વિઘ્ને ઉછેરવા એક રીતનું તપ કરે છે-આ સર્વે મોહથી થાય છે. બળતી આગમાં પડતું મૂકી કૂતરી પોતાનું બચ્ચું મોંમાં ઘાલી બહાર નીસરે છે આ સાહસ મોહ કરાવે છે. મોહનો ગુણ ખરૂં જોતાં છેક વખોડી કાઢવા જેવો નથી. મોહ જનમંડળમાં જેમ દુ:ખની વૃદ્ધિ કરે છે તેમ દુ:ખનો અટકાવ પણ કરે છે.

જે મળવાથી કોઈપણ પ્રકારનો લાભ થાય, જે મેળવતાં કોઈ પણ રીતનું શરીરને કે આબરૂને આળ ન આવે એવી વસ્તુનો મોહ જરૂરનો છે. પુરુષે સ્વપત્નિનો અને સ્ત્રીએ પોતાના પતિનો, છોકરાંએ માબાપનો અને માબાપે છોકરાંનો, રાજાએ પ્રજાનો અને પ્રજાએ રાજાનો જાગૃત મોહ રાખવો. જાગૃત લખવાનું કારણ માત્ર એટલુંજ છે કે, જાગૃત મોહ ફાયદો કરી શકે છે.—જાગૃતનો અર્થ સમજીને પણ થાય છે. મોહને વિષે બૂડી જવું નહિ પણ તરતા રહેવું. કારણ કે, અતિ મોહ અંતે કલેશ કરાવે છે, ને તેનું પરિણામ ઘણું નબળું નીપજે છે.

**૪. મદ.**—એ મારૂં માનવાપણાનો વિકાર છે જેની

ઘણી જરૂર છે; ને તેની જરૂર છે માટેજ જગદીશ્વરે તે જનજાતિમાં મૂકેલો છે. પણ અહિં એટલું ખૂબ યાદ રાખવું કે—એ મદ પ્રીતિ અર્થે રાખવો, પણ ગરૂરી અર્થે કદી રાખવો નહિ. ગર્વના હેતુમાં રખાયલો મદ હાનિ અને પરાજય કરાવે છે. કારણ કે ગર્વ પ્રભુને વહાલો નથી તેમજ જ્ઞાની પણ તેની નિંદા કરે છે. "પ્રભુ ગર્વ ગંજન છે" એમ લોકો બોલે છે, ને આપણે ચાલતી ઘટમાળથી જોઈએ છીએ પણ તેવુંજ. પ્રેમ પ્રભુને વ્હાલો છે, પ્રભુ તેનો જય કરાવે છે. આ મારો દેશ છે; એની ઉન્નતિ થાય એવા સાસ ઉપાય મારે યોજવા એવો મમત્વ રાખવો, એ મમત્વ ગર્વના રૂપમાં નહિ ગણાશે, પણ પ્રીતિના રૂપમાં ગણાશે, ને તેથી ઘણો ફાયદો થશે; પણ મારા દેશ સમાન બીજો કયો દેશ છે? આ'વો મદ અંતે નુકસાન કરાવશે. આ દેશ મારો છે, શું એની લાજ લૂટાય? આ'વો મદ ઘણો ઉપયોગી છે, તે દેશનું રક્ષણ કરશે; પણ આ દેશ મારો છે, શું તેના પગ નીચે બીજો નહિ દબાશે? આ'વો મદ કશા કામનો નથી. તે દેશમાં ઉપદ્રવ ફેલાવશે ને શત્રુની ધાડ ઘાલશે.

મદનો અર્થ જોર અથવા ચરબી પણ થાય છે. લાજ રાખવાનો મદ રાખવો. પણ લાજ લેવાનો કદી રાખવો નહિ. સ્વદેશાભિમાન, જાત્યાભિમાન અને કુળાભિમાન એ તેના પ્રેમને અર્થે રાખવા પણ ગર્વને ભાવે રાખવા નહિ. કારણ કે ગર્વમદ ગાંડું કામ કરાવે છે. ગર્વ બઝાડી આપે છે, પણ પ્રેમમદ બાઝવા આવનારને વછોડી દે છે. આ દેશના શૂરા ક્ષત્રિયોએ જે લોહીનાં પૂર વર્ષાવી રણક્ષેત્ર રાતાં કીધાં હતાં તે પ્રેમમદને લીધે પણ ગર્વમદને લીધે નહિ. શૂરા પ્રતાપસિંહે જે ઉજ્વળ ટેક લીધો હતો તે કુળાભિમાનને લીધેજ. એ એનો ટેક તે મદજ ગણવો, જેને પ્રેમમદના વ-

ર્ગમાં મૂકવો ઉચિત છે. પ્રેમમદથી થયેલો પરાજય વિજયના રૂપમાં ગણાય છે, કારણ કે તેથી કીર્તિ વિસ્તરે છે. ગર્વમદ ફ્રાન્સે કરવાથી પરાજય મેળવ્યો જે પરાજય અપકીર્તિના રૂપમાં નોંધાયો છે.

મનુષ્યે પોતાની જાત, સ્ત્રી પુત્રાદિકના ઉદય અર્થેનો મદ (મમત્વ) રાખવો, પણ મારા સમાન બીજાં નથી, ને હું જેવો કોઈ નથી એવો મદ ( ગર્વ ) કદી રાખવો નહિ. આટલા વ્યાખ્યાનથી મદની આવશ્યકતા, ને ઉપયોગની ખબર પડશે માટે વિશેષ લખવાની જરૂર નથી.

૫ માત્સર્ય.—માત્સર્ય ગુણ માઠો છે એમ આપણે જોઈ અન્યાર્થ ઓદ કુત્સિતે પોતાના ઈર્ષાના જરૂર છે. છતા ક્રોધ ઉપજાવે છે, ને આવી બાબત ઉપરનો ક્રોધ તેવી વાતના અંકુશ રૂપ છે. નિર્દયપણું અહંકારાદિ દુર્ગુણો ઈર્ષા કરવા યોગ્ય છે. માટે તેમની અદેખાઈ કોઈપણ રીતે ખોટી નહિ ગણાશે. લુચ્ચાઈ, દોંગાઈ, કાવતરાં, જૂઠ, ચોરી, વ્યભિચાર આદિની અદેખાઈ થવીજ જોઇએ; અને તે અદેખાઈનો ઉપયોગ એવી રીતે કરવો કે તેથી ઇચ્છિત વાતનો પરિણામ સારો નિપજે. મગજમાં મિથ્યા પીડા પેદા કરનારી અદેખાઈ કરતાં દુર્ગુણનો નાશ કરવાંના સંગીન વિચારોરૂપી મગજનો માવો વધારનાર મત્સર સારો ગણાશે. મત્સર ઉપજવાની બાબતને શુભ હેતુ અર્થે ક્રોધનું વિવેચન આપ્યું છે તે સાથ મેળવી દેવી જોઇએ, તેમ કરવાથી આ વિષે વિશેષ વિવેચનની જરૂર નથી.

ઉપરની સર્વ બાબતનો સાર અતિ સંક્ષેપે નીચે કવિતામાં જણાવું છું:—

### દોહરા.

કામ મનુષ્ય [1]પુરુષાર્થમાં, ગણાય છે શુભ રીત;
રૂડિ [2]કામનાં રાખતાં, નીતિ ભક્તિમાં નિત્ય. ૧
હિત થાવા ઉદ્દેશનો, ઉપજે જે ઉર ક્રોધ;
છે તે સ્તુત્ય ખરેખરો, અનીતિને અવરોધ. ૨
રૂડિ વાતની [3]લાલસા. કીર્તિ વધારણ કામ;
પરમારથની પેખતાં, દીસે અતિ ઉદ્દામ. ૩
ગુણનો મોહ રૂડો ગણો, આશ્રિત જનનો એમ;
પ્રભુ ભક્તિનો સર્વદા, છે સુખદાયક તેમ. ૪
પ્રેમમિશ્ર મદ પ્રૌઢ ફળ, આપે કીર્તિ સાથ;
આશ્રિત રક્ષણને વિષે, નાંખો મૂછે હાથ. ૫
ઇર્ષા [4]અવળી રીતની. કરવી દિસે ઉચીત:.
છે છવિકાર અગત્યના, પણ નિયમેજ રખાય;
તો યશ વાધે વિશ્વમાં, રાજાત્મજ ગુણ ગાય. ૭

## प्रकरण १२ मुं.

### मनोविकारनो अवरोध अने प्रतिकार.

પાછલાં પ્રકરણોમાં મનોવિકારના અપગુણ અને ગુણ વિષે જોઈએ તેટલું નિરૂપણ કરવામાં આવ્યું છે, તે માંથી ગુણ અવગુણનું તોલ ન કરીએ તો અવગુણનો કાંટો નીચે નમે એમ આપણે ધારીએ છીએ. જગત્માં તેથી ફાયદાને બદલે ગેરફાયદા થતા વધારે જોવામાં આવે છે.

---

૧ પુરુષાર્થ ચાર ગણાય છેઃ—ધર્મ, અર્થ, કામ, અને મોક્ષ. ૨ રૂડી ઇચ્છા. ૩ લાલચ—લોભ. ૪ અનીતિ, અદેખાઇ અન્યાયની કરવી ઊચિત છે.

વિષ ઔષધના ઉપયોગમાં આવે છે ખરૂં, પણ તેમાં પ્રાણ લેવાનો ગુણતો દેખીતોજ છે, માટે તેનુ પડીકું †ઠાવું રાખવું અને તેનો ઊતાર જાણવો જોઇએ; તેમ મનોવિકાર જો કે યોગ્ય પ્રસંગે ઉપયોગી છે તથાપિ તેનાથી હાનિ ઘણી થાય છે, માટે તેનો અવરોધ કરવાની અને પ્રતિકાર જાણવાની ખરી જરૂર છે; માટે તે વિષે કાંઈક આ પ્રકરણમાં લખવું ઉચિત ધારૂં છું.

આર્યોના વેદાંતના અનેક ગ્રંથો મનોવિકારના અવરોધ અને પ્રતિકારે સંપૂર્ણ ભરેલા છે, જે લખવામાં વિદ્વાનોએ ખરૂં તત્વજ્ઞાન દર્શાવ્યું છે. વિકારરહિત આત્મા થાય તોજ તે પોતાના સ્વરૂપને પામી (ઓળખી) પરત્મામાં ભળે, તો જ તેને મોક્ષ મળે આદિ બોધ કીધેલો છે. પણ તેમાંનો સાર જોતાં એમ જણાય છે કે—વૈરાગ્યના ઔષધનું પાન કરેથી મનોવિકારોથી મુક્ત થવાય છે; ને જોતાં પણ તેમ છેજઃ એટલે સંસારિક વિષયોથી વેગળો રહે તોજ મનોવિકારોથી મુક્ત થવાય, એમ જણાવેલું છે. સંસારને ઉત્પાતનો અને મનોવિકારોનો ઉછળતો દરિયો તેઓએ કલ્પેલો છે; માટે તેથી વિરક્ત થતાં, દેહાદિકને નરકનું ગેહ ગણી તેના ઉપરનો ભાવ કાઢી નાંખતાં મનોવિકારરહિત થવાશે એમ લખેલું છે. આ'વા આ'વા ઉગ્ર બોધ કરી માણસને મુમુક્ષુ બનાવવાના માર્ગ બતાવેલા છે. જેમાંનું તત્વ આપણે તે વાંચી ગ્રહણ કરી સંસારને વિષે આપણને બંધ બેસતો સાર આપણે લેવો જોઈએ.

મનુષ્ય માત્ર વિતરાગી થઈ જાય તો આ જગત્ ઈશ્વરે જે હેતુથી રચ્યું છે તે હેતુ પાર પડે નહિ, ને સૃષ્ટિની રચના તૂટી જાય; માટે તેમ કરી ઈશ્વરી સંકેતને આડે આ-

† ઠેકાણાસર.

વનારા માર્ગ વિષે હું લંબાણ કરતો નથી. પણ આ બાબતમાં જ્ઞાનિયોએ જે ઊંચા પ્રકારનું જ્ઞાન દર્શાવ્યું છે તેમાંનો સાર ગ્રહણ કરવાની હું સર્વ કોઈને ભલામણ કરૂંછું.

મુસલમાન, ખ્રીસ્તિ, પારસી, આદિકનાં ધર્મશાસ્ત્રોમાં પણ મનોવિકારને મારવાને પુષ્કળ લખેલુ છે, ને તેના પ્રતિકાર દર્શાવ્યા છે. હું ધારૂંછું કે કોઈપણ સચ્છાસ્ત્ર એવું નહિ મળી નહિ આવે કે જેમાં મનોવિકારોના અવરોધની અને પ્રતિકારની વાત ન નીકળે.

રોગાદિકને માટે જેમ વૈદ્યકના ગ્રંથો જોવાની જરૂર છે તેમ મનોવિકારોના અવરોધ અને પ્રતિકારને માટે સચ્છાસ્ત્રો વાંચવા અને સાંભળવાની જરૂર છે. તે સાંભળતાં અને વાંચતાં મન નિર્મળ અને દૃઢ થશે, ને વિકારોનું પરિબળ નરમ પડી જશે. આ ઠેકાણે માત્ર તેવા ગ્રંથોનું દોહન દાખલ કરતાં એક મોટો ગ્રંથ ભરાય એટલું લંબાણ થઈ જાય, માટે હું તેમ કરતો નથી. પણ વાંચવા અને શ્રવણ કરવાની સૂચના માત્ર કરૂંછું. પોતે કંઈ વસ્તુ અપાઈ નથી પણ તે મેળવવાનો રસ્તો બતાવ્યો એ આપ્યા બરાબર છે એમ ગણી હું આ પ્રકરણનું બાહુલ્ય વધારતો નથી, તોપણ મારા તરફની મારી સ્વલ્પમતિ પ્રમાણે સ્વલ્પ સૂચના કરૂંછું.

## મનોવિકારના અવરોધ વિષે:—

૧ વિકારના અવરોધ અર્થે મન કબજે રાખવું. તેને વિવેકથી વેગળું રાખવું નહિ.

૨ પંચેન્દ્રિયોને તેમના વિષયમાં છેક લીન રાખવી નહિ.

૩ ગાફલ મન કદી રાખવું નહિ. બેફિકર અથવા વિચિંતપણું રાખવું નહિ, તેમ અતિશય ચિંતાનું સેવન કરવું નહિ.

૪ નીતિનાં અને ધર્મનાં પુસ્તકરૂપી જળે મનને પવિત્ર રાખવું.

૫ સંત સમાગમ કરવો-તેમાં તેમનો બોધ સાંભળી જ્ઞાનનું પાન કરતાં રહેવું.

૬ સહન શીલતા, દયા, સિયલ, સંતોષ આદિ સદ્ગુણોનો ક્વાથ પીતાં રહેવું.

૭ ઇંદ્રિય નિગ્રહની કસરત કરતાં રહેવું.

૮ વિચારોને વહેતા મૂકવા નહિ; જેમ શરદી અને લૂમાં ભટકતાં ફરવું નહીં તેમ.

૯ લોકલજ્જા, મર્યાદા આદિનાં વસ્ત્રે મનને સદા વેષ્ટિત રાખવું.

૧૦ તૃષ્ણાની ખાડીથી મનને સદા દૂર રાખવું; કારણ કે, તેમાંના પાણીની મેલેરિયા જેવી હવા લાગતે મન વિકારી થશે.

૧૧ મન આનંદી અને ઔદાર્યતા તથા ધૈર્યતાવાળું રાખવું.

૧૨ પોતાને વિષે અપૂર્ણતા છે એમ હમેશાં જાણવું.

૧૩ પારકું સારૂં જોઈ સંતોષ પામવાની ટેવ પાડવી.

૧૪ વસ્તુ માત્ર વિકારી અને નાશવાન્ છે એ સિદ્ધાંત સ્મરણમાં રાખવો.

૧૫ કોઈ પણ કામના પરિણામની પાર જોવાની ટેવ રાખવી.

ઇત્યાદિ રીતે વર્ત્તતાં વિકારોનો અવરોધ થશે.

મનોવિકારના પ્રતિકારના માર્ગ:—

૧ કોઈ પણ વિકારનું પરિબળ થતાં વિવેકબુદ્ધિ નામના વૈદ્યને ઝટ મનની પાસે બોલવવો, અને તેની સલાહ પ્રમાણે કામ લેવું. જેમ સર્પદંશ કે વિષપાનના ઉપાધિ સ-

ભયે તથા કોગળિયાના વળગતા વ્યાધિની વેળા એ પ્રવીણ દાક્તર કે વૈદ્યને ઝટ બોલાવવાની જરૂર છે, તેમ મનોવિકારનું પરિબળ થતાંજ વિવેક વૈદ્યની હાજરીની જરૂર છે. સારાંશ વિકાર વેળાએ વિવેક બુદ્ધિની સલાહ પ્રમાણે ચાલવું. તેના હાથમાં નાડી આપે તે આધિવ્યાધિ રૂપ વિકારને શમાવવાની સલાહ આપશે ને દવા (ઔષધ) દેશે.

૨ વિકારોત્પત્તિ વેળાએ પૂર્ણ સાવધાની રાખી પરિણામ સામે સૂક્ષ્મ દૃષ્ટિથી ધૈર્યના નળિકાયંત્રથી જોવું; કારણ વિકારની ઊડતી ધૂળ પરિણામ દેખવા દેતી નથી. સારાંશ મનોવિકારના ઉદ્ભવ સમયે તેનો પરિણાંમ શો થશે તે ધીરજથી જાગૃતપણે જોવો, એથી વિકારનું પરિબળ નરમ પડી જશે. જેમ રોગની વૃદ્ધિનું કારણ ખાલી વલખાં છે, તે પ્રાણ જશે કે વિશમ વેદના થશે તે સૂઝવા દેતી નથી, તેંમ વિકારોની ઊડતી રજ પરિણામ દેખવા દેતી નથી. રોગીએ સ્વાદેન્દ્રી વશ રાખવા પરિણામપર ધીરજથી ધ્યાન આપવાની જરૂર છે, તેમ મનોવિકારવાળાંએ માઠાં ફળ સામે વિચાર કરવાની જરૂર છે.

૩ વિકાર થતાંમાં સુબોધ આપનારી કહાણીઓ અને ચાનક ઉપજાવનારી કથાઓના કવાથ પીવા જારી કરવા; એથી વિકાર શમી જશે. સારાંશ તેવી કહાણીઓ અને વાતો વાંચવી અથવા શ્રવણ કરવી.

૪ શરીરસંપત્તિ નિરોગી રાખવા, તેને થતો રોગ અટકાવવા કેટલાંક ઔષધના સંગ્રહની શીશીઓ તેપર નામ લખેલી પટ્ટીઓ ચોઢી સંઘરી મૂકવાની જરૂર છે, તેમ મન સંપત્તિને વિકારોથી ઝટ મુક્ત થઈ જવાનાં પુસ્તક અને કહેવતોના સંગ્રહની જરૂર છે. જે કહેવતો અને પુસ્તકો ઝટ જડે અને નજરે પડે એવી તેની ગોઠવણ રાખવી.

૫ સર્વ પ્રકારના વિકારોનું ઉદ્ભવસ્થાન તૃષ્ણા છે, માટે તૃષ્ણાનો ઉદ્ભવ થતાં સંતોષામૃતનું પાન કરતાં રહેવું.

૬ ક્રોધ વ્યાપતાં ક્ષમા અને શાન્તિનો શરબત પીવો. કંઈપણ ઉદ્યોગે લાગી જવું, અને તાવનું જોર નરમ પાડવા સોડ તાણી પરસેવો વળવા દઈએછીએ તેમ ગમ મારી જવી, એથી થોડા વખતમાં એ વિકાર નરમ પડી જશે.

૭ લોભ થતાં સંતોષનું સેવન કરવું, ને "અતિ લોભે હાણ" એ મંત્ર જપ્યા કરવો. મતલબ સંતોષ રાખવો.

૮ મોહ થતાં તે વસ્તુના મિથ્યાપણા અને પરિણામના જ્ઞાનની જાગૃતિની શીશી સુંઘવી. સારાંશ મોહનો પરિણામ વિચારવો.

કરવાનો નાસ લેવો, એથી મદ ઉતરી જશે; તથા વસ્તુ માત્ર નાશવાન્ અને ચલિત છે એવા જ્ઞાનનું પાન કરવું. મરણનો ભય મનમાં લાવવો, ઇત્યાદિ.

૧૦ મત્સર થઈ આવતાં તેથી શો લાભ છે તે તપાશી વિકાર ન વધે માટે પાપી વિચારથી દૂર રહેવાની પરેહજી પાળવી, ઇત્યાદિ.

આપણે આગળ કહી ગયા છીએ કે, મનોવિકાર ઊડતા ચેપી રોગ જેવો છે, જેનો તે થતાંમાં તરત ઉપાય કરવો, તો ઉપર જે સારમાં સાંકેતિક રીતિ બતાવી છે તે તેના પ્રતિકાર (ઉપાય) છે, માટે તે વિકાર થતાંમાં લાગુ કરવા.

**સારાંશ નીચે પ્રમાણે.—**

**દોહરા.**

મનવિકાર અવરોધના સચ્છાસ્ત્રોના ગ્રંથ,—
વેદાંતાદિક છે ભલા, પ્રતીકારના પંથ.

વાંચો તે વિગતે થકી, સુણો સુશ્રદ્ધા સાથ;
સાર સંગ્રહો તે તણો, રાખી હૈયું હાથ. ૨
મન નિગ્રહ કરવા તણી, કસરત કરો હમેશ;
પંચેન્દ્રીવશ રાખતાં, કદિ ન પામશો ક્લેશ. ૩
નીતિજળથી નિર્મળું રાખો મન નરનાર;
સંતબોધ સુણતે કદી ઉપજે નહીં વિકાર. ૪
વિચારના મેદાનમાં, મન રમતું બહુવાર—
રાખો નવ, રાખો ધરી પટલજ્જાદિક સાર. ૫
તૃષ્ણાજળ ઝેરી થકી, રાખો મન અતિ દૂર;
જો હિત ચાહો આપનું, જિવવું ચહો જરૂર. ૬
વિકાર પરિબળ વાધતાં, [1]વિવેક વૈદ સુજાણ;
લાવો મનની આગળે, જેથી આરોગ્ય ૭
વિકાર થાતાં વારને, વિચારવા પરિણામ;
એ પણ શુભ પ્રતિકાર છે, જેથી થાય વિરામ. ૮
ક્લેશ કલહથી કરણનું સ્મરવું દુઃખ દૃષ્ટાંત;
ક્રોધ વિષે જન ક્રોડનાં સ્મરિને થાવું શાંત. ૯
લોભ વિકારે શેરના સટ્ટા કરવા યાદ,
મોહે કંઈ માર્યા ગયાં, સ્મરવો તેનો સ્વાદ. ૧૦
મદ થાતાં પોતા થકી, શ્રેષ્ટ પેખવાં આંખ;
મત્સર માલવનો ગણો, જેથી લાગે ઝાંખ; ૧૧
આ રીતે વર્ત્યા થકી, મનોવિકારો માત્ર;
ઉપજતા સૌ અટકશે, ગળશે નહિ શુભ ગાત્ર. ૧૨

## પ્રકરણ ૧૪ મું.

### ઉપસંહાર.

મનના સ્થાયીભાવમાં અન્યરસ ભળવાથી મનોવિકાર

---

૧ વિવેક રૂપી વૈદ્ય.

ઉત્પન્ન થાય છે. જેમ દૂધમાં છાશ કે બીજી કાંઈ ખટાશ મળવાથી વિકૃતિ થાય છે તેમ મનોવિકાર એ મનમાં અંધાધુંધી ઉપજાવનારૂં અલ્પ વખતનું તોફાન છે. તે વખતસર આવતા મેહ જેવો નથી, પણ ગમે તે વખતે થઈ આવતા માવઠા જેવો છે. માવઠાથી બિગાડનો સંભવ વધારે છે, પણ તેથી ફાયદો ક્વચિતજ થાય છે; મનોવિકારનો પરિણામ પણ તેવોજ છે. મનોવિકાર કામના પરિણામને સૂઝવા દેતો નથી; જો સૂઝવા દેતો હોયતો તે સારોજ ગણાત. પ્રોફેસર થોમસ રીડે મનોવિકારને માટે લખ્યું છે કે—"બરોબર રીતે કહીએ તો મનોવિકાર એ અંધાપા જેવો છે; જે તરતના સંતોષની પાર જોઈ શકતો નથી, અને તે એવા કાર્યને જઈ અથડાય છે કે જેથી ઘણા અકસ્માત બને છે. વિકાર જે સંતોષને જુએ છે તે સંતોષ અયોગ્ય અને દુઃખકારક નીવડે છે; અને જ્યારે તેમાં અયોગ્યતા નથી હોતી ત્યારે તે ફરજ બજાવ્યા જેવું કાર્ય કરે છે. એવા વિકાર બુદ્ધિને સહાય આપે છે અને તેની અસરને જુસ્સો આપે છે."

"જે જુસ્સો મનની શાંતતા અને દૃઢતામાં કંઈ પણ ફેરફાર કરે, તેની રચનાને ચલાયમાન કરે તેનું નામ મનોવિકાર જાણવો. મનોવિકારથી આપણે મજબૂત લાલચમાં પડવાને યોગ્ય થઈએ છીએ. જો આપણામાં મનોવિકાર ન હોત તો ખોટી ચાલની લાલચમાં આપણે ભાગ્યેજ પડત. કારણ કે જ્યારે આપણે મનોવિકાર રહિત નજરે જોઈએ છીએ ત્યારે વસ્તુનું ખરૂં સ્વરૂપ જાણ્યા વિના રહેતા નથી. હું ધારૂં છું કે, આપણે ઠરેલ અને દીર્ઘ દૃષ્ટિથી જોઇએ તો ખોટાં કામમાં કદી પડીએ નહિ." પણ આ જગ્યાએ એટલું જણાવવાની જરૂર છે કે, ઠોકર ખાધા પછી માણસની આંખ ઉઘડે છે, ને શુદ્ધિ ઠેકાણે આવે છે. મનોવિકાર આડે માર્ગે

દોરી દુ:ખરૂપી કાંટાની વાડમાં નાંખે છે ત્યાર પછીજ સીધો રસ્તો સૂઝે છે. આમબને છે માટે ડાહ્યા પુરૂષે કહ્યું છે કે,—

### दूहो.

" जो मति पिछे ऊपजे, सोमति आगे होइ;
काम न बिगरे आपको, दुर्जन हसे न कोइ.

" મનુષ્ય માત્રમાં વિવેક બુદ્ધિ સારાં કામ કરવાને પ્રેરે છે, અને મનોવિકાર તેનાથી વિરૂદ્ધ રીતે વર્ત્તે છે. આથી વિકાર અને બુદ્ધિનું યુદ્ધ મનમાં મચી રહે છે; જેમાં બુદ્ધિનો જય થાય તો મન તેની પ્રેરણા પ્રમાણે ચાલે છે, અને વિકારનું બળ વધી પડે તો મન તેનું દોર્યું દોરાય છે. કોઈ પણ કાર્ય વિવેક બુદ્ધિની સહાયતાથી બને છે તો તેથી મનને પરમાનંદ પ્રાપ્ત થાય છે, અને વિકારની સહાયતાથી થાય છે તો તેથી ફલાણું કામ થયું, તે કરવાની જરૂર નહોતી એમ તેને જણાય છે, અગર ન થયું હોત તો સારૂં એમ પશ્ચાતાપ થાય છે. મનોરાજ્ય પ્રજાસત્તાક રાજ્ય જેવું છે; જેમાં વિકારાદિક પ્રજા તેને તાબે રહી તો તેથી સારા પરિણામ નીપજે છે, ને ન રહી તો તેથી રાજ્યનો વહિવટ સારી રીતે ન ચાલતાં માઠાં પરિણામ નીપજે છે. મનોવિકારનું બળ કેટલું છે તેનું વર્ણન પૂરતી રીતે થઈ શકતું નથી.

મનોવિકારથી માત્રમાઠાંજ કામ થાય છે એમ નથી; તેનાથી બુદ્ધિ કબૂલ કરે એવાં સારાં કામ પણ નીપજે છે. કેટલાક મનોવિકાર એવા છે કે જેથી પરોપકારનાં કામ થાય છે અને કેટલાકથી સ્વાર્થ પણ સધાય છે.

મનોવિકારનું મૂળ અને તેની સાધારણ સ્થિતિ ગુણના હેતુથી હોય છે, પણ જ્યારે તે હદ બહાર જાય છે ત્યારે તેથી અનિચ્છિત ખોટું કામ થાય છે.

વેરના મનોવિકારથી મનની શાંતતાનો ભંગ થાય છે. એ વિકાર હદમાં હોય તો પણ તેને મનોવિકાર કહેવો; અને પરોપકાર, પ્રીતિ, દયા આદિના કામમાં હદમાં જુસ્સો હોય તો તેને ભાગ્યે મનોવિકાર કહેવાય. જો કે આપણે પરોપકાર, ઉપકાર, અને મૈત્રીના વિકારને મનોવિકારના સાધારણ નિયમથી બાદ કરીએ છીએ, તોપણ તે હદ બહાર હોય તો તેને મનોવિકાર કહેવો જોઈએ."

ઉપર અવતરણ ચિન્હમાં જણાવેલા વિચારો પ્રોફેસર થોમસરીડના મનોવિકાર વિષે જણાવેલા વિચારોનું દોહન છે. તેમજ નીચે પણ અવતરણ ચિન્હમાં સમાવેલું લખાણ તે વિદ્વાનના વિચારોનું દોહન છે; જે વિદ્વત્તા ભરેલું અનુભવ સિદ્ધ જણાવાથી અત્રે દાખલ કર્યું છે, ઇત્યાદિ.

મનોવિકાર ઉપજવાનાં અનેક કારણો હોય છે, જે આપણે પ્રકરણ બીજામાં ઘણાં ખરાં બતાવી ગયા છીએ, તોપણ તે વિષે થોડું વિવેચન અત્રે કરીશું તો તે નિરૂપયોગી નહિ ગંણાય.

"આ વિષય લખનાર દરેક ગ્રંથકાર મનોવિકાર ઉપજવાના છ ભાગ કલ્પતા આવેલા છે. ૧ ઈચ્છા, ૨ અનિચ્છા, ૩ આશા, ૪ નિરાશા, ૫ હર્ષ અને ૬ શોક આ પ્રમાણે છ ભાગ કલ્પેલા છે, પણ આપણે વિચારવું જોઇએ કે—આ ભાગ મનોવિકારનાજ નથી, પણ મનુષ્ય માત્રના કામના તત્વોના છે.

આ સઘળા ભાગો કોઈ પણ વસ્તુની ઇચ્છાને લાગુ પડે છે, અને કોઈ પણ વસ્તુની ઇચ્છા, અનિચ્છાની વિરૂદ્ધ વિના થતી નથી. ઇચ્છા તે વસ્તુના હાજર ગેરહાજરના પ્રમાણમાં હોય છે. અને તે ઈચ્છા અનિચ્છાથી હર્ષને શોક, આશા ને નિરાશા ઉપજે છે. એ ખુલ્લું છે કે—ઇ-

ચ્છા, અનિચ્છા, આશા, નિરાશા, હર્ષ, શોક એ શાંત અથવા ઉગ્ર હોય છે; અને ઉગ્ર હોય છે તો,તો તેમાંથી મનોવિકાર ઉત્પન્ન થાય છે.”

અમુક રોગ અમુક અવસ્થામાં ઘણુંકરી આવે છે, એક વાર શીળી નીકળી ગયા પછી ઘણુંકરી તેની ધાસ્તી આખી જીંદગી રહેતી નથી, એ પ્રમાણે મનોવિકારોને માટે નથી. તેની ધાસ્તી દેહથી જીવ જૂદો પડતા સૂધી જડાયલીજ છે એમ જરૂર જાણવું, આખો ભવ આખી અણીએ કાઢેલા મનુષ્યને મનોવિકારે પાછલો બે ઘડી દહાડો રહેતાં પાપની ખાહીમાં પાડે છે. આ ઉપરથી એટલું જરૂર યાદ રાખવું કે કોઈ પણ જીવતા મનુષ્યનાં અતિ વખાણ ન કરવાં. અતિ વખાણ મનુષ્યમાં અહંપદ ઉપજાવે છે, અને તેથી અજ્ઞાની મિથ્યા મનોવિકારનો ભોગ થઈ પડે છે. ખરા તત્વજ્ઞાની તો જીવતા મનુષ્યનાં તેને મ્હોઢે વખાણ કરી તેમે ફૂલાવતા નથી, પણ સારાં કામ કરવા પ્રવૃત્ત થવાનો બોધ આપે છે. સોલન નામના તત્વવેત્તાને ઈરાનના શાહ સાઇરસે પોતાની રિદ્ધિ બતાવી સવાલ કર્યો હતો કે—દુનિયામાં સુખી કોણ છે? પ્રવીણ સોલને તેને (તે શાહને) પોતાને સુખી ન કહેતાં, રોમનો એક વૃદ્ધ પુરુષ—જેના બે જુવાન દીકરા સ્વદેશરક્ષણાર્થે રણક્ષેત્રમાં માર્યા ગયા હતા તેનું નામ સુખીમાં કહી સંભળાવ્યું. આથી શાહને માઠું લાગ્યું, પણ તેમ થવા દેવામાં સોલને ખરો વિવેક વાપર્યો હતો. તેનું ધારવું એવું હતું કે, એક માણસને વખાણી અહંકારી કરવા કરતાં તેને બોધ મળે એવું માઠું લગાડવું એ વધારે સારૂં છે.

વખાણ હદ બહાર એવાં ન કરવાં કે, જેથી મનોવિકાર ઉપજે; પણ દુનિયામાં એક એકથી સરસ છે એમ

જણાવી આપી શુભ કામ કરવાને પ્રવૃત્ત થાય અને અહંપદથી મુક્ત થાય. એમ કરવું જોઈએ.

એક વિદ્યાર્થીનાં ઘણાં વખાણ કરવાથી તે આળસુ અને પ્રમાદિ થઈ જશે, ને હું સમાન કોઈ નથી એવા મનોવિકારમાં ગોથાં ખાશે, પણ તેને કહેવું કે—જો તું આજ પ્રમાણેનો અભ્યાસ જારી રાખે તો ફલાણા જેવો થાય. આ પ્રમાણે કરવાથી બેશક સારૂં ફળ થશે.

આપણા દેશના ભાટ ચારણો ત્રણ ગામના એક ઠાકોરને વિક્રમ અને ભોજ જેવો કહી વખાણે છે, એથી તે આળસુ, એદી અને પ્રમાદિ થઈ જાય છે; જગત્‌ને તૃણવત્ લેખે છે, અને હુંપદમાંથી આંખ ઉપાડતા નથી. જાણે ચક્રવર્તી પોતેજ છે એવી ફેફ આંખોમાં રાખે છે, ને પોતાના તાનમાં મસ્તાન રહે છે. જેથી જગત્ ઉપર શા શા ફેરફાર, શો સુધારો થાય છે તે તે જાણી શકતા નથી. રે! મિથ્યા વખાણના ઉન્માદથીજ દેશીરાજ્યોમાં અંધાધુંધી થઈ ગઈ અને વાઘના બકરી જેવા બની ગયા!

વખાણ જેમ મનોવિકારનું કારણ છે, તેમ નિંદા પણ મનોવિકારનું મોટું કારણ છે. નિંદાથી માણસને નરસું લાગે છે ને ક્રોધ ચઢે છે. એથી બોધ લાગી શકતો નથી. કુચાલ તજાવવા અર્થે પરોક્ષે કોમળ વચને બોધ કરવો; કહ્યું છે કે,—

### ગીતિ.

"કઠોર શિક્ષા દેતાં, કોમળ શિખવે ઘણું દૃષ્ટાંતે;
વળિ તે સહેજે સહેજે, હસતાં હસતાં શિખાડિદે ખાંતે."

ન. લ.

મનોવિકારની બાબતમાં એટલું જરૂર યાદ રાખવું કે—"अति सर्वत्र वर्जयेत्." સારી વાતના વિકાર પણ હ-

દથી જાદે થઈ જતાં કશો સ્વાદ કે ફળ આપતા નથી; ઉ-લટી હાનિ પેદા કરે છે. જેમ અતિશય ખાંડ કે ગોળ ભેળેલો લાડુ ખવાઈ શકતો નથી. એક વાસણનો કાટ કાઢવા તેને ચકચકીત કરવા હદથી જાદે ઘસવાથી કાણું ને નિરુપયોગી થઈ જાય છે, તેમ મનોવિકારની બાબતમાં પણ વિવેકે વર્ત્તવું જોઇએ. ડાહ્યા પુરુષોએ, હદથી જાદે મનમાં સારૂં કે માઠું તોફાન થઈ આવે છે તેનેજ મનોવિકાર ગણેલો છે, તે હદમાં રહી શકતો નથી માટેજ તેને નિંદેલો છે.

જે માણસમાં સહનશીલતાનો ગુણ નથી હોતો, અને પોતાના શત્રુના ચીઢવવાથી સહેજ સહેજમાં ચીઢાઈ જાય છે, તે જય પામતો નથી; પણ પોતાનોજ નાશ કરે છે. તેના શત્રુ તેને ચીઢવી તેના મનોભાવથી માહિત થાય છે. કારણ કે ક્રોધના આવેશમાં તે માણસ પોતાના મનોભાવથી તેમને જાણીતા કરે છે; એથી તેઓ ચેતી ચાલે છે, અને ક્રોધીનો ઘાટ ઘડવો તેમને સૂઝ પડે છે. માટે તામસી પ્રકૃતિ અથવા તમો ગુણ આપણાજ પગમાં કોહાડો મારે છે એમ જાણી ચિત્તવૃત્તિ શાંત રહે એવો મહાવરો રાખવો. શાંતિ અથવા સત્વગુણપ્રકૃતિ યુક્તિ સૂઝાડે છે, જેથી આપણે મુશ્કેલીની પાર જઈ શકીએ છીએ; પણ રજો અને તમો ગુણ આપણને ભૂલાવો ખવાડે છે, જેમાં મનોવિકારનું અંધારૂં ભરાતાં વાર લાગતી નથી.

આપણે ઉપર કહી ગયા કે કોઈ પણ માણસનાં જીવતાં વખાણ ન કરવાં, એથી મનોવિકારનો સંભવ રહે છે; જેમનો વિકાર અંતે તેની નિંદા કરાવનાર થઈ પડે છે; તો આ જગોએ કોઈ સવાલ કરે કે—સારાં કામ કરનારનાં વખાણ કરી તેને સારૂં ન લગાડીએ ત્યારે આપણે તેનો બદલો શો આપ્યો કહેવાય? અને તેને સારૂં કરવાની વિશેષ

ઉલટ કેમ ઉત્પન્ન થાય? આનો ઉત્તર એટલો છે કે, જે જેવું પાત્ર તેમાં માય એટલુંજ પ્રશંસાનું નીર રેડવું, પણ તે છલકાઈ જાય નહિ એ ઉપર સુમાર રાખવો. મહાન પુરુષો અને જ્ઞાનિયો પ્રશંસાથી પોમાઈ જતા નથી, અને નિંદાથી ખેદ પામતા નથી. તે પોતાના ઉદય અને અસ્તમાં સૂર્યની પેઠે એકજ ધોરણે રહે છે. કહ્યું છે કે,—

**संपत्तौचविपत्तौच महतामेकरूपता ॥**

**उदयेसवितारक्तो रक्तश्चास्तसमयस्तथा ॥ १॥**

અર્થઃ—મોટા પુરુષની સંપત્તિ અને વિપત્તિમાં એકજ સ્થિતિ રહે છે, જેમ સૂર્ય ઊગતાં ને આથમતાં બન્ને વખત રાતો જણાય છે તેમ.

જ્ઞાનીને મનોવિકાર ઉપજતો નથી, જેનાં દશ લક્ષણ છે તે નીચે પ્રમાણેઃ—

**अक्रोधवैराग्यजितेन्द्रियत्वं,**

**क्षमादयाशांतिजनप्रियत्वं ॥**

**निर्लोभदाताभयशोकहीनं,**

**ज्ञानस्यचिन्हंदशलक्षणानि ॥१॥**

ભાવાર્થઃ—અક્રોધ, વૈરાગ્ય, જિતેન્દ્રિયપણું, ક્ષમા, દયા, શાંતિ, જનપ્રિયપણું, નિર્લોભ, દાતા, અને ભયશોક રહિતપણું એ જ્ઞાનનાં દશ ચિન્હ છે. એ લક્ષણ જેનામાં હોય તેને ખરૂં જ્ઞાન થયું છે એમ જાણવું.

પ્રકરણ ચોથામાં લખવામા આવ્યું છે કે—મનોવિકારો પાંચવાનાંથી ઉત્પન્ન થાય છે, સારાંશ પંચ વિષયને યોગે મન નિર્બળ થઈ વિવેકબુદ્ધિને તજી દેછે ને વિકારોની પ્રે-

રણા પ્રમાણે દોરાઈ આત્માને અનેક હાનિ ઉપજાવે છે; તો આ જગ્યાએ પાંચ:વાનાંથી મન દૃઢ કરવાનો-તેને જ્ઞાનના પાનથી નિરોગી રાખવાનો શુભ પ્રકાર સ્વલ્પ બતાવવાની કોશીશ કરૂંછું જેથી મનનો પૂર્ણજય થશે, તે નિરોગી અને સુદૃઢ રહેશે, એથી આત્મા અલૌકિક સુખનો ઉપયોગ કરી શકશે, ને તેથી જન્મ સાફલ્ય થશે.

મનને સુધારવાનાં અને જ્ઞાનની વૃદ્ધિ કરવાનાં મુખ્ય પાંચ સાધન આપણા વિદ્વાનોએ બતાવેલાં છે; જે સારમાં નીચે પ્રમાણે જણાવુંછું:—

૧ લક્ષપૂર્વક અવલોકન, ૨ વાંચન, ૩ વિદ્વજ્જનનાં ભાષણ, ૪ સંભાષણ, ૫ અભ્યાસ અથવા મનન. આ પાંચ બાબતો મનને દૃઢ અને જ્ઞાનવાન્ કરે છે; જેથી મન મનોવિકારને દબાવી દેવા શક્તિવાન્ થાય છે. અજ્ઞાન મનુષ્ય પશુવત્ મનાય છે, જે જલદી ફાંદામાં ફસાઈ પડે છે, પણ જ્ઞાનવાન્ એજ ખરૂં મનુષ્ય મનાય છે, જે સર્વ પ્રકારે સાવધ રહે છે, ને હાનિ કારક પાશમાં ફસાઇ પડતું નથી.

૧ લક્ષપૂર્વક અવલોકનથી વિશ્વકર્ત્તાની ચમત્કૃતિ ભરેલી માયા સૂક્ષ્મરીતે જોઈ શકાય છે, વસ્તુનું સારાસાર પણું પારખી શકાય છે ને તેથી ભૂલાવો ખવાતો નથી. આંખને ભૂલાવો ખવાડનારા રૂપરંગની પરીક્ષા પડે છે અને તેથી મિથ્યા મોહાદિક વિકાર ઉપજતા અટકે છે, ઈત્યાદિ.

૨ વાંચનથી વિદ્વાનોએ સંચિત કરેલા જ્ઞાનનો આપણને લાભ મળે છે, અને તેથી આપણે કયે રસ્તે ચાલવું, અને કેમ કરવું એ સર્વ સમજાય છે. જે જ્ઞાનનો ભંડોળ ભેગો કરતાં ઘણા વિદ્વાનોની આખી જીંદગી ગયેલી તે જ્ઞાન આપણે સહજમાં પ્રાપ્ત કરી શકીએ છીએ, અને તેથી

આપણું મન માતબર થાય છે; જે અધિક જ્ઞાન સંપાદન કરી શકેછે.

૩ વિદ્વજ્જનનાં ભાષણથી વાંચન કરતાં પણ અધિક લાભ થાય છે. જે જ્ઞાન વાંચનથી મળી શકતું નથી તે વિદ્વાનના ભાષણથી સચોટ સત્વર સંપાદન થાય છે. વાંચન કરતાં પણ તેની છાપ હૃદયમાં સજ્જડ બેસે છે. એથી મનના સંશયો તૂટી જાય છે, જે માત્ર વાંચનથી ભાગ્યેજ તુટતા હોય. વળી વાંચવાનો શ્રમ કરતાં જે કાળ ક્ષેપ થાય છે, ને તેથી જે ફળ થઈ શકતું નથી, તે માત્ર થોડીવારમાં સુવક્તા વિદ્વાનના ભાષણથી થાય છે, એ આપણે અનુભવસિદ્ધ જાણીએ છીએ વિદ્વાનના ભાષણે મનોવિકારો નિવૃત્ત થઈ જાય છે. આપણે જોઈએ છીએ અને સાંભળીએ છીએ કે સંત પુરુષને બોધે કરીને વાટપાડુ અને ગળાં રહેંસનારા હાથમાં માળા ઝાલતા ભક્ત બની ગયા છે.

૪ સંભાષણથી આપણા મનના અનેક સંશયો તૂટી જાય છે. પુસ્તકના વાંચનથી ન પડેલી સમજણ ખુલ્લી થઈ જાય છે. આપણા કોઈ વસ્તુ વિષેના ખોટા તર્ક તેના સ્પષ્ટખરા રૂપમાં આપણી આંખે દેખાઈ જાય છે. આપણી ભૂલ ભાગેછે, અને તેથી મનનો ખરો સુધારો થાય છે.

૫ મનના અથવા અભ્યાસથી આપણે વસ્તુ માત્રના ગુણદોષ અને પરિણામ જાણી શકવાને પાત્ર થઈએ છીએ. ઇંદ્રવારણું રૂપે રંગે સારૂં જણાય છે પણ તે ખાધે મ્હોઢું કડવું થશે, થોરનું દૂધ ભેંસના દૂધથી ઉજળું અને કસદાર દેખાય છે પણ પીધેથી પ્રાણ જશે, આ સર્વ વાત અભ્યાસ અને મનનથી માલૂમ પડેછે. જો પંચવિષય વિષે મનન કરવાની ટેવ રાખી, મનને માહિત કીધું હોયતો મનોવિકારો થવા પામશે નહિ, ઇત્યાદિ.

અજ્ઞાન એજ મનોવિકારને આવવાનું દ્વાર છે. અને અજ્ઞાન એજ મનની ખરી નિર્બળતા છે, જેમાં મનોવિકારનો રોગ આવી મળતાં વાર લાગતી નથી, માટે આપણે જ્ઞાનવાન્ થવું, તે મળવાના માર્ગ શોધવા, એથી આપણી મનસંપત્તિ સુદૃઢ થશે, અને તેથી આપણે ખરૂં ઐહિક અને પારલૌકિક સુખ મેળવી શકીશું. ઈશ્વર આપણાં મન આરોગ્ય રાખે અને આપણા મનોવિકારોને સુધારે એવી મારી પરમ દયાળુ પ્રભુને પ્રાર્થના છે.—તથાસ્તુ !

સમાપ્ત.

# आशा निराशा विषे.

## प्रकरण १ लुं.

### आशा निराशानुं निरूपण.

१ આશા એ શી વસ્તુ છે તેનું નિરૂપણ કરી તેનો અર્થ ધ્યાનમાં ઉતારવાની યોજના પ્રથમ થવી જોઈએ એમ હું ધારૂં છું. આશા એ મનનું આશ્રય સ્થાન છે, અને તે મનોવિકારોને પ્રવેશ કરવાનું મોકળું દ્વાર છે. મનોવિકાર એ શત્રુની કે મિત્રની ગરજ સારવા આવનારો અલ્પ સમયનો ઉપાધિ છે, તેમ આશા એ અહર્નિશ મનની પાસે પડ્યો પાથર્યો રહેનાર ને જીવની સાથે દેહથી જનાર એક પ્રકારનો આધિ છે. ખરી રીતે કહીએ તો આશા એ જીવ સાથે જોડાએલી પ્રવૃત્તિ છે. જે મનુષ્યની ઉમ્મરના પ્રમાણમાં વધતી માલમ પડે છે અને તેના નાશની સાથેજ લય પામે છે.

આશા એ અનેક મનોવિકારનાં કારણોમાં મનાઈ છે. પ્રિય વસ્તુની પ્રાપ્તી અર્થે અથવા ઇચ્છિત સંપાદન થવા, તથા વહાલી વસ્તુને મળવાની ઉત્કંઠા મનમાં રહ્યાં કરે છે તેને આશા કહે છે. બીજી રીતે બોલીએ તો વહાલો પદાર્થ મળવા વિષે અથવા ધારેલું કાર્ય બનવા વિષે રાત્ર દિવસ મનની જે વૃત્તિ રહે છે તેને આશા કહે છે. ત્રીજા અર્થમાં કંઈ પણ વાતની તૃષા રહ્યા કરે છે તેને આશા કહેવામ છે. ઉમેદ અને મનની ઇચ્છાનો સમાસ પણ આશાના અંગમાં રહેલો છે; તેમજ ભરૂંસો, વિશ્વાસ પણ આશાના અંગમાં ગણાય છે.

આત્માની ગાડી દેહ, અટકી પડતે છતે પણ આશા તેની પાસે તે ગાડી હંકાવે છે અને બાપડા જીવને પરિશ્રમ આપ્યા કરે છે. જો કે આત્મા અમર છે એમ શાસ્ત્રકારો કહે છે, તેને જરાવસ્થા કે જુવાની કશું છે નહિ એમ વિદ્વાનો લખે છે, પણ તે દેહ સાથ જોડતાં તેની ગતિ સ્થિતિ દેહ જેવી થાય છે; એટલે બાલ્યાવસ્થામાં જીવનું બાળકપણું, યુવામાં યુવાપણું અને વૃદ્ધામાં વૃદ્ધપણું આવે છે. એટલે દેહ સાથ જીવની સ્થિતિ પણ બદલાય છે. આમ છે તથાપિ આશાતો એવીને એવીજ રહે છે. આશા જીવને વૃદ્ધાવસ્થામાં એવો જંજાળી બનાવી દે છે કે, તે જોઈ જ્ઞાનીને હસવું આવ્યા વિના રહેતું નથી. આશાથી હારી ભર્તૃહરિ લખી ગયો છે કે,—"**तृष्णानजीर्णावयमेवजीर्णा**" અમે જીર્ણ (ઘરડા) થયા પણ તૃષ્ણા જીર્ણ થઈ નહિ!

આશા બાળકને હસાવે છે કૂદાવે છે ને માતાની પેઠે લાડ લડાવે છે; અને જુવાનને પૂર જોશમાં ઝૂઝાવે છે. ખરેખર વૃદ્ધની આશા એ‡ નથ્થુકાકા જેવા એંશી વર્ષના પુરુષને મ્હોઢે મેશ ચોળાવે છે! વૃદ્ધ માણસની દુરાશા એ તેનાં પળિયામાં ધૂળ ઘલાવે છે. તે માત્ર અન્યનેજ ઉપયોગી થઈ પડે છે.

જેમ હાથમાં ધરી સન્મુખ રાખેલી મશાલ તેલ પૂરી પ્રકાશમાન્ રાખતે તે બીજાઓને પ્રકાશ આપે છે, પણ મશાલચી તો આંધળોજ (અંજાયલો). રહે છે, તેમ વૃદ્ધની દુરાશા પણ તેવીજ છે.

---

‡ રા૰ નવલરામ કૃત "ભટના ભોપાળા"માં જણાવેલા જેવા.

આ સંસારમાં આશા એ પ્રાણી માત્રના મનનો વિસામો, તેના જીવતરની ઘડીઓ હોંશે હોંશે કઢાવનાર, લાંબા કંટાળા ભરેલા વખતને સપાટાની સાથે કાપી નાંખનાર સાથી જેવી છે. આશા લાંબા કંટાળા ભરેલા વખતને મૂઠીમાં જણાવી આપે છે. આશા દુઃખમાં દિલાસો આપનાંર અર્ધાંગના જેવી છે; રડતાનાં આંસુ લોનાર માયાળુ માતા જેવી છે; આશાનો બંદો એમ બોલે છે કે—"ઝખ મારે છે! કાલે કામ સિદ્ધ થશે; કાલે દહાડો વળશે; ગણત્રીના દિવસો જતાં શી બાર લાગવાની હતી? ઇત્યાદિ. આ પ્રમાણે છે ખરૂં, તથાપિ ઘડી પછી શું નીપજશે એવો લાંબો વિચાર આંશા સૂઝવા દેતી નથી.

સંસારનો દુસ્તર દરિયો તરવાને આશા એ સંગીન નાવ ગણાય છે. નાવને આશ્રયે સમુદ્ર પાર કરાય છે, તેમ આશા રૂપી નાવમાં બેસી માનવી આ સંસારમાં પોતાનો માર્ગ કાપે છે, સારાંશ તે અનેક કાર્યો કરી શકે છે. આશાના હથિયાર વિના માનવી કશું કરી શકતું નથી. આશાના શડમાં પવન (મન) ભરાતે તે પોતાનું નાવ ખેડે છે, અને અનેક આપત્તિયો ફેડે છે. આશા દુઃખને ગણકારવા દેતી નથી, જેમ નૌકા મોજાંના તમાચા ઝીલી માંહે બેઠેલા જીવડાને હરકત અડવા દેતી નથી તેમ. તોપણ અચેત રહી તેનું સુકાન હાથ ન રાખવાથી તે ખરાબા સાથ અથડાઈ ખરાબી કરી નાંખે છે.

વળી બીજી રીતે જોઈએ તો આશા એ તુંબડા જેવી સંસારના જળમાં તરવાનું એક સાધન ગણાય છે, પણ તેને કાયમ મુકામ રાખી ન જાણવાથી તે દુઃખના અધાત જળમાં વખતે બૂડાડી દે છે, ને તરવાની ક્રિયા કંઈક પણ આવડતી છતે તે તરવા દેતી નથી. જેમ કોઈ

માણસ તુંબડું કેડે બાંધી તરવા પડે અને પછી તે હદમાં રાખી ન જાણે તો તે તુંબડું એવું વાંકુ ખશી તરનારને વિટંબણામાં નાંખે છે કે, તેને તરતાં ફાવતું નથી, અને ઉલટો તુંબડાથી તરછોડાઈ તળિયે જાય છે. જે તેનું તરવાનું સાધન તેજ બૂડવાનું કારણ બને છે.

આશા એ ગારૂડીનાં જેવી ઇંદ્રજાળ વિદ્યા દર્શાવનારી-આંખ અને અંતઃકરણને ઠગી લેનારી ઉપાધિ છે. તે દિવસે તારા દેખાડે છે અને કાળી રાત્રે દિવસનું અજવાળું આંખે આણે છે. તે કાંકરાનો હીરો અને જુવારનું મોતી જણાવી આપે છે. ખરેખર આશા એ મનને ખોટા ખેલો જણાવી ભૂલાવામાં પાડનારી પાકી ઠગણી છે. તે સાધુમુખા મીઠાબોલા ઠગ જેવી છે. જે તેનું અવલંબન કરી તેને ભરોંસે રહે છે તેને તે છેતરયા વિના રહેતી નથી. માણસ તેના દીધેલા દગાથી તરફડે છે અને મરેછે; માણસ તેના દીધેલા દગાથી ધૂળ ચૂથતો થઈ જાય છે; અને માણસ તેના દીધેલા દગાથી જીવતો મુઓ જણાય છે.

આશા એ ધર્મોપદેશક જેવી શાંતિની કરનારી અને ધીરજની દેનારી સાક્ષાત્ સરસ્વતી છે. તે પોતાના ઉપદેશથી મનના દુઃખથી શાંતિ કરી હિંમતનાં હથિયાર અને ધીરજની ઢાલ આપી આ જગત્ રણક્ષેત્રમાં માનવીને વીર પુરુષની પેઠે નિડર ઘૂમતો કરે છે. તે સુખનો સીધો માર્ગ બતાવે છે અને દુઃખના ખાડા પૂરી દેછે. તે ગમે તેવાં સંકટમાંથી બચવાનો આબાદ રસ્તો દેખાડી આપે છે, ને તે નજરે ન પડતી વસ્તુ સાક્ષાત્ નજરે પાડે છે. તે કાયરને શૂરો, આળસુને ઉદ્યોગી કરે છે, અને ભૂલ્યાને ઠામ આણેછે.

આશામાં અમૃત અને વિષના ગુણ રહેલા છે. તે મરતાને ઉગારે છે, અને જીવતાને મારે છે. જો તેનો યોગ્ય

ઉપયોગ કર્યોતો તે અમૃતનો ગુણ આપે છે, અને અયોગ્ય ઉપયોગ કર્યો તો વિષને રૂપે વ્યાપે છે, જેતું ઝેર વાળ્યું વળતું નથી. આશા પગમાં જોર આપે છે, ને આશા ઢીંચણમાંથી ઢાળે છે. આશા મનને મોદ આપે છે, ને આશા શોકના અગ્નિમાં તેને બાળે છે.

આશાની બાબતમાં આ પ્રકરણમાં સારમાં એટલુંજ જણાવવામાં આવે છે કે, આશા એ ઈશ્વરે જે હેતુથી જીવ સાથે જડેલી છે તે હેતુ અતિ ઉત્તમ છે. પ્રાણી માત્રને પોતાનાં કર્તવ્ય કર્મો કરવામાં હારી ન જવાને અર્થે પુષ્ટિદાતા, તેણે આશા રૂપી જડીબુટ્ટી બનાવી છે. તેનો શુભ હેતુ ધ્યાનમાં રાખી જો વર્ત્તવામાં આવશે તો આશા અભિવાંછિત મળે એવાં કાર્યો કરવાશે, પણ જો તેનો દુરૂપયોગ કરવામાં આવશે તો તે તમારૂં ધાર્યું ધૂળ મેળવશે. આશા વકરેથી મનોવિકારં ઉપજે છે, જે મનોવિકારો કેટલા હાનિકર્ત્તા છે તે તે વિષેના નિબંધ ઉપરથી જણાય છેઃ આશાને વિકૃતિ પામવા દેવાથીજ મનોવિકાર ઉપજે છે, માટે આશાને હદમાં રાખવી એ ડાહ્યા માણસનું કામ છે. નાવનું સુકાન હાથમાં રાખેથી તે તોફાની સાગર તરી ઇચ્છિત કિનારે પહોંચાડેછે, તેમ આશાનું સુકાન દૃઢપણે હાથ રાખવાથી ઇચ્છિત્ મળી શકે છે. અશ્વને લગામ રાખી સવાર થતાં તે નિર્વિઘ્ન ઠેઠ મુકામ પહોંચાડેછે, તેમ આશાની ઘોડીને વિવેકનું ચોકડું રાખવાથી તે ઠેઠ મુકામ પહોંચાડેછે. આમાં કસૂર કરતાં વિઘ્ન આવ્યાવિના રહેતું નથી જેમ સુકાન હાથ ન રાખતાં નાવ વમળમાં જઈ પડેછે વા ખરાબે ચઢી ખરાબી ઉપજાવે છે, તથા અશ્વ ચોકડું હાથ ન રાખવાથી વાડમાં કે કોતરમાં ઉશેટી દેછે તેમ.

આશા પ્રાણી માત્રમાં સરજી છે. જેને જીવ છે, જે-

ને કંઈપણ ઇચ્છા થાયછે એવા જીવ માત્રમાં આશાનો અંકુર જન્મની સાથે વાવેલો છે. જેમ જેમ સમજણ આવતી જાયછે તેમ તેમ આશા સ્પષ્ટ થતી જાય છે, ને જેમ જેમ કારવ્યવહાર વધે છે તેમ તેમ આશા પણ વધે છે. આપણે અહિં ખૂબ યાદ રાખવું કે, આપણા જીવ સાથ જડાયલા દેહની આરોગ્યતા રાખવાને આપણે જેવી કાળજી રાખવાની જરૂર છે તેમ જન્મ સાથે આત્મા સાથે જડાયલી આશાને નિરોગી અને નિયમે રાખવાની એથી પણ અધિક અગત્ય છે. ખરૂં કહીએ તો આશા એ દેહની નહિ, પણ જીવની–મનની આંખ છે. એ આંખની પૂરી સંભાળ રાખવાથીજ તે શુદ્ધ માર્ગ દર્શાવવાને શક્તિમાન રહેશે. આ વાત સ્ત્રી અને પુરુષો સર્વેએ ધ્યાનમાં રાખવા જેવી છે. જ્યાં જ્યાં પુરુષોને ઉદ્દેશે કહેવાયું છે ત્યાં ત્યાં સ્ત્રિયોએ પોતાને માટે પણ સમજી લેવું. બાળક, જુવાન અને વૃદ્ધ સર્વે કોઈએ આશાને નિયમે રાખવાની અને તેનો સદુપયોગ કરતાં શીખવાની જરૂર છે.

૨. આશાનું સ્વરૂપ આપણે ઉપર જણાવી ગયા ને તેને વિષે જોયતું નિરૂપણ કરી ગયા–હવે નિરાશનું નિરૂપણ કરવાનું રહ્યું તે કરીએ છીએઃ—

નિરાશા બે પ્રકારની ગણાય છે. એક તો જેણે આશાને તિરસ્કાર કરી ત્યાગી છે, અથવા તો તેને ઉપાધિ અને પ્રવૃત્તિની પ્રતિમા ગણી તે સાથ પાણી ગ્રહણ કીધું નથી પણ નિર્મળ જ્ઞાનની નિવૃત્તિરૂપ આશા રહિત વૃત્તિ રાખી છે તે નિરાશા કહેવાયછે. આવી નિરાશાને નૈરાશ્ય અથવા નિરાળી નિરાશા કહેવી ઘટે છે, કે જેમાં જીવને કોઈપણ રીતનું આળ આવતું નથી; એનું વર્ણન આગળ કરવામાં આવશે. (પ્રકરણ ૮ મામાં.) બીજો પ્રકાર આશાનો ભંગ

થવાથી જે દશા પ્રાપ્ત થાય છે તેને નિરાશા કહેછે; જેનું સ્વલ્પ નિરૂપણ આ પ્રકરણમાં કરવું ઉચિત્ત જણાયછે. કારણ નિરાશાનો આ પ્રકાર આશાની સ્થિતિથી કેવળ ઉલટો છે, અને તેથી એક વસ્તુ તેના લાભથી જે સુખ આપે છે, તેથી ઉલટું તે હાથથી ગયે કેવું અવસ્થાંતર કરેછે તે મેળવી જોવાને, સરખાવવાને સવળ પડે છે, માટે આ બીજા પ્રકારની આશાનું થોડું નિરૂપણ કરૂંછું.

નિરાશા જન્મ સાથ જડાયલો આધિ નથી, પણ આશાનો ભંગ થયે ઉપજતી ઉપાધિ છે. ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત નહિ થઈ શકવાથી, તથા ધાર્યું કામ ધૂળધાણી થઈ જવાથી મનમાં જે પરિતાપ પેદા થાય છે, ઉદાસી ઉપજેછે અને શિથિળતા વ્યાપી રહે છે તેનું નામ નિરાશા કહેવાય છે. જેથી ઉમંગનો ભંગ થાય છે, મનનો રંગ ઉતરી જાય છે અને સર્વ દિશા શૂન્ય અંધારી જણાય છે તેને નિરાશા કહેવી. મનની ઇચ્છાનું માંડી વાળવાપણું, ભરોંસાનો ભારવડિયો તૂટી પડવો, એ પણ નિરાશાનું રૂપ છે. જેવી આશાની મનોદ્ભવ મૂર્ત્તિ હર્ષની સાક્ષાત્ દેવી જેવી જણાય છે, તેવીજ નિરાશાની મનોદ્ભવ મૂર્ત્તિ શોકની નિસ્તેજ શ્યામ વર્ણને પામેલી જડ પ્રતિમા જોવામાં આવે છે. મુકાબલો કરી જોઈએ તો આશા સૌભાગ્યવતી જેવી સોળ શણગાર સજેલી જણાશે, અને નિરાશા તે આગળ વિધવા જેવી બોડી રોડી આંખે આવશે. આ કલ્પનાઓ વિષે વિચાર કરશો તો માણસની નિરાશા એ માત્ર હાય અને શોકની મૂર્ત્તિ સિવાય તમારા મનમાં બીજી વસ્તુ નહિ આવે.

નિરાશા બાળક, જુવાન અને વૃદ્ધ સર્વની ગતિ ક્ષીણ કરે છે, તેમની આંખે આંસુ વરસાવડાવે છે, ને નાક અને મુખમાંથી ઊનો હાય મારતો શ્વાસ કઢાવડાવે છે. ન્હા-

ના બાળકને મા મરી ગઈ હોય એવું બાપડું બનાવી દેછે, જુવાનને ઘરભંગ થયો હોય એવો મહાદુઃખી દર્શાવે છે, અને વૃદ્ધને એકનો એક જુવાન છોકરો મરી ગયો હોય એવો મહાદુઃખની મૂર્ત્તિ બનાવી દેછે.

નિરાશા જુવાનને ઘરડાં જેવાં, અને ઘરડાંને મૂવાં જેવાં કરી નાંખે છે. તે હાથ પગ લૂલા રાખે છે, અને મનુષ્ય પ્રાણીનું કશું કર્ત્તવ્ય કર્મ પાંશરૂં સૂઝવા દેતી નથી. નિરાશા શૂરાને કાયર, વિદ્વાનને જડભરત ને ઉદ્યોગીને આળસુ બનાવી દેછે. નિરાશા પાસેની વસ્તુ પેખવા દેતી નથી. નિરાશા પળને પહોર, ઘડીને વર્ષ, અને વર્ષને જુગ જેવો લાંબો વખત કરી દર્શાવે છે. તે મનુષ્યના ટૂંકા આયુષ્યને જુગ અને કલ્પ જેવું કલ્પાવે છે. નિરાશી માણસ હાય મારી એમ બોલે છે કે,—"થઈ ચૂક્યું! હવે મૂવાં મુડદાં બેઠાં થવાનાં નથી! ઊંટનાં શીંઘડાંની પેઠે ગયું તે તો ગયુંજ! આભે બાથ શી રીતે ભીડાય? આભ ફાટ્યો ત્યાં થીગડું શી રીતે દેવું? આવરદા કોણ જાણે કેટલોય લાંબો થયો છે; કોણ જાણે ક્યારેય પાર આવશે;" ઇત્યાદિ.

નિરાશા સંસાર સાગરમાં બૂડાડનારી શીલા રૂપ છે. તે દુઃખનાં વમળમાં ઘાલી દેછે, ને તે સંસારની પાર જવામાં મોટી હરકત કર્ત્તા મનાય છે.

નિરાશી માણસથી શેક્યો પાપડ ભાગતો નથી; તેનાથી આ જગત્માં કંઈ પણ નવિન થઈ શકતું નથી; તે પોતાની જાતને બોજા રૂપ થઈ પડે છે; અને આશ્રિતોને કશી ઓથ આપી શકતું નથી.

નિરાશામાં માત્ર વિષનો ગુણ રહેલો છે. તે પ્રાણી માત્રમાં બેહોશી લાવેછે; શરીર અને મન તરફડાવેછે; જીવાત્માને દુઃખ ઉપજાવેછે; બુદ્ધિનું બળ ક્ષીણ કરેછે

અને ચતુરાઈ તથા ચંચળાઈને સ્થિર કરી દેછે. તે ભૂજનું બળ ભાગેછે, અને ઢીંચણમાંથી ઢાળેછે; ટૂંકામાં કહેવાનું એટલુંજ કે તે શરીરના અવયવોને નિરુપયોગી કરી નાંખે છે.

જેમ આશાનું રાજ્ય પ્રાણી માત્ર પર ચાલી રહેલું છે તેમ નિરાશાનો અમલ પણ તેઓ પર ચાલી રહેલો છેજ. જ્યાં આશાનો પ્રવેશ છે ત્યાં નિરાશા પાછળ ઊભેલી છેજ. અને આશા ખસતાં તે તેને આસને ચટ કરતી કે બેસી જાય છે; એમાં ક્ષણનો પણ વિલંબ થતો નથી. ખરૂં જોતાં આશાભંગ થતે-તે ભ્રષ્ટ થતે તેને પાટે બેસનારી નિરાશા કશા કામની નથી. તે માત્ર જીવને દુઃખ દેનારી અને તેનાં કર્તવ્ય કર્મોને આડે આવનારી એક ફાંસ સરખી છે. જે શા ઉદ્દેશે સરજી હશે એ વિષે સ્વભાવિક પ્રશ્ન કોઈને ઊઠ્યા વિના નહિં રહે; તો તેનું સમાધાન વિચાર કરવાથી એટલુંજ થઈ શકે છે કે,–આશાને નિયમે ન રાખવાથી, તેનો સદુપયોગ ન કરવાથી તેનો ભંગ થાય છે; ને તેનો ભંગ થાય છે તેનું કારણ ઈશ્વરી સંકેતનો ભંગ કરવો તે છે; જેના શાસન અર્થે નિરાશાના ભોગ થવું પડેછે.

૩. ઉપર આશા ને નિરાશાનું નિરૂપણ કરવામાં આવ્યું જેમાં આશા સુખને આપનારી, પ્રાણી માત્રને પોતાના ઉદ્યોગમાં પ્રવૃત્ત કરનારી જણાવી ગયા, તેમજ નિરાશા દુઃખની દેનારી અને જીવને કશો ઉદ્યોગ નહિ સૂઝવા દેનારી જગત્‌નો વેપાર બંધ પાડી દે એવી જણાવી, તો એ ઉપર કોઈ એવો પ્રશ્ન કરે કે આ બે શક્તિયો ગુણ દોષમાં તફાવત છતે એટલે પહેલીના જેવા ગુણ છે તેવા બીજીના દોષ છતે પ્રથમની શક્તિ (આશા) નો વ્યાપાર આ વિશ્વમાં આપણે વધેલો કેમ જોઈએછીએ?

આનો ઉત્તર માત્ર એટલોજ આપવાનો જડી આવેછે ને પણ તેમજ, કે આશાની જરૂર આ જગત્‌માં ઘણી છે માટે અનહદ ચતુરાઈવાળા ઈશ્વરે તેને સતત વહેતી રાખેલી છે, ને નિરાશા એક જાતની સજા ભોગવવા માટે સૃજી છે માટે તેને જીવ સાથે વિશેષ કાળ જોડી રાખવામાં આવતી નથી. સારાંશ નિરાશાના સ્થાનમાં વખત જતે આશાનું કિરણ ઝળકી ઊઠે છે ને તેથી પ્રાણી જાગૃત થઈ પોતાને કામે લાગે છે. આ ઉપરથી જાણવાનું માત્ર એટલુંજ છે કે—આશા હમેશની છે ને નિરાશા અમૂક મુદત સૂધીની છે. વળી એમ કહીએ તો ખોટું નથી, કે આશાને નિરાશા શુક્લકૃષ્ણ પક્ષની પેઠે જીંદગીના દિવસોમાં આવ્યાં જાય છે ને તેથી એ ક્રમે આ જગત્‌નો વ્યાપાર ચાલ્યા કરે છે. અહિં છેવટ એટલું યાદ આપવાની જરૂર છે કે આંશાને નિયમે રાખવાથી, અનિશ્ચિત અને અપ્રાપ્ય વસ્તુની આશાનો લોભ નહિ રાખવાથી નિરાશા આવશે નહિ, નહિ તો નિરાશાની કાળી રાત્રીમાં ગોથાં ખાવાં પડશે. કહ્યું છે કે,—

यो ध्रुवाणि परित्यज्य अध्रुवं परिसेवते ॥
ध्रुवाणी तस्य नश्यंति अध्रुवं नष्टमेव च ॥१॥

**અર્થ:**—જે માણસ નિશ્ચય વસ્તુને ત્યાગ કરીને અશ્ચિત વસ્તુને સેવે છે—(આશા રાખે છે) તેની નિશ્ચય વસ્તુ નાશ પામે છે, અને અનિશ્ચિત તો નાશ પામેલી છેજ. સારાંશ અશક્ય વસ્તુનું સેવન કરતાં નિરાશ થવું પડે છે—નિરાશા ઉત્પન્ન થાય છે.

## प्रकरण २ जुं.
### आशा निराशानी उत्पत्तिनां कारण.

આ મોહમયી સૃષ્ટિને વિષે ઈશ્વરે માયાનું જે મંડાણ રચ્યું છે, ખરૂં કહીયે તો આ સંસારના મહાસાગરમાં તેણે માયાનું જે અગાધ જળ ભર્યું છે તેનું માપ થઈ શકતું નથી. મનુષ્યથી માંડીને સૂક્ષ્મ જંતુ સુદ્ધાં એ નીરમાં ડૂબેલાં છે. જેમ દરિયામાંના પાણીનો આશ્રય કરી મચ્છ, કચ્છ, મગર અને પોરા આદિક જીવો રહેલા છે, તેમ આ સંસારસાગરમાં પ્રાણી માત્ર જેને ગતિ અને સ્થિતિ છે, જે શ્વાસોચ્છવાસ લઈ શકે છે, જેને અહાર, નિદ્રા, ભય, અને મૈથુન છે એવાં પ્રાણી માત્ર માયાના જળનો આશ્રય કરી રહેલાં છે. એ માયાના જળમાં જેમ સાગરના જળમાં ક્ષાર રહેલો છે તેમ આશા મળેલી છે એમ કહીએ તો તે ખોટું નથી. સંસારપરથી જેની વૃત્તિ ઊઠી જાયછે, જે કેવળ વિતરાગને પામેછે તેને સંસાર ખારો લાગેછે; સંસારનાં સુખમાં ખામી આવે આશાનો ભંગ થતે સંસાર ખારો લાગેછે; અને સંસારમાં સાર ન દેખતે માનવીને સંસારનાં જળનો સ્વાદ ખારો લાગેછે એ આપણે અનુભવથી જાણીએ છીએ ને સાંભળીએ છીએ. આજથી તેર ચઉદ વર્ષ ઉપર મેં મારી હાલત વિષે એક મિત્રને કવિતા લખી હતી તેમાંનાં બે ચરણ આ વાતને બંધ બેસતાં સ્મરણમાં આવવાથી અત્રે ટાંકી દર્શાવું છું, તે ઉપરથી જોતાં પણ આ વિશ્વમાં માયાના જળમાં આશાનો ક્ષાર રહેલો છે ને તેથી આશાભંગ સ્થિતિમાં સંસાર ખારો લાગે છે એ વાત સ્પષ્ટ સમજાશે:—

**ઝુલણા છંદ.**

"વિશ્વનો રંગ ભયકારિ ભાસે મને,

બહુ વધે શોક એવો નઠારો;
સાર સંસારમાં કાંઈ નવ ભામતાં,
સ્વાદ તેનોય લાગે છે ખારો." ઇત્યાદિ.

જો માયાનું નિર માપી શકાય તો આશાનું માપ નીકળે, જો આ પ્રમાણે છે તો આશાની ઉત્પત્તિનાં કારણ કેટલાં હશે તેની કલ્પનાજ માત્ર કરવી. તે કલ્પાનામાં પણ માય નહિ એટલાં છે. નોંધતાં ગ્રંથના ગ્રંથ ભરાય તોપણ તે અધુરાંજ રહે. તે અવર્ણનીય છે તોપણ તેને યત્ન કરીએ તો જેમ તેમ કરી ક્રમમાં ગોઠવાય ખરાં. તેના ભાગ પાડી શકાય ખરા. જેમ આખી પૃથ્વી ઉપરનાં ગામો નોંધવાં મુસ્કિલ પડે, ને તેથી વખતનું અને જગોનું રોકાણ ઘણું થાય, તેમ તે યાદ પણ રહી ન શકે. આથી પૃથ્વીના ખંડ પાડીએ અને તેમાંનાં જાણવા લાયક શહેરો અને ગામોની નોંધ લઈએ તો તેથી આપણને પૃથ્વીની ઘણી ખરી માહીતી ટૂંકામાં મળી શકે. સૃષ્ટિમાં કેટલી જાતના કેવા કેવા જીવ છે એ જોવા જઈએ ને તેનું વર્ણન કરવા બેસીએ કે લખીએ તો પાર પામીએ નહિ, પણ પ્રાણીના વર્ગ પાડીએ ને તેમાં સંખ્યાબંધ જૂદી જૂદી જાતનાંનો સમાવેશ કરવા ધારીએ તો તે થઈ શકે. વિદ્વાનોએ તેમ કરેલું છે. આપણે પણ આશાનાં અનંત કારૂણોને માટે એજ રસ્તો પકડવો જોઈએ, ને એમ કરીશું તોજ ઠીક પડશે, ને વાંચનાર તથા સમજનારને સરળ પડશે.

વિચાર કરતાં આશાની ઉત્પત્તિનાં સ્થાન મુખ્યત્વે બે જોવામાં આવે છે. એક અંગજ્ઞાન અને બીજું તર્કશક્તિ. આમાંનું પહેલું પ્રાણી માત્રમાં, રહેલું છે. જેમાં મનુષ્ય પણ આવી જાય છે, અને બીજું માત્ર મનુષ્યમાંજ રહેલુંજ છે. અંગજ્ઞાનને અનુબંધે રહેલી આશા નિરાશા મનુષ્ય અ-

ને બીજાં પ્રાણીમાં સરખી છે, પણ તર્કશક્તિને યોગ નવિન અને વધારાની જે આશા અને નિરાશા જન્મ પામેછે તે માત્ર મનુષ્યમાંજ જોવામાં આવે છે.

હવે આપણે આશાનાં કારણના ભાગ પાડવા ધારીએ તો તે ચાર પાડી શકાયછે; જેનાં નામ નીચે પ્રમાણે શાસ્ત્રોક્ત રીતે આપીશું:—

૧ ધર્મ, ૨ અર્થ, ૩ કામ, અને ૪ મોક્ષ આ ચાર કારણોમાં મનુષ્યથી માંડીને પ્રાણી માત્રની આશાનાં અસંખ્ય અને અપાર કારણોનો સમાસ થઈ જાય છે. આશાની નિષ્ફળતામાં નિરાશા સમાએલી છેજ માટે તેનાં કારણ પણ એ ચારમાંજ આવી જાય છે.

આપણા શાસ્ત્રકર્તા જ્ઞાનિયોએ આ ચાર કારણોને મનુષ્યના ચાર મોટા પુરુષાર્થ ગણેલા છે, એ સામે નજર કરીએછીએ તો આ ચાર કારણો આશાના જન્મના ઉત્તમ હેતુ છે; અને જે ઉત્તમ હેતુથી આશાને જન્મ આપવાનો જોગ જગદીશ્વરે આ જગત્‌માં જીવ માત્રને માટે જોડેલો છે તે કેટલો ઊંચો અને રૂડા સંકેત ભરેલો હોવો જોઈએ તેની કલ્પનાજ માત્ર કરવી. આ રૂડા હેતુ સામે નજર કરીએછીએ તો આશાએ પ્રાણી માત્રની જીંદગીના રોપાને લીલો રાખનાર તેનાં મૂળ મજબૂત કરનાર એક જીવન ઝરોછે એમ કહીએ તો તે ખોટું નથી. માણસ પોતાનાં કામમાં ભૂલ કરેછે, આશાને હાથ રાખી જાણતાં નથી, તેનો સદુપયોગ કરી શકતાં નથી તેજ આશાને વગોવાવે છે. આશા હાથમાં રાખી જાણે, તેને ઈશ્વરના રૂડા સંકેતને માર્ગે વિવેક બુદ્ધિયે ચલાવેતો તે ચાર પુરુષાર્થ સાધી શકે.

ઉપર જણાવેલાં મોટાં ચાર કારણોમાં આશાનાં અ-

નેક કારણો કેવી રીતે સમાએલાં છે તેની દિશા માત્ર નીચે પ્રમાણે દર્શાવુંછું:—

૧. ધર્મ એ જે આશાનું કારણ છે તેમાં દયા, દાન, પરોપકાર, ઉપકાર, પરાર્થ, પ્રેમ, નેમ આદિસારી વાસનાઓનો સમાસ થાયછે. જે અન્યને સુખદાયી થઇ પડેછે. આ વાસના જેનામાં હોય તેનેજ મનુષ્ય કહેછે; ને એ કકરવાની–આચરવાની શક્તિ વિશેષે મનુષ્યમાં મૂકી છે. કહ્યું છે કે,—

अहारनिद्राभयमैथुनंच,
सामान्यमेतत्पशुभिर्नराणां ॥
धर्मोहितेषामधिकोविशेषो,
धर्मेणहीनापशुभिःसमाना ॥ १ ॥

અર્થ:—અહાર, નિદ્રા, ભય, અને મૈથુન એ પશુમાં અને મનુષ્યમાં સમાન છે, પણ તેમાં મનુષ્યમાં ધર્મ એ વિશેષ છે માટે ધર્મ વિહીન માણસો પશુ જેવાં જાણવાં.

હવે ધર્મ એ કોને કહેવો એ વિષે વિચાર કરવો જોઈએ. અનેક શાસ્ત્રોમાં ધર્મ જૂદા જૂદા અને ઉલટ પાલટ એટલા દર્શાવ્યા છે કે તેનું અત્રે નિરૂપણ થઈ શકતું નથી, ને અત્રે તે કરવાની જરૂર પણ નથી. એક માણસ અથવા એક પંથના લોક જેને ધર્મ ગણે છે તેને બીજું માણસ કે અન્ય પંથના લોક અધર્મ ગણે છે, તો આપણે સર્વશાસ્ત્રોએ કબૂલ રાખેલો ધર્મ અગીકાર કરવો જોઈએ; તો તે આપણે ઉપર જણાવ્યા પ્રમાણે દયા, દાન, પરોપકાર, ઉપકાર આદિ અન્ય જીવને સુખી કરવાંનું જે કર્ત્તવ્ય તેને ધર્મ કહેવો જોઈએ. પ્રખ્યાત ભર્તૃહરિ સર્વ શાસ્ત્રસંમત ધર્મ વિષે લખી ગયો છે કે,—

प्राणाघातान्निवृत्तिः परधनहरणे,
संयमः सत्यवाक्यं ।
कालेशक्त्याप्रदानं युवतिजनकथा,
मूकभावः परेषाम् ॥
तृष्णाश्रोतोविभंगो गुरुषुचविनयः,
सर्वभूतानुकंपा ।
सामान्यसर्वशास्त्रेष्वनुपहतविधिः,
श्रेयसामेषपंथाः ॥ १ ॥

અર્થઃ—કોઈ પણ પ્રાણીનો ઘાત કરવાની વૃત્તિ ન રાખવી, પરધન હરણ કરવાથી મનને વારવું, સત્ય બોલવું, કાળક્રમ પ્રમાણે યથા શક્તિ દાન દેવું, પરસ્ત્રી સંબંધી વાતમાં મૂગા રહેવું, તૃષ્ણા રૂપી વહેળાને વહેતો અટકાવવો, ગુરુજન (વડીલ) પ્રતિ વિનય રાખવો, અને પ્રાણી માત્રઉપર દયા રાખવી એ સર્વ શાસ્ત્રોના નિષેધ વિનાના શ્રેય કારક સામાન્ય ધર્મ છે.

આ સદાચરણના જે ધર્મો, અન્ય જીવ અને માણસ જાતનું ભલું કરવાના અનેક માર્ગ તે ધર્મની આશાનાં કારણમાં ગણાય છે. જે ઉપર પ્રીતિ અથવા ભાવ તેમાંતે સિદ્ધ કરવાની કે સંપાદન કરવાની આશા રહેલીછે.

આ કાર્ય કરવું એ મારો ધર્મ છે એમ મનુષ્ય તેને નીતિના મળેલા જ્ઞાનથી જાણી શકે છે, ને તે જાણતાં તે સિદ્ધ થઈ શકે તો સારૂં એવી આશા રાખે છે. ધર્મની બાબતમાં સ્વાર્થ કરતાં પરાર્થની સિદ્ધિનું ફળ પ્રાપ્ત કરવાની પ્રેરણા વિશેષ રહે છે. ધર્મનો વિષય કેવળ નિઃસ્વાર્થ કહીએ તો પણ અડચણ નથી, કારણ કે તેમાં અન્યનું હિત રહેલું છે.

આ વિષે લાંબો વિચાર કરીએ તો ઈશ્વરે પ્રાણી માત્રમાં એક પ્રકારે પરાર્થ ધર્મની સ્વાભાવિક પ્રેરણા મૂકેલી છે એમ સમજાશે. એક ચકલી અહિં તહિં ફાંફાં મારી ચાંચ ભરી ચારો લાવેછે, ને તે પોતે ન ખાતાં બચ્ચાંને ખવરાવી ઉછેરેછે, તેની આશા બચ્ચાં ઉછરી મોટાં થાય એ છે, પણ તે જાણતી નથી કે તે મોટાં થઈ મને શું સુખ આપવાનાં હતાં? શિકારી બચ્ચાંને કે ઇંડાંને લઇ ગયે બાપડું પંખેરૂં નિરાશ બની શોકાતુર થયેલું જોવામાં આવેછે, શું તેને એવી આશા હતી, કે એ બચ્ચાં મને ઘડપણમાં પાલવત, તે ઇંડામાંથી નીકળી મારૂં સમું રાખત? ના, આમાં તેનો સ્વાર્થ જરાપણ નથી, પણ એમાં વાત્સલ્યતાનો. પરાર્થ ભાવ રહેલો છે. માબાપની છોકરાં ઉપરની મમતા એ સ્વાભાવિક પરાર્થ ધર્મ છે.

મનુષ્ય પાપ પુણ્યનો વિચાર ન કરતાં ધર્મને ભૂલી જાય છે, અથવા તો અધર્મને ધર્મ માને છે, તેની આશા પાપી રસ્તે પ્રેરાય છે; અને એવી આશા તેને ખૂબ ખત્તા ખવાડે છે.

૨. અર્થ સાધવાની ઇચ્છા પ્રાણી માત્રમાં રહેલી છે. બાળક, જુવાન અને વૃદ્ધ સર્વમાં તેનો નિવાસ છે. ભણેલા અને અજ્ઞાન, સુધરેલા અને જંગલી, સ્ત્રી, અને પુરુષ, ગરીબ અને શ્રીમંત, મનુષ્ય અને બીજાં પ્રાણી સર્વમાં તેનો વાસો છે. અર્થ અનેક પ્રકારના છે, અને તે સ્વાર્થને અંગે રહેલા છે. કહેવત છે કે—"**अर्थसाधयामि किंवादेहपातयामि**" એટલે અર્થ સાધુંછું કે પાડુંછું. આ ઉપર વિચાર કરશો તો માલમ પડશે કે, અર્થ સાધવાની અપેક્ષા કેટલી બલાઢ્ય હોય છે. તેને વિષેની આશા કેટલી પ્રબળ હોવી જોઈએ. અર્થને માટેની અભિલાષા નિ-

દોષ અને દોષિત હોયછે; તેમ અર્થ પણ દોષિત અને નિર્દોષ હોયછે, જેનું વિવેચન નીચે પ્રમાણે કરૂં છું:—

મારે કોઈપણ પ્રકારનો હુનર શિખવો, કે જેથી દ્રવ્યની પ્રાપ્તિ થાય; મારે કોઈ પણ પ્રકારની વિદ્યા સંપાદન કરવી, કે જેથી મને કીર્તિ અને દ્રવ્ય મળે; હું અને મારૂં કુટુંબ એથી સુખી થઈશું. શરીર આરોગ્ય રાખવાને કસરત, અને મન આરોગ્ય રાખવાને જ્ઞાન મારે સંપાદન કરવું. આમાં જણાવેલાં આશાનાં કારણો નિર્દોષ અને લાભકારી છે, ને એથી ઉપજતી આશા સારૂં ફળ આપે છે.

નગરશેઠના છોકરાને નદિયે નહાવા લઈ જઈ તેનાં ઘરેણાં કાઢી લઈ પથરો બાંધી એવા ઊંડા ધરામાં ધકેલી મૂકવો કે પત્તો હાથ લાગે નહિ, આમ કરેથીજ હાથ ભરાશે. "મારવો તો હસ્તી ને લૂટવો તો ભંડાર," આમ કર્યા વિના દારિદ્ર દૂર થવાનું નથી. પાડોશીના છોકરાનો ભોગ ભવાનીને આપીએ તો તેથી આપણને પુત્ર પ્રાપ્તિ થશે. આ'વાં આ'વાં કુત્સિત કાર્યો એ આશાનાં દોષિત કારણો છે.

માને દેખી છોકરૂં મકલાય છે, તે આઘી જતે ઉદાસ થઈ રડવા માંડે છે, આમાં છોકરાંની આશા નિરાશાનું કારણ તેની મા છે; કે જેનાથી તેને સુખ પામવાનો, ધાવવાનો, રમાડવાનો ઇત્યાદિ સ્વાર્થ રહેલો છે. મારા બાપા મને કાલે વાડીએ તેડી જશે ત્યાં રમવાનો ખૂબ તાલ પડશે; હું મારો નવો કનકવો ચગાવીશ; મારો વિવાહ આ વર્ષમાં બાપા કરશે; માએ મારે માટે મગદળ કરવા કહ્યું છે; આ'વાં આ'વાં અનેક કારણો બાળકની આશાનાં છે.

મારા સ્વામિને સારો રોજગાર મળે તો સારૂં, કે જેથી નાત જાતમાં પહેરવાનો ઓઢવાનો, ખાવાનો પીવા-

નો ને લહાણું લહાવાનો લહાવો લઈએ. મારી ચૂડીએ સોનાની ચીપો કરાવવાની છે તે પાંચ પૈસા હાથમાં આવે તો થાય. આ'વાં અનેક કારણોમાં સ્ત્રિયોની આશા સમાએલી છે.

કારવ્યવહારને અંગે પોતાનું રૂડું થવાની આશાનાં અનેક કારણો પુરુષ વર્ગમાં રહેલાં છે જેનો વિસ્તાર કરવાની જરૂર નથી.

ગોતાનો ટોપલો દેખી ગાય ભેંસ આરડેછે, તોબરો દેખી ઘોડો હહણે છે, વાછરડું કે પાડું માને દેખી તળે ઉપર થઈ જાયછે આ સર્વમાં તેમની પ્રત્યેકની આશા સમાએલી છે. ઇચ્છિત સંપાદાન થયે તેઓ મગ્ન થાયછે અને ન થતાં નિરાશ થાયછે.

**ટીકા.**—ક્ષુધા તૃષાદિકને તૃપ્ત કરવાની આશાનાં કારણ મનુષ્યને બીજાં પ્રાણીમાં સરખાં છે, પણ તર્કશક્તિને લીધે ઉપજતી આશાનાં કારણ મનુષ્યમાં વિશેષ છે, જે તેમના સંબંધમાં જણાવવામાં આવ્યાં છે. અર્થ વિષયમાં મળવાની ભાવના સમાએલી છે.

૩. કામ એટલે કરવાનું કૃત્ય. માણસને આ દુનિયામાં કરવાનાં અનેક કાર્યો છે, તેમાં તેણેં સત્કૃત્યો કરવા પર પ્રીતિ રાખવી ને તે સિદ્ધ કરવાની સતત ઇચ્છા રાખવી. જે આમ ન કરતાં દુરાચરણ પર પ્રીતિ કરી કુકૃત્યોથી લાભ મળવાની આશા રાખે છે. તેમનાં કાર્ય સિદ્ધ થતાં નથી, ને તેમને અંતે તેથી નિરાશાનાં દરિયામાં ડૂબી મરવું પડે છે.

પોતાનું કાર્ય સિદ્ધ કરવા ઉપર પ્રાણી માત્રની ઇચ્છા હોય છે, ને તેથી તે સિદ્ધ થવા કે બનવાની અથવા તેના ફળની પ્રાપ્તિ થાવાની આશા સર્વ કોઈ રાખે છે. ચ-

કલી પોતાનો માળો તૈયાર કરવાની મહેનત કરે છે, ને તે તૈયાર થાય તો સારૂં એવી ઇચ્છા રાખે છે. કામમાં કરવા સંબંધી ભાવ રહેલો છે. મનુષ્યનાં કાર્યો અનેક હોય છે, જે સિદ્ધ કરવાની તે આશા રાખે છે. આ વિષે વધારે વિસ્તાર કરવાની જરૂર નથી.

૪. મોક્ષની ઇચ્છા માત્ર જ્ઞાનવાન્ માનવી રાખે છે. માણસજ તે મેળવવાની આશા કરવાને યોગ્ય છે. એ ગુણ બીજાં પ્રાણીમાં નથી. મોક્ષની પ્રાપ્તિ અર્થે જે કંઈ કરવાનું તે સિદ્ધ થાય અથવા પ્રાપ્ત થાય તો સારૂં એવી જેને વિષે ધારણાઓ રહે છે તે તમામ મોક્ષેચ્છા વા આશાનાં કારણ છે. આ વિષે વિવેચનની જરૂર નથી.

ટીકા.—આશા અને નિરાશાનાં કારણ જણાવવાનું, ને સમજાવવાનું આ પ્રકરણ લખ્યું છે. એમાં જે આશાનાં કારણ લખ્યાં છે તેમાં ભંગ થવો એ નિરાશાનાં કારણ જાણી લેવાં. નૈરાશ્ય અથવા નિરાળી નિરાશાનું કારણ દૃઢ વિતરાગ છે, ને તેનું ઉત્પત્તિસ્થાન નિર્મળ જ્ઞાન છે.

## प्रकरण २ जुं.

### आशानुं विविधरूपे अवलोकन अने "आशानी वाटिका."

૧. જડદર્શન:—બગલો સ્તબ્ધ બનીને સરોવર, નદી કે સમુદ્રતીરે ઊભેલો તમારા જોવામાં આવેછે; તે બોલતો કે ચાલતો નથી, તેમ જરા હાલતો પણ નથી; જાણે બનાવટનો બગ કરી ઊભો કીધો હોય એવો દેખાય છે. તેમજ મગર તરતા લાકડાની પેઠે પાણીપર તરતો જણાય છે, જે પોતાનાં અવયવ હલાવ્યા ચલાવ્યા વિના માથું નીચું રાખી જી-

વપણાની કશી નિશાની જણાવતો નથી. આ બગલા અને મગરમાં જે જડતા જોવામાં આવે છે તે શિકાર હાથ આવવાની આશાનું જડદર્શન છે.

ઘણા ધુતારાઓ ભર વસ્તીમાં સમાધિ લગાવી બેસે છે; જેઓ નથી બોલતા નથી ચાલતા, નથી ખાતા નથી પીતા, મૃત અવસ્થામાં હોય એવા થઈ બેસે છે. તેમની મતલબ લોકોના પૈસા છોડાવવાની, ને સીધાંપાણી ચાલતાં કરાવવાની, દેવની પેઠે પૂજાવવાની હોય છે; જે એકાંતમાં ગુપ્ત ગૂફામાં આવી સમાધિ લગાવી બેસે છે તેમની આશા ઈશ્વરને પ્રસન્ન કરી તેનું દર્શન પામવાની હોય છે.

૨. ગુપ્તદર્શનઃ—શિકારને જળમાં ઉતર્યો દેખી મગર પાણીમાં ડૂબકી મારી અદૃશ્ય રીતે તે તરફ જાય છે, વાઘ પ્રાણીઓના જવરઅવરની જગો પાસે ઝાડને કે ટેકરીને ઓથે અથવા બોડમાં લપાઈ બેસે છે, બિલાડી ઉંદરને કે બીજાં પ્રાણી દેખી લપાતી લપાતી હીંડે છે. આ સર્વ શિકાર હાથ કરવાની આશાનાં ગુપ્ત ચિન્હ છે.

ચોર માલ લઈ આવતાં માણસોને દેખી ઝાડીમાં સંતાતા હીંડે છે ને હલકેથી પગલાં માંડે છે; કશો ખડખડાટ કરતા નથી, તેમજ પારકા ઘરમાં પેસી મૂગા મૂગા ઊંચે શ્વાસે લપાતા લપાતા અહિં તહિં ફરે છે; આ સર્વ અર્થ સાધવાની અને કામપાર પાડવાની આશાનાં ગુપ્ત ચિન્હો છે. દુશ્મનના સૈન્યપર છાપો મારવો, તેમની છાવણીમાં પ્રવેશ કરી તેમનું દારૂખાનું ઊડાવી નાંખવું વગેરે અનેક કાર્યો પુણ્યનાં કે પાપનાં કરવામાં આશામાં ગુપ્ત ચિન્હ આપણે જોઈ શકીએ છીએ, પણ તે ઝીણી નજરે જોવાથીજ માલૂમ પડે છે.

૩. વાગ્દર્શનઃ—ચારો દેખી ગાય બરાડે છે, ભેંસ આરડે છે, ઘોડો ખોંખારે છે, તેમ વર્ષાદ ચઢયો દેખી બ-

પૈયા પિયુ પિયુ કરે છે, મોર ટહુકા કરે છે આદિ આશાનાં વાગ્દર્શન જાણી લેવાં.

ભાટ ચારણો રાજાની કીર્તિ લાંબા રાગ કાઢી ભણે છે, કલાવંતનીઓ ગાય છે, ભીખારીઓ દીનસ્વરે આશીર્વાદ ભણે છે, પ્રભુભજન બોલે છે ને માગે છે, પસ્તાગિયા "કારેલાં સવાકાનાં સેર કર્યા રે ભાઈ"! કહી રાગડા કાઢે છે ને પોતાના માલનાં વિવિધ રીતે વખાણ ગાય છે, ભટજી કથા વાંચે છે, વ્યાસ ચાળા ચેટક કરી માણ કે નરઘાં સાથે સુકંઠે ગાય છે આ આદિ અનેક આશાનાં વાગ્દર્શન સ્પષ્ટ જોવામાં અને સાંભળવામાં આવે છે.

૪. સ્પંદદર્શનઃ—ઘોડો તોબરો દેખી પગ ઠોકેછે, ને માથું ઊંચું નીચું કરેછે, કૂકડો ઉકરડામાં વારંવાર ચાંચ મારે છે, ને ડોક ઊંચી નીચી કરેછે; કાગડો અહિં ઉડી પણે, ને પણેથી ઉડી પણે જઈ બેસે છે; ને ડોક આમથી આમ ને આમથી આમ હલાવ્યા કરેછે ઇત્યાદિ આશાનાં સ્પંદ અથવા હાલતાં ચાલતાં લક્ષણો છે.

માણસ કોમળ પથારીમાં સાજે શરીરે વારંવાર પાસાં ફેરવેછે; મોટાનું મન સાચવવા ઝટ જાય છે ને પટ આવેછે; શે'રનાં કાગળિયાં જુએછે મૂકેછે ને જુએછે; કલાવંતનીનો પગ સ્થિર રહેતો નથી, ને ગાંધર્વના હાથ વાદિત્ર ઉપર ચપળતાથી પડેછે; દિવાન નમ્રતધારી રાજા આગળ વારંવાર જાયછે આવેછે ને જાયછે; સતી પતિની રાહ જોતી ઘરમાં જાયછે ને બારણે આવેછે, તેમજ બાળક બાપા આવવાના માર્ગ ઉપર જાયછે ને આવેછે આ'વાં આ'વાં આશાનાં અનેક સ્પંદ લક્ષણો છે.

**૫. પરાકાષ્ટાદર્શનઃ**—નટ દોર ઉપર ચઢી નાચેછે, ને પગે શિંગડાં બાંધી માથે સાત ઘડા મૂકી બગલોમાં બે

બાળક લઈ દોર ઉપર ચાલેછે, ઊંધે માથે લટકેછે, તરવારની ધાર ઉપર પેટ મૂકી તે ઉપર તોળાય છે, અંગનાં ચોરાશી આસન વાળેછે આ સર્વે પરાકાષ્ટાનાં લક્ષણોછે.

માણસ ટાઢ, તાપ અને શરદીમાં માથાતૂટ મહેનત કરેછે; મોતી કાઢવા• દરિઆમાં ડૂબકી મારેછે ને શ્વાસ ઘૂંટે છે; અધિકારી દશ વાગે કચેરી કરી રાતના આઠ વાગે થાકી જવાથી કામ પરથી ઊઠેછે; લખનાર ખૂંધા થઈ જાયછે; છોકરાની મા સ્વાદ માત્ર તજેછે, ને પત્થર એટલા દેવ કરે છે•ને ન કરવાનાં નિંદ્ય ઉપાસન કરેછે; શેઠની વેઠ કરી ચાકર માંદો પડેછે, ને શેઠ સ્ત્રી પુત્રાદિકની વેઠ માટે• જાવે જાયછે, આ આદિ અનેક આશાનાં પરાકાષ્ટાનાં ચિન્હછે.

પશુ પક્ષિયોમાં પણ એ લક્ષણો જોવામાં આવેછે. શિકાર પાછળ દોડી દોડી કૂતરાનો દમ નીકળી જાયછે; બગલો ટાઢ તાપ વેઠેછે; હરણ પાછળ પડેલો વરૂ ખૂબ હાંફે છે, ઈત્યાદિ.

૬. ક્રૂરદર્શન:—ઊંઘતાને ગળે છરી કરવી, જંમનારના ભાણાંમાં ઝેર નાંખવું, પરૂણો રાખીને પ્રાણ લેવો, શેઠના પ્રાણ સંઘમાં લેવા, સોનાનું ઇંડું આપતી હંસણીને હણવી, આશાનાં ક્રૂરદર્શન આ'વા પ્રકારનાં હોય છે.

**ટીકા.**—ઉપર જે થોડાં ઘણાં આશાનાં લક્ષણ જણાવ્યાં છે તેનું અવલોકન કરવાથી આશાનું સ્વરૂપ વિવિધ રૂપે જણાયા વિના રહેશે નહિ. આશાવાળું માણસ મનસા, વાચા, ને કર્મણાથી વર્ત્તાયાવિના રહેશે નહિ. પ્રાણીમાત્રમાં આશા ઈશ્વરે મૂકેલીછે તે આપણે ઉપર સંક્ષેપે જણાવી ગયા એ રીતે જોવાથી જણાય છે. વળી આશાનાં રૂપનું વિશેષ અવલોક ન થવા "રેમ્બલર" નં. ૬૭ માં અં-

ગરેજીમાં જે લખવામાં આવ્યુંછે તેનું ભાષાંતર † નીચે પ્રમાણે અત્રે દાખલ કરી દર્શાવું છું:—

"મનોવિકારમાં આશા સૌથી વધારે સુખ આપે છે. બીજા વિકારો અમુક પ્રસંગે અથવા જીવતરની અમુક સ્થિતિએ ગતિ પામેછે, પણ જ્યારથી આપણી ખરી સ્થિતિ આપણને સમજાય છે, અને હવે પછી આપણી શી સ્થિતિ થશે એ બેનો મુકાબલો કરવાની આપણામાં શક્તિ આવેછે ત્યારથી આશા આપણામાં જન્મ લેછે; અને આપણી હરેક સ્થિતિમાં અને હરેક સમયે તે જાગૃતજ હોય છે; તે દરમિયાનમાં તે આપણને કંઈ કંઈ નવિન વસ્તુ મેળવવા પ્રેરણા કર્યા કરેછે, અને કંઈ આઘે સુખ છે એમ બતાવી આપે છે. દુખમાંથી બચાવ થશે અથવા સુખની વૃદ્ધિ થશે એવો ભરૂંસો આપનારી આશાછે.

હરેક સ્થિતિમાં આશા અગત્યની છે. આશા ન હોય તો દરિદ્રતાનાં દુષ્ટ બંધીખાનાંનાં દુઃખ સહન થાય નહિ. અને વળી આ દુનિયામાં ઘણોજ સુખી જીવ હોય તે પણ આ સાર્વજનિક દિલાસો જે આશા, તે વગર તેને ચાલે એમ ભાસતું નથી. જે માણસ ઉપર ખૂબસુરતી અને પૈસાનો વર્ષાદ વરસે છે તે પણ જો કંઈ નવિન વસ્તુ પ્રાપ્ત કરવાની અભિલાષાથી ઉશ્કેરાયો ન હોય, અથવા હવે કંઈ સુખ મળશે જેથી "તેના મનની ઇચ્છા અંતે પૂર્ણ થશે, અને અંતઃકરણ તેની સંપૂર્ણ સીમા સુધી ઉલટશે

---

† આ ભાષાંતર સન ૧૮૬૭ ના માર્ચ માસના ગૂ૦ શા૦ પત્રમાં મારા મિત્ર રા. સા. ગણપતરામ અનુપરામ જે હાલ સોરઠ પ્રાંતમાં ડે. એ. ઈ. છે તેમણે કર્યું હતું; જેમાં મેં ભાષાદિકમાં કંઈક ફેરફાર કીધોછે.

એવી આશા તેને ન હોય તો તે માણસ હજુ પણ દુઃખી નહિ હોય.

આશા બેશક ઘણી બેવફા છે અને તે ક્વચિતજ ફ-ળે છે. પણ પૈસાની બક્ષીસ કરતાં તે ઉપર ભરૂસો રાખ-વો એ વધારે ઠીક છે. આશા નિષ્ફળ થાયછે ત્યારે (નિ-રાશામાં) તે અગાડી કંઈ વધારે ઉદારતા બતાવવાનાં ચિ-ન્હ જણાવે છે. (નવિન આશા ઉપજાવે છે.)

આ વિચિત્ર મનનો વિચાર, જેથી દરેક માણસ વા-રંવાર ઠગાય છે તેમાં હું લીન થઈ ગયો હતો, અને ભવિ-ષ્યનો ખુશકારક દેખાવ બતાવનાર આશા જેથી ફાયદા તથા ભય આવી પડે છે, તે વિષે વિચાર કરતો હતો એટલામાં હું નિદ્રાવશ થઈ ગયો, અને જાણે હું વાડીમાં છું જેનો કંઈ પાર જણાયો નહિ એવું માલમ પડ્યું. મારી આસપાસનો દેખાવ રંમુજી તથા ખુશકારક હતો. તે સૂર્યના અજવાળાથી પ્રકાશી રહેલો અને ખુશબો-દાર હતો. તે જમીન વસંત ઋતુની લીલાથી તેજસ્વી થઈ રહી હતી; અને સૃષ્ટિના ગવૈયા (નાના પ્રકારનાં પક્ષી) ગા-યન કરી રહ્યા હતા. આ'વો આનંદકારક દેખાવ જોઈને હું તદાકાર થઈ ગયો, પણ જેવી મને શુદ્ધિ આવી તેવો-જ આનંદમય જગાને બારીકીથી ધ્યાન આપીને જોવા લાગ્યો. આ રીતે તપાસતાં મને માલમ પડ્યું કે, હજુ તો વધારે સંતોષ ઉપજાવનારી વસ્તુઓ છે,. અને હું હતો ત્યાં-થી થોડે છેટે વધારે સુંદર પુષ્પ, વધારે નિર્મળ પાણીના પ્રવાહ અને વધારે ઊંચી ઝાડીઓ માલમ પડી. જ્યાં પ-ક્ષિયો પોતાનાથી થાય તેટલું ગાન તાન કરી રહ્યાં હતાં, જે મારાથી થોડું થોડું સંભળાતું હતું. મારી આસપાસનાં વૃક્ષો લીલોતરીથી શોભાયમાન થઈ રહેલાં હતાં, અને મો'-

રમાંથી સુવાસના મહેકી રહી હતી; પણ પાકાં ફળ જોને માત્ર તોડી ખાવાનીજ વાર હતી તે જોઈને મને ઊડવાનું મન થયું, તેથી હું ઉતાવળો અગાડી ગયો; પણ જેમ જેમ હું અગાડી ચાલ્યો તેમ તેમ ખેતરના તરેહવાર રંગો કરમાઈ જતા માલમ પડયા. પક્ષિયો ગાતાં ગાતાં મારી પાસેથી આગળ ઉડી ગયાં, અને કદાપિ હું ઉતાવળો આગળ ઝોકયોજ રહ્યો તોપણ જે જે ખુશકારક ચીજને મને મળે નહિ, અને તું તે માત્ર નજરે દેખાયા કરે, જેઓને લેવાને મેં ચાલવા માંડેલું તે જાણે મારી મશ્કરી કરતાં હોય અને જેમં જેમ હું અગાડી ચાલ્યો તેમ તેમ તેઓ પણ મારી આગળ જતાં હોય એમ જણાવા લાગ્યું.

આ પ્રમાણે વારા ફરતી ખુશીને દિલગીરી થવા માંડી તેથી હું ગભરાઈ ગયો, અને આ નાસી જતી ચીજો ક્યારે હાથમાં આવશે એવી આતુરતાથી આગ્રહ કરીને અગાડી ચાલ્યો. આખરે વિવિધ વયનાં સ્ત્રી પુરુષો મારી નજરે પડયાં, જેઓને કંઈ સાધારણ સુખ છે એમ મને જણાયું; કેમકે ફલાણી વસ્તુ તો બનશે એવાં ભરોંસાનાં ચિન્હ હરેકના ગાલ ઉપર જણાતાં હતાં, અને હરેકની આંખમાં આતુરતાની કીકી રમતી હતી. આથી હરેકને નિશ્ચિત ગુપ્ત સુખ હોય એમ જણાયું, તો પણ તેઓ ઘણાજ થોડા મનના વિચાર જણાવવાને મરજી બતાવતાં; અથવા તો પોતાના વગર બીજાની વાત કવચિતજ ધ્યાનમાં લેતાં. કોઈ પરદેશીની જિજ્ઞાસા તૃપ્ત કરે એવું તો કોઈજ નહોતું; કેમકે તેમની દોડધામ જબરી હતી. આથી તેઓના ઉતાવળા જવા આવવાથી તેમને શ્રમ પડે તેવી તપાસ ન કરતાં થોડી વાર સૂધી હું તેમના ભણી તાકીને જોવા લાગ્યો. આખરે એક માણસ ઉમરે પહોંચેલો અને

ભીડમાં આથડીઆં મારવાને અશક્ત જેવો જોવામાં આવ્યો. તેને અવકાશ હશે એમ જાણીને મેં તેને બોલાવ્યો, પણ તે ગુસ્સો કરીને મારી પાસેથી આઘો ખસ્યો અને મને કહ્યું કે,—ગુલામ લોકો સોનાને માટે ખાણ નહિ ખોદે એવો સારો સમય પાસે આવ્યો છે માટે તું મને હરકત ન કર.

હું તેને મૂકીને બીજા પાસે ગયો; તેના સાત્વિક વદન અને ધાર્મિક ચાલથી મેં ધાર્યું કે, એ મારો ઠીક સત્કાર કરશે; પણ તેણે મને નમન કરીને કહ્યું કે,—હું આજ વીશ વર્ષ થયાં એક જગા લેવાને વલખાં મારતો હતો તે હવે જલદીથી ખાલી પડશે, તેમાં મને તે મારી નોકરી બજાવ્યાથી જેટલો સંતોષ થશે તેટલો બીજો કશાથી મળવાનો નથી, અને હાલ હવે સારો પ્રસંગ પણ છે. તેની પાસેથી મારે બીજાની પાસે જવું પડયું. સૃષ્ટિના નિયમથી જણાતું હતું કે, તેનો કાકો ઘણા દહાડા કાઢશે નહિ તેથી તેની મિલ્કતનો કબજો કરવાને તે ઝડપથી જતો હતો. તેની પછવાડે એક બીજો હતો તે એક નવિન યુક્તિથી બનેલા ઘંટમાં બેસીને ખજાનો (મોતી આદિનો) મેળવવાને દરિયામાં ડૂબકી મારવાની તૈયારીમાં હતો, અને બીજો રેખાંશ શોધી કાઢવાની તૈયારીમાં હતો.

આ પ્રમાણે તપાસ કરવાને હું બધે ભમ્યો પણ સર્વ સ્થળેથી સૌએ મારો અનાદર કર્યો તેથી હવે તપાસ બંધ રાખવી એ ઉત્તમ કામ છે એમ વિચારીને અવલોકનથીજ માત્ર યત્ન કરવાનો નિશ્ચય કીધો; પણ એક રમુજી અને અવિચારી જુવાન આદમીને જોઈને તેને પાછું પૂછવાનું મન કીધું, અને તેના કહેવાથી જણાયું કે મનકામનાની પુત્રી જે 'આશા' તેની વાડીમાં હું છું, અને મારી આ-

સપાસ જેઓને ઉદમાતથી ગરબડ કરતાં જોતો હતો તે સર્વ 'આશા'ના વચનથી કૂદતાં હતાં, અને જે બક્ષીસો તે પોતાના હાથમાં રાખીને બતાવતી હતી તેને તેઓ પકડવાને દોડતાં હતાં.

મેં મારી નજર ઊંચે ફેરવી અને જોઉં છું તો જુવાનીની ખીલતી કળીમાં એક દેવી સિંહાસનપર બેઠી છે; તેની આજુ બાજુએ લક્ષ્મીની બક્ષીસો પડેલી છે, અને જીંદગીનાં સર્વ સુખો નજર આગળ પથરાએલાં છે. તેનો દેખાવ અચળ આનંદથી ભરેલો હતો; અને તેના નિષ્પક્ષપાતે રીતે સર્વ સમિપ મોં મલકાવવાથી પ્રત્યેક પુરુષ એમ ધારતો કે મારા તરફ હસે છે. આથી બીજાઓ કરતાં પોતે જે શ્રેષ્ઠતા મેળવી છે તે ઉપર તે રાજી રાજી થતો, તેજ પ્રમાણે બીજા પણ એવી ભૂલથી એવોજ વિશ્વાસ રાખતા.

હું ત્યારે એક ઊંચી ટેકરી ઉપર ચઢયો, જ્યાંથી એ બધી જગાનો સ્પષ્ટ દેખાવ નજરે પડવા માંડયો. ત્યાં જે ભીડ ભરાઈ હતી તેની જૂદી જૂદી વર્તણુક થોડા ગભરાટથી જોઈ શકતો હતો. આ જગોએ મને જાણ પડી કે, 'આશા'ના ઉદ્યાનમાં પેસવાનો રસ્તો બે દરવાજાથી છે. તેમાં એક દરવાજાની રખેવાળણ 'વિવેકબુદ્ધિ' અને બીજાની 'કલ્પનાશક્તિ' હતી. 'વિવેકબુદ્ધિ' ચીઢિયણ અને ભ્રાંતિની ભરેલી હતી, જે ઘણા પ્રશ્ન પૂછ્યા વિના અને ઘણી વાર સુધી આનાકાની કર્યા વગર ક્વચિતજ દરવાજો ખોલતી; પણ 'કલ્પનાશક્તિ'તો માયાળુ અને અસીલ રખેવાળ હતી, જે પોતાનો દરવાજો બારેવાટ ખુલ્લો રાખતી, અને જે ભાગ પોતાની સુપરત નીચે હતો ત્યાંથી સર્વને સરખી રીતે આદર આપતી. આથી જે લોકોનો

વિવેકબુદ્ધિએ અનાદર કર્યો હતો અથવા જેઓ તેની તજવીજથી ડરતા હતા તે સર્વનાં ટોળાંથી રસ્તો ખીચાઈ ગયો હતો.

વિવેકબુદ્ધિના દરવાજા આગળથી આશા (દેવી) ના સિંહાસન પાસે જવાનો રસ્તો ટેકરીઓવાળો લપસી જવાય એવો અને ગલીકુંચાનો હતો, તેને 'સંકટસાગર' કહેતા. એ રસ્તા ઉપર જે લોકો પેલા પોળિયાની રજા લઈ આવ્યા હતા તે ચઢવાની કોશિસ કરતા હતા, પણ તેઓ ચઢવા માંડતા ત્યાર પહેલાં ઘણી સંભાળથી રસ્તો તપાસી જોતા, અને વાટની જૂદી જૂદી સ્થિતિયો જોઈ રાખતા, તો પણ સાધારણ રીતે અણચિંતવી અડચણો નડતી. તે રસ્તો સાફ અને સપાટ છે એવું જ્યાં તેઓ જાણતા ત્યાં એકાએક વારંવાર તેમને અટકવું પડતું. હજારો ગુંચવણોથી તેઓ અકળાઈ જતા, હજારો લપશી જવાય એવાં ઠેકાણાંમાં પાછા હઠી જતા અને હજારો ખાડાથી તેઓના આગળ વધવામાં અટકાવ થતો. અડચણો એવી તો ભયંકર હતી અને એટલી બધી ચીજો આડે આવતી કે ઘણા આ પહેલાજ પ્રયત્નથી પાછા હઠતા, અને ઘણા અધવચ મૂર્છા પામતા, અને ઘણાજ થોડા આશા દેવીના શિખરે—સ્થાનકે જઈ શકતા; જોકે હિંમત તેઓને દોરવવાને પોતાનો હાથ આગળ ધરતી હતી. આ થોડામાંથી ઘણા ખરા, આશા જે ફળ આપવાનો ભરૂસો આપતી તે લઈને તેમને જે શ્રમ વેઠવો પડ્યો તેનો શોક કરતા જણાયા; અને આ તેઓની ફતેહમાં તેમને નાઉમેદીની દિલગીરી લાગતી, બાકીના પોતાને જે કંઈ મળ્યું તે લઈને ચાલતા થયા, જેમને 'દક્ષતા' સંતોષના બાગમાં લઈ જતી હતી.

કલ્પના શક્તિના દરવાજા તરફ ફરીને જોઉંછું તો આશા દેવીના તખ્ત પાસે જવાનો રસ્તો જણાતો નથી; તોપ-

ણુ તે સર્વથી દેખાય તેમ છચોક બેઠેલી હતી, અને પોતાની બક્ષીસો જાણે બોલાવી બોલાવીને આપતી હોય એમ જણાતી હતી. આથી પ્રત્યેક મનુષ્યનું અંતઃકરણ તેને દેખી અત્યાનંદથી ઉભરાઈ જતું હતું. તે બાજુપર પહાડ ચઢીશકાયજ નહિ એવો સીધો દોર હતો, પણ તેમાં એવા એવા છાયાવાળા રસ્તા જણાઇ આવતા કે કોઇને નહિ ચઢાય એમ લાગતું નહિ; દરેક જણ પોતાના મનમાં એમ સમજતો હતો કે મને એક રસ્તો એવો જડયો છે કે જેથી બાકીના સર્વ અજાણ્યા છે. આ'વા ઉદ્યોગી માણસોએ ખરેખર ઘણા ઘણા ઉપાયો યોજ્યા કે જેમાંના કેટલાક પાંખો બનાવતા હતા, અને બીજાઓ તે પાંખો અચળ ગતિમાં રહે તેવી યુક્તિ કરતા હતા. પણ આ સઘળી તેઓની મહેનતંથી અને યુક્તિયોથી તેઓ કદી પણ જમીન ઉપરથી ઊંચે ઉડી શક્યા નહિ, અથવા તરત પાછા પડતા અને તેઓ કદી 'આશા' (દેવી) ના સિંહાસન આગળ આવી શક્યા નહિ; પણ છેટેથી નિર્ખીને જોયા કરતા, અને જેઓને સંકટ-સાગરમાં અથડાતા જોતા તેમની આગળ વધવાની ધીમી ચાલ જોઈ હસતા.

'કલ્પનાશક્તિ'નો જેઓએ પ્યાર મેળવ્યો હતો તેમાંના થોડાએક જ્યારે વાડીમાં પેઠા ત્યારે બીજાની પેઠે પહાડ ચઢવાનો યત્ન કર્યા વગર તરતજ 'આળસ' જે એક શાંત અને હરકત હેલો પહોંચે નહિ એવો એકાંત વાસ છે તેની ખીણ તરફ ફરતા, જ્યાંથી તેઓ 'આશા' (દેવી) ને જોઈ શકતા; અને તે સત્વર ઊતરીને આપાસ આવવાનું ધારે છે એવું માનીને ખુશી થતા હતા. આ લોકોને બાકીના સર્વ ધિક્કારતા-પણ ધિક્કાર, શીખામણ, અથવા ઠપકાની તેમને થોડીકજ અસર થતી; પણ નિશ્ચિંતપણાથી

દેવીની કૃપાની આશા રાખતા.

આ આનંદી લોકમાં હું ભમતો હતો અને તેઓ મારા સઘળા સવાલોનો જવાબ આપવાને તૈયાર હતા, અને તેઓ પોતે ચેનબાજીમાં છે એમ જણાવવાને ખુશી હતા; પણ પાછો ફરીને જોઊંછું તો (આળસની) ખીણુમાં બે ભયાનક રાક્ષસીઓ પેસતી જણાઇ. મોજ મઝા અને નાચરંગનો પાર આવ્યો, અને સર્વે દિશામાંથી બીક અને દુઃખની એક ચાસ પડી જેથી હું જાગી ઊઠયો."

**ટીકા.**—આશાનું રૂપ ધ્યાનમાં આવવા-તેને વિષે વિચાર શક્તિથી અવલોકન કરવા વર્ડસવર્થ નામના તત્વજ્ઞાની અંગ્રેજ કવિયે ઉપર પ્રમાણે આશાનું વર્ણન કરેલુંછે. તેમાં આશાની વાડી કલ્પિ છે. જેમાંથી આશાનું વિવિધ રૂપે અવલોકન થઈ શકે છે. આશાના માર્ગ કેવા હોય છે, તેની બક્ષીસો (લાલચો) કેવી મૃગજળ જેવી હોય છે, આશાનો પાર પમાતો નથી, આશા કેવે સ્થળે વિરાજી માનવીને ઊંચું જોવડાવ્યા કરેછે આદિ રૂપ ચીતર્યુંછે. ખરેખર રૂપકાલંકારમાં આશાના પ્રદેશનું અને આશાનું આબેહૂબ ચિત્ર ચીતર્યુંછે; જે ઉપર વિચાર કરવાથી આપણને સમજવાનું ઘણું મળી આવેછે. આશાના પ્રદેશમાં જોતાં કોઇ માણસ સ્થિરતાવાળું નજર નહિ આવે, સર્વના જીવમાં પ્રવૃત્તિ પેસી ગયેલી જોવામાં આવશે. આ દુનિયામાં આપણે એમ જોઈએ છીએજ. જેટલી ગરબડ જોવામાં આવેછે તેમાંનો મોટો ભાગ બલકે બધોએ આશાની વહેંચાતી પ્રસાદિની હોહાછે. આપણે ઉપરના વર્ણનમાંથી સાર એટલોજ લેવો કે, આશાને મળવા વિવેક બુદ્ધિને રસ્તે જવું, કલ્પનાને દરવાજે કદી દાખલ થવું નહિ. કારણ મનની કલ્પના-બુદ્ધાઓ એવા છે કે તે શુદ્ધ માર્ગ સૂઝવા દેતા નથી, ને પ-

રિણામ શો થશે તે દેખવા દેતા નથી. તે ખોટો વિશ્વાસ આપી નિશ્ચિંત કરી નાંખી આળસુ બનાવી દે છે; ને એમ કરતાં વૃદ્ધાવસ્થા આવી પહોંચેછે ને દરિદ્રતા ઘરમાં દાખલ થાય છે; જેથી ધારેલી આશાનો અંત આવેછે. આથી બાકીનું જીવતર અકારૂં થઇ પડેછે ને નિરાશા રોજ હૈયું રોક્યા કરેછે.

## प्रकरण ४ थुं.

### निराशानुं विविधरूपे अवलोकन अने निराशानुं क्षार रण.

પાછલા પ્રકરણમાં આશાનું વિવિધ રૂપે અવલોકન કંઈક કરવામાં આવ્યું તેમ આ પ્રકરણમાં નિરાશાનું વિવિધ રૂપે અવલોકન કરીશું તો તે નીચે પ્રમાણે ઘણું કરી જોવામાં આવશે.

૧. **વૈકલ્પકદર્શનઃ**—શિકાર પૂઠે લાગેલો કૂતરો શિકાર હાથ ન આવી શકવાથી તે પોતાની ધારેલી નેમમાંથી દૂર નાશી જવાથી બહાવરો બની ગયેલો તમારા જોવામાં આવેછે; ચંદાનો તોબરો ઘોડા પાસેથી દૂર લઈ જતાં તે આકુળ વ્યાકુળ થઈ જાય છે ઇત્યાદિ પશ્વાદિકમાં અને બીજાં પ્રાણીમાં જે ચિન્હ જોવામાં આવેછે તે નિરાશાનું વૈકલ્પક દર્શનછે.

એક વ્યાપારીએ સટ્ટાના વ્યાપારમાં સત્તાવન હજાર રૂપિયા મળવાની ઉમેદ બાંધી હતી તે ભાગી પાડવાથી અને ઉલટું સાઠ હજારનું દેવું જણાવાથી તેના તનમનની સ્થિતિ પલટાઈ જાયછે, તે બહાવરો અને ગાંડા જેવો નજર આવેછે, તેના મુખમાંથી એક પણ મીઠું અને ચોકસ વચન નીકળતું નથી, ને સન્નિપાત થયો હોય એવી દશામાં

જોવામાં આવેછે. નગર શેઠને નેવું વર્ષે પુત્રનું મુખ જોવાનો વખત આવતે તે પુત્ર જન્મતાંજ પાછો થાય છે એ વખતની તેની તાલાવેલી, અને ગંભીરાઇનું બદલાઈ જવું, તેમજ એક તરૂણીના હૈયાના હાર અને કોટના માદળિયા જેવા કંથનું કામગરી ઉપર કાળને વશ થવું એથી તે અબળાના મનની જે ઉથલ પાથલ થવી ઇત્યાદિ નિરાશાનાં વૈકલ્યદર્શન જોવામાં આવેછે.

**૨. શૂન્યદર્શનઃ**—એક ગાયૂ તેનું વાછરડું મરી જવાથી કે તેને કોઇ લઈ જવાથી ખીલા આગળ ખડી અડી. ખેદવાળી સજળ આંખે જડ પ્રતિમા સમ તમારી નજરે જોવામાં આવે છે, તેમજ એક ચકલી તેનાં ઇંડાં હાડિયો લઈ જવાથી માળામાં મુનિવૃત્તધારી બેઠેલી તમારા જોવામાં આવે છે—જે નથી હાલતી નથી ચાલતી, શૂન્યકાર બનેલી જણાય છે. આ નિરાશાનાં શૂન્યદર્શન છે.

એક પતિના પ્રેમને પામેલી સ્ત્રી. તેમજ એક વહાલીનો વલ્લભ એક બીજાના ગત થવાથી સુખની આશા સ્વપ્ને પણ નહિ રહેવાથી જે ઉદાસીમાં ગર્કાવ થએલાં જોવામાં આવે છે, તેમજ ઉત્તરાવસ્થામાં એકના એક પુત્રનું મરણ થયે તેનાં માતપિતા જે ઔદાસિન્ય સ્થિતિમાં જોવામાં આવે છે. આ સર્વ નિરાશાનાં શૂન્યદર્શન જાણી લેવાં.

**૩. દગ્ધદર્શનઃ**—ધણી મરી જવાથી તેના ઉપર પ્રેમ રાખતું પ્રાણી હવે એ મળવાનો નથી એવો નિશ્ચય થતાં સોસાઇને સૂકું કાષ્ટવત્ થઇ જાયછે, એ નિરાશાનું દગ્ધદર્શન છે.

જન્મનું જોડેલું નાણું ગયું તે હવે દહાડા પહોંચ્યા તેથી પાછું મેળવી શકાવાનું નથી; દીકરો ધીરનાર હવે કોઈ

રહ્યો નથી માટે મળતરની આશા માંડી વાળવાથી ને એ વિષેની ઉગ્રચિંતાથી પુરુષનું શરીર તવાઈ જાયછે, મારો રાખેલો સધવાનો વેષ આજકાલ ઊતારવાનો મનસુબો સગાંધારી બેઠાંછે; મારે નથી ગાવું, નથી સારૂં ખાવું, સુખની આશા મારી આસમાનમાં ઊડી ગઇછે, આ'વા આ'વા વિચારના અંગારામાં ધીકતી બાળા કાળી કોયલા જેવી નજરે આવેછે. આ સર્વ નિરાશાનાં દગ્ધદર્શન છે એમ જાણવું.

૪ **ધૈર્યસ્ખલન દર્શન**:—એક આદરેલા કાર્યની સિદ્ધિ ન થવાથી હવે એ પાર પડવાનું નથી એવો અવિશ્વાસપેદા થાયછે, "ભરૂંસાની ભેંસે પાડો જણ્યા" જેવો જોગ બનેછે, એથી માણસની ધીરજ હાથ રહેતી નથી. એને નિરાશાનું ધૈર્ય-સ્ખલનદર્શન જાણવું. એક વ્યાપારમાં ખોટ દેખી ફરી ઊદ્યોગ કરવાને હિંમત ચાલતી નથી; સંગ્રામમાં પરાજય થયો દેખી ફરી બાજી ગોઠવવાની યુકિત સૂઝતી નથી; આ'વાં આ'વાં જે ચિન્હો જોવામાં આવેછે તે નિરાશાનાં ધૈર્યસ્ખલન લક્ષણછે.

૫: **મંદદર્શન**:—પ્રાપ્તિને અર્થે આદરેલો ઉદ્યોગ નિષ્ફળ થવાથી, વ્યાપારમાં ખોટ જવાથી, પરીક્ષામાં નાપાસ થવાથી જે નાસીપાસી પેદા થાયછે ને તનમનનો વ્યાપાર અટકી પડેછે. તેને નિરાશાનું મંદલક્ષણ જાણવું. ઘણાં દૃષ્ટાંત આ વિષેનાં છે જે સર્વ આપવાની જરૂર નથી; માત્ર આં એક બેથી જોઈ લેવું બસ થશે.

૬. **આક્રંદદર્શન**:—છોકરો મરી ગયે તેનો પિતા પોકો પાડેછે, માતા મળસકે રોજ રાગ તાણી રડે છે, પતિ મુએ પ્રેમદા વિલાપ કરી છાતી ફાટે એવું રૂદન કરે છે ઈત્યાદિ નિરાશાનાં આક્રંદ દર્શન જોવામાં આવે છે.

**ટીકા**:—નિરાશાનાં વિશેષ દર્શનનું નિરૂપણ કરી વ-

મ્હારે જગો રોકવાની જરૂર નથી; ઉપર જે થોડાં લક્ષણ જણાવ્યાં છે તે માત્ર તેનું સ્વરૂપ ધ્યાનમાં આવવાને માટે છે. ટૂંકામાં એટલું કહીશું તો ચાલશે કે–જેમ આશાનું સ્વરૂપ શ્વાસ ભર્યું છે તેમ નિરાશાનું નિસ્વાસ ભર્યુંછે. આશા વિકસિત કમળ જેવી છે. અને, નિરાશા કરમાએલા કમળ જેવીછે. એટલે આશા ભર્યા માનવીનાં મુખ પ્રફુલ્લ નજરે આવેછે અને નિરાશાવાળાંનાં મુખ કરમાઇ ગએલાં જોવામાં આવે છે. નિરાશાનું સ્વરૂપ વિશેષે ધ્યાનમાં આવવા તેના ક્ષાત્ર રણનું આપણે અવલોકન કરવું જોઈએ. માટે હવે એ તરફ જુઓ:—

પાછળના પ્રકરણમાં આપણે "આશાની વાટિકા" અથવા લીલું વન જોઈ ગયા ત્યાંથી પડેલી છેલ્લી ચીસથી આપણે હબકી જાણે જાગ્યા છિયે. પછી આપણે ક્યાં આવી ચઢ્યા, અને તે શું છે એ વિષે હું કહું છું, પણ હમણાં પગ ઉપાડો.

જુઓ, આ જગ્યા કેવી ઉજ્જડ અને પ્રકાશ રહિત છે!! જાણે સંધ્યાકાળનો સમય હોય તેમ આકાશમાં આ-ઝેલાં કાળાં વાદળાથી થઈ રહ્યું છે, તોપણ તપારો થવામાં બાકી રહેતી નથી. ઉકળાટ આકળવિકળ કરી નાંખે છે. મધ્યાનનો સમય હશે તથાપિ જાણે સાંઝ પડી હોય એવું લાગે છે. દક્ષિણાયણની એક પણ ઠંડી લહેર આવતી નથી, પણ ઉત્તર તરફનો ઊનો વાયુ માથું ને શરીર શેકી નાંખે છે. ખારી રેતી ઊડી આંખમાં ભરાયછે, ને તે એવી ઘણી ઊડેલી છેકે પગનાં તળીયાં શેકી નાંખેછે. લાંબી નજર કરતાં લીલું ઝાડવું કે પાણીનું નવાણ નજરે પડતું નથી. ખબર નથી પડતી કે આ વેરાણ પ્રદેશનો પાર ક્યારે આવશે.

જુઓ, જુઓ! પેલા કોઈ કોઈ મુસાફર જતા આ-

વતા નજરે પડે છે! ચાલો આપણે તેમની પાસે ઝપાટીને જઈ પહોંચીએ, કે આ ખારા રણનો પાર કયારે આવશે તે જાણી લઈએ. કંઈ ઝાડ પાન અને પાણીવાળી જગો તેઓ બતાવે તો ત્યાં જઈ મુકામ કરીએ, ને પછી વિસામો લઈ આગળ વાધિયે.

રે, આ માણસો તો કંઈ બોલતાં નથી ને ચાલતાં પણ નથી. આતો આ રણનાં દાધેલાં ને હોઠમાં સુકાઈ ગયેલાં નજરે આવે છે. જુઓ, જુઓ! પેલું એક માણસ તો માથે હાથ દઇ બેઠું છે. જુઓ, તેણે પોતાનું માથું બે ઢીચણ વચ્ચે ઘાલી દીધું છે. આ બીજું પેલું જુઓ રેતી ઉપર પડયું તરફડવા લાગ્યું છે. રે, પેલું ઊભેથી ચકરી ખાઈ પડયું! એને ઝીલી લો! રે, આતો એકે એકે બેશુદ્ધ થવા લાગ્યાં છે, આપણે એમને શું પૂછીએ? તેમની આંખોમાં ખાડા પડયા છે, તે રક્તવર્ણ થઈ ગઈ છે. જીભે પોપડો બાઝેલા આ જુઓ! એમને ગળે કાચકી પડેલી હશે એમાં શક નથી. રે, આપણે એમને શી રીતે બેઠાં કરી શકિયે? આ રણમાં આપણી પાસે ટીપું પાણી નથી; આપણેજ જો અહીંથી આખી અણી નીકળી જઈશું તો જીવતા રહીશું, નહિ તો એમની વલે તે આપણી વલે.

જુઓ, પેલાં બીજાં પ્રથક્ પ્રથક્ માનવી જાય છે; એમના પગ ભાગી ગયા હોય તેમ ચાલે છે; જાણે કોઈએ લૂટી લીધાં હોય તેમ વિકળ થઈ ગયેલાં દેખાય છે; આપણે તેમની ખબર શી રીતે પૂછી શકીએ? એમની પાસે જતાં વખત જાય, ને વખતે તેમ પણ કરીએ તો, કરીએ બેસવાનું તો થાય ઊંચકવાનું એમ આપણને થઇ પડે. રે,આમની પેઠે તેમનું દુઃખ જોઈ નિશાસો નાંખવો પડે માટે હવે આપણે તો એક દિશાએ ચાલ્યાજ કરવું. કોઇ હિંમત

ધારે જગે રોકવાની જરૂર નથી; ઉપર જે થોડાં લક્ષણ જણાવ્યાં છે તે માત્ર તેનું સ્વરૂપ ધ્યાનમાં આવવાને માટે છે. ટૂંકામાં એટલું કહીશું તો ચાલશે કે-જેમ આશાનું સ્વરૂપ શ્વાસ ભર્યું છે તેમ નિરાશાનું નિશ્વાસ ભર્યુંછે. આશા વિક-સિત કમળ જેવી છે. અને, નિરાશા કરમાએલા કમળ જેવીછે. એટલે આશા ભર્યા માનવીનાં મુખ પ્રફુલ્લ નજરે આવેછે અને નિરાશાવાળાંનાં મુખ કરમાઇ ગએલાં જોવામાં આ-વે છે. નિરાશાનું સ્વરૂપ વિશેષે ધ્યાનમાં આવવા તેના ક્ષાદ્ર રણનું આપણે અવલોકન કરવું જોઈએ. માટે હવે તે તરફ જુઓ:—

પાછળના પ્રકરણમાં આપણે "આશાની વાટિકા" અથવા લીલું વન જોઈ ગયા ત્યાંથી પડેલી છેલ્લી ચીસથી આપણે હબકી જાણે જાગ્યા છિયે. પછી આપણે ક્યાં આ-વી ચઢયા, અને તે શું છે એ વિષે હું કહું છું, પણ હમ-ણાં પગ ઉપાડો.

જુઓ, આ જગ્યા કેવી ઉજ્જડ અને પ્રકાશ રહિત છે!! જાણે સંધ્યાકાળનો સમય હોય તેમ આકાશમાં આ-ઝેલાં કાળાં વાદળાથી થઈ રહ્યું છે, તોપણ તપારો થવામાં બાકી રહેતી નથી. લુકળાટ આકળવિકળ કરી નાંખે છે. મધ્યાનનો સમય હશે તથાપિ જાણે સાંઝ પડી હોય એવું લાગે છે. દક્ષિણાયણની એક પણ ઠંડી લહેર આવતી નથી, પણ ઉત્તર તરફનો ઊનો વાયુ માથું ને શરીર શેકી નાંખે છે. ખારી રેતી ઊડી આંખમાં ભરાયછે, ને તે એવી ધગી ઊડેલી છેકે પગનાં તળીયાં શેકી નાંખેછે. લાંબી નજર કરતાં લીલું ઝાડવું કે પાણીનું નવાણ નજરે પડતું નથી. ખબર નથી પડતી કે આ વેરાન પ્રદેશનો પાર ક્યારે આવશે.

જુઓ, જુઓ! પેલા કોઈ કોઈ મુસાફર જતા આ-

વતા નજરે પડે છે! ચાલો આપણે તેમની પાસે ઝપાટીને જઈ પહોંચીએ, કે આ ખારા રણનો પાર કયારે આવશે તે જાણી લઈએ. કંઈ ઝાડ પાન અને પાણીવાળી જગો તે ઓ બતાવે તો ત્યાં જઈ મુકામ કરીએ, ને પછી વિસામો લઈ આગળ વાધિયે.

રે, આ માણસો તો કંઈ બોલતાં નથી ને ચાલતાં પણ નથી. આતો આ રણનાં દાધેલાં ને હોઠમાં સૂકાઈ ગયેલાં નજરે આવે છે. જુઓ, જુઓ! પેલું એક માણસ તો માથે હાથ દઇ બેઠું છે. જુઓ, તેણે પોતાનું માથું બે ઢીચણ વચ્ચે ઘાલી દીધું છે. આ બીજું પેલું જુઓ રેતી ઉપર પડયું તરફડવા લાગ્યું છે. રે, પેલું ઊભેથી ચકરી ખાઈ પડયું! એને ઝીલી લો! રે, આતો એકે એકે બેશુદ્ધ થવા લાગ્યાં છે, આપણે એમને શું પૂછીએ? તેમની આંખોમાં ખાડા પડયા છે, તે રક્તવર્ણ થઈ ગઈ છે. જીભે પોપડો બાઝેલો આ જુઓ! એમને ગળે કાચકી પડેલી હશે એમાં શક નથી. રે, આપણે એમને શી રીતે બેઠાં કરી શકિયે? આ રણમાં આપણી પાસે ટીપું પાણી નથી; આપણેજ જો અહીંથી આખી અણી નીકળી જઈશું તો જીવતા રહીશું, નહિ તો એમની વલે તે આપણી વલે.

જુઓ, પેલાં બીજાં પ્રથક્ પ્રથક્ માનવી જાય છે; એમના પગ ભાગી ગયા હોય તેમ ચાલે છે; જાણે કોઈએ લૂટી લીધાં હોય તેમ વિકળ થઈ ગયેલાં દેખાય છે; આપણે તેમની ખબર શી રીતે પૂછી શકીએ? એમની પાસે જતાં વખત જાય, ને વખતે તેમ પણ કરીએ તો, કરીએ બેસવાનું તો થાય ઊંચકવાનું એમ આપણને થઇ પડે. રે, આમની પેઠે તેમનું દુ:ખ જોઈ નિશાસો નાંખવો પડે માટે હવે આપણે તો એક દિશાએ ચાલ્યાજ કરવું. કોઇ હિંમત

હારશો નહિ. જો હાર્યા તો માર્યા ગયા જાણજો.

જુઓ, જુઓ! આ ઊંડી ખાહી, એમાં નજર કરો; એ કેવડી ઊંડીછે! રે એમાં અંધારૂં કેટલુંછે! એનું ઊંડાણ માપી શકાતું નથી. રે, આંખો ફાડીને જોઇએ છિયે તોપણ તેનું તળિયું દેખાતું નથી. પણ જુઓ, એમાં રાતી આંખોવાળી ને મેશના ઢગલા જેવી એક રાક્ષસી પલાંઠો વાળી બેઠીછે. તેની આસપાસ તરફડતાં પેલાં શું પડયાંછે તે જુઓ શું છે? એ જૂદી જૂદી જાતનાં માનવીછે. બાપડાં એ સર્વે એનો ભક્ષ થઈ પડયાંછે. એમાંનાં એકે એકનું કાળજું એ શેકી શેકીને ખાયછે. આટલા ઊંડા ખાડામાંથી કોની માએ શેર સૂંઠ ખાધી છે કે નીકળીને બહાર નાશી આવે.. બાપડાં જીવતાં મુઆં પડેલાં છે, પૂરા પાશમાં તેમને સાંકળી લીધાંછે. એમની આંખમાંથી શ્રાવણ અને ભાદરવાની એલી વરસેછે. જાણે સર્વનાં એકત્ર આંસુથી આ ખાડો ભરાઈ જશે, પણ ભાગો ભાઈ! આ ખાહીમાં ડોકિયાં કર્યા કરવાનું કામ નથી. રાક્ષસી નીચી મુંડિયે પોતાના ભક્ષને ચાળવેછે એટલામાંજ આપણે અહિંથી 'પોબાર' ગણો. નહિતો એ દુષ્ટાની નજર આપણા ઊપર પડશે તો આપણને તે પોતાની ખાહીમાં ખેંચી લેશે તો મુઆ પડયા સમજજો. હવેતો જેમ નસાય તેમ નાસો. આ કાળ ભૂમિથી નાડે સિદ્ધિ છે.

ઝખમારેછે! રણની પાર આવી પહોંચ્યા તો છીએ. હવે આપણી આનંદની ભૂમિ આવી. ચાલો, આ વિશ્રાંતિના બાગમાં જઈ બેસીએ ને શાંતિનું શીતળ જળ પી ઠંડા પડી પછી થાક ઊતારીએ. એ દરમિયાનમાં હું તમને આપણે જે જે જોયું તેની સમજ પાડી તમારા સંશય ટાળુંછું.

હવે તમે ઠંડા પડયા હો તો સાંભળો; આપણે જે રણ પસાર કર્યું-જેમાં આપણે દુઃખ સિવાય બીજું કાંઈપણ દી-

હું નહિ તે શું હતું તે કહું છું.

આપણે જે રણમાંથી આવ્યા તેનું નામ "નિરાશાનું ક્ષાર રણ" છે. આશાના વનમાંથી ભાગેલાં માણસનો માર્ગ એમાં રહીનેજ નીકળે છે. એમાં જે ઝાંખાશ જણાતી હતી તે ઉદાસીને નામે ઓળખાય છે; ને જે કાળું વાદળ જોવામાં આવતું હતું તે શોકનું વાદળ હતું. ઉકળાટ જે થતો હતો તે હૈયાની અકળામણનો, અને જે ઊનો વાયુ ફૂંકાતો હતો તે ચિંતાની જ્વાળાનો હતો. ખારી તપેલી રેતી આંખમાં ભરાતી ને પગ શેકી નાંખતી તે ખરાબીની રેણું હતું. અને મધ્યાને સાયંકાળ જણાતો હતો તે મધ્ય વયમાં–જુવાનીમાં વૃદ્ધા આવેલી ભાસતી હતી.

આપણને જે જે મુસાફર મળ્યાં તે આશાભંગમાનવી હતાં. આશાભંગ નિરાશામાં પડે છે ત્યારે તેમની સ્થિતિ એવીજ બને છે, તે દુઃખનાં દાઘેલાં જણાય છે, તેમનાથી પૂછ્યો ઉત્તર અપાતો નથી. તેમની આંખો ઊંડી જાય છે, ગળે કોયલી પડી હોય એવાં જણાય છે, તેઓ તરફડે છે અને મરે છે, ને જીવતાં મુઆં જેવાં જણાય છે. સારમાં. એટલુંજ કહેવાનું કે, જાણે ક્ષાર રણમાં રખડી મુઆં હોય એવાં નજરે આવે છે.

પ્રથક્ પ્રથક્ જે માણસો જતાં આવતાં જોવામાં આવતાં હતાં તે સર્વે નિરાશાના રણમાં આવી ચઢેલાં માનવી હતાં, જેઓની આશા ભંગ થએલી હતી.

આપણે જે ઊંડી ખાહી જોઈ તે નિરાશાનું રહેવાનું સ્થળ હતું. નિરાશાનું સ્થાનક ઊંડું કૂવા જેવુંજ હોય છે, ને તેમાં સદા અંધકાર પથરાએલો રહે છે. વળી તે એવું ઊંડું હોય છે કે, જે તેમાં પડે છે તેનાથી બહાર નીકળાતું નથી. ખાહીમાં કાજળની દેરી જેવી જે નજર આવતી હ-

તી, જે રાક્ષસી જેવી જણાતી હતી તે સાક્ષાત્ નિરાશા હતી; ને તેની પાસે જે પડયાં હતાં તે તેનાં ઝાલીને માંહે ઝીકેલાં ભક્ષ રૂપ માનવી હતાં જે આશાભંગ થવે તેના હાથમાં આવ્યાં હતાં. આશાભંગ માનવી નિરાશાના રણુ-માં પેસે છે. જેમને નિરાશા ખોળી ખોળીને પોતાના કોતરમાં નાંખે છે. જે એ કોતરમાં પડયો તેનો તો મુએજ છૂટકો; બાકી જે રણુમાંથીજ હિંમત રાખીને બહાર નીસરી આવે તેજ બચે છે,જેમ આપણે અત્રે આખી અણી આવી પહોચ્યા.

ઉપલ્યા કલ્પિત વર્ણનને જો નિરાશી માણુસો જે આ દુનિયામાં હોય છે તેમની સ્થિતિ સાથે સરખાવવામાં આવશે, એ વિષે ઊંડા વિચારથી મુકાબલો કરવામાં આવશે. તો જે રૂપક આપ્યું છે તે આશાભંગ માણુસની સ્થિતિનું આબેહૂબ ચિત્ર છે, ને એવું ચિત્ર દર્શાવવાનો હેતુ એટલો છે.કે એ વિષેનો ખ્યાલ નજરમાં આવતાં તેમાંથી કાંઈ પણ સાર કાઢવાનું સૂઝી આવે.

આ પ્રકરણુમાંથી સાર એટલોજ કાઢવાનો કે આપણે આપણી આશાનો ભંગ થતાં નિરાશાના રણુનો રસ્તો પકડવો નહિ, ને એમ કરતાં કદી ભૂલા પડયા તો હિંમત રાખી તેમાંથી બહાર નીકળી આવવું. જાદે વખત તેમાં મનને ભ્રમણ કરવા દેવાથી આપણે ખરેખર નિરાશાના ભક્ષ થઈ પડીશું, ને તેના ખાડમાંથી કદી નીકળવા પામીશું નહિ.

---

## प्रकरण ९ मुं.

### मानुषी सृष्टिमां आशानो विस्तरेलो व्यापार.

આ વર્ણનમાં બીજાં પ્રાણીની આશા નિરાશા વિષેનું વર્ણન ન કરતાં માત્ર માણસોને માટેનુંજ વર્ણન કરૂં છું.

પાછળ માણસ અને બીજાં પ્રાણીનું મિશ્રિત વર્ણન આવી ગયું છે એટલે અત્રે તેમ કરવાની જરૂર નથી. આપણે માણસને લગતી હકીકત જાણુવાની જરૂર વધારે છે, કારણ કે તેમની વર્તણુકથી માહિત થતાં તેમને જે લાભ કે હાનિ થાય છે તે જાણતાં, આપણે શી રીતે વર્તવું તેની આપણને સમજ પડે છે.

આપણે પાછળ બીજા પ્રકરણમાં જણાવી ગયા છિયે કે— આ સંસારનો મહાસાગર માયા જળે ભરેલો છે, જેમાં આશાનો ક્ષાર રહેલો છે. હવે અહિં એટલું યાદ રાખવું કે, "દરિયાના ખારા જળમાંથી મીઠું પાકે છે જે સ્વાદે ખારૂં છે પણ તે અંદાજાસર નાંખતાં ખાવાના પદાર્થનો સ્વાદ સુધારે છે, તેમ આશાનો ક્ષાર પણ તેનો યોગ્ય ઉપયોગ કરતાં મળવાનાં સુખનો સ્વાદ સુધારે છે, અને જીંદગી મીઠી કરીં આપે છે. આ વાત અનુભવ સિદ્ધ છે એમાં કોઇથી ના કહેવાશે નહિ. પણ માણસના લોભને થોભ નથી; તે ચાર મળતાં ચોવીશ મેળવવા જાય છે ને તેમાં ખત્તા ખાય છે; તેમ આશાનો હદથી જાદે ઉપયોગ કરવા જતાં તે પોતાનાં સુખ ખારાં કરી નાંખે છે, જેથી જીંદગી ખારી થઈ પડે છે. આશાના વ્યાપારમાં માણસ અતિ લોભ કરવા જતાં ખત્તા ખાય છે જેમને ખોટમાં નિરૂપયોગી નિરાશા માત્ર મળે છે.

આશા એ મીઠાના વ્યાપાર જેવી છે. કોઈ માણસ મીઠાનું વહાણુ ભરી તે હંકારે અને તેમાં બેઠો બેઠો મીઠાથી જે લાભ મળવાનો તેના અનેક તર્ક કર્યા કરે, અને વહાણુ કયી દિશામાં જાય છે તેની સરત રાખે નહિં, તો તે વહાણુ ખરાબા સાથે અથડાઈ ભાગી જશે, ને મીઠું પાણીમાં પડી પાણી થઈ જશે, જેમાંથી તેના હાથમાં પા-

શેર પણ આવશે નહિ. બીજી ચીજ પાણીમાં પડી બચે છે ને હાથ આવે છે, પણ મીઠું પાણીમાં પડયું એ તો પાણીજ થઈ જવાનું. આશાનો વ્યાપાર આ'વો છે.

ખલાસી લોકો દરિયામાં વહાણ ખેડવા ખૂબ હાથ હલાવે છે ને ચાટવા વીંઝેછે, તથા દોડ ધામ કર્યા કરે છે, તેમ મનુષ્યમાત્ર જે હાથ પગ વીંઝેછે તે આશાનું નાવ ઈચ્છિત કિનારે પહોંચાડવાને માટેજ. જો આશાનું કોટિયું ઉંધું વળ્યું તો તેઓ નિરાશામાં ડૂબી જાય છે.

આશાનો વ્યાપાર જીંદગીની છેલ્લી ઘડી સૂધી બંધ પડતો નથી. માણુસ જેમ જેમ વયે વધે છે. તેમ તેમ એ વ્યાપાર વધતો જાય છે. આશા એ લાભની અખૂટ કલ્પિત લક્ષ્મી છે, જે આંખે દેખાય છે ખરી, પણ હાથમાં ક્વચિતજ આવેછે; ને હાથમાં આવે છે તો પણ તે નહિ જેવીજ આવે છે. તે પૂરી તૃપ્તિ કરતી નથી. તે ફળતાં ઉલટી વધેછે ને તેથી પ્રથમની નહિ સરખી નજર આવેછે.

આશા એ મનોરથના મનિઓર્ડર (હુંડી) અથવા તો શેરનાં કાગળિયાં જેવી છે; જે કલ્પનાની બેંકમાંથી જોઈએ એટલાં વગર માગ્યે મળ્યાં જાય છે, પણ તેનો વાયદો ને મળવાનો અવેજ એ તો માત્ર જોવાનાં અને અંતે રોવાનાંજ નીકળે છે. આ ચીંથરાંનો નાશમાન્ વ્યાપાર એટલો વિસ્તરેલો છે કે એ વિના ઠાલો ઠામ નથી.

આશા એ લોભના પર્વતની નિસરણી છે; જેનાં પગથિયાં કેટલાં છે તે કહી શકાતું નથી, એટલુંજ નહિ, પણ તેની કલ્પના સરખી પણ થઈ શકતી નથી. જેમ જેમ તેના ઉપર ચઢતા જઈએ તેમ તેમ લોભનો પર્વત વધતો જાય છે ને જે ચઢયા તે નહિ સરખું જણાય છે. ઊંચે નજર કરતાં આશાની નિસરણીનાં પગથિયાંનો પાર લોભ-

ના પર્વતને શિખરે આવેલો જણાય છે, પણ આ જાદુનો ડુંગર અને જાદુની નિસરણીનો પાર આખી જીંદગી વહી જતે આવતો નથી. માણસ તેના ઉપર ચઢેછે પડેછે ને ચઢે છે, જેમ વ્યાપારમાં માણસ ચઢેછે પડેછે ને ચઢેછે તેમ.

આશાનો વ્યાપાર આખા વિશ્વમાં વિસ્તરેલો છે. બીજા વ્યાપાર ઉદ્યોગમાં વધે છે ને નિરૂદ્યોગમાં નાશ પામે છે, પણ આશાનો વ્યાપાર તો ઉદ્યોગ અને અનુદ્યોગ સર્વેમાં એક સરખોજ વધ્યો જાય છે. બીજા વ્યાપારનાં જૂદાં જૂદાં નામ આપી શકાય છે; જેમ રૂનો, લોખંડનો, કરિયાણાનો, કાપડનો, ધાતુનો, ઝવેરાતનો, અફીણનો ઈત્યાદિ, પણ આશાના વ્યાપારનાં નામ આપી શકાતાં નથી; કારણ કે તેની ગણત્રી થઈ શકતી નથી. દુનિયામાં જેટલાં પ્રકારના ધંધા રોજગાર અને મેહેનત મજૂરી છે તે સર્વેમાં આશાનો વ્યાપાર વ્યાપી રહેલો છે એટલુંજ નહિ, પણ રાજકાજ, રાજ્યપદ, ને મનની અનેક ધારણાઓમાં ઉદ્યોગી અને અનુદ્યોગી, સાજાં ને માંદાં, પૈસાદાર ને ગરીબ, દેખતાં ને આંધળાં, વાંઝિયાં ને વિસ્તારી, સર્વ કોઈમાં આશાનો વ્યાપાર વિસ્તરેલો છે. પાછળ લખવામાં આવ્યું છે કે મન કામનાની પુત્રી આશા છે તો અત્રે માત્ર એટલું કહેવું બસ થશે કે, જેટલા પ્રકારની મનકામનાઓ મનુષ્યમાં છે તે સર્વેમાં આશા મળેલી છે. અને જેટલાં મન કામનાનાં પાત્ર છે તે સર્વેમાં આશાનો વ્યાપાર વિસ્તરેલો છે. જેની જેવી ભાવના હોય તેમાં વ્યાપતી આશાને તે ભાવનાનું નામ આપવું, ને તેમાં આશાનો વ્યાપાર તે નામે જાણી લેવો.

પ્રથગ્ મનુષ્યની આશાના વ્યાપારનું વર્ણન થઈ શકતું મુશ્કિલ છે, તેને માટે તો આપણે ઉપર જણાવ્યું તે-

મ કલ્પનાજ માત્ર કરી લેવી; તોપણ સ્પષ્ટીકરણ કરવા અર્થે કલ્પનાને યોગે જૂદા જૂદા પ્રકારનાં મનુષ્યની તન-મનની સ્થિતિનાં થોડાં ઉદાહરણ હું અત્રે આપું છું એથી આશાના વિસ્તરેલા વ્યાપારની કલ્પના સહેજ થઈ શકશે.

આશાના વ્યાપારનું અવલોકન કરવા અર્થે મનરૂપી ઘોડે બેસી હું મારે ઘેરથી નીકળ્યો. માર્ગમાં મને એક આંધળો માણસ આથડિયાં ખાતો લાકડીને આધારે રસ્તો તપાસતો જતો જણાયો. મેં તેને પૂછ્યું ભાઈ, તમે આંખે અપંગ છો? તમારી સાથે કોઈ સોબતી નથી અને આ લાંબે ઉજ્જડ રસ્તે તમે ક્યાં જાઓ છો? તેણે મને કહ્યું ભાઈ. હું જરૂરના કામ માટેજ જાઉં છું. મેં તેને કહ્યું તમે આંખે દેખી શકતા નથી તે શી રીતે ધારેલે મુકામ જઈ શકશો? તમારે એવું શું જરૂરનું કામ છે? તેણે કહ્યું મને મહાવરાથી રસ્તાની ગમ પડી ગઈ છે તેથી હું મારા મામાના ગામમાં જઈ શકીશ. મારે મામે કહાવ્યું છે કે-તારે માટે એક કન્યા મેં જોઈ કાઢી છે, તે પાંગળી છે, તેને વરનાર બીજો વર મળતો નથી માટે મેં તારી સાથે તેનું લગ્ન કરવાનું નક્કી કર્યું છે, માટે તું જેમ તેમ કરી અત્રે આવજે. આ કારણથી હું ત્યાં જાઉંછું. હશે, પાંગળી તો પાંગળી પણ પરણ્યા તો કહેવાઈશું! પરમેશ્વર કરશે તો કાલે તેને છોકરો થશે, જે મારી લાકડી ઝાલી ચાલશે. મારૂં કુંવારા મેણું ભાગશે, ને હું છોકરાંનો બાપ કહેવાઈશ. આંધળાને તેને રસ્તે જતો કરી મેં મારો અસ્વ આગળ ખેડયો તો ત્રીજે પહોર વટતાં વાટમાં નદી કિનારે મોંમાં દાંત વગરની સૂકી પડપા જેવી આંખે ઝાંખ પડતી એવી સ્ત્રી દીઠી. તે નદી ઊતરવાની તૈયારી કરતી હતી, તેને મેં પૂછ્યું બાઈ આવી દુર્બળ હાલતે તમે ક્યાં

જાઓછો? રસ્તામાં ક્યાંઈ અખડાઈ પડશો, નદીમાં ડૂબી મ-
રશો કે તણાઈ જશો. તેણીએ જવાબ દીધો જે થવાનું
હશે તે થશે, લખિત હશે તે બનશે પણ મારે ગયા વિ-
ના ચાલે એમ નથી. મારી છોકીને પરમેશ્વરે પાંતરીશ વ-
ર્ષે ઊજળો દિવસ દેખાડયો છે. તેના ભાણિયાને જોઉં તો
આ જીવ ગતે જાય એમ મારા મનમાં છે. માટે દુઃખે
સુખે ત્યાં ગયા વિના ચાલે એમ નથી. ડોશીમાને મૂકી
મેં મારો ઘોડો આગળ ચલાવ્યો તો આગળ જતાં આંબ-
લીના ઝાડ નીચે હાથ પગનાં આંગળાં ખરી ગયેલાં એવો
એક રક્તપિત્તના રોગવાળો માણસ બેઠેલો જોયો; તેને મેં
પૂછયું ભાઈ તમે અહિં કેમ બેઠા છો? ગામમાં જઈ કો-
ઈ ધર્મશાળામાં રહેતા હો તો ત્યાં તમારી બરદાસ થાય.
મારા આ પૂછવાનો તેણે ઉત્તર વાળ્યો કે ભાઈ એ સંધુ તમા-
રૂં કહેવું ખરૂં છે પણ અહિં દુઃખે પાપે આવવાનું મને
કંઈ પણ કારણ છે, હું કારણ વિના અત્રે બેઠો નથી. મેં ક-
હ્યું એવું શું કારણ છે? તેણે કહ્યું એ વાત કોઈને કહેવાય
એવી નથી. મેં તેને કહ્યું મને કહેવાને હરકત ન રાખ.
હું કોઇને નહિ કહું. તેણે કહ્યું પાસેના ગામના રાજાએ પો-
તાની પુત્રી ઉપર કોપી તેને રક્તપિત્તવાળા રોગીને આ-
પી દેશવટો દેવા કહ્યું છે, હું તે કુંવરી મેળવવાની આશા-
એ જવા નીકળ્યો છું. હવે એ ગામ વેગળું નથી; થાક્યો
છું માટે વિસામો લેવા બેઠોછું. હું ત્યાંથી આગળ ચાલ્યો
તો કનકાવતી નગરીના કોટના કાંગરા જણાવા લાગ્યા. સં-
ધ્યાકાળ થયો હતો તેથી ધર્મશાળામાં જઈ મુકામ કીધો.

રાત્રે અંધાર-પિછોડો ઓઢી નગરચરચા જોવા ની-
કળ્યો તો મારા જોવામાં કંઈ કંઈ વેષ આવ્યા. રૂપો જુ-
ગારી ચીંથરેહાલ થઈ ગયેલો સાદડી ઉપર સૂતેલો મારા

જોવામાં આવ્યો; તે બબડતો હતો કે–રાંડની કોટમાં હજી રૂપાની એક સેર રહીછે ખરી, ઝખમારેછે! કાલે રૂપાનીમાંથી સોનાની મેળવીશ. આગળ ચાલતાં ફૂલચંદને ટૂટી ખાટમાં તરંગે ચઢેલો જોયો; તે વિચારતો હતો કે-બાપનું નામ રાખવામાં બધું ખરચાઈ ગયું, પણ હવે પરમેશ્વર કરશે તો કાકાનું કોણ ખાનારછે? તેમનું સંધુ આપણુનેજ મળશે, માટે દૈવરાત દુઃખ વેઠેછે. આગળ ચાલતાં એક અનુદ્યોગાને હસતે મોઢે ઊશીકે માથું ઘસતો દીઠો; તે પાસાં બદલતાં વિચાર કરતો હતો કે–પરમેશ્વર રાજાનો રંક અને રંકનો રાજા કરેછે, તેણે જો ગેબી ખજાનો આપવા ધાર્યું હોય તો તેના હાથ કોણ ઝાલી શકેછે! ચંદન રાજાના ઘરમાં સોનાની ઈંટ નાંખી ભાગ્યોદયની નિશાની જણાવી હતી તેમ તે આપણને કેમ ન જણાવે? આ ગામનો વાંઝિયો રાજા તેની નજરે પડ્યા હોઈએ તો આપણને તેની ગાદીના વારસ કોઈ દહાડો પણ કરેજ. અહિંથી હું આગળ ચાલ્યો તો એક સ્ત્રી તેનો ધણી બારવર્ષથી વહાણે ચઢી ગયોછે ને તેની કશી ખબર આવી નથી તે વિષેના તર્ક કરતી દીઠી. તે વિચારતી હતી કે–મારૂં ડાબું અંગ ફરકેછે, માટે જરૂર આંજકાલ શેઠ આવવા જોઈએ. આગળ ચાલતાં એક ઘરડી ડોશીને રેંટિયો કાંતતાં જોઈ; તે કહેતી હતી કે–મારો પુરૂષોત્તમ મરી ગયો, પણ તેનો આ મગનો મોટો થશે તો તે મારી મજૂરી લેખે લગાડશે, એનું સુખ જોઈને જવાયંતો સારૂં. ત્યાંથી આગળ જતાં કપટચંદને ઉઘાડી આંખે પથારીમાં પડેલા દીઠા; તે વિચારતા હતા કે-બનાવટનું ખત સરાડે ચઢ્યુંછે તો ખરૂં, કાલે હુકમનામું થાયછે તો રૂપિયા સોની ગાંસડી ઠાંસી નાંખીને લઊંછું. આગળ ચાલતાં એક ભૂવાના ઘરમાં

માંદું છોકરૂં ખોળામાં લઇ બેઠેલી એક અબળાને દીઠી. જેના ચોટલાની લટ ભૂવે હાથમાં લીધેલીછે, જે તેનો ધણી ને સસરો નજરે જુએછે અને તે લટ ભૂવો ધૂણીને દીવે બાળેછે. બાઈને આકરી બાધા આપેછે, ને તેને હાથે દેવના જેવું પોતાનું પૂજન કરાવેછે. તેના હાથે પોતાના મોંમાં કોળિયા ઘલાવેછે ને એવી અનેક કુત્સિત ચેષ્ટા કરેછે, જે ધણી ને સસરો બાહુકની પેઠે જોયા કરેછે, ને ભૂવાને ભાવતા ભોગ લાવી રજુ કરેછે. અહિંથી આગળ ચાલતાં એક સૈયદને હજરત ભરતાં જોયો; એ તમાશો પણ પૂરી આરતનો હતો, માથે બળતી શગડી ને દાંતમાં ખાસડું પકડી જતી સ્ત્રી જોવામાં આવી. વળી આગળ ચાલતાં મહાદેવના દેવળમાં એક જણને કમળપૂજા કરતાં જોયો. છેવટ હું ગામના નગરશેઠની હવેલીમાં આવી પહોંચ્યો. જેનું નામ રત્નશાહ હતું. તેને સાત છોકરાને ચાર છોકરીઓ હતી, ને પોતે આઠ કરોડના આશામી હતા. છોકરાને છોકરા, ને છોકરીઓને પણ છોકરાં થયેલાં હતાં. જોતાં તેના સુખમાં કશી કમી નહોતી. પોતે પોણોસો વર્ષની વયે પહોંચ્યા હતા. આ વખતે તે આખરની માંદગીમાં હતા. જેમનું વૈદું કરવામાં કસર રાખવામાં આવી નહોતી, તોપણ તેઓ મંદવાડથી મુક્ત થતા નહોતા. ખરૂં કહિયે તો તે "મરતા નહિ ને માંચો છોડતા પણ નહિ." તેમનો જીવ કેટલીક ચિંતામાં વળગી રહ્યો હતો; તે એ હતી કે, છોકરાઓને જોઇએ એટલો વારસો કરી અપાયો નહિ. આઠ કરોડમાંથી એક એક કરોડ છોકરાઓને વહેંચી આપીશું અને એક કરોડ ચાર છોકરીઓને અપાશે ત્યારે મારી પાછળ ક્રિયા ખર્ચ શી રીતે થશે? જો નક્કી રકમમાંથી ઊપાડ થાયતો કરોડનો મેળ તૂટેછે; ન્હાના છોકરાની વહુને હજી સીમંત આવ્યું ન-

થી, મોટાના છોકરાને પરણાવ્યો હોત તો ઠીક થાત, સ્ત્રીને હવે કોઇની ઓથ ન રહી, એને એંશી લાખ છાના આપી મૂક્યાછે તે કરોડનો મેળ કરી આપ્યો હોત તો ઠીક થાત; આ'વી આ'વી ચિંતામાં રત્નશાહનો જીવ ઘૂંચાતો હતો. અહિંથી આગળ ચાલતાં મેં ફૂલેકે ચઢેલા ફૂલચંદશાને માથે ખૂંપ અને હાથમાં નાળિયેર લઈ ઘોડે બેઠેલા પરણવા જતાં જોયા. તેમની ઉમર ચાર કોડી (૮૦) વર્ષની થયેલી હતી. "મોં ડાચાં મળિયાં ને માથે આવ્યાં પળિયાં" એવા ઘાટમાં તે પાંચમી વાર પરણવા જતા હતા. પૂછપાછ કરતાં જણાયું કે તેમનો હાથ ઝાલી આખો ભવ ઓશિયાળી થનારી કન્યા સાત વર્ષની હતી. શેઠ સંતતિની આશાએ નિવૃત્તિની અવસ્થામાં મૂકાએલા છતાં હાથમાં નાળિયેર લઈ આંખ આંજી પ્રવૃત્તિમાં પડવા અને એક નિર્દોષ બાળાને આખો ભવ નડવા જતા હતા! આ હાસ્ય અને ઉદાસી પેદા કરે એવો તમાશો જોતો હું એક શિવાલય આગળ આવી પહોંચ્યો. ત્યાં એક પુરૂષે પોતાના પુત્ર અને સ્ત્રીનાં માથાં મહાદેવને ચઢાવ્યાંછે ને પોતાના ગળામાં ખડ્ગ ખોસેછે એ હાલતમાં તેને મેં જોયો. તેનું કારણ મને સમજાયું કે તેને મહાદેવ તેના આ ત્રાગાથી પ્રસન્ન થઇ ઇચ્છિત ફળ આપશે એવી આશાએ તે આત્મહત્યા કરવા તૈયાર થયો હતો, ને એજ કારણથી તેણે નિર્દોષ બાળક અને અબળાનો ભોગ આપ્યો હતો. હું આ ત્રાસજનક જગોએથી નીકળી નાઠો ને મુકામ ઉપર આવી મનઅશ્વે પલાણ કરી શિયાળાની લાંબી રાત્રિમાં જોવાય એટલા પ્રદેશની ચર્યા જોવાનો નિશ્ચય ધારી કનકાવતીમાંથી ઊડતે અશ્વે આગળ ચાલ્યો.

દિવસે મારા જોવામાં અગણિત ચર્યા આવી હતી,

પણ મારે જેની સાથે કંઈ પાનું પડેલું અને જેને મેં કંઈ-ક પૂછપાછ કરેલી તેનુંજ વૃત્તાંત મેં કંઈક જણાવ્યુંછે. બાકી, રસ્તે પહાડના શિખર ઉપરથી પડતું મૂકતાં, ઊછળતા તોફાની સાગરમાં હિંમતથી વૂહાણ ખેડતાં, નિર્જનવનમાં શાન્તચિત્તથી સમાધિ લગાવી બેઠેલાં, ને કંઈક શોધવાને આંખો ફાડી ફાંફાં મારતાં, દરિયાના અગાધ જળમાં કલાકના કલાક ડૂબકી મારતાં, વેળુના રણમાં ખરા મધ્યાને ઉઘાડે પગે દોડતાં ઓળંગાય નહિ એવા બર્ફવાળા ડુંગરો ઉલ્લંઘતાં, ધૂળને ધોતાં, કોયલાને ચાળવી ચાળવી જોતાં, ખાણ ખોદતાં, પહાડ ફોડતાં, દ્વંદ્વયુદ્ધ કરી કપાઈ પડતાં ને ગોળીને ગોળાથી નિરસ્ત થઈ જતાં માણસો મારા જોવામાં આવ્યાં. જેને વિષે હું એટલું નિશ્ચય કરી શકું છું કે,તેઓ કોઈ પણ પ્રકારની આશાની પ્રેરણાથી પ્રેરાઇ આ'વા આ'વા ઉદ્યોગે લાગેલાં હતાં.

નગરી છોડી મધ્ય રાત્રે વસ્તી વગરના પ્રદેશમાં નીકળતાં મેં ધાર્યું કે, દિવસે તો જ્યાં ત્યાં આશાની ઊથલપાથલનો ગરબડાટ હોય છે, ને વસ્તીમાં રાત્રે પણ તે હોય; પરંતુ ઉજ્જડ અને વનવગડા આદિક વસ્તી વિનાના ભાગમાં તો સઘળું હવે શાંત જોવામાં આવશે. જળ જંપ્યું હોય એવો આ સમયછે, માટે હવે નિર્જન સ્થળમાંથી સણસણાંટ ઊડતે અશ્વે ચાલ્યાં જવાશે, ને કશું જોવાને થોભવાનું નહિ બને; પણ રે! મારા આ વિચારમાં મેં ભૂલ કરી હતી. ભર રાત્રે પણ આશાની ગરબડ પહાડ પર્વત, બિયાબાન જંગલ અને ઊછળતા મહાસાગરની છોળમાં મેં સાંભળી! જેનું યથાસ્થિત વર્ણન મારાથી આ સ્થળે થઈ શકતું નથી.

ગાઢી ઝાડીમાં જઈ જોયું તો એક નવયૌવના રૂપ-

સુંદરીને મેં પગમાં કાંટા, અંગે ઊઝરડા ને પરાકાષ્ટાથી પોતાનો માર્ગ કાપતી જોઈ. તેને પૂછતાં માલમ પડયું કે, મારો વલ્લભ, મેં મન કર્મે વરેલો વાલમ આ વનને વિષેથી મને મળનાર છે એવા દૃઢ વિશ્વાસથી હું આ વન ખોળી વળું છું. કાળા અંધારા કોતરમાં આગળ ચાલતાં મેં એક પુરુષને પ્રવેશ કરતાં જોયો; તેને પૂછી જોતાં તેણે કહ્યું કે મને સ્વપ્ન થયું છે કે આ સ્થળે એક ભોંયરામાં સોના મહોરોના સાત ચરૂ દાટેલા છે, તેની શોધમાં હું આ વખતે નીકળ્યો છું. દિવસે કોઇ દેખે અને હરકત પડે માટે કાળી રાત્રે કામ સાધવું એમ જાણી હું આ વખતે અત્રે આવ્યો છું. આગળ ચાલતાં દરિયા કિનારે †ભૂતના ભડકાથી ભયાનક ભાસતી સ્મશાન-ભૂમિમાં હું આવી પહોંચ્યો, ત્યાં એક પુરુષને શબના ઉપર આસન કરી મંત્ર સાધતો જોયો, તેની લક્ષણા કરી લેતાં મારા મનમાં આવ્યું કે તે કોઈ પ્રકારની આશાનો પ્રેર્યો પ્રેતનું આસન કરી આ પ્રયોગ સાધે છે. કાળાં કીલ વાદળાંમાં ચમકતી વીજળી અને ભયંકર વાયુના તોફાનથી દરિયો સિંહનાદ કરી રહ્યો હતો એવામાં એક વહાણ આવી પાસેના ખરાબા સાથ અથડાઈ મોટા ધડાકા સાથે ચૂરે ચૂરા થઈ ગયું, તેમાંના ખલાસીઓની કારમી ચીસો સાંભળી મારૂં કાળજું ખશી ગયું! તેઓ ક્ષણવારમાં દરિયાના પેટમાં સમાઇ ગયા, માત્ર પાટિયે વળગેલો એક પુરુષ કિનારે આવતો મેં જોયો. ને હોશ કોશ ઉડી ગયેલો, ને તદ્રુપ અવસ્થામાં કિનારાના કિચડમાં આવી કળેલો મેં જોયો. તેને મારી પા-

† ભેજવાળી જગોમાં હાડકામાંના ફાસફરસના થતા ભડકા, જેને વહેમીઓ ભૂતના ભડકા કહે છે.

સે આણી આશ્વાસન કરી તેનો વૃત્તાંત પૂછતાં તેણે કહ્યું કે–હું બગદાદનો વેપારી છું. મારૂં નામ મીર મુરાદઅલ્લી છે. મેં મારી જીંદગીમાં વહાણુની બાર સફર કરી બાર ક-રોડ રૂપિયા ધન મેળવ્યું છે. મારે ત્યાં લક્ષ્મીની લીલા લ-હેર મારા ઉદ્યોગથી થઇ રહી છે. મેં મારી જીંદગાની મો-ટી મુસીબતો અને મોટાં સાહસમાં ગુજારી છે, ને તેનો બ-દલો ખુદાએ મને મારા પ્રત્યેક પ્રયત્નમાં આપ્યો છે. આ-ટલું છતાં મારી એક વાતની ઉમેદ રહી ગઈ હતી તે હાં-સિલ કરવા હું તેરમી વારનો ત્રેસઠ વરસની ઉમરે આ સ-ફર માંડી બેઠો. તે મુરાદ એ હતી કે બ્રાઝિલદેશમાં એક જમીન એવી છે કે, તેમાંથી સોનું અને હીરા નીકળે છે. ત્યાં સોનું માટીને રૂપે અને હીરા કાંકરાને રૂપે પથરાએલા છે. ત્યાંના જંગલી લોક એક માટીનું વાસણ આપતાં તે ભરી હીરા આપે છે, ને એક કપડું આપતાં તેમાં બંધાય એટલું સોનું આપે છે. શરાબનો એક શીસો આપતાં તે માગિયે એટલું ઊમદું જવાહિર આણી આપે છે. આ વાત મારા સાંભળવામાં આવી ત્યારથી મને મારી લક્ષ્મી તુચ્છ ભાસી, ને આશાએ મને આ અજબ ખજાનો આ-ણવા સફરે ચઢાવ્યો જેમાં મારા આ હાલ થયા છે.

રાત્રિચર્યામાં જે જે જોવામાં આવ્યું તેનો અત્રે સ-માસ થઇ શકતો નથી. મેં જાણ્યું અને જોઈ લીધું કે આ-શાના વ્યાપારની ધામધૂમ સર્વ સ્થળે સર્વદા રાત્રિ ને દિવસે ટાઢ અને તડકામાં એક સરખીજ ચાલ્યા કરે છે. તેના વ્યાપારમાં કોઇ સ્થળે વિસામો જોવામાં આવતો નથી, માટે મન અશ્વે ભ્રમણ કરવું પડયું મૂકી હવે પોતાના વિશ્રાંતિ ના સ્થળમાં આવી વિરામવું.

આ’વો વિચાર ધારી મેં આગળ વધવાની વાત માં-

ડીવાળી. મેં મન સાથે ખાતરી કરી કે દુનિયામાં જેમ જેમ લાંબો રસ્તો માપીશું તેમ તેમ આશાનો તરેહવાર વ્યાપાર ઠામ ઠામ વિસ્તરેલો નજર આવશે; માટે આ એક દિવસ રાત્રિના સ્વલ્પ અવલોકનથી અનુમાન કરવાને કારણ મળ્યું છે, તો હવે વિશેષ ભ્રમણ કરવાની જરૂર નથી. આમ વિચારી હું પાછો ફરી ઘેર આવ્યો.

આશાના વિસ્તિર્ણ વ્યાપારની ઉપર દિશા માત્ર દર્શાવી છે એથી ખાતરી થશે કે આશાના વ્યાપાર વગરનું કોઈ શહેર, ગામ, ગામડું, ઘર કે મનુષ્ય નથી. તેનો વ્યાપાર જનમાં, વનમાં અને મહાસાગરમાં સર્વદા ચાલ્યા કરેછે.

આશા ભંગ થવે નિરાશા ઉત્પન્ન થાય છે માટે જ્યાં જ્યાં આશાનાં સ્થળ છે ત્યાં ત્યાં ખોટમાં નિરાશા ખસૂસ જાણી લેવી.

---

## प्रकरण ૯ હું.

### आशा चढावे छे ने निराशा पाडे छे.

કહેવત છે કે—"ચઢે તે પડે" ને "પડે તે રડે". આશા મનુષ્યને મનોમંગને ઘોડે ચઢાવે છે, ને નિરાશા તેને તે અશ્વથી પાડે છે. આશા તૃષ્ણાના તરંગ અથવા તુરંગ (મનસૂબા) ઉપર મનને નચાવે છે. અને નિરાશા તેને ખેદના વમળમાં—ખાડામાં ખોશી ઘાલે, છે. આશા તર્કવિતર્ક રૂપી પક્ષિયો ઉડાડે છે, ને નિરાશા તેમને જાળમાં સપડાવે છે. આશા મીઠાશ આપી પ્રીતિ જોડાવેછે, ને નિરાશા કટુ સ્વાદ આપી અપ્રીતિ ઉત્પન્ન કરે છે. ટૂંકામાં એટલુંજ કહેવાનું કે—આશા ચઢાવે છે ને નિરાશા પાડેછે. આ ચઢવું પડવું સુખ દુઃખનું સમજવું.

આશા એક મનુષ્યને મનોભંગને ઘોડલે ચઢાવતાં તે અશ્વ કેવી ચાલ ચાલે છે તે તપાસો; તેના ગમનમાં આશાનો ઉછલાવેલો માણસ વિચારે છે કે—પહોર વેપારમાં પાંત્રીશ હજાર મળ્યા છે ને ઓણ આશા છે કે પાંસઠ હજાર ચોખ્ખા મળશે, ને લાખનો મેળ થઈ જશે. મારો વાંઝિયાબારનો બળવંત ઓણુ પરણાવીશ; તેની મિજલસમાં ગવરનર સાહેબને નોંતરીશ, ને અજમેરની અજમતબૂ નામની કંચનીને તેડાવી મોટો નાચ કરાવીશ. માંડવો એવો બાંધવો કે, હાકમપણું અજબ થઈ જાય! મારૂં દ્રવ્ય, આ વિવાહમાં વાપરૂવાને કસર કરવી નથી. વેવાહી પણ લક્ષાધિપતિ છે એટલે તે પહેરામણી પણ મન પૂરતી કરશે. મારા પુત્રને પુત્ર થશે ત્યારે તો મારા ભાગ્યોદયનો પાર પણ નહિ રહે. મારી પુત્રી પરણવાને યોગ્ય થઈ છે, એના લગ્ન સમારંભમાંતો પૂરી નામના કરવી છે. એના વિવાહ વખતે મારૂં મંદિર કેવુ દીપશે? આહા! ગૃહશાન્તિ સમયે માથે મોડ મૂકી મારી માનીતી પ્રિયા સોળે શણગાર સજી મારી પાસે આવી બેસશે ત્યારે મારા હર્ષનો પાર રહેશે નહિ! વેવાહિ સાથે વાગ્વિનોદ કેવા સારા થશે?! સુંદરીઓ કેવાં સરસ ગીત ગાશે?! જમવાને પંગત ભરાશે ત્યારે આ આંગણું કેવું દીપશે?! આજતો દીવાળીનો દિવસ છે; આજતો નાના પ્રકારનાં મિષ્ટાન ખાવા પીવાનું પર્વ છે; આજ તો વસ્ત્રાલંકાર સજી હરવા ફરવાનો દહાડો છે; છૈયાં છોકરાં, સ્ત્રી આદિને બનાવી ઠનાવી બગીમાં બેસાડી આજતો બાગને બંગલે મઝા મારવા જેવું છે.

ઓણુંકા વર્ષમાં શેરનો બને તેટલો વેપાર કરવામાં બાકી રાખવી નથી. તંગી વેઠીને પણ રોકડનાણું જેટલું હોય તેટલું ઓણ વેપારમાં રોકવું, ને બની શકે તો નગદ

સોના રૂપાના દાગીના પણ સટ્ટાના વ્યાપારમાં તેમજ રૂના વેપારમાં કામે લગાડવા, કે જેથી પેહેડીઓ ગત ખૂટે નહિ એટલું દ્રવ્ય મળશે. આ વર્ષ આ'વા વેપારનાંજ છે. માટે એટલું રળવું કે છોકરાંનાં છોકરાં ઊશીકે હાથ મૂકીને ખાય. આપણી હુંડિયો દેશાંતરમાં ચાલશે, ને આપણે પરીખને નામે પ્રસિદ્ધિ પામીશું. પૈસા મળશે એટલે શહેર બહાર એક જમીનનો મોટો ટૂકડો વેચાતો લઈ તેમાં "મોતીબાગ" તથા "હીરાબાગ" એવા બે બાગ બનાવવા, અને તેમાં "સૂર્યવિલાસ" તથા "ચંદ્રવિલાસ" એવા બે મનહર મહેલ આરસપહાણ તથા બિલોરી કાચના ચણાવવા; પછી તેમાં સુખે ઠરી મોજ મારવી.

આશા–તૃષ્ણાના અથવા મનોભંગના અશ્વે ચઢાવી તેની ગતિમાં માણસને આ'વી આ'વી કલ્પનાની કળિયો સુંઘાડી મગ્ન કરેછે, પણ પછી નિરાશા તેને તે અશ્વેથી ઉશેટી દઈ તેના સકળ મનોરથને કેવી રીતે ભગ્ન કરેછે તે જુઓઃ-

આશાએ ચઢાવેલે અશ્વથી પડેલો પુરુષ પોકારેછે કે,—ઓ દૈવ! વેપારમાં સવાલાખની ખોટ ગઈ, હવે નળિયાં વેચતે છૂટકો થવાનો નથી. સૈયડ નીકળતે મારા બળવંતને બે આંખે જે ખોડ આવી એથી એને આખા જનમમાં હવે કન્યા મળવાની નથી! હાય હાય! મારી માણક, માલુરામાં રંડાઇ એનો આખો ભવ શી પેરે જશે? હાયહાયરે બાપ! મારી ધીરજની ઢાલ–મારી ધણિયાણી, છોડીરાંડે કમોતે મોઈ! હવે મારૂં જીવતું ધૂળ થઇ ગયું!! ઘર બળી ગયું એથી ખૂણે પેશી રોવાનો પણ ટેકો ટળ્યો! ઘરમાં ધાતુપાત્ર રહ્યું નથી; લેણાવાળા ઉમરો ખોદી નાંખે છે. ઓ ભગવાન! મારૂં ધાર્યું ધૂળ મળ્યું;વિચાર્યું વાયે ગયું અને અણવિચાર્યું આગળ થયું. આ ઘા આખો ભવ રૂઝાવાના

નથી! ચિતામાં પણ આ દગ્ધ થયેલી છાતી એવી ને એવીજ રહેશે! "રાજા દંડે તે સર્વ જાણે, પણ દૈવ દંડે તે કોઈ જાણે નહિ." આ દુઃખની વેદના કોને કહેવી! અને આ વેદના શી પેરે સહેવી? રે બાજી બગડી તે આ જન્મે તો હવે સુધરી ચૂકી!

ઉપરના દૃષ્ટાંતથી સાર શો નીકળેછે? જે ચઢેછે તે પડેછે. જેને આશા હસાવી ઊંધલાવેછે તેને ઠેઠ મુકામ અવિછિન્ન પહોંચાડયા પહેલાં તે હરકત આવતાં તેની પાસેથી છટકી જાયછે, એવે નિરાશા તેને ખેદના ખાડામાં ઉશેટી દેછે. આશા-તૃષ્ણાના અશ્વને ગમે તેમ આડો અવળો ભટકવા દેછે, ખાડી કોતરમાં ઊતરતાં ખાળતી નથી, એથી એમ કહીએ તો ખોટું નથી કે, તેનો ચઢાવેલો માનવી મરશે કે જીવશે તેની તે દરકાર કરતી નથી. તેતો "ચઢ જાઓ બચ્ચા શૂળીએ ખુદા ભલા કરેગા" એ વાળી વાત કરનારીછે.

મહમુદ ધીઝજનવીએ ભરતખંડ ઉપર બાર સ્વારીઓ કરી હતી તે આશાએ વારંવાર ચઢાવેલા તૃષ્ણાના તુરંગ (ઘોડો)ને યોગેજ. સુલતાન મહમુદ મરણ કાળે પોતાની મેળવેલી લક્ષ્મીનો-રિદ્ધિનો રાશિ (ઢગલો) નજર સમિપ કરી રોયો હતો, ને અવસાન સમયે તેનો જીવાત્મા પરમ કષ્ટ પાંમ્યો હતો તેનું કારણ એ સમયે તેની આશા આંખથી આઘી ખશી ગઇ હતી, અને તેને તૃષ્ણાના અશ્વથી મરણ કાળમાં નહિ જીવવાની નિરાશાએ હેઠે નાંખી દીધો હતો તે હતું.

નેપોલિયન બોનાંપાર્ટને આખા યુરોપનો મહારાજાધિરાજ થવાની આશાએ તૃષ્ણાના અશ્વપર અશ્વાર કીધો હતો, તેથી તે સર્વત્ર હલ્લા કરવા લાગ્યો હતો. તેણે સૈન્યની

આગળ રહી નહિ ઉલ્લંઘાય એવું આલ્પ્સનું શિખર ઉલ્લં-ઘી ઇટાલીમાં પ્રવેશ કર્યો હતો. નહિ જઈ શકાય એવા રૂ-શિયાના વેરાન પ્રદેશમાં તેણે પોતાનો અશ્વ ખેડયો હતો. રે, તેણે એક સમયે તૃષ્ણાનો ગરૂડ વેગી ઘોડો દોડાવી આખા યુરોપને ધ્રુજાવી મૂક્યું હતું; પણ અંતે તેજ પોતાને ચઢે-લે ઘોડેથી પડયો-યુરોપના રાજસંપે તેને સપડાવ્યો, ને અં-ગ્રેજ સેનાપતિ વેલિંગ્ટને તેને વાટરલુની યુદ્ધભૂમિમાં પૂ-રો પરાજિત કરી બંધીવાન બનાવી સેન્ટહેલિનાના બેટમાં પહોંચતો કરી દીધો. જે નિરાશાથી તે પડયો, પછી તે ચ-ઢી શકયો નહિ; ને એકાંત સ્થાનમાં દીર્ઘનિશ્વાસ ભરી નિ-રાશામાં તેને પોતાના બાકી રહેલા આયુષ્યના દુસ્તર દિવ-સો ગાળવા પડયા.

જગપ્રસિદ્ધ સિકંદરે લોભને પેંગડે પગ માંડી આશાના પ્રેરવાથી અનેક દેશોમાં સ્વારી કરી પોતાની આણ વર્ત્તા-વી હતી, તો પણ તેના મનની તૃપ્તિ થઈ નહોતી—આશા તેને, જે જે કર્યું તે અધુરૂંછે જણાવી જણાવી નહિ જવા-ની જગોએ, ન જઈ શકાય એવાં દુર્ગમ સ્થળોએ રખડા-વતી હતી. તેણે એક સમયે પોતાની સકળ સમૃદ્ધિ પોતા-ના આશ્રિતોને વહેંચી દીધી, ત્યારે તેને કોઈએ પ્રશ્ન પૂ-છયો કે—તમે સર્વસ્વ આપી દીધું ત્યારે તમારે કાજે રા-ખ્યું શું? તેણે માત્ર ઉત્તર આપ્યો કે-મારે કાજે રાખીછે હવે પછીની "ઊમેદ." રે, પછીથી ઉમેદેજ તેને આશાએ-શમાં ગર્કાવ કીધો. મોજમઝાની આળસની ખીણમાં તેણે પોતાનો અશ્વખેડયો ને તેથી તે પડયો, જેમાં પછી તેની ચઢતી થઈ નહિ.

ચૌદ ચોકડીનું રાજ્ય, અને અનેક મનોહરા માનનિ-ઓ મળે છતે રાવણને સીતા મેળવવાની ઇચ્છા થઈ, જેમાં

તે પોતાનું રાજ્યપાટ, સુખ અને સાહિબી ખોઇ પુત્ર પરિવારનો નાશ કરાવી માર્યો ગયો.

કરણઘેલે માધવ પ્રધાનની પદ્મિની આણવાની આશા પાર પાડવામાં ગૂજરાતનું રાજ્ય ગુમાવી ને પોતાની પવિત્રકુળની સ્ત્રી અને પુત્રી મુસલમાનમાં ફરતી કરવાની ઘડી આણી.

કંઈક વ્યાપારીઓ આશાના પ્રેર્યા અયોગ્ય વ્યાપાર આદરી દેવામાં ડૂબી ગયા છે ને જાયછે. કંઈક સ્ત્રિયો પુત્રેચ્છાએ દોડી જતાં પતિ વિનાશ કરી આવી છે. કહેવત છેકે-"લેને ગઈ પૂત ને ખોઇ આવી ખસમ."

શેખસલ્લીની પ્રકૃતિમાં ઘણાં માણસ સહજ વાત ઉપર વિચારની ઈમારત ઊઠાવતાં આશાનાં પ્રેર્યાં મન તરંગ ને તુરંગે ચઢી ગબડી પડતાં નજર આવેછે. આશાને આપેલે અશ્વે સાજાં ને માંદાં, દેખતાં ને આંધળાં, પગવાળાં ને અપંગ, સાંભળતાં ને બહેરાં, બોલતાં ને મૂગાં, રૂપાળાં ને વિરૂપ, સમજવાળાં ને અણસમજું સર્વ કોઇ સવાર થાયછે, ને લગામ હાથ ન રાખવાથી ગબડી પડેછે, જે વેળા આશા વેગળી ખશી જાયછે. આશાનું દૃષ્ટિ મર્યાદાથી દૂર થવું એજ નિરાશા જાણી લેવી. ખરૂં જોઈએ તો આશા ચઢાવીને પાડેછે અને જ્યારે પાડેછે ત્યારે તે પોતાના અસલ ઘાટ ડોળમાં રહેતી નથી. એ વખતે તે નિરાશાને નામે ઓળખાયછે.

આ ઉપરથી જોઈશું તો આશાનું રૂપાંતર થવું અથવા તો તેનું ખશી જવું અને માણસને જૂઠાં પાડવાં એનું નામ નિરાશા કહેવાયછે. જે આશાને ઘોડે ચઢેછે તેને નિરાશા પાડેછે, એવે વખતે આશા તેને પડતો ઝીલી લેવા ક્વચિતજ પાસે આવેછે, અગર તે તે સમયે નથી આવતી એમ કહીએ તોપણ કંઈ ચિંતા નથી.

કંઈ વખત વીત્યા પછી પાછી તે જાણે ફરી ફસાવવા આવતી હોય એમ દેખા દે છે, ને પૂર્વના ઘાવ રૂઝાવા આવે તે ફરી પોતાના જાદૂનો પ્યાલો પાય છે. જેમાં રહ્યા સહ્યા ઘાવ રૂઝવી તેનું દર્દ નહિ જેવું કરી નાંખી પાછું માનવીને જાગૃત બનાવી પોતાને ઘોડે ચઢાવવા ઉદ્યુક્ત કરેછે. આ પ્રમાણેની ઠગાઈ તે વારંવાર કર્યા કરે છે. જેમાં માણુસ ચઢેછે પડેછે ને ચઢેછે.

માણુસના જીવતરની ઘડીઓમાં આશા નિરાશાનું આ'વું તોફાન વારંવાર બન્યા કરેછે માણુસની ચઢતી પ્રડતી આ અનુબંધથી વારંવાર થતી ચાલી જાય છે, પણ તેમાંથી સાર શોધી કયે રસ્તે ચાલવું અને કેમ કરવું, એ. મોહ જાળમાં ફસેલાં માણુસને માલમ પડતું નથી.

એક તોફાની ઘોડે સવાર થઈ હાડકાં ભાગે છતે પણ સાજો થતાં તે ઉપર બેસવાને નાદાન માણુસ તૈયાર થાય છે તેવી રીતે આશાની બાબતમાં માણુસો વર્તેછે. એથી અંતે જય મળી શકતો નથી. "લોભીના ગામમાં ધૂતારા ભૂખે ન મરે" એ કહેવત પ્રમાણે લોભીને આશા વારંવાર ધૂતે છે.

આશા એ લોભની પત્નિ છે, જે હમેશાં તેની સાથે રહે છે; ને તૃષ્ણા એ આશાની સહચરી છે એમ કહીએ તો તે ખોટું નથી. આશા, તૃષ્ણા અને લોભ એ ત્રણનો જીવ એક અને દેહ માત્ર જૂજવા છે. અને તેથી તેઓ એક બીજાંથી નિમિષ ન્યારાં રહેતાં નથી. કોઈ પણ કાર્યમાં તેઓ એક બીજાનાં સહાયી છે. અને તેથી એકના પ્રવેશમાં બીજાં બેનો સંચાર સમજીજ લેવો.

ટીકા:—અહિં આ વિષયમાં એટલું જણાવવાની અને સ્પષ્ટીકરણ કરવાની અગત્ય જણાય છે કે, જે માણુસ

આશાને ચઢાવેલે અશ્વે પલાણ કરે છે તે સર્વથા જેમ ચ-ઢે છે તેમ પડે છે એવો કંઇ નિયમ નથી: એટલે જે લા-લચ આશા દર્શાવે છે તેમાં તે હમેશાં ખોટ અને નાસી-પાસી આપે છે એમ બનવાનો ખાસ સંજોગ બને છે એ ચોકસ નથી. મતલબ જે કંઈ ધારે તે ધૂળ મળેજ એવું કંઈ નિશ્ચય પ્રસિદ્ધ પ્રમાણ નથી. માણસ પોતાનાં ધારીને આદરેલાં કાર્યમાં પાર પડે છે ને તેનાં રૂડાં ફળ ચાખે છે એવું આપણે નથી જોતા એમ નથી, પણ આ વિષયમાં વિશેષ એટલુંજ કહેવાનું કે આશા તૃષ્ણાને અશ્વે બેસાડી માણસને તે ઉપરથી પડતાં સૂધી હેઠે ઊતરવા દેતી નથી. અમુક વિષય-પ્રદેશમાં સ્વારી કરી ફર્યા એટલે બસ થયું એવું તે માનવા દેતી નથી. આગળ આગળ અશ્વ ખેડવા-ને તે અપેક્ષા રખાવ્યા કરે છે, જેમાંથી અંતે પતન થયા વિના રહેતું નથી. સારાંશ આશા અમુક ઈચ્છિત વસ્તુ પ્રા-પ્ત થઈ કે તેને નિઃસત્વ જેવી મનાવી બીજી એથી વધારે ઉત્કૃષ્ટ છે એમ દર્શાવી તૃષ્ણાનો તુરંગમ દોડાવડાવે છે; બી-જીથી ત્રીજી, ને ત્રીજીથી ચોથી પર ચોટ કરાવે છે; પૈસો મળતાં રૂપિયો, ને રૂપિયો મળતાં મહોર મેળવવા લલચા-વે છે. આ'વા ઊંચા ચઢેલાને પડવાનો યોગ કોઈ પણ પ્ર-કારે આવ્યા વિના રહેતો નથી. આ ભૂલવણીમાંથી કોઈ વિરલા મહાત્માજ બચતા હશે, બાકી આખું જગત્ એમાં ગોથાં ખાય છે.

અશ્વે ચઢી જેમ તેને વધારે બહેકયો જવા દેવો તેમ જોખમ પણ વધારે છે. ને જેવો અશ્વ તેવો ધાતપાત પણ સમજી લેવો. ટટ્ટુ ઉપરથી પડતાં હાડકાં ખોખરાં થા-ય છે, પણ કચ્છી કે અરબી અશ્વેથી પડતાં જીવ-વાની આશા થોડીજ રહે છે; આ પ્રમાણે જેવી તૃષ્ણા તે

જેવો મનોરથ તેવી તેનાથી પીડા થશે એ વાત ધ્યાનમાં રાખી તે ખેડવામાં ખૂબ સાવધાની રાખવી. વળી તે સાથે એટલું પણ યાદ રાખવું કે, આ અશ્વે હું ટકી શકીશ કે નહિ,- એટલે હું જે તૃષ્ણા કે લોભ રાખું છું તે મને છાજતો છે કે નહિ; ને પાર પાડવાનું મારામાં સામર્થ્ય કેટલું છે, એનો પણ વિચાર કરવો. માર્ગ તપાશી અશ્વ ચલાવવો એટલે વિવેક બુદ્ધિયે જોઈ જોઈને કાર્ય કરવું; ઇત્યાદિ.

---

## प्रकरण ७ मुं.

### आशा जीवतांने मारेछे, ने मरतांने उगारे छे.

#### કુંડળીયો—ભુજંગી.

જિવૃતાને ઝંપલાવવા, કરે આશ તૈયાર;
મરતાને ઉગારવા, છે તેનો આધાર.
ખરેખાત આધાર છે આશ તેનો,
અરે આધિ વ્યાધિ ભર્યો દેહ જેનો;
કરે મૃત્યુ સન્મૂખ સુખ શીવતાને,
ધરે જેહ નવ નિદ્ધિ છે જીવતાને.×

૧. ઉપરના એક કુંડળિયામાં આ પ્રકરણમાં આપણે જે જાણવાનું છે તે સર્વનો સાર સમાએલો છે, તો પણ આપણે એમાં સમાએલા સારનું સ્પષ્ટીકરણ અને નિરૂપણ અત્રે બને તેટલું બતાવી આપવું જોઈએ કે જેથી એ

---

× જેના ઘરમાં નવે નિદ્ધિ અને અષ્ટમા સિદ્ધિ છે એવા સુખને શીવતા (જોડતા) જીવતા મનુષ્યને આશા મરણની સન્મુખ કરે છે.

વિષેની સ્પષ્ટ સમજણ સર્વ કોઈને પડે, ને આશા શી રીતે જીવતાને મારે છે ને મરતાને ઉગારે છે તે સમજાય.

એક યુદ્ધ ક્ષેત્રમાં યોદ્ધાઓને પ્રેરવા કવિ તેમના વચમાં આવી મહાભારતના યોદ્ધાઓનાં પરાક્રમ વર્ણવેછે અને તેમના જેવી કીર્તિ રળવાની ચટપટી ઉપજાવે છે. એથી તેવી કીર્તિ મેળવવાની આશાએં સૈનિકો પોતાનાં શિશ સમર્પવા તૈયાર થાય છે. કવિ તેમને વધારે લાલચને વશ થવા કહે છે,—યોદ્ધાઓ! આ જગત્ તો જોવા માત્ર છે. અત્રેનાં સુખ તો ક્ષણવારનાં છે, એ સુખમાં શો માલ છે? આ મૃત્યુ લોકમાં કશો માલ નથી. જ્યાં ત્યાં કંગાળ કકળતાં નજરે આવે છે. આ દેહ દુઃખનું ગેહ છે. એની રચના અતિ મલિન છે. નસોના બંધને બાંધી આળુ ચામડાથી તે મઢેલો છે. મળમૂત્રને વિષ્ટાનો તે ભરેલો છે. આ'વા દેહમાં વસી જીવ કશું સુખ મેળવી શકવાનો નથી. શંકરાચાર્ય જેવા મહા જ્ઞાનિયે દેહને ઘોર નરક જેવો કહેલો છે† પશુનાં ચામડાંને અસ્થિ, પક્ષીનાં પીંછાં આદિ કામ આવે છે પણ મનુષ્યનું કશું કામ આવતું નથી. માણસે જો કંઈ સારી નામના કરી—કીર્તિ મેળવી તો તેના દેહનું સાર્થક કર્યું કહેવાય. વીરપુરુષોને કીર્તિ મેળવવાનું સ્થળ ને નામના કરવાનું પવિત્ર યુદ્ધ ક્ષેત્ર છે. તેમાં તેણે પોતાનો પ્રાણ વહાલો ન કરવો. પુત્ર દારાદિકમાં જીવ ન રાખવો, પરાક્રમ કરી જીવતા રહેવાશે તો નર દેહનું સાફલ્ય કર્યું કહેવાશે, ને પરાક્રમ કરતાં દેહથી મુક્ત થયા તો સ્વર્ગમાં વસવા ઠામ મળશે. આહા! સ્વર્ગનાં વખાણ શાં કરવાં? ત્યાં અમૃતનો ઉપભોગ છે, ને અ-

---

† कोवास्ति घोरो नरकस्यदेहः ઈત્યાદિ.

પ્સરાઓનો સુખમય સંજોગ છે. ત્યાંની સ્ત્રીઓની કાયા કનક જેવી છે જેમાંથી જોજન જોજન તેનો પરિસ્વેદ બહેકી રહે છે. તેમનાં વાયક અમૃત જેવાં છે. પૂર્ણિમાન. ચંદ્ર જેવાં જેમનાં મુખ શોભે છે. દીવાની જ્યોત જેવી જેમની નાસિકા દીપે છે. એ દેશમાં કશું દુઃખ નથી. નથી તાવ તરિયો કે ટૂંટિયું, ત્યાં તો નિરંતર નિરોગિતાજ વ્યાપી રહેલી છે. જે દેશમાં ઉદાસી તો નજર આવતીજ નથી, ને શોક તો સંતાતોજ હીંડે છે; ઈત્યાદિ.

સ્વર્ગનાં કીર્તિ રળવાનાં આ'વાં આ'વાં વખાણ સાંભળતે આ સંસારનાં સુખ નિઃસત્વં દેખી, અત્રેની આશા ઉમેદ નિર્માલ્ય લેખી માણસો મરણને ભેટવા દોડેછે ને કાળના અકાળ મૃત્યુના મુખમાં ઝંપલાવે છે. તે માત્ર સ્વર્ગ સુખની અને અત્રે અચળ કીર્તિ રળવાની આશાથીજ.

ઈતર દેશોમાં પણ આ'વોજ ચમત્કાર વિદેશિયોમાં પણ અસલથી જોવામાં અને સાંભળવામાં આવેછે. મુસલમાનો કહેછે કે-"દીન કે ખાતિર મરનેસે જિન્નત મિલેગી, ઐસા કુરાનમેં લિખાહૈ." ઈત્યાદિ.

પતિ પાછળ સહગમન કરવાથી માણસના શરીર ઉપર જેટલાં રૂવાં છે તેટલાં સાડાત્રણ કરોડ વર્ષ પર્યંત સ્ત્રી પોતાના પતિસહવર્તમાન સ્વર્ગે વસેછે. આ મનુસ્મૃતિના વચનપર વિશ્વાસ રાખી પહેલાં ઘણી બાળાઓ સ્વર્ગ પ્રાપ્તિની આશાએ ધણીની ચિતામાં બળી મરતી હતી.

પીંપળાના કાષ્ટની ચિતામાં બળી મરવાથી અમુક દોષથી મુક્ત થવાશે, કાશિયે જઈ કરવત મૂકાવ્યાથી સ્વર્ગનો દરવાજો ઊઘડશે, ભૈરવ જપ ખાધાથી વૈમાન આવશે, કમળ પૂજા કરવાથી ભોળોનાથ પ્રસન્ન થઈ વરદાન આપશે, આ'વી આ'વી આશાથી ઘણાં જીવતાં મરણને સન્મૂખ

થતાં હતાં, એ પણ આશાને આકર્ષણે ખેંચાઈનેજ એમ સમજવું.

કંઈક રાજાઓ, નવે નિદ્ધિ અને અષ્ટમા સિદ્ધિ વહાલાં પરિજનનો ત્યાગ કરી વનવાસી થઈ અનશન વૃત્ત ધારણ કરી આવતા ભવમાં અધિક મળવાની આશાએ વણ ખૂટે મુઆ આપણે પુરાણાદિકમાંથી સાંભળ્યા છે. આંવાં કાર્યોમાં પ્રેરનાર માત્ર આશાજ છે.

આશા માણસને મરણ સામે ઝંપલાવવાને તત્પર કરેછે. એનાં દૃષ્ટાંત આપવા બેસીએ તો તે અનેક છે, જેથી માત્ર આ પ્રકરણ મોટું થઈ જાય, એથી એક બીજો ગ્રંથ ભરાય એટલું લંબાણ થાય માટે તેમ ન કરેતાં માત્ર ઊપર જે જણાવ્યું છે તે સર્વ કોઈને જાણીતું છે એ ઉપરથીજ અનુમાન કરી લેવું. આ આખી સૃષ્ટિને વિષે ઉપરનાં પ્રમાણોથી આપણને વિચાર કરવાને સુલભ પડશે. કે આશા માણસનું જીવતર તેની લાલચ આગળ તુચ્છ મનાવેછે. જગત્માંનાં માનવી કોઈ પણ જીવ સાટાનાં કાર્યો આંદરેછે. તેમાં તેમની આશાજ તેમને તેવાં કાર્યોમાં પ્રવેશ કરાવેછે. ધર્મશાસ્ત્ર પર વિશ્વાસ રાખી માણસો પોતાની જીંદગીનો હિસાબ ગણતાં નથી. ધનલોભે, કીર્તિલોભે, રાજ્યલોભે, સ્ત્રીલોભે અને એ પ્રમાણે કંઈ પણ પ્રાપ્ત કરવાને લોભે આશા માણસોને મરવાથી ડરવા દેતી નથી. જે ફળ દૃષ્ટિ મર્યાદાની અને આ જન્મની પાર છે-જે માત્ર કલ્પેલાં કે શાસ્ત્રોમાં કહેલાં છે તે પામવાની ઊમેદમાં માણસો દીવામાં પતંગ પડે એ પેરે મરણના દવમાં ઝંપાપાત કરે છે.

૨. આશા જેમ જીવતાંને મરવા તત્પર કરેછે તેમ મરવા તત્પર થયેલાં ને સ્તંભાવેછે, ને તેમને જીવતાં રાખેછે.

આ વિષેનાં અનેક ઉદાહરણછે તે સઘળાંનો સમાસ કરવાને અત્રે પૂરતો અવકાશ નથી, માટે એ વિષે કંઈક સંક્ષેપમાં જણાવીએ છીએ. પ્રખ્યાત શામળકવિ દુઃખે ઘેરાએલાં જેવાં જીવતરથી કંટાળતાં એવાં માણસોને આશા આપેછે કે,—

છપ્પા.

"જીવે તેને જોખ, રંક થાશે રાજાએ;
જીવે તેને જોખ, નીચ જન નિર્મળ થાયે;
જીવે તેને જોખ, રોગિ જન થાયે માતો;
જીવે તેને જોખ, ગુંગણો થાયે ગાતો;
જીવે તેને તો જોખ છે, સર્વ વેદના વામશે,
શામળ કહેછે જન જીવતો, તે તો ભદ્રા પામશે. ૧
જીવે જો નિર્ધન, કોઈ દિન ધનને પામે;
જો જીવે દુખિ દેહ, વેદના કોઇ દિન વામે;
જીવે જો વાંઝિયો, કોઇ દિન પ્રગટે પૂતર;
જીવે જો કોઇ રાંક, સારૂં પામે ઘર સૂતર;
જીવતો નરભદ્રા પામશે, મુઆ પછી કો નહિ મળે;
આ તકમાં તો ટાળો કરો, કોઈ દિવસ ઇશ્વર ફળે;" ૨

કવિયોના અને જ્ઞાતાઓના આ'વા પ્રકારના બોધ અતિ દુઃખી મરણોન્મુખ થયેલાં મનુષ્યના મનને વિશ્વાસ આપી ધીરજ દેછે. એથી અતિ પીડા પામતો રોગી, દરિદ્રતામાં દગ્ધ થતો દીનજન, ઘરસૂત્ર ભાગી પડે કે તે નહિ સંપાદન થતે સંતપ્ત થતો પુરૂષ જીંદગાનીના દોરને વળગી રહેછે. આપણામાં એક હિંદુસ્તાની કહેવત બોલાયછે કે—"જીવેંગા નર તો ફિર વસાવેગા ઘર" આ વચન આશાનુંછે એમ જરૂર જાણવું. ગમે તેવાં દુઃખની દોટે ચઢેલાં માનવી આ'વા આ'વા દિલાસાની પોતાના આયુષ્યના દિવસ ભ-

વિષ્ય કાળમાં ભલું થશે એવી આશાએ ગમે તેવાં કષ્ટ છ- તે હિંમતથી અને ધીરજથી તેમજ હૈયામાં ભવિષ્યના ઊ- ઠતા મીઠા ઉદ્ગારથી કે ભણકારાથી ગાળેછે. કોઇ વૈધવ્ય- તાને પામેલી નિરાશ્રયી બાળાને થાપણમાં એક ન્હાનું બાળક આપી તેનો પતિ મરણ પામ્યો હોય તો તેને દિલાસો આપી બીજાં કહેછે કે,—બાઈ, "બાળા તેને શા દકાળા" કાલે એ બાળક મોટો થશે ને તારે સુખની ઘડી આવશે. હરિ "એ કના એકવીસ કરશે" ને તારો રંડાપો વિસારે પડશે. આ સર્વ આશાનાં જીવન રક્ષવાનાં વચનો છે એમ જાણવું.

દુઃખી માણસ—દુઃખી જીવતરનું ભરેલું ભવિષ્યને માટે કંઇ કુંઈ દૃષ્ટાંતો ઉરમાં લાવી લાગેલા દુઃખના છેદ- ના ઉપર આપેજ દિલાસાના મલમપટ્ટા લગાવી મરવાની વાત માંડી વાળે છે, અને આવતી ઘડીઓની વાટ આતુ- રતાથી જુએ છે.

આત્મહત્યા કરવાથી ભવોભવ આ'વું દુઃખ ભોગવ- વું પડશે અને જીવતાને સર્વ આવી મળશે, આ'વી આ'- વી ધર્મશાસ્ત્રની અને લૌકિક કહાણીઓ મરવાને આતુર થ- યેલાં માનવીને સારી સારી આશા આપે છે. ને તે આશા- જ મનુષ્યને મરતાં બચાવે છે.

કાદમ્બરી કથામાં જણાવેલી મહાશ્વેતા પુંડરિક નામ- ના ઋષિ કુમારનું રૂપ લાવણ્ય જોઈને તેના ઉપર મોહિત થઈ ગઈ હતી, ને સ્વલ્પ સમાગમમાં તેણે પોતાનો પ્રાણ તેનામાંજ આરોપી દીધો હતો ઋષિ કુમાર પણ તેના અ- ભિનયે કેવળ તદ્રૂપ બની ગયો હતો. બન્ને જણ પ્રથમના સ્વલ્પ સમાગમથી છૂટાં પડયાં એટલે પુંડરિકને તેના વિ- રહના વન્હિયે બાળી નાંખવા માંડયો. તેથી તેનો મિત્ર ક- પિંજલ આ સમાચાર લઈ મહાશ્વેતા પાસે આવ્યો, ને તેને

મિત્રની મહાવ્યથાના સમાચાર નિવેદન કરી ચાલ્યો ગયો. પછી અવકાશ મેળવી રાત્રિને વિષે વનમાં તે પોતાના વલ્લભનો વિરહ સમાવા હોંશ ભરી ગઈ. રે,તે ત્યાં ગઈ તો ગાઢ સ્વરે તેણે કપિંજલને રૂદન કરતો સાંભળ્યો! એથી અનિષ્ઠ નીપજ્યું હશે એવો તેને ધ્રાશકો પડયો; રે! પાસે જઈને જોયું તો તેણીએ તેમજ દીઠું પ્રાણ વલ્લભ મનની માનેલીને વિરહે દેહ તજી ગયા! રે, મારે વિયોગને તાપે ઋષિકુમાર કરમાઈ ગયો! આ વાત જ્યારે મહાશ્વેતાએ નજરે જોઈ ત્યારે તેને જે દુઃખનું બાણ વાગ્યું તેનો ચિતાર તો બાણ કવિજ પોતાની અનન્યય વાણીમાં આપી શકે.

બાણ કવિયે મહાશ્વેતાના મનની વેદનાનો જે ચિતાર આપ્યો છે તે ખરેખરો હૃદયભેદક તેની દશાનું તદ્વત્ પ્રતિબિંબ ખડું કરે એવોજ છે, જે અત્રે દર્શાવી નિષ્પ્રયોજન લંબાણ કરવા ધારતો નથી. પણ જેનું જીવતર ઝેર થઈ ગયું હતું, જેના અભિલાષમાં કાળો કેર ઊઠયો હતો તે મહાશ્વેતા પોતાના દીર્ઘ કલ્પાંતને અંતે હારી જઈને પોતાની સખી પ્રત્યે એમ બોલી હતી કે—“અલિ કઠિન અંતઃકરણની! હવે આમ ક્યાંસુધી રો રો કરીશ? ઉઠ કાષ્ટ આણી ચિતા ખડક, કે હું મારા પ્રાણનાથને અનુસરૂ.” તેના મરણને માટે તત્પર થવાના સમયમાં આમ બોલતાં એક મહા તેજસ્વી પુરુષે આવી તેને દિલાસો દીધો કે— પ્રાણ ત્યાગીશ નહિ તને તારો વલ્લભ આગળ ઉપર મળશે. આમ કહી તે તેજનો અંબાર પુંડરીકનું પ્રેત લઈ અદ્રશ્ય થઈ ગયો.

પછી મહાશ્વેતાએ પ્રાણ ત્યાગવાના વિચાર પડયા મૂકી યોગિનીની અવસ્થામાં એકાંતમાં દેવાર્ચનમાં પોતાના

દિવસ ગાળવા માંડયા. અને ગમે તેવાં વિઘ્ન આવતે પણ પોતાનો પ્રાણ ત્યાગ્યો નહિ, તે માત્ર પુંડરિક જીવતાં તેને મળશે એ આશાએજ. મૃગજળ જેવી જણાતી આશા મળતે ચિતા સન્મુખ થતી મહાશ્વેતાએ પોતાની પીઠ ફેરવી એ કર્ત્તવ્ય આશાનું જાણી લેવું.

વેનચરિત્રમાં જણાવેલી કાષ્ટ ખડકી બળી મરતી કમળાગવરી અને કમળ પૂજા કરતો નવરંગી તેમને પરણવાની આશા મળે મરતાં બચ્યાં હતાં.

પ્રવીણસાગરના વૃત્તાંતમાંનું પ્રવીણ અને સાગરનું જોડું એક બીજાને વિરહે વ્યાકુળ થઈ ગયેલું અને જીવન્તરથી કંટાળેલું અન્યોન્યને મળવાની મૃગતૃષ્ણા–રે મૃગજળથી જીવતું રહ્યું હતું. જો તેમને નિશ્ચય હોત કે આ ભવમાં અમે ભેગાં થવાનાં નથી તો તેમણે પોતાના પ્રાણ સવેળા તજી દીધા હોત.

કવિઓની અનેક કલ્પિત અને સાચી કથાઓમાં, પુરાણ અને ઈતિહાસોમાંથી વાંચતાં એવાં હજારો દૃષ્ટાંત મળી આવશે કે જેમાં આશાએ મરવાને તત્પર થયેલાં માનવીઓને વિશ્વાસ આપી–કાચે સૂતરને તાંતણે બાંધી જીવતાં રાખ્યાં છે. હંસ, નળનો મોહ લગાડી દમયંતીથી જૂદો પડતાં તેણીએ કહ્યું હતું કે,—

"તારી આશા સુતરને તાંતણે, જીવ રહેશે વળગી;
વિવા વાત મિથ્યા સાંભળતાં, દેહ થશે પ્રાણથિ અળગી."

ક૦ પ્રેમાનંદ.

નળના પ્રેમબંધને બંધાએલી દમયંતી તેનું પાણીગ્રહણ થયા પછી વનમાંથી વિખૂટી પડયા પછી અતિ દુઃખે દેહ ધરી રહી હતી તેનું કારણ પણ નળ ફરી મળશે એવી આશા હતી તેજ હતું.

દુનિયામાં દુઃખે ઘેરાએલાં જેમને કશા પ્રકારનું સુખ નથી એવાં ઘણાં માણસો આપણા જોવામાં અને સાંભળવામાં આવે છે. ખરેખર આપણે તેમને જોઈ કલ્પિ શકિયે છીએ કે આ માણસો હાથ પગ જોડી પ્રભુ પાસે મોત માગતાં હોવાં જોઈએ તોપણ તે જીવતાં નજર આવે છે, ને લાંબા દહાડા જીવે છે, આનું કારણ સૂક્ષ્મ રીતે તપાસી શું તો આશા તેમને જીવતાં રાખે છે એવો આપણો નિશ્ચય થયા વિના નહિ રહે.

---

## प्रकरण ८ मुं.

### नैराश्य-निराळी निराशा विषे.

પ્રકરણ પહેલામાં નિરાશાનું નિરૂપણ કરવામાં પ્રથમ મનુષ્યની આશારહિત વૃત્તિને નિરાળી નિરાશાનું નામ આપી જે વ્યાખ્યા આપી છે તેનું નિરૂપણ અને વિવેચન આ પ્રકરણમાં કરૂં છું.

આ જાતની નિરાશાને આશારહિત અથવા નૈરાશ્યવૃત્તિ કહે છે. નિરાળી નિરાશાનું નામ આપવાનું કારણ આશાથી તે જૂદા પ્રકારની વૃત્તિ અથવા નહિ આળ આવે એવી વૃત્તિ છે માટેજ તેને એ નામ આપ્યું છે. આ નિરાશા નિર્બાધ અને નિર્ભય ગણાય છે. તે નથી હસાવતી કે નથી રડાવતી, તે કોઈપણ રીતનો ઉપદ્રવ કરી શકતી નથી. માણસને પશ્ચાતાપ અને પરિતાપથી તે દૂર રાખે છે. તે ચઢવા દેતી નથી અને પડવાનો સંભવ રખાવતી નથી.

જેને આશા છે તેને નિરાશ થવાનો (આશાભંગ) સંભવ છે, ને તે થાય છે પણ ખરો, પણ જેણે આ જાતની નિરાશાનું અવલંબન કર્યુંછે તે તો પોતાની એકજ પ્રકારની શાંત અવસ્થામાં રહેછે. જેને ધનછે તેને ચોર, હાકે-

મ અને અગ્નિનો ભયછે. અને વખતે તે ભય આવી ધનનો નાશ કરી જાયછે. તેમ આશાના અવલંબનવાળું માનવી આશાના ભાગી પડવાથી કે નાશ થવાથી આશારહિત થઈ માથે હાથ દઈ રડેછે. પણ જેણે આશાનું અવલંબન નથી કર્યું તેનું શું હણાવાનુંછે? જે આશાને વિશ્વાસે દિવસ ગાળતો નથી, ને આશા સામું ભાળતો પણ નથી તેને શોચાવાનું કે સંતાપ કરવાનું કારણ મળતું નથી. આ પ્રકરણમાં આપણે નૈરાસ્ય અથવા નિરાળી નિરાશા વિષે જે જોવાનુંછે તે આ પ્રકારની મનુષ્યની વૃત્તિ જાણવી. વિષ્ણુશર્મા નામના પંડિતે સુદર્શન નામના નરપતિના કુમારોને હિતોપદેશ દેતાં કહ્યુંછે કે,—

**तेनाधितंश्रुतंतेन तेनसर्वमनुष्ठितं ॥**
**येनाशापृष्ठतःकृत्वा नैराश्यमवलंबितं ॥ १ ॥**

અર્થ:—તેણે અધ્યયન કર્યું (ભણ્યો), તેણે સાંભળ્યું, ને તેણેજ સર્વ આચર્યું કે જેણે આશાને પાછળ કરીને નૈરાસ્ય (નિરાશા) ને ધારણ કર્યું.

નિઃસંશય આ બોધ સર્વ કોઈએ સ્મરણમાં રાખવા યોગ્ય છે. કારણ કે આશા માણસને સદા પ્રવૃત્તિમાં નિમગ્ન રાખેછે, જેથી મનુષ્ય હમેશાં ચંચળ વૃત્તિમાં રહ્યા કરે છે; તેના જીવને જરા પણ જંપ વળતો નથી; તૃષ્ણા સદા તેને તૃષિત રાખેછે, કે જે તૃષ્ણાને જોઈતું ઔષધ મળે છતે પણ તે શાંત ન થતાં તૃષા વધારેછે, ને આશાને ઉશ્કેરેછે; ને એ આશા સુખે નિવૃત્ત થવા દેતી નથી. આશા સુખે સુવા દેતી નથી અને નિરાશા નિવૃત્ત કરી જીવને જંપવા દેછે, એના દૃષ્ટાંતમાં ભાગવતમાં એક શ્લોક કહ્યો છે તે એ કે,—

**आशायांपरमंदुःखं नैराश्येपरमंसुखं ।**
**आशांनिराशांकृत्वैव सुखंसुस्वापपिंगला ॥१॥**

ભાવાર્થ:—આશામાં પરમ દુ:ખ છે અને નિરાશામાં પરમ સુખ છે. આશા ને નિરાશા કરીને પિંગળા સુખે સૂતી.

આપણામાં કહેવતછે કે, "પારકી આશ સદા નિરાશ" એ કહેવત અનુભવ સિદ્ધછે. ઈસપની કથામાંની "લાવરી અને તેનાં બચ્ચાં" ની જે વાર્ત્તા લખી છે તેમાંથી પણ એ-જ બોધ નીકળેછે કે, આશાને ધોરણે બેસી રહેવાથી કાર્ય-સિદ્ધિ થતી નથી. ખેડૂત કાપણી કરવા આવશે એ વાત સાંભળી લાવરીનાં બચ્ચાં ગભરાયાં હતાં પણ તેણીએ તે-મને ધીરજ આપી હતી કે જ્યાં સૂધી કાપણીના કામનો વિશ્વાસ (આશા) બીજાં માણસપર ખેડૂતે રાખ્યો છે ત્યાંસુ-ધી આપણને ચિંતા કરવાનું કે ખસવાનું કારણ નથી. આ વાત અંતે સાચી પડી હતી.

વળી આપણામાં કહેવત છેકે-"ભરૂંસાની ભેંસે પાડો જણ્યો" આ કહેવત પણ આશા ઊપરથીજ લાગુ થાયછે. આશા એ ખાલી ઉપાધિછે એમ ગણી જેણે તેનો પરિત્યાગ કીધો છે, ને એવો જે આશાના પરિત્યાગનો સંયમ પાળવા નો તેનેજ આ વર્ગમાંની નિરાશા આપણે કેહેવી.

આ'વી આશારહિત સ્થિતિ નિ:સંદેહ આત્માને સં-તાપથી સદા દૂર રાખનારી અને આગળ પાછળ કોઈ પણ રીતનો ક્લેશ થવા ન દે એવી છે, પણ એનો સંસ્કાર કરોડો-માં કોઈકજ જવલ્લા જનને હોય છે. જે જનોએ આ જ-ગત્નું ખરૂં સત્વ જાણ્યુંછે, જેમણે ખરૂં જ્ઞાન સંપાદન કરી આ વિશ્વના વલોણામાંથી માખણ મેળવ્યું છે તેજ આ'વી નિરાશાને પોતાના સન્નિધમાં રાખેછે. જગત્ના અવસ્થાંત-રમાંથી જેણે આ નીચેનો બોધ ગ્રહણ કર્યો છે તેજ આ'વી

જાતની નિરાશાનાં પાત્રછે.

શાર્દૂલવિક્રીડિત.

"જેણે નીતિ ગ્રહી સુનમ્ર થઈને, રાખી અનીતિ પરી;
જે આપત્તિ વિશેષ આવિ અડતાં, લેશે ગયો ના ડરી;
જે ધારી શુભ ધૈર્ય-ઢાલ સતનું ખાંડું ધરીને ફર્યો;
તેણે તો જય વિશ્વમાં જરૂરછે, સાચેજ સાચો કર્યો;
જે બેઠો પ્રભુનામ સાચું સમરી ભક્તિ રૂપી નાવમાં;
તે તો તારિ તરી ભવાબ્ધિ સઘળો મોક્ષે ગયો લા'વમાં;
જેણે કારમિ જગત જાળ ગણિછે, મિથ્યા મહા જ્ઞાનથી;
તે નિંદા સ્તુતિ દુઃખ સૂખ મનમાં ધર્તો લગારે નથી.
જે લક્ષ્મી રળિ લાભ લીધ ગણિને, ના ધારતો ગર્વને;
તે સાચું શુભ જ્ઞાન ધ્યાન સમજ્યો, જાણી જુઠું સર્વને."

(અવસ્થાંતરમાંથી.)

જે સંપત્તિથી હર્ખાતા નથી અને વિપત્તિથી શોચાતા નથી; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, માત્સર્ય આદિ વિકારો જેને ભેદી શકતા નથી તેજ આ'વી જાતની નિરાશાનું અવિચ્છિન્ન સુખ અનુભવેછે.

જગત્માં પોતાનાં કર્ત્તવ્ય કર્મો પોતાની ફરજ જાણી જે કર્યા જાયછે. તેના લાભ કે હાનિની શંકા જે મનમાં રાખતા નથી તેજ આ'વી નિરાશાનો સ્વાદ અનુભવેછે. હર્ષને પરિણામે શોક, ને લોભને અંતે હાનિ એ અનુબંધ આ સૃષ્ટિમાં જોવામાં આવેછે. પણ જ્યાં હર્ષ કે લોભ કશું છે નહિ ત્યાં શોકને હાનિ શી રીતે દાખલ થઈ શકે? દાખલો-જાણે એક માણસ ઘોડે બેસી હાથમાં શ્રીફળ ધારણ કરી પરણવા જતાં હર્ષ પામેછે. આપણામાં કહેવત છે કે, "વિવાહ સમાન હર્ષ નહિ ને મુઆ સમાન શોક નહિ" તે ખરી છે. વરરાજા હર્ષમાં વિચારેછે કે-મને સ્ત્રી મળશે, અ-

હા! હું એથી કેટલો સુખી થઇશ!! એના હસ્તમેળાપ-થી મારા આત્માને આજ જે સુખ મળશે તે તો કંઈ જૂદાજ પ્રકારનું જણાશે! ઘરેણાંની પહેરેલીથી મારૂં ઘર હવે ખરેખરૂં દીપશે. અહા! એનું સીમંત આવશે ત્યારે હું પૂરો ભાગ્યશાળી ગણાઈશ. આ'વા આ'વા વિચાર આશાને ઘોડે ચઢી વરજી કરેછે, પણ તેને ઈશ્વરની મરજીની ખબર નથી કે આગળ મારા કરમમાં શી પીડા સરજીછે. સીમંત આવતાં ખુશાલીના ખોંખારતા ઘોડાપર ઘરધણી બેસેછે, પણ પછી જો ન કરે નારાયણ, ને છોકરૂં જણતાંજો તે જીવથી જાયછે તો ભાઇસાહેબ હૈયું ને માથું કૂટતા ચિતામાં બળવા તૈયાર થાય છે. આશા આ'વો વખત લાવેછે, પણ નિરાશાવાળા દૃઢ હૃદયના મનુષ્યની આ'વી વેળા આવતી નથી. તે પરણવા જતાં પોમાતો નથી ને શેખસલ્લીના વિચાર ચણતો નથી. જે થાયછે તેને થવાનો સંસ્કાર ગણેછે. એથી પછી સ્ત્રી, પુત્ર જણેછે કે જણતાં મરી જાયછે તોપણ તેનો હર્ષ કે શોક કરતો નથી. પણ આ'વાં માણુસ પૃથ્વીની પીઠપર ઠામ ઠામ જોયાં જડતાં નથી. આ'વું અંતઃકરણ કરવાને તેણે મન સંયમનના પુષ્કળ ગ્રંથો વાંચવા જોઈએ, અને તત્વવેત્તા પુરૂષોનાં ભાષણું સાંભળી બોધ ગ્રહણ કરવો જોઈએ; તથા તે પ્રમાણેની રહેણી કરણી રાખવાનો અભ્યાસ કરવો જોઇએ. આરંભમાં હરેક કામ ઘણું દુસ્તર લાગેછે, પણ પછી અભ્યાસ થઈ જવા પછી કશું કઠિન લાગતું નથી.

નિરાળી નિરાશા અથવા નૈરાશ્યનો ખરો અભ્યાસ કરવાની પોથી વૈરાગ્યવૃત્તિછે, એ વૃત્તિ વિના નિરાશાનું દૃઢ અવલંબન થતું નથી. જે જે પુરુષો અને સ્ત્રિયો દુનિયાની આશાથી ઠગાયાંછે—લૂટાયાંછે અને જેમણે એનાથી ખત્તા

આધા છે તેમણે વૈરાગ્ય નૈરાશ્યનું અવલંબન કરીનેજ સુખ મેળવ્યું છે. સંસારમાં રહીને આવી વૃત્તિ રાખવી એ કેવળ અશક્ય છે, અને આ પ્રમાણે છે માટેજ આપણા વેદાંતાદિ શાસ્ત્રોમાં મનુષ્યને સર્વ પ્રકારના ઉપાધિથી મુક્ત થવાનો શુદ્ધ માર્ગ વિતરાગજ બતાવ્યો છે, જેમાં સંસારને આધિ, વ્યાધિ, અને ઉપાધિનો ઊછળતો સાગર કલ્પેલોછે, ને છે પણ તેમજ.

આશાને દુસ્તર નદી કલ્પેલી છે, જેની પાર વિશુદ્ધ મનના યોગી પુરૂષ જઈને આનંદ પામેછે, આ વિષે આપણે મનોવિકારના નિબંધમાં લખ્યું છે એટલે તેનું વિવેચન અત્રે કરવાની જરૂર નથી. સૃષ્ટિને વિષે વસ્તુ માત્રમાં અને સર્વ વિષયોમાં ભયાપત્તિ કલ્પેલીછે, માત્ર પ્રભુપદમાંજ નિર્ભયતા રહેલીછે, માટે તેનું અવલંબન કરવું, અને બીજા જે જે વિષયોછે તેમાંથી પ્રીતિ ને અભિમાન તજી દેવું એજ નૈરાશ્ય વૃત્તિનો ઉત્તમ પ્રકાર છે. એ વિષે લખ્યું છેકે,—

**भोगेरोगभयंसुखेक्षयभयंवित्तेषुराज्ञोभयं ।**
**विद्यावादभयंतपेन्द्रियभयंरूपाद्भयंयोषिताम् ॥**
**मोहेशोकभयंरणेरिपुभयंकायेकृतांताद्भयं ।**
**इत्थंजन्मनिरर्थकंक्षितितलेविष्णोःपदंनिर्भयम् ॥ १ ॥**

અર્થઃ—નાના પ્રકારના ભોગમાં રોગનો, સુખમાં હાનિનો, અને ધનમાં રાજાનો ભય છે; તેમજ વિદ્યામાં વાદનો ને તપમાં ઇંદ્રિયોનો ભય છે, તથા રૂપથી સ્ત્રીને ભય છે; મોહમાં શોકનો, રણમાં શત્રુનો ને કાયામાં કાળનો ભય છે. આ પ્રમાણે પૃથ્વીને વિષે માણસનો જન્મ નિરર્થક છે, માત્ર વિષ્ણુ (ઈશ્વર)નું પદ એજ નિર્ભયસ્થાન છે.

આ શ્લોકથી શો બોધ મળેછે તે ઉપર વિચાર કરો.

દુનિયામાંની કોઈ પણ વસ્તુ કે વિષય ઉપર પ્રીતિ ન રાખો, માત્ર પ્રભુ સાથે જોડો, એથી તમે આશા ભંગ થશો નહિ; ને ઉપરની વસ્તુઓ કે વિષયને વિષે નિરાશા રાખવાથીજ તમને સુખ મળશે, ને કોઈ પણ રીતનું ભય આવશે નહિ. ઊપલ્યા શ્લોકમાં આ'વા પ્રકારનો બોધ રહેલો છે. જે નિઃસંશય સાચોછે તેની આપણાથી ના કહેવાશે નહિ. ઈશ્વરના ઊપરનોજ વિશ્વાસ-તે જે કરશે તે ખરૂં, અને તેજ અનુભવવાનું છે આ વિચારો કોઈ દિવસ કલેશ ઊપજવા દેતા નથી, પણ માણસનું વાસનાઓમાં વીંટળાયલું મન આ'વી દઢતા રાખતું નથી એજ તેના હમેશ રડવાનો હેતુ છે.

વેદાંતાદિ ગ્રંથોમાં "ब्रह्मसत्यंजगन्मिथ्या" જે મહા વાક્ય લખ્યું છે એના આઠ અક્ષરના એક ન્હાના સૂત્રમાં એટલો બોધ રહેલોછે કે, તેનું વિવેચન કરવાને આ પ્રકારણમાં જોઈતી જગ્યા નથી. એ મહાવાક્યમાંથી આ પ્રકરણને બંધ બેસતો બોધ આપણને તો એટલોજ મળેછે કે-જગત્ મિથ્યાછે તો તેમાંની આશાઓ પણ મિથ્યા છે માટે મિથ્યા વસ્તુનો મોહ રાખી તેમાં લુબ્ધ ન થવું. જગત્માંની વસ્તુઓની નિરાશાજ રાખવી; પ્રાપ્ત થયું તો ભલે ગયું તો ભલે, મળ્યું તે ખરૂં એવી સ્થિર અને નિશ્ચલ વૃત્તિ રાખવી. એથી હર્ષ વિષાદ થશે નહિ એવો બોધ એમાંથી આપણને મળેછે.

આ વિશ્વમાં આશા મનને ઊછાળેછે. તૃષ્ણા હમેશાં ચિત્તવૃત્તિને તૃષિત રાખેછે, લોભ મનને થોભવા દેતો નથી, તે હમેશાં ક્ષોભ ઊપજાવેછે આથી મન નિરંતર અફળાટ કૂટાટમાં કષ્ટિત થયા કરેછે, તે એક વિપળ પણ વિરામ પામતું નથી. માટે તેની સ્થિરતાને સારૂ તેને નિવૃત્તિનું ઊત્તમ

સુખ અનુભવવાને માટે આપણા વૈરાગ્યના બોધક બુધ-પુરુષોએ બહુ સૂક્ષ્મજ્ઞાન દર્શાવ્યુંછે; જેમાં જગત્માંનાં દેહ, ગેહ, પુત્ર પરિવારાદિક સર્વને દુઃખનાં કારણ જણાવ્યાં છે. એ વિષે હવે અત્રે વિશેષ લખવાની અગત્ય નથી.

મુસલમાન, પારસી, ખ્રીસ્તિ આદિકનાં ધર્મશાસ્ત્રોમાં પણ આ'વા પ્રકારના બોધ કરેલાછે, જેમાં આશા કરતાં નિરાશાનું અવલંબન કરવું એજ સુખી થવાનો માર્ગછે એ-મ દર્શાવેલુંછે. આ દેશના અને અન્ય દેશના વિદ્વાનોએ આશાના ગુણ એને અવગુણ ગાયેલા છે, પણ તેમાં વિશેષે જોઈશું તો નિંદા વિશેષ કીધેલીછે. આશાને દગલબાજ ગ-ણેલીછે અને તેના ઉપર વિશ્વાસ રાખવાને સાફ ના પા-ડેલી છે.

આ પ્રકરણમાં જે કંઈ લખ્યું છે તે નિરાશાના વિષ-યને લગતું છે—એટલે એમાંથી આપણે શું ગ્રહણ કરવું એ-વિષે વિસ્તારથી અત્રે લખવાની જરૂર નથી. આ પ્રકરણ-માં જણાવેલી નિરાશાના માર્ગ ઉપર ચાલવું ઘણું કઠિન કા-મ છે; તોપણ કઠિનછે માટે તેનો માર્ગ મૂકી દેવો એમ આ-પણે કદી કરવું નહિ, બનતી કોશિસથી એમાંના માર્ગ ઉ-પર મનનું વર્લણ રાખવું એથી આપણું મન દૃઢ થશે. આ-પણે આપત્તિથી હારી જઈશું નહિ.

આપણા પૂર્વજો મહત્કાર્ય કરવાને મહાસમર્થ હતા, ગમે તેવા આધિ, વ્યાધિ અને ઉપાધિયોને તેઓ ગણતા નહોતા; જનક જેવા મહારાજાધિરાજ છતે દેહે વિદેહી જે-વા ગણાઈ પોતાનું રાજ્ય નિષ્કંટક રીતે ચલાવતા હતા, રા-મ જેવા રાજકુળતિલક રાજ્યગાદી ઉપર રહેવું અને વનમાં જઈ વસવું સમાન ગણતા હતા. આ'વી દૃઢ અને નિશ્ચલ-વૃત્તિનું કારણ તેઓ, જળવચ્ચે કમળ રહે છતે પાણીનો

છાંટો પોતાનામાં રાખતું નથી એવી તેમની નિર્લેપવૃત્તિ હતી તે હતું. આ'વી નિરાશાની વૃત્તિમાં જે કોઈ રહે તેમને હર્ષ કે શોક થતો નથી, અથવા તો તેમના સદાનંદનો ભંગ થતો નથી. આ'વી વૃત્તિમાં, રહેનારને જીવન મુક્ત કહીએ તો પણ ચાલે. આપણામાં કૃહેવત છે કે-"જ્યાં સૂધી શ્વાસ ત્યાં સુધી શોષ" એટલે જીવતાને કોઇ પણ રીતની ચિંતા હોય છે. પણ આ'વા મહાત્મા કે જેમણે ફિકરનો ફાકો કર્યો હોય છે, જે કોઈ પણ રીતનો શ્વાસ લેછે તેમાં શોષનો દોષ દીઠામાં આવતો નથી, તો આપણે તેમને જીવનમુક્ત વિના બીજું શું કહીએ? જે ચોખ્ખી નિરાશાનોજ શ્વાસ લે છે તેજ ખરા જીવનમુક્ત છે એમાં સંદેહ નથી.

જે સંતોષામૃતનું પાન કરે છે તેમને આશાનું વિષ વ્યાપતું નથી, ને તૃષ્ણાની તરસ લાગતી નથી. આ પ્રકરણમાંની નિરાશાને સંતોષવૃત્તિ કહીએ તો પણ બંધ બેસતું છે; જેનો અનુભવ કરી ઘણા માણસ સુખી થાય છે. સંતોષ એ સુખનું મૂળ છે, ને તે રાખવાને મનને કેળવવું એ આપણો ધર્મ છે.

---

## प्रकरण ९ मुं.

### उपसंहार अने तत्वबोध.

આશા, તૃષ્ણા અને લોભ એ ત્રણને ઘણા કવિયો અને પંડિતોએ એક રૂપ ગણેલાં છે. કારણ કે, તે એક બીજાનાં સહાયી અને ઘણી વાતે ગુણમાં મળતાં છે. જો કે આપણે તેમની અસરોમાં સહજ ભેદ જોઈએ છીએ તોપણ તેનું તત્વ એકજ રૂપનું ઘણું કરીને છે. આ ત્રણની ત્રિપુટી માણસના મનોવ્યાપારમાં કંઇ કંઈ રંગ ઊપજાવે છે ને ફેરફાર કર્યા કરે છે.

લોભ આશાને મળી તેને વિવાતી કરે છે અને જોબન આપે છે, ને આશા મીઠા દિલાસા આપી તૃષ્ણાને પાણી પાઈ સાવધ કરે છે. લોભ મનને લલચાવેછે, આશા ગતિ કરાવે છે, અને તૃષ્ણા તરસ (અતૃપ્તિ–ભૂખ) અથવા આકાંક્ષા ઉપજાવે છે.

માણુસ તો મરે એવું છે પણ તેની આશા અમર છે. શામળ કવિયે આશાના અમરપણા વિષે કહ્યું છે કે,–

છપ્પો.

"વહાણું સાંજ સવાર, મધ્ય સંધ્યા મધરાતે;
ઘડી, પલકને પુહોર, આજ, કાલે, પરભાતે;
રવિ સોમ શનિવાર, ત્રીજ તેરશ ત્રય વેળા;
શરદ શિશીર વસંત, ભુવન ભૂવનમાં ભેળા;
કૃત આદિ યુગ અંતે કળિ, શુદ વદ સર્વે સમાય છે;
શામળ આશા તો અમરછે, યુગ બાધા વહિ જાયછે." ૧

ઉપરના છપ્પામાં જણાવ્યું છે કે કાળમાં સર્વ સમાય છે, તેમાં સર્વ ખપી જાય છે–મતલબ નાશ પામે છે, પણ આશા નાશ પામતી નથી. આજ પ્રમાણે તૃષ્ણાને પણ કશો ઉપદ્રવ થતો નથી, ને તે નાશ પામતી નથી. એ વિષે એક સંસ્કૃત ભાષાનો કવિ કહી ગયો છે કે,—

**यौवनंजरयाग्रस्तमारोग्यंव्याधिभिर्हृतं ॥**
**जीवितंमृत्युरभ्येति तृष्णैकानिरुपद्रवा ॥ १॥**

ભાવાર્થઃ—વૃદ્ધાવસ્થા જોબનનું ગ્રહણ કરે છે, વ્યાધિ વડે આરોગ્યતા હણાય છે, મૃત્યુ જીવતરની પાસે જાય છે, પણ તૃષ્ણા એક ઉપદ્રવ વિનાની છે. સારાંશ તૃષ્ણાને કશું થતું નથી, તે અમર છે. આપણુને લોભનો પણ અંત નથી. એમ ઘણા જ્ઞાનિયો કહે છે.

આશા કેવી અને કેવડી છે, તેમાં કેટલું માઈ શકે છે એ વિષે આપણા આર્ય વિદ્વાનોએ બહુ બહુ કહ્યું છે જે-માં કવિ શામળે કહ્યું છે કે,–

છપ્પો.

"આશાઊંડી ખાડ, પહાડથી થાય ન પૂરી;
હેમ-મેરૂ સમ હોય, તોય પણ રહે અધૂરી;
આશા-નીર અગાધ બહુ જન તેમાં બૂડયા;
કોણ રંક કે રાય, કોણ રૂડા કે ભૂંડા;
શૂરા પૂરા પંડિત સહુ ભણ્યા ગણ્યા ભૂલા ભમ્યા;
આશારૂપી અર્ણવ જળે, શામળ કહે સૌએ શમ્યા." ૧

કોઈ કવિયોએ આશાને આભથી ઊંચા પર્વતનું અને કોઈએ પાતાળ ફોડી પાર ગયેલી ખાહીનું નામ આ-પી તેની સિમાઓનું માપ દર્શાવ્યું છે. કોઈએ તેને દિલાસાની દેવી અને કોઈએ તેને નિશ્વાસ કરનારી ડાકણી કલ્પિ છે.

નિરાશાને આશાભંગ સ્થિતિને શોકનો સાગર અને ચિંતાની મોટી ચેહ કલ્પિ છે. તેમજ તેનું વર્ણન દુઃખનો ઉદધિ અને ક્લેશનું કંટક વન એ નામે કીધેલું છે.

આશા માણુસની જીંદગીના અંધારા માર્ગપર પશ્ચિ-મમાંથી ઊગતા સૂર્ય પેઠે પ્રકાશ પાડે છે. માણુસની નજર પડતા પ્રકાશ સામે રહે છે અને આશાનો સૂર્ય તેની પીઠ પાછળ ચળકેછે, જેમાં તે પાછળ મુખ કરી જોતો નથી, કે મારી પાછળ શો પદાર્થ ચળકે છે! ને પાછળ શું આવે છે. તે પ્રકાશ સામે પોતાનાં પગલાં લંબાવ્યોજ જાય છે, જેમાં તેને પાછળ આવતી હરકત કે તોફાનની ખબર પ-ડતી નથી.

ઈશ્વરે માણુસની કંટાળા ભરેલી અંધારી રાત્રિ જેવી જીંદગીમાં આશાનો પ્રકાશ મૂકયો ન હોત તો બેશક તે

કશું કરી શકત નહિ; તેના કંટાળા ભરેલા દિવસો કેમે કર્યા ખૂટત નહિ; તેને જીવતરનો દુસ્તર દરિયો ઊલંઘવો ઘણો મુશ્કિલ લાગત. ખરેખર આશા એ જીંદગાનીનો દરિયો ઉલ્લંઘવાનો સેતુ† છે.

"આશાનાં વચન ગુલાબની કળી જેવાં મધુર લાગે છે-અને ધારેલું કામ આજ કાલ પાર પડી જશે એવી કબૂલાત આપી તે હૈયા ધારણ દે છે, તોપણ સંશયની શેહે હૈયામાં કંપ પેદા કરે છે. રખે વિઘ્ન આવશે, આ'વે ભય મનને. અંદેશામાં નાંખે છે."

આમાંથી આપણે એટલું તત્વ ગ્રહણ કરવું કે આશાથી છકવું નહિ, અને ભયથી જે ખરૂં હોય તે કરવાથી પાછળ પડવું નહિ. આમ કરવાથી જે કંઈ લાભ કે હાનિ થશે તેનું ફળ ભોગવવાને એક સરખા મનથી તત્પર થવાશે. મતલબ-મળ્યાનો મદ, અને ન મળ્યાનો ખેદ થશે નહિ.

આશાના છકમાં જે છકે છે અથવા તો તેને ભરૂંસે રહી જે પોતાના જીવતરની ઘડીઓનો સદુપયોગ કરતો નથી તેને અંતે નિરાશાને તાબે થવું પડે, જેમકે,—

### કુંડળિયા છંદ.

આશા ઉરમાં કંઇ ધરે, માનવિ મન ધરિ મોદ;
પ્રભુનું ધાર્યું થાય છે, કરતાં સાચી શોધ.
કરતાં સાચી શોધ, ધાર્યું કદિ ધૂળ મળે છે.
તો જન મન થઇ ખિન્ન, નિરાશા-પંથ પળે છે;
થાય દુખી એ થકી, જગતજન જુએ તમાશા;
માનવી મન ધરિ મોદ, ધરે ઉરમાં કંઇ આશા. ૧
આશાના વિશ્વાસમાં લઇને પૂરણ શ્વાસ;

† પૂલ.

આળસમાં ઊંધ્યા કરે, તે પછિ થાય નિરાશ;
તે પછિ થાય નિરાશ, વ્યાધિ વૃદ્ધાને દેખી;
દરિદ્રતા દૈત્યણી આવતી પાસે પેખી;
ભડકી ભાગી પડે, ક્ષાર રણ ઉર ત્રાસ્યાના;
લઇને પૂરણ શ્વાસ, ઉંધે ખોળે આશાના.　　૨

આશાને ભરૂંસે ગાફલ રહેવાથી વ્યાધિ(વાધણ) રૂપી જરાવસ્થા અને દરિદ્રતા રૂપી રાક્ષસી આવેછે, અને તેથી નિરાશાના ત્રાસજનક રણમાં પડવું પડેછે; સારાંશ આશાની મધલાળમાં વળગી રહી સદુદ્યોગ નહિ કરવાથી જીવતરના પરાક્રમ કરવાના દિવસ ચાલ્યા જાયછે, ને તનમન નિર્બળ કરનારૂં ઘડપણ આવેછે, ને તે સાથ દરિદ્રતા પણ આવે છે. એથી પછી સર્વ વાતે નિરાશ થવું પડેછે. આ પ્રમાણેનું આશાનું કામછે માટે તેના સંબંધમાં શું કરવું તે વિષે બે બોલ બોલું છું.

સદુદ્યોગ કરવામાં આશાને આગળ કરી આપણું કર્તવ્ય કરવું; તેમાં કોઈ પણ રીતની ધાસ્તીને કે નાઉમેદ અથવા નાહિંમતને આગળ કરવી નહિ. એક પ્રમાણિક માણસને મૃત્યુનું કે કોઈપણ પ્રકારનું બીજું ભય †ભીરૂ કરી શકતું નથી. જે કદી નઠારૂં કૃત્ય કરે નહિ—અન્યાયને રસ્તે જાય નહિ તે કદાપિ પણ ભયથી ડરે નહિ. કહ્યુ છે કે,—

निंदन्तुनीतिनिपुणायदिवास्तुवन्तु ॥
लक्ष्मीःसमाविशतुगच्छतुवायथेष्टं ॥
अद्यैववामरणमस्तुयुगांतरेवा ॥
न्यायात्पथःप्रविचलंतिपदंनधीराः ॥ १ ॥

અર્થઃ—નીતિના જાણનાર નિંદા કરો કે સ્તુતિ કરો, લ-

† બીકણ.

ક્ષ્મી મળો કે હોય તે જાઓ, મોત હમણાં કે યુગાંતરે થાઓ પણ ધીર પુરુષો ન્યાયને રસ્તેથી એક ડગ ખસતા નથી.

ત્રિવિષ્ટપ(તિબેટ)ના *લામાએ પોતાના તત્વબોધના ગ્રંથમાં આ વિષે લખ્યું છે કે:—

"કંઈ કામ તું માથે લે તેમાં (ફતેહનો) ભરૂંસો મનમાં રાખી વાજબીની રાહે કોશિસ કરજે;—જો તારા મનમાં સિદ્ધિની અભિલાષા પ્રથમથી રાખશે નહિ, તો જય તને મળનાર નથી; અથવા તારૂં માથે લીધેલું કામ પાર પડનાર નથી.

મિથ્યાભયથી તારા જીવને નાહક બીવડાવતો નહિ, અથવા વહેમી કલ્પનાની છાયાથી તારા હૃદયને શોકમાં નિમગ્ન કરતો નહિ.

વારંવાર ધાસ્તીમાંથી કમનશીબ નીકળી આવે છે, પણ જે માણસ હૈયામાં ઉમેદ (આશા) રાખી કામ કરવા મંડે છે તે પોતેજ પોતાને યારી (મદદ) આપી કામ પાર પાડે છે.

જો તું એક વસ્તુ અસંભવિત અથવા ન બને એવી માનતો હોય તો તેમાં તારી નાઉમેદ અને નાહિંમત જણાય છે, પણ ખંત કરી કોઈ પણ બાબત પાછળ તું લાગે તો સર્વ મુશ્કેલીઓને તું જીતી લેશે.

એક ઠાલી અથવા ફોકટ ઉમેદથી કોઈ મૂર્ખના મનમાં આનંદ ઉત્પન્ન થાય, પણ કોઈ પણ ડહાપણવાળો માનવી એવી ઉમેદ ઉપર આધાર રાખતો નથી.

---

* બૌદ્ધ ધર્મ ગુરુ.-લામાનો બોધ "જીંદગી જોગવવાની જુગતિ" નામના ગૂજરાતીમાં ભાષાંતર થયેલા ગ્રંથમાંથી દોહન કરી દાખલ કર્યો છે.

તારા મનની સર્વ ઇચ્છાઓમાં તારી વિવેકબુદ્ધિ વાપરજે, અને જે અસંભવિત હોય તે ઉપર પોતાની આશાને ટેકાવતો ના.

એ પ્રમાણે તારાં સર્વ કામોમાં ફતેહ તારી સંગાત ચાલશે અને નામુરાદી (નિરાશા) તારૂં હૈયું ખીઝવશે નહિ."

આશા નિરાશાના વિષયમાંથી ગ્રહણ કરવાનો તત્વબોધ આપણને ઉપરનાં મહા જ્ઞાનીનાં થોડાં સૂત્રમાંથી કેટલો બધો મળે છે તે ઉપર વિચાર કરો, કે તે કેટલો ગ્રહણ કરવા યોગ્ય છે? નિસંશય એમાંનું પ્રત્યેક સૂત્ર હૃદયમાં કોરી રાખવા જેવું અને એમાંના બોધના બોલે બોલ સંચી રાખવા યોગ્ય છે.

માણસની ઇચ્છાઓના સંબંધમાં **લામો**ના તત્વ જ્ઞાનના ગ્રંથમાં લખ્યું છે કે,—

**"માનવી તું માગે છે તો બહુ; પણ તે ભોગવવાની શકિત તારામાં કયાં છે"?** આ પ્રશ્નના ઉપર જે વિવેચન કરવામાં આવ્યું છે તેનો સાર અત્રે નીચે પ્રમાણે અતિ ઉપયોગી જાણી દાખલ કરૂં છું.

"ઓ માનવી તું ઘણો કમજોર શામાં છે? જેમાં તું ભારે કૌવત ધરાતો દીસે છે તેમાં: જેમાં તું મોટી કીર્તિ પામે છે તેમાં: વળી જે ચીજો તારી પોતાની છે તે તારી પાસે રાખી મૂકવામાં: જે લાભ અથવા ફાયદા તારી આસપાસ મળેલા છે તેઓનો જોઈતો ઉપયોગ કરવામાં: એ સર્વમાં તું તારી નબળાઈ બતાવે છે.

તારા મનની ઇચ્છા પણ કેવી લૂલી અને પાયા વિનાની છે? કોઇ કોઈ વાર તો તું પોતે જાણતો પણ નથી કે જે વિષે હું આશા રાખું છું તે શું છે. લાંબી મુદતનો તું ઇચ્છા પાર પાડવામાં ખંતી હોય, અને તે ઇચ્છેલું છેવટ તા-

રે હાથ લાગ્યું એટલે તેથી તું શું સબૂરી પકડી બેસે છે? ના, નહિ.

જે મિષ્ટ ભોગવિલાસ હાલ તારા આગળ સ્પષ્ટ દીસે છે તેનો સારી રીતે ઉપભોગ કરવા કરતાં તું તેને અકારા ગણી ખોઇ દે છે, અને જે મોજ મજાહ આવનાર છે તેને વધારે મીઠી ગણી તું તે મેળવવા તલપે છે, તેનું શું કારણ? કારણ એક તો એ કે હાલની મોજ મજાહ ગમે તેવી મીઠી છે તોપણ તે મધ્યે તું પડયો અને લાંબો વખત્ ન ગયો તેટલામાંજ તેને કંટાળો છૂટે છે; અને બીજું કારણ એકે—જે મોજ મજાહ આવનાર છે તેમાં કેવો કડવાશ હશે તે વિષે તું અજાણ્યો હોવાથી તેને તું વધારે મીઠી ધારે છે, અને તે કારણથી તું તારૂં દિલ તે ઉપર વધારે દોડાવે છે. માટે શીખ, ઓ માનવી, કે સબૂરી (સંતોષ) વિના તારૂં હૈડું હાર પડનાર નથી. સબૂરી અખ્તિયાર કરવી-(સંતોષામૃત પીવું) એજ મીઠી મોજ છે, અને એજ ખરૂં સુખ ચેન છે.

જો તું એવું ધારે કે, સ્રષ્ટાએ એવું કર્યું હોત કે જે કંઈ તારો જીવ ચાહે તે આપોઆપ તારી સન્નિધમાં આવી પડે, તે તે સર્વમાંથી લેવું શું, રાખવું શું, અને પસંદ કરવું શું તે સમજવાની તારામાં તાકાદ રહેત?

અરે અફસોસ! એક વારકું સઘળું મેળવાય, તોપણ સઘળું ભોગવાય એવું કોઈ પણ માણસનું જણ્યું કહી શકે! સઘળું ભોગવવાની શક્તિ કોણ ધરાવે છે! મન માગતું મળ્યાથી સ્વલ્પ વારમાં તારો જીવ આનંદ પામ્યાને બદલે નવું નવું, જૂદું જૂદું અને વધારે વધારે મેળવવાની ઇચ્છાથી વખવખામાં પડે છે. માટે માન, ઓ માટીના માનવી કે આ સૃષ્ટિમાં એક સરખું અને કાયમ સુખ તારી મતા

અને તારી સત્તાનો મન મૂકી એક સરખી રીતે નિયત ઉપભોગ કીધાથી મળે છે. તારા પાડોશીના સોનેરી મહેલ કરતાં તારી સાદી ઝુંપડી વધારે વહાલી ગણી મન મૂકી તે ભોગવ્ર એટલે "શાંતિ શેઠાણી" (સુખ) તારી નિરંતર ભેટ લેવાને ભૂલશે નહિ.

મતા અને સત્તા તારી પાસેથી જતી રહે છે, ત્યારે તું પસ્તાવામાં પડે છે; પણ જ્યારે તે તારી પાસે હતી ત્યારે તું તેને ચાહતોતો કયાં? ઉલટો તું કંટાળીને તેઓને તુચ્છકારતો હતો.

એક વસ્તુ ગમે તેવી ઉત્કૃષ્ટ હોય, તે વાપરી અને ભોગવી એટલે સહેજમાં તે ઉત્તમ લાગતી બંધ પડે છે. એ પ્રમાણે કુદરતે આપણે માટે એક ચીજ ઉત્તમ અને મધુર ધારીને બનાવી હોય, તે આપણા મનથી કડવી અને કંટાળાનું મૂળ લાગે છે. આ રીતે આપણી ખુશાલીમાંથી ખેદ, અને સુખમાંથી દુઃખ નીકળે છે.

માટે તું કાંઈપણ ભોગવવામાં મધ્યમપણું રાખ, એટલે મોજ મજાહ તારા સ્વાધિનમાં લાંબો વખત રહેશે. તેમજ તારી ખુશાલીનો પાયો કાંઈ પણ વાજબી કારણ ઉપર રાખ કે જેથી દિલગીરી તારાથો અજાણી રહેશે.

ઓ માનવી! તું સ્મરણ રાખ કે, ઇશ્વરે મનુષ્યને માટે એવું સુખ નથી ઘડયું કે જેમાં દુઃખનો જરા પણ દાગ ન હોય, અથવા એવી ભલાઈ નથી આપી કે જેમાં ભૂંડાઈનો જરા પણ ભેળ ન હોય. પણ વળી બીજા હાથ ઉપર તે પ્રભુએ તને એવા ઉપાયો અર્પેલા છે કે, જેથી ભલાઈમાં ભળેલી ભૂંડાઈ અથવા નેકીમાં જોડાયલી બદી તું પકડી કહાડી ફેંકી દે.

સચ્ચાઈ માત્ર એકજ હોય છે. તારા સર્વ વહેમ સં-

ત્યમાંથી નહિ, પણ તારા દૂબળા મનમાંથી અવતરે છે. જે પ્રભુએ જૂદી જૂદી હાલતમાં જૂદી જૂદી ખુબિયો બનાવી છે તેજ ધણીએ તારામાં જ્ઞાન મૂકયુંછે, કે સર્વેથી ઉત્તમ ચમત્કૃતિ શામાંછે તે• તું સમજી શકે. માટે તારો જીવ અંદર ખાનેથી તને જે કહે (વિવેકબુદ્ધિને અનુસરી) તેમ કર–એટલે પરિણામ હમેશાં પાધરૂં અને ખરૂં નીકળશે." ઇત્યાદિ.

આશા, નિરાશા અને નૈરાસ્યના સંબંધમાં ઉપરના બોધથી આપણને કેટલું બધું તત્વજ્ઞાન મળે છે, એ વાત લક્ષમાં ઊતારી આપણી રેહેણી કરણી એમાં બતાવેલા બોધને ધોરણે રાખીશું, તો આશા નિરાશાથી આપણે ઘડીમાં હસિયે છીએ ને ઘડીમાં રડીએ છીએ. એવી વૈકલ્ય સ્થિતિ મટી જઈ આપણે ખરૂં પુરુષાર્થ કરવાને યોગ્ય થઈશું.

નૈરાસ્ય અથવા નિરાળી નિરાશાના પ્રકરણમાં આપણે કહ્યું છે કે—એ વૃત્તિ જેવલ્લાજ રાખી શકે છે, એનો સંસ્કાર બહુને નથી; પણ જો સંતોષવૃત્તિ ગ્રહણ કરી લોભ ને થોભ રાખશું, અને તૃષ્ણામાં મનને તણાતું અટકાવીશું તો આપેજ એ વૃત્તિ પ્રાપ્ત થશે. જો કે સર્વ પ્રકારે આપણે તેથી સંસ્કારી થઈશું નહિ, તોપણ તેનો ઘણો લાભ લઈ શકીશું.

માણસે સુખી થવાનો માર્ગ શોધવો એ તેનું કર્તવ્ય છે, પણ માત્ર એ• વિષેના વિચારમાં, ને મને આવી મળે એવી ઉમેદમાં કાળક્ષેપ કરવો એ વાજબી નથી. તેમજ આપણને જોઈતું સંપાદન થયું છતાં તેથી તૃપ્ત ન થતાં અધિકની અપેક્ષા રાખવી એ અઘટિત છે.

આને માટે આપણા નીતિકારો ને ધર્મોપદેશક તો આ પ્રમાણેજ કહી ગયા છે કે,—

दिवसेनैवयत्कुर्याद्येनरात्रौसुखंवसेत् ।
अष्टमासेनतत्कुर्याद्येनवर्षाःसुखंवसेत् ॥ १ ॥
पूर्वेवयसितत्कुर्याद्येनवृद्धासुखंवसेत् ॥
यावज्जीवेनतत्कुर्याद्येनप्रेत्यसुखंवसेत् ॥ २ ॥

અર્થઃ—દિવસે એવું કામ કરે કે રાત્રિમાં જેથી સુખે સૂવે, આઠ માસમાં એવું કરે કે જેથી ચોમાસામાં સુખે રહે, પ્રથમ વયમાં એવું કરે કે જેથી ઘડપણમાં સુખથી રહે, અને જીવતાં એવું કરે કે જેથી મુએં સુખ પામે.

ભાઈઓ! આપણે પણ આ નિયમેજ ચાલવું જોઈએ. આશા આપણને રાત્રિમાં પીડે, ચાતુરમાસમાં કાદવ કીચડમાં અને વહેતી નદીના પૂરમાં પડવા ચંચળ કરે, વૃદ્ધાવસ્થામાં જંપવા ન દે, અને મુએ શું થશે એવો ઊંચો જીવ રાખે એમ કદાપિ પણ થવા ન દેવું.

આશા નિરાશાને ઓળખાવવા પાછલાં આઠ પ્રકરણમાં બનતો યત્ન કીધોછે, ને તે પ્રત્યેક પ્રકરણમાં એ સંબંધનો ગ્રહણ કરવા યોગ્ય થોડો થોડો સાર આપ્યોછે, તેમજ આ છેલ્લા પ્રકરણમાં આશા નિરાશાનું સ્વરૂપ વિવેચન કરી આખા નિબંધના સંબંધનો તત્વબોધ કરી આપણે સાર શો લેવો એ વિષે લખ્યુંછે, છતાં વિશેષતઃપુનરાવર્તન કરી આશા નિરાશાના સંબંધમાંથી સાર ગ્રહણ કરવાનાં થોડાં સૂત્ર (કલમો) હું નીચે પ્રમાણે લખી જણાવું છું:—

૧. ન્હાની બાબત ઉપર મોટા મોટા વિચાર કરવા નહિ, જેમ ન્હાના પાયા ઉપર મોટી ઇમારત ઉઠાવવી નહિ તેમ. (શેખસલ્લીની પેઠે.)

૨. અશક્ય વસ્તુની આશા કદાપિ પણ રાખવી નહિ.

૩. જે વસ્તુ મેળવવા ઇચ્છવું તેના પરિણામની પાર અતિ સૂક્ષ્મ દષ્ટિથી જોવું.

૪. જેથી આપણી યોગ્ય મતલબ સરી, કે તેથી આગળ દષ્ટિ કરવી નહિ. મતલબ સંતોષ રાખવો.

૫. "ઝાઝે લોભે હાણ" અને "લોભ પાપનું મૂળ" આ બે કહેવતો સ્મરણમાંથી કદી વિસારે પાડવી નહિ.

૬. હદથી વધાર નિમગ્નપણું ન ટકી શકે એવી વસ્તુઓમાં રાખવું નહિ.

૭. દોલત-પૈસો દુનિયાના વ્યવહારનો દલાલ છે તેનો પૂર્ણ વિશ્વાસ રાખવો નહિ કારણ કે તેને સામાનું માઠું થશે એવી ફિકર થોડીજ હોય છે-(નથી). કહેવત છેકે,-"દલાલને દેવાળું નહિ, અને મસીદે ખાતર નહિ."

૮. જે આશાના પ્રકાશ સામે તું પગલાં ધરી આગળ ચાલેછે તેમાં પાગળ ભાળી જોતો રહેજે, કે તારી પાછળ શું આવેછે? ધીરા ભગતે કહ્યું કે—"જીવની આશા ડુંગર જેવડી, મરણ પગલાંને હેઠ;" ઇત્યાદિ. મરણ કે બીજી હરકોઈ પ્રકારની હરકત.

૯. કોઈપણ પ્રકારનું વિઘ્ન આવતાં વ્યાકૂળ ન થતાં ધૈર્ય રાખવું; એથી ઉત્તમ માર્ગ જડી આવશે.

૧૦. "પારકી આશ સદા નિરાશ," આ કહેવત સ્મરણ રાખી "આપ સમાન બળ નહિ અને મેઘ સમાન જળ નહિ," એ કહેવતને અનુસરવું. મતલબ પોતાના કામનો વિશ્વાસ પારકાપર ન રાખતાં પંડપર રાખવો, ઈત્યાદિ.

આ'વા આ'વા બોધ અને સારનું ગ્રહણ કરી આપણે આપણી મિષ્ટ આશાનાં ફળ અનુભવિયે, અને નૈરાશ્યવૃત્તિ ગ્રહણ કરવાને યોગ્ય થઈએ, તથા નિરાશાને સ્વપ્ને પણ ત્યાગીએ નહિ, ઈશ્વર આપણને એવું સામર્થ્ય આપે, એવી મારી યાચના છે. તથાસ્તુ!

સમાપ્ત.

## કવિઉક્તિ.

### છપ્પો. (અંતર્લાપિકા.)

મણિભાઈએ મોદથી, આપના આજ્ઞાંકિતને,
નોધી નિજ કાળજે, શાન્તિ થાવા સૌ ચિતને;
વિચારિ દીધું કામ, નિબંધ રચાવા સારૂ;
કાર્ય ક્રોધ આદિનાં, રાખવા નિયમે ચારૂ;
રહિ ગણપત નિયમે એથકી, શાતા દાતા સર્વથા;
પેહેલા બીજા પદ પરે રચી, નિબંધ [1]યુગ્મ તણી કથા. ૧

### દોહરા.

કચ્છ દેશના કોડિલા, મહારાવ ખેંગાર—
[2]રાખે શોખ [3]રતિ ધરી, સજવા શુભ શણગાર. ૧
હીરા મોતી હેમથી, પણ અતિશે ઉત્કૃષ્ટ;
સદ્વિદ્યા શણગારને, સજવા ઇચ્છે સ્પષ્ટ. ૨
તેથી નર-મણિ તેમના, મણિભાઈ મંત્રિ સુજાણ,—
ઘાટ ઘડાવે ગ્રંથના, દઇને દામ પ્રમાણ; ૩
નિબંધમાળા નામનો, કંઠો ધરવા કંઠ—
નિજ નરપતિને મણિભાઈ, રાખી અતિઉત્કંઠ. ૪
ગ્રંથકાર સોનારને, ઘડવા મણકા સાર —
ઉદ્દેસ્યા આપે અતિ, દઇને [4]સ્વર્ણ શ્રિકાર. ૫

---

૧ યુગ્મ-બે. (બે નિબંધ જે કે આ છપ્પાના પદને પ્રથમ અક્ષરે છે તે.)

૨ આ ઉત્તરાર્દ્ધના પહેલા બે તથા છેલ્લા બે અક્ષરોથી જે શબ્દ થાયછે તેજ 'રાખે' ક્રિયાપદના કર્ત્તા સ્થાને છે. (અંતર્લાપિકા) ૩ પ્રીતિ. ૪ સોનું. (વિષય અથવા બાબતરૂપી સોનું.)

બે મણુકા મેં તે મહીં, મુજઉદ્દેશ્યા કીધ;
મણિભાઇ માન વધારવા, મહેનત મનની લીધ. ૬
એ બે મણુકા શોભશે, માળામાં અતિ સ્તુત્ય;
રાવ તેથી રંજિત થશે, તો હું થયો [5]કૃત કૃત્ય. ૭
અક્ષયમાળા માંહિના, આ મણુકા ધરિરાવ;
અક્ષય આ જગમાં થઈ, લ્યો કીર્તિનો લા'વ. ૮
જુગ જુગ નામ અમરસદા, ધડાવનારનું આમ—
રહો આ અવની ઓપતું, કીર્તિવધારણ કામ. ૯
માળા એ મણુકા તણી ફેરવનાર મનુષ્ય;
ફંદ વિષે કદિના ફસો, ગાળો સુખિ આયુષ્ય ૧૦
નમિ નમિ નારાયણ પદે, માગે ગણપત એમ;
શ્રોતા વક્તા સર્વને, વર્ત્તો કૂશળ ક્ષેમ. ૧૧

---

૫ કૃતાર્થ.

# શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ. | પંક્તિ. | અશુદ્ધ. | શુદ્ધ. |
|---|---|---|---|
| ૧૨ | ૮ | રેગના | રેગનાં |
| ” | ૨૦ | + મનોવિકારરનાં | મનોવિકારનાં |
| ૧૯ | ૧૦ | ચિતાંનો | ચિંતાનો |
| ” | ૧૬ | સ્વભાવિક | સ્વાભાવિક |
| ૨૧ | ૬ | પચ | પંચ |
| ૨૫ | ૧૨ | પોતને | પોતાને |
| ૨૬ | ૯ | વાકેફ | વાકફ |
| ૨૯ | ૧૫ | ક્રોધ | ક્રોધે |
| ” | ૧૮ | ” | ” |
| ૩૦ | ૧૦ | ટાડ | ટાઢ |
| ” | ૧૧ | અઘત | અઘાત |
| ” | ૨૮ | સમજો | સમજજો |
| ૩૨ | ૫ | મનણાં | મનમાં |
| ૩૫ | ૨૧ | રોગી | વાયુનોરોગી |
| ૩૬ | ૧૬ | નહિ | નથી |
| ” | ૨૭ | વિર ? | વીરા ! |
| ૪૩ | ૧૨ | વદળ | વાદળ |
| ૬૪ | ૧૧ | કીતિ | કીર્તિ |
| ૬૫ | ૫ | પ્રેસંગે | પ્રસંગે |
| ૬૭ | ૧૧ | મર્યદા | મર્યાદા |
| ૭૦ | ૨૪ | ૧૪ | ૧૩ |
| ૭૧ | ૩ | તેમ | તેમ. |

+ જ્યાં આવી ભૂલ હોય ત્યાં સુધારી વાંચવું. -હસ્વ ‘ઇ, ઉ’ ને બદલે દીર્ઘ ‘ઈ ઊ’ હોય ત્યાં સુધારી લેવું.

| | | | |
|---|---|---|---|
| ૭૯ | ૨૧ | મનના | મન ન |
| ૮૨ | ૬ | જોડતાં | જોડાતાં |
| ૯૦ | ૩ | પણ | છે પણ |
| ” | ૧૧ | આશાને | આશા ને, |
| ૯૨ | ૨૭ | રહેલુંજ | રહેલું |
| ૯૩ | ૨ | યોગ | યોગે |
| ૯૫ | ૩ | सप्त | सत्य |
| ૯૬ | ૨૫ | देह | देहं |
| ” | ” | પાડું છું | દેહ પાડું છું |
| ૯૭ | ૨૭ | સ્વામિને | સ્વામીને |
| ૧૧૪ | ૧૪ | જાગ્યા | ભાગ્યા |
| ૧૧૫ | ૮ | હોઠમાં | હોઠ મોં |
| ૧૨૮ | ૨૪ | ને હોશ કોશ | તે હોશ કોશ |
| ૧૩૪ | ૧૦ | તે પડયો, | તે પડયો તે પડયો, |
| ૧૩૫ | ૧૨ | પ્રકૃતિમાં | પ્રકૃતિનાં |
| ” | ૨૪ | જૂઠાં | ભૂઠાં |
| ૧૩૮ | ૬ | ને | તે |
| ૧૩૯ | ૨૦-૨૧ | કીર્તિ મેળવવાનું સ્થળ ને નામના કરવાનું પવિત્ર યુદ્ધક્ષેત્ર છે. | કીર્તિ મેળવવાનું ને નામના કરવાનું પવિત્ર સ્થળ યુદ્ધ ક્ષેત્ર છે. |
| ૧૪૨ | ૨૮ | દિલાસાની | દિલાસાથી |
| ૧૪૩ | ૧૦ | જીવત | જીવિત |
| ૧૪૪ | ૧૧ | અનન્યય | અનન્વય |
| ૧૪૮ | ૧૭ | ઉપરથીજ | ઉપરજ |
| ૧૫૧ | ૨ | વૈરાગ્ય | વૈરાગ્યવૃત્તિ રાખી |

| | | | |
|---|---|---|---|
| ૧૫૩ | ૧૦ | એને | અને |
| ૧૫૫ | ૨૬ | આપણને | આ પ્રમાણે |
| ૧૬૦ | ૨૦ | ધરાતો | ધરાવતો |
| ૧૬૧ | ૧૦ | તેને | તને |
| ૧૬૫ | ૧૬ | પાગળ | પાછળ |
| ૧૬૬ | ૩ | મિષ્ઠ | મિષ્ટ |

☞ ચાલતે ફરમે ભૂલ જોવામાં આવેલી તે સુધારી લેવામાં આવીછે, એથી કોઈ કોપીમાં શુદ્ધિપત્રમાં મૂકેલી ભૂલ સુધરી પણ હશે. સુરત ચૂકથી જે ભૂલ રહી હોય તે સુધારી લેશો.

ગ્રંથકર્ત્તા.

## જાહેર ખબર.

—*—

વિદ્વાનોથી વખણાયલાં મારાં રચેલાં નીચે જણાવેલાં પુસ્તકો રોકડી કીંમતે મળશે. મનિઓર્ડર, પોસ્ટલનોટ કે ફાવે તેવી રીતે કીંમત પરગામથી મગાવનારે વાળવી. ટીકીટો મોકલનારે અર્ધા અનાની ટીકીટો વાળવી તે સાથે વટાવની રૂપિયે એકે એક વધુ વાળવી.

### પુસ્તકોની યાદી.

| નામ. | કીંમત. | પોસ્ટેજ. |
|---|---|---|
| પ્રતાપનાટક. | ૧–૪–૦ | ૦–૧–૬ |
| લીલાવતી કથા. | ૦–૧૦–૦ | ૦–૧–૦ |
| ભ. કેળવણી ખાતાનો ઇતિહાસ. | ૦–૪–૦ | ૦–૦–૬ |
| મનોવિકાર † તથા આશા નિરાશા વિષે નિબંધ. | ૦–૮–૦ | ૦–૧–૬ |

### મળવાનાં ઠેકાણાં.

**મુંબઈ.**—સ્વદેશવત્સલના એડીટર પાસેથી.

**અમદાવાદ.**—ગૂજરાત વર્નાક્યુલર સોસાઈટી અથવા "આર્યોદય પ્રેસ"માંથી.

**નડિયાદ.**—મારી પાસેથી.

ગણપતરામ રાજારામ ભટ્ટ,
મુ૦ નડિયાદ.

---

† આ નિબંધ ઘણા ઉપયોગી અને વાંચવા યોગ્ય છે માટે તેનો લાભ ઘણાં જન લઈશકે એવી ઇચ્છાથી તેનો સારો પ્રસાર થવા શ્રી કચ્છ દરબારની ઇચ્છાથી તેની કીમત કમી રાખી છે.